# રાજ્યમાં બાલવાડી યોજના હેઠળ આદિજાતિનાં બાળકોને મળેલ શૈક્ષણિક સુવિધા

(મૂલ્યાંકન અભ્યાસ)

અહેવાલ લેખન

ડૉ. નિરંજના પટેલ

સંપાદન

ડૉ. ચંદ્રકાન્તભાઈ ઉપાધ્યાય

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ૪૦૬ ૧

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦ ૦૧૪

૨૦૦૫

# અનુક્રમણિકા


| પ્રકરણ નં. | વિગત | પાના નં. |
|---|---|---|
| ૧ | પૃષ્ઠભૂમિ | ૧ થી ૧૧ |
| ૨ | બાલવાડી : ઉદ્ભવ, ઈતિહાસ અને વિકાસ | ૧૨ થી ૨૫ |
| ૩ | સર્વેક્ષિત બાલવાડીઓનું ચિત્ર | ૨૬ થી ૯૩ |
| ૪ | બાલવાડીનાં કાર્યકરો | ૯૪ થી ૧૨૧ |
| ૫ | અભ્યાસ આધારિત પ્રશ્નો, તારણો અને સૂઝાવો | ૧૨૨ થી ૧૩૫ |
|  | સંદર્ભસૂચિ | ૧૩૬ - ૧૩૭ |

# આભાર દર્શન

સ્વાતંત્ર્યોત્તર ભારતમાં આદિવાસીઓના કલ્યાણ માટે અનેકવિધ આયોજીત કાર્યક્રમો સમયાંતરે અમલમાં મૂકવામાં આવ્યા છે અને આદિજાતિ સમાજના ઉત્કર્ષ પાછળ રાજ્ય દ્વારા નાણાંકીય ફાળવણી કરવામાં આવે છે.

આદિવાસીઓના વિકાસ માટે સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી ૧૯૫૨થી વ્યવસ્થિત આયોજન અને અમલીકરણ થવા લાગ્યા. રાજયોના સર્વાંગી વિસ્તારોના વિકાસ માટે વધુ સઘન રીતે કામ કરી શકાય તે હેતુસર પંચવર્ષીય યોજના દાખલ કરી કાર્યક્રમો ઘડાયા.

૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબ રાજયની કુલ વસ્તી ૫ કરોડની હતી જેમાં ૭૪.૮૧ લાખ જેટલી આદિવાસીઓની વસ્તી છે. જે કુલ વસ્તીના ૧૪.૭૬ ટકા થાય છે.

રાજયના આદિજાતિ વિકાસ વિભાગ ગાંધીનગર દ્વારા અનુસૂચિત જનજાતિના સર્વાંગી વિકાસ માટે અનેકવિધ યોજનાઓ ચાલી રહી છે. આજના ઝડપથી વિકસતા વિજ્ઞાનયુગની રફતારમાં આદિવાસી પ્રજાની પોતાની આગવી ઓળખ ભૂંસાઈ ન જાય તથા તેઓનો સામાજિક, શૈક્ષણિક અને આર્થિક વિકાસ સરકારની અનેકવિધ યોજનાઓ દ્વારા (સર્વાંગી વિકાસ) વેગીલો થાય તેવા પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે.

આદિવાસી વિસ્તારના મોટાભાગના આદિવાસી કુટુંબો ગરીબી રેખા હેઠળ જીવન જીવે છે. તેઓની આર્થિક સ્થિતિ નબળી હોવાના કારણે તેમના બાળકોને પૂર્વ-પ્રાથમિક શિક્ષણથી વંચિત ન રાખતા શિક્ષણ આપવા પ્રોત્સાહિત થાય તે હેતુસર આદિવાસી વિકાસ વિભાગ દ્વારા સ્વૈચ્છિક સંસ્થાઓને અનુદાનના ધોરણે બાલવાડીઓ ચલાવવાની જવાબદારી આપી છે.

આ યોજના હેઠળ આદિજાતિના બાળકોમાં શિક્ષણ પ્રત્યે રસ જાગે અને નાનપણથી જ સારા સંસ્કારોનું સિંચન થાય તે ઉદ્દેશથી ૩ થી ૬ વર્ષના બાળકો માટે પૂર્વ-પ્રાથમિક શિક્ષણ માટે બાલવાડી યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. આ યોજના હેઠળ બાલવાડીમાં આવતા બાળકોને આપવામાં આવતી કેળવણી તરફ કેવુ લક્ષ અપાય છે ? આદિજાતિ વિસ્તારના બાળકોને બાલવાડીનું વાતાવરણ સાનુકૂળ છે કે પ્રતિકૂળ છે તેમજ જે તે આદિવાસી વિસ્તારમાં બાલવાડી યોજના હાલના તબક્કે ફળીભૂત થઈ છે કે કેમ તે જાણવા, સમજવા માટે તેમજ ભવિષ્યમાં આ યોજના અન્વયે કેવા ફેરફારોની આવશ્યકતા છે તે રીતથી રાજ્ય સરકારની સૂચનાથી બાલવાડી યોજનાનું મૂલ્યાંકન કરવાનું તેમજ યોજના અંગેના પ્રતિક્રિયા, બાળકોના વાલીઓના મંતવ્યો અને પ્રશાસનમાં કામ કરતાં અધિકારીઓની તેમજ સંલગ્નિત કર્મચારીઓની અમલીકરણ માટેના પ્રતિભાવો તેમજ મુશ્કેલીઓ વગેરે પ્રશ્નોને લગતો અભ્યાસ હાલના સમયે થવો જરૂરી છે.

ઉપરોક્ત બાબતને બરોબર ધ્યાનમાં લઈ રાજયના આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રી તરફથી "રાજયમાં

ચાલતી બાલવાડી યોજના હેઠળ આદિજાતિના બાળકોને મળેલ શૈક્ષણિક સુવિધા" યોજનાનું મૂલ્યાંકન અભ્યાસ કરવાનું આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને સૂચવ્યું હતું. અભ્યાસ સંબંધમાં કમિશનર કચેરી તરફથી જરૂરી પ્રાથમિક માહિતી તેમજ જિલ્લાવાર બાલવાડીની યાદી મળી એ માટે તેમનો આભાર આ તબક્કે વ્યક્ત કરું છું.

આદિજાતિ વિકાસ વિભાગની તકેદારી અધિકારીશ્રીની કચેરી, હિંમતનગર, અમદાવાદ, દાહોદ, નર્મદા તેમજ સુરત જિલ્લાની કચેરીના અધિકારીશ્રીઓએ "રાજ્યમાં ચાલતી બાલવાડી યોજના હેઠળ આદિજાતિનાં બાળકોને મળેલ શૈક્ષણિક સુવિધા" મૂલ્યાંકન (અભ્યાસ) યોજના અંગે જે તે જિલ્લાવાર સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતી બાલવાડીઓની યાદી મેળવવા તેમજ (યોજના સંબંધી) વિગતવાર માહિતી અને અન્ય જરૂરી વિગતો પૂરી પાડવા બદલ તેમની આભારી છું.

કેન્દ્રના નિયામકશ્રી ડૉ. ચંદ્રકાન્તભાઈ ઉપાધ્યાયે આ કામની જવાબદારી મને સોંપી, તેમજ કામની શરૂઆતથી છેલ્લે [illegible] આપી જરૂરી સૂચનો અને માર્ગદર્શન આપ્યું તે માટે આભારની લાગણી વ્યક્ત કરું છું.

પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે મારા આ કાર્યમાં મદદ કરનાર કેન્દ્રના સંશોધન મદદનીશ શ્રી [illegible] પંચોલીનો હું આભાર માનું છું.

જેના વગર આ મૂલ્યાંકન અભ્યાસ અધુરો રહેત તેવા સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, ખેડા, દાહોદ, નર્મદા અને સુરત જિલ્લાની બાલવાડીઓ ચલાવતા સંચાલકો, બાલ શિક્ષિકાઓ, તેડાગર બહેનો તેમજ બાલવાડીમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણ લેનાર બાળકોના વાલીઓએ તેમના કામમાંથી સમય ફાળવી અભ્યાસ સંબંધી જરૂરી માહિતી પૂરી પાડી છે તે માટે તેઓની અંતઃકરણપૂર્વક આભારી છું.

નિરંજના [illegible]

# પ્રકરણ-૧
# પૃષ્ઠભૂમિ

## ✓ પ્રસ્તાવના :

આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અનુસૂચિત જનજાતિનાં સર્વાંગીણ વિકાસ માટે અનેકવિધ યોજનાઓ ચાલી રહી છે. આજના ઝડપથી વિકસતા વિજ્ઞાનયુગની રફતારમાં આદિવાસી પ્રજાની પોતાની આગવી ઓળખ ભૂસાઈ ન જાય તથા તેઓનાં સામાજિક, શૈક્ષણિક અને આર્થિક વિકાસ સરકારની અનેકવિધ યોજનાઓ દ્વારા (સર્વાંગી વિકાસ) વેગીલો થાય તેવા પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે.

આ યોજના હેઠળ આદિજાતિના બાળકોમાં શિક્ષણ પ્રત્યે રસ જાગે, નાનપણથી જ સારાં સંસ્કારોનું સિંચન થાય અને શિક્ષણમાં અભિરૂચિ જાગે તે ઉદ્દેશથી ૩ થી ૬ વર્ષના બાળકો માટે પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટે બાલવાડી યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

આદિજાતિનાં લોકોની આર્થિક સ્થિતિ નબળી હોવાને કારણે તેમનાં બાળકોને પૂર્વ પ્રાથમિક શિક્ષણથી વંચિત ન રાખતા, શિક્ષણ આપવા પ્રોત્સાહિત થાય તે હેતુસર આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા સ્વૈચ્છિક સંસ્થાઓને અનુદાનના ધોરણે બાલવાડીઓ ચલાવવાની જવાબદારી આપી છે.

બાલવાડી યોજના જૂના મુંબઈ રાજ્યનાં લેબર એન્ડ સોસ્યલ વેલ્ફેર વિભાગના તા.૨૧-૧૯૫૯ના ઠરાવ ક્રમાંક : બીસી/ડબલ્યુ/૧૦૫૯૭ થી અમલમાં મુકવામાં આવેલ છે.

બાલવાડી યોજનાનું અમલીકરણ રાજ્યસ્તરે કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ મારફતે તથા જિલ્લા કક્ષાએ તકેદારી/સમાજકલ્યાણ અધિકારીશ્રી, (આ.વિ.) દ્વારા કરવામાં આવે છે.

આ યોજના હેઠળ બાલવાડીમાં આવતાં બાળકોને આપવામાં આવતી કેળવણી તરફ કેવું લક્ષ અપાય છે ? આદિજાતિ વિસ્તારનાં બાળકોને બાલવાડીનું વાતાવરણ અનુકૂળ છે કે પ્રતિકૂળ છે. તેમજ જે તે આદિવાસી વિસ્તારમાં બાલવાડી યોજના ફળીભૂત થઈ છે કે કેમ ? તે જાણવા, સમજવા માટે તેમજ ભવિષ્યમાં આ યોજના અન્વયે કેવા ફેરફારોની આવશ્યકતા છે તે રાજ્ય સરકારના સૂચનાથી બાલવાડી યોજનાનું મૂલ્યાંકન કરવાનું નક્કી કરવામાં આવ્યું.

## બાલવાડી :

બાલવાડી એટલે 'બાલકન-જી-બારી' બાલકન જી બારીની પ્રવૃત્તિ દેશભરમાં ચાલે છે. મુંબઈ, દિલ્હી, ઉત્તર પ્રદેશ, ગુજરાત અને રાજસ્થાનમાં એની પ્રાંતિય શાખા છે. દેશભરનાં ૩૦,૦૦૦ બાળકો એમાં જોડાયેલા હતાં.

આજના બાળકોમાંથી આવતીકાલનાં શિસ્તબધ્ધ નાગરિકો ઘડવા આનંદપ્રમોદની અનેક પ્રવૃત્તિઓ બાલવાડીમાં ચલાવવામાં આવે છે.

'બાલકન-જી-બારી'નાં ઉદ્દેશો જોતાં આનંદપ્રમોદ એ વ્યાપક કેળવણીનું સાધન છે. બાળકો પોતાની ફુરસદનો ઉપયોગ કઈ રીતે કરે છે. તેઓ આગળ જઈ કેવા બનશે તેનો ઘણો આધાર રહેલો છે.

બાલ્ક-જી-બારી એક પ્રશંસનીય પ્રવૃત્તિ છે. એમાંથી ગરીબ અને સુપાત્ર બાળકોને ભણવા માટે મફત શિક્ષણ અપાય છે. બાલવાડીમાં તંદુરસ્ત અને તાજગી ભર્યું વાતાવરણ (મનોરંજન) બાળકોને મળી રહે છે.

બાલવાડીમાં વખતો વખત પ્રવાસ પર્યટનો ગોઠવી બાળકોને યોગ્ય વાતાવરણ પૂરુ પાડવામાં આવે છે. બાળગુનેગારોને અટકાવવા માટેનો એક પ્રયોગ પણ બાલવાડી દ્વારા થઈ રહ્યો છે. બાલવાડી દ્વારા પ્રાકૃતિક રીતે બાળકોની ખીલવણી થતી રહે છે.

બાલવાડી : 'કિન્ડરગાર્ટન', જેની અંદર બાળકોને કુમળો છોડ ગણી ઉછેરવામાં આવે છે.[૧]

**યોજનાનો પરિચય :**

રાજય સરકારે આદિવાસી પ્રજાનાં ઉત્કર્ષ માટે વિવિધ પ્રકારની ઉત્કર્ષ યોજનાઓ અમલમાં મૂકી છે. તેઓનાં સામાજિક, શૈક્ષણિક અને આર્થિક વિકાસ માટેની અનેકવિધ યોજનાઓ અમલમાં છે. આ યોજનાઓ દ્વારા તેઓનો સર્વાંગીવિકાસ થાય તે માટે તમામ સ્તરે પરિણામલક્ષી સક્રિય પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

આદિવાસી સમાજની પ્રગતિશિલતા અને સર્વાંગી વિકાસ માટે શિક્ષણ મહત્વનું છે. આદિવાસી વિસ્તારનાં મોટાભાગનાં કુટુંબો ગરીબી રેખા હેઠળ જીવન જીવે છે. આ સમાજમાં લોકો પોતાનો વિકાસ સાધી શકે અને સમાજની પ્રગતિમાં પોતાનો આગવો ફાળો આપી શકે તે માટે શૈક્ષણિક યોજનાઓ પર ઘનિષ્ટ ભાર મુકવામાં આવ્યો છે. આદિવાસીનાં વિકાસનાં પ્રયત્નોમાં શિક્ષણક્ષેત્રે તેમનાં બાળકોમાં નાનપણથી સારા સંસ્કારોનું સિંચન થાય અને ઉચ્ચ શિક્ષણ મેળવી શકે તે માટે કલ્યાણકારી પગલાંઓ લેવામાં આવ્યા છે. તેમજ શિક્ષણનાં પ્રસાર અંગે રાજયભરમાં બાલવાડીથી માંડીને છાત્રાલયોની સગવડો ઊભી કરવામાં આવી છે.

આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા સ્વૈચ્છિક સંસ્થાઓને અનુદાનનાં ધોરણે બાલવાડીઓ ચલાવવાની જવાબદારી આપી છે.

રાજયમાં હાલ અનુસૂચિત જનજાતિની ૬૮૮ બાલવાડીઓ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવે છે. જેમાં અંદાજે ૧૭,૨૦૦ બાળકો લાભ લઈ રહ્યા છે.

બાલાવડી મંજૂર કરવા સમાચાર પત્રોમાં જાહેરાત આપી અરજીઓ મંગાવવામાં આવે છે. બાલવાડી

(૧) સંદર્ભ : ભગવદ્ગો મંડળ (બ-મા), ભાગ-૭, પ્રવીણ પ્રકાશન, રાજકોટ.

ચલાવવા ઈચ્છતી સ્વૈચ્છિક સંસ્થાઓને જાહેરાત પ્રસિધ્ધ થયા બાદ નિયત સમયમાં અરજી પત્રક જિલ્લા તકેદારી શ્રી (આદિજાતિ વિકાસ વિભાગ)ની કચેરીએથી મેળવી, જરૂરી માહિતી ભરી સાધનિક કાગળો સહિતની અરજી ઉક્ત અધિકારીશ્રીની ભલામણ સહિત કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસ ગાંધીનગરને મોકલવાની હોય છે.

બાલવાડી ચલાવનાર સંચાલિકાઓએ મોન્ટેસરી ટ્રેઈન્ડ અથવા પી.ટી.સી. અથવા એસ.એસ.સી. અને એક વર્ષનો અનુભવ અથવા પ્રાથમિક શાળાંત પરીક્ષા પાસ કરી હોવી જોઈએ. તેડાગર બહેનો ઓછામાં ઓછુ ચાર ધોરણ પાસ હોવી જોઈએ. સંચાલિકા અને તેડાગર બંને બહેનોની નિમણૂંક સંસ્થા દ્વારા કરવામાં આવે છે.

**મૂલ્યાંકન :**

આગળ જોઈ ગયા તેમ અનુસૂચિત જનજાતિનાં સામાજિક, શૈક્ષણિક અને આર્થિક વિકાસ માટે રાજય સરકાર દ્વારા અનેક કાર્યક્રમો અને યોજનાઓ અમલમાં મૂકવામાં આવી. પરંતુ તેનું પરિણામ શું આવ્યું ? અને યોજના કેટલી અસરકારક રહી તે જાણવું ખૂબ જરૂરી બને છે. કારણકે તે માટે ભવિષ્ય અંગેનું આયોજન કરતી વખતે તે ખૂબ જ જરૂરી બની રહે છે. આ માટે યોજનાનું મૂલ્યાંકન કરવું ખૂબ જ જરૂરી અને અનિવાર્ય છે.

મૂલ્યાંકન સામાન્ય રીતે આયોજિત યોજનાઓ અને વિકાસ કાર્યક્રમોની અને તેની અસરોને લઈ કાર્યક્રમની સફળતા, નિષ્ફળતાનાં કારણો લઈ તેનો અભ્યાસ કરવામાં આવે છે. આવી યોજનાઓ કે કાર્યક્રમોનાં અમલમાં સફળતા તેમજ નિષ્ફળતાનાં વિવિધ પાસાંઓનાં પરિણામો અને તારણો શોધવામાં આવે છે. તેમાં બાલવાડી યોજનાનાં સંદર્ભમાં શૈક્ષણિક ક્ષેત્રે સૂચવવામાં આવતા ફેરફારોની સ્વીકૃતિ, આદિજાતિ સમાજનાં વલણો અને પ્રત્યાઘાતો જાણવાનો પ્રયત્ન કરવામાં આવે છે. આવા પ્રકારના સર્વગ્રાહી મૂલ્યાંકન અભ્યાસથી આયોજિત યોજનાઓ, કાર્યક્રમોનાં ઘડતર અને અમલમાં સુધારા વધારા કરવા માટે તારણો અને સૂચનો મળી રહે છે. આમ આયોજિત કાર્યક્રમોની પ્રગતિની સમીક્ષાથી તેમજ તેનાં નિરીક્ષણ અને હેતુલક્ષી તપાસનાં કાર્યથી મૂલ્યાંકન પ્રવૃત્તિ કંઈક અંશે જુદી તરી આવે છે. તેથી મૂલ્યાંકન પ્રવૃત્તિને આયોજન પ્રક્રિયાના એક અંતર્ગત ભાગ તરીકે ગણાવી શકાય. ટૂંકમાં મૂલ્યાંકન એટલે યોજનાઓના અમલનો હેતુલક્ષી અને દિશાસૂચક અભ્યાસ.

**'બાલવાડી' યોજનાનું મૂલ્યાંકન :**

'રાજયમાં ચાલતી (આદિજાતિનાં બાળકો માટે) બાલવાડી યોજના એ બાળકોમાં રહેલી જીજ્ઞાસાવૃત્તિને રચનાત્મક દિશા તરફ વાળી પ્રોત્સાહિત કરવા માટેનો એક (શૈક્ષણિક) વિકાસલક્ષી કાર્યક્રમ છે.

સામાન્ય રીતે પૂર્વ પ્રાથમિક શિક્ષણ મેળવવા માટે શહેરો અને મોટા ગ્રામ્ય વિસ્તારનાં બાળકો બાલમંદિરનો લાભ લેતા હોય છે. શહેરની ઝૂંપડપટ્ટી, નાના નાના ગામડાંઓ તેમજ આદિવાસી વિસ્તારોમાં બાળકોને પૂર્વ પ્રાથમિક શિક્ષણ મળે તે માટે રાજય સરકાર દ્વારા બાલવાડીની વ્યવસ્થા, કરવામાં આવી છે. જેમાં બાળકોના સ્વાસ્થ્ય, સ્વચ્છતા અને સુટેવોનું ઘડતર ઉપરાંત રમત ગમત દ્વારા શિક્ષણ મેળવવા માટે બાલવાડી પર ભાર મુકાયો છે. આદિજાતિ વિસ્તારનાં બાળકોના સંવર્ધન પોષણ, દેખરેખ, સંભાળ તેમજ પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટે તાલીમ આપવાનાં હેતુથી બાલવાડીનો પ્રયોગ હાથ ધરાયો છે.

આજનો બાળક એ આવતીકાલનો નાગરિક છે. દેશ માટે ઉત્તમ નાગરિકો તૈયાર કરવા હોય તો આવતીકાલની આપણી આશા બાળકો છે. બાળકનાં જીવનનાં પ્રથમ ૬ વર્ષમાં તેની આંતરિક શક્તિનો વિકાસ થાય છે. તાલીમ પામેલ શિક્ષિકાએ બાળકની કુદરતી શક્તિ બહાર લાવવા, તંદુરસ્તી, સ્વચ્છતા, માનસિક અને શારિરીક વિકાસ થાય તે માટે ખાસ ધ્યાન આપવું જોઈએ. બાળપણથી જ તેમનો યોગ્ય વિકાસ થાય અને સારા સંસ્કાર મળે એવું શિક્ષણ આપવું જોઈએ. શિક્ષણ પધ્ધતિઓની સરખામણીમાં બુનિયાદી કેળવણીનું મૂલ્ય ઊંચું આંકી શકાય એ સ્વાભાવિક છે અને તેમાંય 'બાળપણ' એ વ્યક્તિનાં જીવનનો પાયાનો મહત્વનો તબક્કો છે. એ માટે પૂર્વબુનિયાદી શિક્ષણ ઘણું મહત્વનું છે. બાલવાડીઓમાં પૂર્વબુનિયાદી કેળવણીનાં મૂલ્યો જળવાઈ રહે એ માટે સારી અને ટ્રેઈન થયેલ બાળશિક્ષિકાઓની જરૂર છે. બાલવાડીમાં બાળકને ચારિત્ર્ય ઘડતર તેમજ જીવન ઉપયોગી શિક્ષણ આપવાનું હોય છે. અગાઉ જણાવ્યા મુજબ બાળકોને નાનપણથી સારાં સંસ્કારો અને શિક્ષણ તરફ અભિરૂચી જાગે તે હેતુસર સરકારશ્રી દ્વારા સ્વૈચ્છિક સંસ્થાઓ મારફત બાલવાડી ચલાવવામાં આવે છે. જેમાં બાળકોને આપવામાં આવતી કેળવણી દ્વારા કેટલીક મહત્વલક્ષી વિવિધ બાબતોને ખ્યાલમાં રાખી યોજનાનો અભ્યાસ કરવો જરૂરી જણાય છે. આ યોજના ચાલુ થયાને લગભગ ૪૫ વર્ષ થયા છે, ત્યારે અનુસૂચિત જનજાતિનાં બાળકો માટે આદિવાસી સમાજ તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ કે જે બાલવાડી (યોજના) ચલાવી રહ્યા છે તે સૌને ખ્યાલમાં રાખી આ અભ્યાસ કરવો જરૂરી છે. યોજનામાં કોઈ ખામી કે મુશ્કેલી હોય તો તેમાં સુધારા-વધારા કરી વધુ લાભાર્થીમુખ (વધુ સંખ્યામાં બાળકો પૂર્વપ્રાથમિક શિક્ષણનો લાભ લે) બને તે માટે કેવા પ્રયત્નો કરવા જોઈએ તે હાલના તબક્કે ખાસ જાણવું જરૂરી છે. આ ઉપરાંત કેટલાંક મહત્વનાં ઉદ્દેશો ધ્યાનમાં રાખી આ અભ્યાસ હાથ ધરવાનું વિચાર્યું છે.

અભ્યાસનાં હેતુ :

(૧) ગુજરાત રાજ્યમાં સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતી અનુસૂચિત જનજાતિની બાલવાડીમાં પૂર્વપ્રાથમિક શિક્ષણ પધ્ધતિનો ઉદ્ભવ, વિકાસ, ગુણવત્તા અને પ્રર્વતમાન સ્થિતિનો અભ્યાસ કરવો.

(૨) બાલવાડી સાથે સંકળાયેલ સંસ્થાઓનું માળખુ, વ્યવસ્થાપન તંત્ર, ભૌતિક સગવડો, શિક્ષણની

ગુણવત્તાની સુધારણાના સંદર્ભમાં સંચાલકો, બાલવાડીની શિક્ષિકા અને તેડાગર બહેનો તેમજ બાલવાડી સાથે સંકળાયેલ અન્ય કાર્યકરો વિશે સંલગ્નિત બાબતોની જાણકારી મેળવવી.

(૩) આદિવાસી સમાજની સામાજિક, આર્થિક, શૈક્ષણિક, તેમજ સાંસ્કૃતિક બાબતોને ખ્યાલમાં રાખી' બાલવાડીઓની વિશિષ્ટતાઓ, મર્યાદાઓ, ઉપસ્થિત થતાં પ્રશ્નો તેમજ ખાસ ધ્યાનમાં રાખવા જેવી બાબતોનો અભ્યાસ કરી બાલવાડીઓનાં શૈક્ષણિક તેમજ સંલગ્નિત કાર્યક્રમોમાં જરૂરી સુધારા તેમજ પુનર્રચના કરવા આવશ્યક ફેરફારો સૂચવવા.

(૪) જે તે આદિવાસી વિસ્તારની બાલવાડીની સ્થાનિક સમાજ પર થયેલી શૈક્ષણિક અસરોને જોવી.

(૫) જે વિસ્તારમાં બાલવાડી ચલાવવાની હોય તે વિસ્તાર તેમજ આજુબાજુના સ્થળનું વાતાવરણ આરોગ્યપ્રદ છે કે કેમ ? તે તપાસવું.

(૬) બાલવાડીમાં કેટલી ઉંમરના બાળકોને પ્રવેશ આપવામાં આવે છે ? તેની માહિતી મેળવવી.

(૭) બાલવાડીમાં આવનાર બાળકોને આવવા-જવાની સુવિધા રહે તે માટે ઘરની નજીકમાં, વિસ્તારમાં બાલવાડી છે કેમ ? તે તપાસવું.

(૮) બાલવાડીમાં આવનાર બાળકોનો મુખ્યત્વે શારીરિક, ભાષાકીય તેમજ જ્ઞાનલક્ષી વિકાસ થાય છે કે નહીં ? તેની જાણકારી મેળવવી.

(૯) આદિવાસી બાળકોમાં જે સર્જનશક્તિ છે તેને પ્રોત્સાહિત કરી નૈસર્ગિક સ્વરૂપે, સ્થાનિક માધ્યમો દ્વારા સુંદર કલાકૃતિનું સર્જન કરવા પ્રોત્સાહિત કરવામાં આવે છે કે કેમ ? તેની માહિતી મેળવવી.

(૧૦) આદિવાસી સમાજની બાલવાડીઓ અભ્યાસ દ્વારા સંખ્યાત્મક વધારા કરતાં ગુણાત્મક વધારો થાય છે ? તે તપાસવું.

(૧૧) બાલવાડીમાં બાળકોનાં સ્વાસ્થ્ય, પોષણ અંગે દેખરેખ તેમજ આરામ કરવાની સુવિધા મળી રહે છે કે કેમ તે જોવું.

(૧૨) બાલવાડીમાં પાયાની સુવિધાઓ તેમજ ભૌતિક સુવિધાઓ છે કે નહીં તે તપાસવું.

(૧૩) બાલવાડી સંચાલિકા તેમજ તેડાગર બહેનની શૈક્ષણિક લાયકાત, અનુભવ તેમજ તેમનો બાળકો પ્રત્યેનો વ્યવહાર કેવો છે ? તેની માહિતી મેળવવી.

ટૂંકમાં, બાલવાડી મૂલ્યાંકન અભ્યાસનો હેતુ આદિવાસી સમાજનાં બાળકો તેનો લાભ મેળવે છે કે કેમ ? તે જાણવાનો અને સાથો સાથ બાલવાડીની સંચાલન વ્યવસ્થા તેમજ કામગીરી બાળકો માટે વિકાસલક્ષી છે કે કેમ ? તે તપાસવાનો છે.

**અભ્યાસ પ્રવિધિઓ :**

**યોજનાનાં મૂલ્યાંકન અભ્યાસ માટે ઉપરોક્ત હેતુઓ પરિપૂર્ણ કરવા તેમજ જરૂરી વિગતો મેળવવા ક્ષેત્રકાર્ય દ્વારા માહિતી એકત્ર કરવા માટે જુદી જુદી પ્રવિધિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં મુખ્યત્વે મુલાકાત, નિરીક્ષણ અને અનુસૂચિનો ઉપયોગ કરી વિગતવાર ઊંડાણપૂર્વક માહિતી પ્રાપ્ત કરવામાં આવી હતી.**

**રાજયમાં આદિજાતિ બાળકો માટે ચાલતી બાલવાડીઓનું સર્વેક્ષણ કરવા બે પ્રકારની અનુસૂચિઓ તૈયાર કરવામાં આવી હતી. જે નીચે મુજબ છે.**

(૧) બાલવાડી યોજનાના મૂલ્યાંકન અભ્યાસ માટેની અનુસૂચિ.

(૨) બાલવાડીની સંચાલિકા માટેની અનુસૂચિ.

આ અનુસૂચિઓ કેન્દ્રના નિયામકશ્રી સાથે વિચારવિમર્શ કરી તૈયાર કરવામાં આવી હતી.

**અનુસૂચિ :**

અભ્યાસનાં મુખ્ય હેતુઓને ધ્યાનમાં રાખી અનુસૂચિ તૈયાર કરવામાં આવી હતી. જેમાં અભ્યાસ માટે પસંદ કરેલ બાલવાડીઓની પરિચયાત્મક માહિતી, પાયાની સુવિધાઓ, આરોગ્યપ્રદ વાતાવરણ ભૌતિક સુવિધાઓ (મકાન તેમજ રૂમોની સગવડ), આર્થિક વ્યવસ્થા (ભોજન અને અનુદાન માટે તેમજ બાલવાડીની વહીવટી સંચાલન વ્યવસ્થા અંગે વિગતો મેળવી હતી.

અભ્યાસ માટે અતિ આવશ્યક હોઈ બાળકોને પૂર્વપ્રાથમિક શિક્ષણ આપતી બાલવાડીની સંચાલિકા બહેનોની પણ અનુસૂચિ તૈયાર કરી હતી. જેમાં બાળકોને શિક્ષણ આપવા અંગે તેમનો અભિપ્રાય, બાલવાડીમાં ચાલતી શૈક્ષણિક તેમજ રમત-ગમત પ્રવૃત્તિઓ, બાળકોનાં આરોગ્ય વિષયક પ્રશ્નો તેમજ વહીવટી બાબતો અંગે તેમના પ્રતિભાવો વગેરે પ્રશ્નો આવરી લઈ ઊંડાણપૂર્વકની વિગતવાર માહિતી લીધી હતી.

બાલવાડી યોજનાનો વૈજ્ઞાનિક પધ્ધતિથી અભ્યાસ કરવાનું અનિવાર્ય બન્યું છે. આ તબક્કે બાલવાડીનું વાસ્તવિક આદર્શ સ્વરૂપ કેવું હોવું જોઈએ ? તેનાં વિષે આપણે સભાનપણે વિચારવું જોઈએ આ સંદર્ભમાં કેટલાંક મુખ્ય પ્રશ્નોમાં હાલમાં ચાલતી આદિજાતિ વિસ્તારોની બાલવાડીઓના કેટલાં આદિવાસી બાળકો પૂર્વ-પ્રાથમિક શિક્ષણનો લાભ લે છે ? બાલવાડીઓમાં બાળકોને માટે પૂરતી શૈક્ષણિક સુવિધાઓ ઉપલબ્ધ છે કે કેમ ? બાલવાડીઓનાં પ્રશ્નોનાં સંદર્ભમાં તેનાં વ્યવહારું ઉકેલ શું હોઈ શકે ? બાલવાડીઓની આદિવાસી સમાજ ઉપર થતી અસર તેમનાં (આદિવાસીસમાજનાં) બાલવાડી સંદર્ભે કયા પ્રશ્નો છે ? વગેરે બાબતોને અનુસૂચિમાં આવરી લીધી હતી.

ટૂંકમાં, બાળકનાં જીવનનું પૂરેપૂરું ઘડતર થાય તે ઉદ્દેશથી (વિષય સંદર્ભિત) અનુસૂચિ દ્વારા વિગતવાર માહિતી મેળવવાનો પ્રયત્ન કર્યો હતો.

**મુલાકાત :**

અભ્યાસ સંદર્ભે જિલ્લા કક્ષાએ તકેદારી અધિકારી શ્રી (આ.વિ.વિ.), સહ કર્મચારી વર્ગ અને પસંદ કરેલ જે તે વિસ્તારનાં સ્વૈચ્છિક સંસ્થાઓનાં સંચાલકોની મુલાકાત લઈ અભ્યાસ માટે ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી. યોજના હેઠળ પસંદ કરેલ આદિજાતિ વિસ્તારોની નમૂનાની બાલવાડીઓની મુલાકાત લઈ અભ્યાસ માટે જરૂરી વિગતોમાં બાલવાડીની શરૂઆતની સ્થિતિ અને બાળકોની સંભાળ અને હાલનાં સમયમાં બાળકોનાં સારાં ઘડતર માટે બાલવાડીની સંચાલન વ્યવસ્થા અને શૈક્ષણિક તેમજ રચનાત્મક પ્રવૃત્તિઓ અંગે વિગતવાર માહિતી પ્રાપ્ત કરી હતી.

**નિરીક્ષણ :**

અભ્યાસ માટે પસંદ કરેલ બાલવાડીઓની પ્રવૃત્તિઓને જાણવા સંચાલિકા અને તેડાગર બહેનોની મુલકાત ગોઠવી-જરૂરી માહિતી મેળવી હતી અને માહિતીનું યથાર્થ નિરૂપણ કર્યું હતું. અભ્યાસને વધુ સમર્થન આપવા તેમજ બાલવાડીમાં ચાલતી શૈક્ષણિક પ્રવૃત્તિઓને સમજવા તેમજ તેની ગુણવત્તાની નોંધ લેવા (જેવી કે બાળકોની નિયમિત હાજરી, અક્ષરજ્ઞાન, ઓળખજ્ઞાન, શિસ્ત સ્વચ્છતા, આજુબાજનું વાતાવરણ પ્રાથમિક સારવારની સુવિધા અને પોષણક્ષમ નાસ્તો) સહભાગી અને અસહભાગી નિરીક્ષણ પ્રવિધિનો ઉપયોગ કર્યો હતો અને દરેક પ્રવૃત્તિનું મૂલ્યાંકન કર્યું હતું.

**ક્ષેત્રકાર્ય અને નમૂના પસંદગી :**

ગુજરાત રાજયનાં સમગ્ર આદિવાસી વિસ્તારને ધ્યાનમાં રાખીને અભ્યાસ માટે સાબરકાંઠા, અમદાવાદ, ખેડા, ગાંધીનગર, દાહોદ, નર્મદા (નાંદોદ) અને સુરત જિલ્લાની ૪૫ બાલવાડીઓની પસંદગી કરી હતી. જેની વિગતવાર માહિતી હવે પછીનાં પ્રકરણમાં મૂકી છે.

અભ્યાસ માટે મુખ્યત્વે ક્ષેત્રકાર્ય પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતા અને તે દ્વારા આદિવાસી વિસ્તારમાં આવેલી બાલવાડીઓની વિવિધ પ્રવિધિઓ દ્વારા માહિતી એકત્ર કરી હતી.

**નિદર્શ પધ્ધતિ :**

બાલવાડી યોજનાનાં મૂલ્યાંકન અભ્યાસ માટે પૂરેપૂરું પ્રતિનિધિત્વ જળવાઈ રહે તે માટે સરકારી અનુદાન મેળવતી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતી બાલવાડીઓમાંથી અભ્યાસ એકમોની પસંદગી બે-ત્રણ બાબતોને ધ્યાનમાં રાખી કરવામાં આવી હતી.

(૧) આદિવાસીઓની વધુમાં વધુ વસતિ જે જિલ્લામાં છે તે જિલ્લાઓની પસંદગી આ અભ્યાસ માટે કરી જેમાં સાબરકાંઠા, દાહોદ, નર્મદા અને સુરત જિલ્લા લીધા.

(૨) જિલ્લાની પસંદગી કર્યા બાદ બાલવાડીઓની જે સૂચિ મળી તેને તપાસી અભ્યાસ માટે પસંદ કરીએ તે બાલવાડીઓ જુદા જુદા તાલુકાની લેવી તેવું નક્કી કર્યું.

(૩) બાલવાડીની પસંદગી માટે તાલુકા પસંદ કર્યા બાદ યાદી જોતાં એવું લાગ્યું કે અલગ અલગ સંસ્થાઓ નીચે ચાલતી બાલવાડીઓ છે. આથી પ્રશ્નો અંગે વધુ સારી રીતે માહિતી પ્રાપ્ત કરી શકાય એ કારણે શક્ય એટલી જુદી જુદી સંસ્થાઓ દ્વારા ચાલતી બાલવાડીઓને પસંદ કરવામાં આવી.

(૪) બાલવાડીમાં બાળકોની સ્થિતિ અંગે ખ્યાલ આવી શકે તેને નજરમાં રાખી જે બાલવાડીમાં વધુમાં વધુ સંખ્યા હોય તેવી બાલવાડીઓ અને બહુ ઓછા બાળકોની સંખ્યાથી ચાલતી હોય તેવી બાલવાડી આમ બંને પ્રકારનાં સાંખ્યાકિત ધોરણોને નજરમાં રાખ્યા.

(૫) આ ઉપરાંત ઘણા લાંબા સમયથી બાલવાડીઓ ચાલતી હોય તેને એટલે કે છેલ્લા ત્રીસ, ચાલીસ વર્ષથી જે સંસ્થા બાલવાડી ચલાવે છે તેને અને જે ખૂબ જ નજીકનાં વર્ષોમાં (ગાળામાં) બાલવાડીઓ ચાલુ થઈ છે તેવી બાલવાડીઓને પણ અભ્યાસમાં આવરી લેવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

ઉપરોકત જુદી જુદી બાબતોને ધ્યાનમાં રાખી જુદા જુદા આદિવાસી વિસ્તારમાં આવતી બાલવાડીઓની યાદી તૈયાર કરી. તેની ચીઠ્ઠી બનાવી, ચીઠ્ઠી ઉપાડીને બાલવાડીઓ પસંદ કરી. પસંદ કરેલ બાલવાડીઓનાં સ્થળ, સંસ્થાના નામ તેમજ સ્થાપના વર્ષ સહિતની યાદી નીચે પ્રમાણે છે.

**કોઠા નં.૧.૧**

**અભ્યાસમાં આવરેલ બાલવાડીઓ**

| ક્રમ | જિલ્લો | તાલુકા | બાલવાડીનું સ્થળ | સંસ્થાનું નામ | વર્ષ |
|---|---|---|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૧. ખેડબ્રહ્મા | ૧. નાકા(સમાજ ફળીયું) | શ્રી મંગલમ કેળવણી મંડળ | ૨૦૦૦ |
| | | | ૨. બહેડીયા(ઉપલાં ફળો) | શ્રી ખાદી ગ્રામોદ્યોગ વાડી | ૧૯૯૭-૯૮ |
| | | ૨. વિજયનગર | ૩. ચિત્રોડા | રાજપુર કેળવણી મંડળ | ૧૯૭૪-૭૫ |
| | | | ૪. ભગોરાપાડા(ચિઠોડા) | શ્રી લોકભારતી કેળવણી મંડળ | ૧૯૯૮-૯૯ |
| | | ૩. ભિલોડા | ૫. શામળાજી | સરપંચશ્રી, ગૃપ ગ્રામ પંચાયત | ૧૯૬૯-૭૦ |
| | | | ૬. ધોલવાણી-છાપરા | શ્રી આદિવાસી સેવા સમિતિ | ૧૯૮૫-૮૬ |
| | | | ૭. અણસોલ | આદિવાસી પ્રગતિ યુવક મંડળ | ૧૯૮૫-૮૬ |
| | | | ૮. રીંટોડા | શ્રી નૂતન કેળવણી મંડળ | ૧૯૯૯ |
| | | | ૯. ઓડ | આદિજાતિ પ્રગતિ મંડળ | ૧૯૯૭ |
| | | | ૧૦. ખીલોડા | આદિવાસી સેવા સમિતિ | ૧૯૬૪-૬૫ |
| | | | ૧૧. કુંડોલ | માનવ સેવા ટ્રસ્ટ | ૧૯૮૯-૯૦ |
| | | ૪. મેઘરજ | ૧૨. પંચાલ | આદિવાસી સેવા સમિતિ | ૧૯૭૮ |
| ૨. | અમદાવાદ | ૫. અમદાવાદ | ૧૩. બાપુનગર | સ્વ.ઠાકોરભાઈ દેસાઈ સ્મારક ટ્રસ્ટ | ૧૯૮૭ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩. | ખેડા | ૬. મહેમદાવાદ | ૧૪. મહીજ | શ્રી જનજાતિ સેવા સમાજ સંઘ | ૧૯૯૬ |
| ૪. | ગાંધીનગર | ૭. ગાંધીનગર | ૧૫. સેક્ટર-૨૦, ગાંધીનગર | શ્રી સર્વોદય ત્રિમૂર્તિ મહિલા ઉત્કર્ષ ટ્રસ્ટ | ૧૯૯૭ |
| ૫. | દાહોદ | ૮. દાહોદ | ૧૬. ચાકલીયારોડ, ડુંગરી(અમૃત સોસા.) | ગુજરાત આદિવાસી યુવક મંડળ | ૧૯૭૧-૭૨ |
| | | | ૧૭. જવાર ફળીયું | અનુ.જાતિ વિકાસ પરિષદ | ૧૯૮૩ |
| | | | ૧૮. ગોદીરોડ | ગુર્જર ભારતી | ૧૯૯૭ |
| | | | ૧૯. ગલાલીયાવાડ-દેલસર | પંચશીલ આદિવાસી યુવક મંડળ | ૧૯૮૮ |
| | | | ૨૦. વડવી ફળીયુ-ખરેડી | ગુજરાત આદિવાસી યુવક મંડળ | ૧૯૯૦ |
| | | | ૨૧. ગલાલીયાવાડ-સારસા તવાઈ | ગુજરાત આદિવાસી યુવક મંડળ | ૧૯૮૬ |
| | | ૯. ઝાલોદ | ૨૨. કાળી મહુડી | સમગ્ર ગ્રામસેવા મંડળ | ૧૯૮૫ |
| | | | ૨૩. મીરાખેડી | કૈલાસ કેળવણી મંડળ | ૧૯૯૩ |
| | | | ૨૪. વસતી-પટેલ ફળીયુ | પંચભારતી મહિલા વિકાસ મંડળ | ૨૦૦૧ |
| | | | ૨૫. ડગેરીયા-ડાંગી ફળીયુ | પંચભારતી મહિલા વિકાસ મંડળ | ૨૦૦૧ |
| | | ૧૦. લીમખેડા | ૨૬. લીમખેડા | પંચમહાલ જિલ્લા ખેડૂત કેળવણી મંડળ | ૧૯૮૭-૮૮ |
| | | | ૨૭. મોટાહાથી ધરા | " " | ૧૯૯૦ |
| | | | ૨૮. રણધીકપુર-નદી ફળીયુ | ભીલ સેવા મંડળ | ૧૯૭૪-૭૫ |
| ૬. | નર્મદા | ૧૧. નાંદોદ | ૨૯. ટેકરા ફળીયા | શ્રી મહાત્મા ગાંધી કેળવણી મંડળ | ૧૯૮૭-૮૮ |
| | | | ૩૦. ખાડા ફળીયા | " " | ૧૯૯૩-૯૪ |
| | | | ૩૧. ભચરવાડા | શિવશરણ ટ્રસ્ટ | ૧૯૮૧-૮૨ |
| | | | ૩૨. ઢોલાર | શ્રી મહાત્મા ગાંધી કેળવણી મંડળ | ૧૯૯૦-૯૧ |
| | | | ૩૩. વડીયા | ભરૂચ જિલ્લા આદિવાસી સેવા સંઘ | ૧૯૬૭-૬૮ |
| | | | ૩૪. ભાણદ્રા | શ્રી મહાત્મા ગાંધી કેળવણી મંડળ આરબપુંરા હરિજનવાસ | ૧૯૯૪-૯૫ |
| | | ૧૨. દેડીયાપાડા | ૩૫. દાભવણ | | |
| | | | ૩૬. દેવગામ | શ્રી આદિવાસી ગ્રામ વિકાસ મંડળ | ૧૯૯૪-૯૫ |
| | | ૧૩. સાગબારા | ૩૭. દેવમોગરા | શ્રી ભરૂચ જિલ્લા ગિરીજન શિક્ષણ પ્રગતિ મંડળ | ૧૯૯૦ |
| | | | ૩૮. મોટીમોગરી | " "(કિતન બાલવાડી) | ૧૯૯૪-૯૫ |
| ૭. | સુરત | ૧૪. ચોર્યાસી | ૩૯. અડાજણ | શ્રી સુરત જિલ્લા હળપતિ સેવા સંઘ | ૧૯૬૭-૬૮ |
| | | ૧૫. સોનગઢ | ૪૦. સિલેટવેલ | રાનીપરજ સેવા સભા વેડછી | ૧૯૬૪-૬૫ |
| | | | ૪૧. રાણીઆંબા | અરૂણોદય સાર્વજનિક કેળવણી મંડળ | ૧૯૮૭-૮૮ |
| | | ૧૬. વ્યારા | ૪૨. ઘાંટા | નવચેતન યુવક મંડળ, ઘાંટા | ૧૯૮૭-૮૮ |
| | | | ૪૩. ઢોડિયાવાડ-વ્યારા | શ્રેયાંસ યુવક મંડળ | ૧૯૮૨-૮૩ |
| | | ૧૭. માંડવી | ૪૪. સાદડી | વાલ્મિકી વિવિધલક્ષી ટ્રસ્ટ | ૨૦૦૨ |
| | | ૧૮. બારડોલી | ૪૫. મઢી | શ્રી ઉત્તર બુનિયાદી કન્યા વિદ્યાલય | ૧૯૮૧-૮૨ |

## કોઠા નં.૧.૨
## અભ્યાસમાં આવરેલ બાલવાડીઓ શરૂ થયાનું વર્ષ

| ક્રમ | જિલ્લો | ગામ/બાલવાડીની સંખ્યા | ૧૯૬૧-૬૫ | ૧૯૬૫-૭૦ | ૧૯૭૧-૭૫ | ૧૯૭૬-૮૦ | ૧૯૮૧-૮૫ | ૧૯૮૫-૯૦ | ૧૯૯૧-૯૫ | ૧૯૯૬-૨૦૦૦ | ૨૦૦૧- | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૧૨ | ૧ | ૧ | ૧ | ૧ | ૨ | ૩ | - | ૫ | - | ૧૨ |
| ૨. | ગાંધીનગર | ૦૧ | - | - | - | - | - | - | - | ૧ | - | ૧ |
| ૩. | અમદાવાદ | ૦૧ | - | - | - | - | - | ૧ | - | - | - | ૧ |
| ૪. | ખેડા | ૦૧ | - | - | - | - | - | - | - | ૧ | - | ૧ |
| ૫. | દાહોદ | ૧૩ | - | ૧ | ૨ | - | ૧ | ૪ | ૨ | ૧ | ૨ | ૧૩ |
| ૬. | નર્મદા | ૧૦ | - | ૧ | - | - | ૨ | ૨ | ૫ | - | - | ૧૦ |
| ૭. | સુરત | ૦૭ | ૧ | ૧ | - | - | ૨ | ૨ | - | - | ૧ | ૭ |
| | કુલ | ૪૫ | ૨ | ૪ | ૩ | ૧ | ૫ | ૧૨ | ૭ | ૮ | ૩ | ૪૫ |
| | | | ૪.૪૪ | ૮.૮૮ | ૬.૬૭ | ૨.૨૨ | ૧૧.૧૨ | ૨૬.૬૬ | ૧૫.૫૫ | ૧૭.૭૯ | ૬.૬૭ | ૧૦૦ |

**ઉપરોક્ત કોઠામાં બતાવ્યા મુજબ આદિજાતિના** બાળકો માટેની બાલવાડી યોજના ૧૯૫૯થી **અમલમાં મુકવામાં** આવી હતી.

**અભ્યાસ** હેઠળની બાલવાડીઓનું શરૂ થયાના વર્ષથી જોતાં પાંચ-પાંચ વર્ષના સમયગાળામાં ' **૧૯૮૫ થી** '૯૦ના વર્ષમાં સૌથી વધુ ૧૨ (૨૬.૬૬ ટકા) બાલવાડીઓ શરૂ થઈ હતી. ૮ (૧૭.૭૯ **ટકા) બાલવાડીઓ** ૧૯૯૬ થી ૨૦૦૦ના સમયગાળા દરમિયાન શરૂ થઈ હતી. જેમાં સાબરકાંઠા જિલ્લામાં **બાલવાડીઓ** વધુ હતી. જયારે ૧ (૨.૨૨ ટકા) બાલવાડી ૧૯૭૬થી '૮૦ના વર્ષમાં શરૂ થઈ હતી.

વર્ષ ૨૦૦૧ પછી ૩ (૬.૬૭ ટકા) બાલવાડીઓ શરૂ થઈ હતી.

કોઠા પરથી સ્પષ્ટ ખ્યાલ આવે છે કે સાબરકાંઠા, દાહોદ અને નર્મદા જિલ્લામાં અનુસૂચિત **જનજાતિની** બાલવાડીઓનું પ્રમાણ સારું જોવા મળ્યું હતું.

ઉપરોક્ત જણાવેલ વિગતોથી એવું જોવામાં આવ્યું હતું કે આદિવાસી લોકો મોટે ભાગે જંગલો **અને પછાડી** વિસ્તારોમાં વસતા હોવાથી એમનાં સુધી શૈક્ષણિક સુવિધાઓ પૂરતાં પ્રમાણમાં પહોંચતી ન **હતી.** તેથી રાજય સરકારે આ જવાબદારી ઉપાડવા સ્વૈચ્છિક સંસ્થાઓને છૂટ આપી, બાલવાડીઓ **ચલાવવામાં** તેમનો ફાળો નોંધાપાત્ર છે.

રાજયમાં હાલ અનુસૂચિત જનજાતિની કુલ ૬૮૮ બાલવાડીઓ સ્વૈચ્છિક સંસ્થાઓ મારફત ચલાવવામાં આવે છે. જે (રાજયમાં) જુદા જુદા જિલ્લાઓમાં શરૂ કરવામાં આવી હતી. જેનો વર્ષવાર ક્રમિક વિકાસ હવે પછીનાં પ્રકરણમાં બતાવ્યો છે.

## પ્રકરણ-૨

# બાલવાડી : ઉદ્ભવ, ઈતિહાસ અને વિકાસ

**પ્રાસ્તાવિક :**

પ્રાથમિક શિક્ષણનાં ઔપચારિક આરંભ પૂર્વે બાળકને સ્વાભાવિક રીતે શિક્ષણાભિમુખ કરવાની વિશિષ્ટ પ્રવૃત્તિ તથા તે સંબંધી સંસ્થાઓ વિવિધ નામે ઓળખાય છે. જેમાં બાલવાડીનો સમાવેશ થાય છે. જર્મનીના ફ્રીડરિખ ફ્રોબેલ (૧૭૮૨-૧૮૫૨) અને ઈટાલીનાં મારિયા મોન્ટેસરી (૧૮૭૦-૧૯૫૨) એ બાલવાડીની સંકલ્પના આપી.

બાલવાડી નાનકડી શાળા કે શાળાનો વિશેષ વર્ગ છે. ત્રણથી પાંચ વર્ષની વયનાં બાળકો શિક્ષિકા સાથે થોડા કલાકો ગાળે છે. શિક્ષિકા તેમને ચિત્રકામ કરવા પ્રેરે છે. ગીતો ગવડાવે છે. રમતો રમાડે છે. પણખરું શૈક્ષણિક રમકડા રમવા પ્રેરે છે. આ રીતે બાળક ભાષાની સમજ કેળવવા સાથે આસપાસનાં વિશ્વ સાથે સંવાદ સાધતું થાય છે.

બાલવાડી આંદોલનનો આરંભ જર્મનીના ફ્રીડરિખ ફ્રોબેલે કર્યો. ૧૮૩૭માં બ્લેન્કનબર્ગમાં તેણે પહેલી બાલવાડીની સ્થાપના કરી. બીજા કેટલાંક શિક્ષણશાસ્ત્રીઓએ આ પ્રકારની પ્રવૃત્તિ કરવા માંડલી પણ બાલવાડી (Kindergarten) નામનો પહેલો ઉપયોગ ફ્રોબેલે કર્યો. તેણે કહ્યું.. "હું આને શિશુશાળા નથી કહેતો કારણકે શાળામાં બાળક ભણે એ રીતે અહીં બાળકને ભણાવવામાં આવે એવું હું નથી ઈચ્છતો, કશા દાબ વગર કે ભાર વિના તેઓ સ્વૈચ્છિક વિહાર કરતાં વિકાસ સાધે તેવી સ્વતંત્ર વ્યવસ્થા એમને આપવા ઈચ્છું છું.

ત્યાર પછી જર્મનીની બહાર જે બાલવાડીઓ શરૂ થઈ તેમાં ધાર્મિક, નૈતિક અને ચારિત્ર્ય ઘડતરનાં વિષયો પર વિશેષ ધ્યાન અપાયું. વીસમી સદીનાં આરંભનાં વર્ષોમાં યુરોપ, અમેરિકા અને એશિયાનાં દેશોમાં બાલવાડી પધ્ધતિનો વિકાસ થયો."[1]

ગુજરાતમાં ગિજુભાઈ બધેકાને પોતાનાં સંતાનની કેળવણીનાં પ્રશ્ને ગંભીર વિમાસણમાં મૂકી દીધા. તેમણે વકીલાતનો વ્યવસાય છોડીને ભાવનગરમાં દક્ષિણામૂર્તિમાં 'શિશુવિહાર'ની સ્થાપના કરી સમગ્ર જીવન કોમળ પુષ્પ સમાં બાળકોની હળવા હાથે માવજત કરવામાં આપી દીધું. હરભાઈ ત્રિવેદીએ 'ઘરશાળા' દ્વારા, તો જુગતરામ દવેએ આદિવાસીઓનાં ક્ષેત્રમાં વેડછીમાં 'વનસ્થળી' જેવી સંસ્થા દ્વારા અમદાવાદમાં મજૂર મહાજન સંઘ જેવી સંસ્થા આજે પણ શ્રમિક વિસ્તારોમાં આંગણવાડીઓ દ્વારા આ પ્રકારનું કામ કરે છે.

---

(૧) ગિરિ અશ્વિન એ, ગુજરાત રાજયનાં પૂર્વ પ્રાથમિક અધ્યાપન મંદિરોનો સર્વગ્રાહી અભ્યાસ, શિક્ષણ મહાવિદ્યાલય, ગુજરાત વિદ્યાપીઠ, ૧૯૯૮

ભારતમાં સ્વતંત્રતા પછી પૂર્વ પ્રાથમિક ક્ષેત્ર પ્રત્યે લક્ષ અપાયું. ૧૯૬૬માં કોઠારી પંચે રાજયકક્ષાનું એકમ સ્થાપવા ભલામણ કરી. ૧૯૮૬માં રાષ્ટ્રીય શિક્ષણની અંતર્ગત કેન્દ્ર સરકારે વિવિધ સૂચનો કર્યા. ૧૯૮૮માં શિક્ષણ પરામર્શ મંડળે બાલમંદિરોની વ્યવસ્થા સરકારે સંભાળવી એવી ભલામણ કરી. આ બધા સમયગાળામાં રાજય સંચાલિત બાલમંદિરોની સંખ્યા વધતી ગઈ અને ૧૯૯૯માં તે ૧,૮૦૦ જેટલી થઈ. નગરો તથા મહાનગરોમાંથી અનેક શાળાઓએ જૂનિયર કે.જી તથા સીનિયર કે.જી. નામે શિશુવિભાગો ચાલુ કર્યા.(૨)

**ભારત દેશ અને ગુજરાત રાજયમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણનો ક્રમશઃ**

વિકાસ ભારતમાં આઝાદી પૂર્વે પૂર્વ-પ્રાથમિક શિક્ષણનો વિકાસ જોતાં. ભારતમાં ડૉ.મેડમ મોન્ટેસોરી પહેલા પણ પૂર્વ પ્રાથમિક શિક્ષણ અંગે કેટલાંક શિક્ષણવિદોએ વિચારણા કરી બાળકેળવણીનું મહત્વ આંક્યું છે જેમાં,

| | |
|---|---|
| ૧૬૩૨ થી ૧૭૦૪ | પેસ્ટોલોજી |
| ૧૭૧૨ થી ૧૭૮૦ | રૂસો |
| ૧૭૧૫ થી ૧૭૧૮ | ફ્રોબેલ |
| ૧૭૪૬ થી ૧૮૨૭ | કેન્ડિલેક |
| ૧૭૮૨ થી ૧૮૫૨ | જેકબ પેરશ |
| ૧૮૧૨ થી ૧૮૬૮ | ઈથર્ડ અને રેબુઈન |

૧૮૮૮માં કિન્ડરગાર્ડનના વર્ગો શરૂ થયા. ૧૯૦૧થી ૧૯૦૨માં સોલાપુરમાં કિન્ડરગાર્ડન શાળા શરૂ થઈ. ૧૯૧૫માં વસો મુકામે મોન્ટેસરી પધ્ધતિનું બાલમંદિર શરૂ થયું.

૧૯૨૦માં "દક્ષિણામૂર્તિ", "નૂતન બાલશિક્ષણ" અને "બાલકનજી બારી" નામનાં બાલકેળવણી માટેની સંસ્થાઓ અસ્તિત્વમાં આવી.

૧૯૩૯માં વર્ધા શિક્ષણ સમિતિએ બિનસરકારી શૈક્ષણિક સંસ્થાઓને પૂર્વપ્રાથમિક શિક્ષણ માટેની સગવડો વધારવા ઉપર ભાર મૂક્યો.

૧૯૪૪માં સાર્જન્ટ રિપોર્ટ લોકોને તેમજ સરકારને પૂર્વ-પ્રાથમિક શિક્ષણની જોગવાઈ કરવા સૌ પ્રથમ અનુરોધ કર્યો.

**આઝાદી મળ્યા પછી ભારતમાં પૂર્વ-પ્રાથમિક શિક્ષણનો વિકાસ :**

૧૯૪૭માં ભારત દેશ સ્વતંત્ર થયા પછી મફત, ફરજિયાત અને સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણનો પ્રશ્ન અને પ્રૌઢશિક્ષણનો પ્રશ્ન ખૂબજ મહત્વનો બન્યો. પરંતુ કેન્દ્ર સરકાર અને રાજય સરકાર પ્રાથમિક શિક્ષણનાં વિકાસ પર પૂરતું ધ્યાન આપી શકી નહીં. પરિણામે સમગ્ર કેળવણીનો આ તબક્કો ઉપેક્ષિત

(૨) ગુજરાતી વિશ્વકોશ, ખંડ ૧૩, પાના નં.૪૦૮, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ

રહ્યો. ભારતમાં પૂર્વ-પ્રાથમિક શિક્ષણમાં આ તબક્કે જે કંઈ વિકાસ થયો તેમાં ખાનગી સાહસનો ફાળો અગ્રિમ રહ્યો છે.

આઝાદી મળ્યા પછીનાં સમયગાળા દરમ્યાન જે કંઈ પ્રગતિ પૂર્વ-પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે થઈ તે જોતાં જણાય છે કે ૧૯૪૯ - ૫૦ દરમ્યાન ભારતમાં માત્ર ૨૭૫ પૂર્વ-પ્રાથમિક શાળાઓ હતી અને તેમાં ૨૫,૭૬૫ વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવતા હતાં અને શિક્ષકોની કુલ સંખ્યા ૭૦૫ હતી. જયારે ત્રીજી પંચવર્ષીય યોજના (૧૯૬૧-૬૬)ને અંતે ભારતમાં ૩૫૦૦ પૂર્વ-પ્રાથમિક શાળાઓ હતી અને તેમાં ૨,૫૦,૦૦૦ વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવતા હતા. આ માટે ૬,૫૦૦ શિક્ષકો કામ કરતાં હતાં અને આ તબક્કાના શિક્ષણ પાછળ ૧૧૦ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવેલ હતો. જેમાં બીજી પંચવર્ષીય યોજના કરતાં શાળાઓ, વિદ્યાર્થીઓ તથા શિક્ષકો પાછળ કરવામાં આવેલ કુલ ખર્ચમાં સરેરાશ બે ગણો વધારો જોવા મળ્યો. જયારે શિક્ષકોની સંખ્યામાં સવા બે ગણો વધારો જોવા મળે છે.

"૧૯૬૪-૬૬માં રાષ્ટ્રીય શિક્ષણપંચે (કોઠારી પંચે) પૂર્વ-પ્રાથમિક શિક્ષણને મનોવૈજ્ઞાનિક ગણાવી આગામી વીસ વર્ષમાં આ શિક્ષણનો વ્યાપ અને વિસ્તાર વધારવાની ભલામણ કરી છે.[૩]

**મુંબઈ સજયમાં પૂર્વ-પ્રાથમિક શિક્ષણનો વિકાસ :**

ગુજરાત રાજય અસ્તિત્વમાં આવ્યું તે પહેલાં ગુજરાત જૂના મુંબઈ રાજયમાં ગણાતું હોવાથી ગુજરાત રાજયમાં પૂર્વ-પ્રાથમિક શિક્ષણનો વિકાસ જોતા પહેલાં મુંબઈ રાજયમાં થયેલ વિકાસનાં આંકડાઓ જાણવા જરૂરી જણાય છે. ભારતને આઝાદી મળી ત્યારે મુંબઈ રાજયમાં ૫૩ શાળાઓ હતી. જે વધીને પ્રથમ પંચવર્ષીય યોજનાનાં અંત સુધીમાં ૨૧૯ પૂર્વ-પ્રાથમિક શાળાઓ થઈ હતી અને એ રીતે એમાં ચારગણો વધારો જોવા મળે છે.[૪]

**ગુજરાત રાજયમાં પૂર્વ-પ્રાથમિક શિક્ષણનો વિકાસ :**

ગુજરાત રાજયમાં પૂર્વ-પ્રાથમિક શિક્ષણના કેટલાંક કેળવણીકારો તેમજ શિક્ષણશાસ્ત્રીઓ જેમાં મેડમ મોન્ટેસોરી, ઓવન, ગાંધીજી, ઝાકિરહુસેન, ગિજુભાઈ બધેકા, જુગતરામ દવે અને કોઠારી પંચે પૂર્વ-પ્રાથમિક શિક્ષણના મહત્વનાં ધ્યેયો દર્શાવ્યા છે.

(૧) બાળકોમાં તંદુરસ્ત સારી ટેવો અને વૈયક્તિક અનુકૂલન માટે જરૂરી કૌશલ્ય કેળવવું.

(૨) સામાજિક વલણ અને રીતભાત વિકસાવવા અને તંદુરસ્ત પ્રોત્સાહન પૂરું પાડવું અથવા તેવું વાતાવરણ ઊભુ કરવું.

(૩) બાળકની લાગણીને સમજવાની અને સ્વીકારવાની રીતો વિકસાવવી.

---

(૩) પટેલ મોતીભાઈ મ., 'ભારતીય શિક્ષણપંચોની એક ઝલક, અમદાવાદ, બી.એસ.શાહ પ્રકાશન, ૧૯૮૮.

(૪) મેઘાણી જીવરાજભાઈ પી. 'ગુજરાતમાં પૂ.પ્રા.શિ. સંકલ્પના અને વિકાસ', અમદાવાદ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ૧૯૯૧

(૪) બાળકની કદર કરવાની વૃત્તિ ખીલવવા માટે પ્રોત્સાહિત કરવા.

(૫) બૌધ્ધિક જિજ્ઞાસાવૃત્તિથી ખીલવણી કરવી.

(૬) બાળકમાં સ્વાતંત્ર્ય, આત્મજ્ઞાન અને સર્જનશક્તિ ખીલવવાની તકો પૂરી પાડવી.

(૭) તેમનાં વિચારો અને લાગણીઓ સ્પષ્ટ ભાષામાં રજૂ કરવાની શક્તિ ખીલવવી.

(૮) બાળકોની શારીરિક શક્તિ ખીલે અને સ્નાયુઓનો યોગ્ય વિકાસ થાય તે માટેનાં પ્રયત્નો કરવા.

**પૂર્વ-પ્રાથમિક શિક્ષણ તાલીમ પામેલા શિક્ષકનું ધ્યેય :**

(૧) પર્યાવરણ શિક્ષણ અંગે જાણવા પ્રોત્સાહિત કરવા.

(૨) સમાજ પ્રત્યે જરૂરી વર્તન વિશે સન્માન કરવા

(૩) જીવનનાં મૂલ્યો-આચાર-વિચાર વિશે જાણકારી આપવી.

(૪) બાળકોની જિજ્ઞાસાવૃત્તિને સંતોષવી અને રચનાત્મક દિશા તરફ વાળવી.

(૫) શીખવાની પ્રક્રિયામાં જરૂરી ફેરફારો પરિસ્થિતિ પ્રમાણે કરવા.

(૬) બાળકોને પોતાની ઝડપે વિકસવા પ્રોત્સાહિત કરવા.

(૭) રમવા માટે સાધનો, રમતગમત રમાડવી અને બૌધ્ધિક શક્તિનો વિકાસ થાય તે હેતુને ધ્યાનમાં લઈ અક્ષરજ્ઞાન અને અંકજ્ઞાન આપવું.[૫]

નાનપણમાં બાળક સ્વકેન્દ્રિત હોય છે. તેથી પોતાની માતા સાથે આત્મીયતા કેળવતું થાય છે અને ત્યારબાદ ઘરનાં અન્ય સભ્યો સાથે સમાયોજન સાધે છે. ત્રણેક વર્ષનું થતાં ઘરનાં સભ્યો સિવાય અન્ય બાળકો, અડોશ-પડોશ તથા નજીકનાં સગાંઓ સાથે પોતાનો પરિચય વિકસાવે છે. ધીમે ધીમે તેનામાં જિજ્ઞાસાવૃત્તિ જાગે છે. તેને બધુ જાણવાનું, શિખવાનું, અભિવ્યક્ત કરવાનું મન થાય છે. બાળક આ સમયે બહુ જ સંવેદનશીલ હોય છે. તેથી તેના બૌધ્ધિક અને શૈક્ષણિક વિકાસ માટે જયાં (બાળકને) માતાની ગેરહાજરી સાલે નહીં અને તેને હૂંફ ભરેલું સલામત વાતાવરણ બાલવાડીમાં મળી રહે છે. બાલવાડીમાં પૂર્વ-પ્રાથમિક શિક્ષણ દ્વારા બાળકની અંતઃશક્તિઓ ખીલે છે.

પૂર્વ-પ્રાથમિક શિક્ષણ એટલે 'નર્સરી' મોન્ટીસોરી કે પછી 'કિન્ડરગાર્ડન' જે સામાન્યતઃ ૩ થી ૮ વર્ષના બાળકને માટે હોય છે. તે પહેલા બાળકોને સાચવવા 'ડે-કેર સેન્ટર' અથવા 'પ્લે-ગ્રૂપ' હતાં

(૫) ગિરિ અશ્વિન એ. ગુજરાત રાજયના પૂર્વ-પ્રાથમિક અધ્યાપન મંદિરોનો સર્વગ્રાહી અભ્યાસ, ૧૯૯૮

**(૧) મોન્ટેસોરી પધ્ધતિ :**

આ સદીની શરૂઆતમાં ઈટલીમાં સાધન સંપન્ન કુટુંબોમાં બાળકોને શિક્ષણ આપવાની કોઈ ખાસ સમસ્યા ન હતી. કારણ માતાની હાજરી ઘરમાં રહેવાની અને શિક્ષકોને ઘેર બોલાવી તેમનાં બાળકોને ભણાવવાનું કામ આવા કુટુંબો માટે શક્ય હતું. પરંતુ ગરીબ, મધ્યમ તેમજ પછાત વર્ગનાં બાળકોનું શું ? કે જેમનાં ઘરની દરેક વ્યક્તિ રોજગારમાં (આખો દિવસ) જોતરાઈ રહી હોય.

ડૉ. મેરમ મોન્ટીસોરીએ ગરીબ અને મધ્યમવર્ગના બાળકોનાં વિકાસ માટે પૂર્વ-પ્રાથમિક શિક્ષણની શરૂઆત કરી. આ પધ્ધતિનો ધ્યેય બાળક પોતાની અંગત શક્તિઓને ઓળખી શકે, પોતે જાતે તેને ખીલવવાનો પ્રયત્ન કરે તેવું વાતાવરણ ઉભુ કરવું. આ 'મોન્ટેસોરી' પધ્ધતિમાં 'બાળક' કેન્દ્રસ્થાને હોય છે.

**(૨) 'નર્સરી' શાળાઓ :**

'નર્સરી' એટલે ફૂલ છોડની ક્યારી.

બાળક પુષ્પ જેટલું નાજુક છે. તેનાં કુદરતી વિકાસને, પ્રવૃત્તિઓને તથા કાર્યોને સાવધાની પૂર્વક પોષવામાં આવે છે.

**(૩) કિન્ડરગાર્ટન :**

'નર્સરી' અને પ્રાથમિક શાળાનાં ઔપચારિક શિક્ષણ વચ્ચેનો ગાળો છે. બાળકને પ્રાથમિક શાળાનાં શિક્ષણ માટે સાહજિક રીતે સજ્જ કરવાનું છે. થોડા અક્ષરો, આંકડા, સરળ શબ્દો વગેરેનું શુધ્ધ ઉચ્ચારણ કરી શકે તેનો ખ્યાલ રાખવાનો છે.

**(૪) 'ડે-કેર સેન્ટર', પ્લે-હાઉસ' અથવા 'પ્લે-ગ્રુપ' :**

ઉપરોક્ત નામો 'બાલવાડીના' અંગ્રેજીનાં નામ છે. જે બાળક માટે રમવાનું ઘર છે. જયાં રમત-ગમત તેમજ બાળકનાં શારીરિક, બૌધ્ધિક વિકાસની પૂરેપૂરી તકો ઉપલબ્ધ હોય છે. જેમાં બાળકની માતા સમાન એવી બાળસંચાલિકા અને બે ટ્રેઈન મદદનીશ હોય છે. આ સેન્ટરમાં બાળકોને પૌષ્ટિક આહાર પણ મળે છે. રમવા માટે રમકડાં, રંગીન ચાર્ટ, પુસ્તકો ઉપલબ્ધ હોય છે. સ્વાસ્થ્ય સંબંધી સમસ્યા માટે બાળચિકિત્સકોની સેવા, તબીબી સારવાર, નિયમિત સેવા ઉપલબ્ધ હોય છે.

બાળકનાં માનસિક, બૌધ્ધિક વિકાસ માટે બાળકના વાલીઓને માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે.

મેડમ મોન્ટીસોરી, ફ્રોબેલ, શ્રી ગિજુભાઈ બધેકા, જુગતરામ દવે, શ્રી મૂળશંકર મો. ભટ્ટ વગેરે બાલમંદિરનાં હિમાયતી તેમજ પ્રેમાળ પૂજારી હતાં. જેમણે બાળઉછેરની એક નવી જ દૃષ્ટિ આપી હતી.

**ગિજુભાઈ બધેકા :**

ગુજરાતનાં સુપ્રસિધ્ધ બાળકેળવણીકાર અને બાલસાહિત્યકાર 'બાળકોની મુછાળી મા'નું બિરુદ પામેલાં હતાં. ગિજુભાઈએ સમગ્ર સમાજને બાળકેળવણીનાં ક્ષેત્રની અગત્યતા સમજાવી. તેઓએ બાલકથા- સાહિત્યક્ષેત્રે પણ ઠીક ઠીક ખેડાણ કર્યું છે. મોતીભાઈએ તેમને મારિયા મોન્ટેસોરીનાં પુસ્તકો વાંચવા આપ્યા. આ પુસ્તકોનાં વાંચનથી ગિજુભાઈને બાલ કેળવણીનો સાચો રસ્તો મળ્યો અને તેમણે મુંબઈમાં વકીલાતનો અભ્યાસ કર્યો. વઢવાણમાં વકીલાત શરૂ કરી છતાં પણ કાયદાના વકીલને બદલે બાળકોનાં વકીલ બન્યા.

બાળ કેળવણીક્ષેત્રે એમનું પ્રદાન મહામૂલું છે. 'સોટી વાગે ચમચમની વાત' નેસ્તનાબૂદ કરી. બાલશિક્ષણ પધ્ધતિ ઉભી કરી. બાલમંદિર ચલાવ્યું. બાલશિક્ષણનો વ્યવસ્થિત પ્રચાર કર્યો. એમણે શિક્ષકો, વાલીઓ, માબાપને સમજાવ્યા. બાળકો પર થતી જોહુકમી બંધ કરાવી.

બાલશિક્ષણની વાતો ગરીબ સામાન્ય જનસમાજને ઉપયોગી થાય તેઓ સમજે એ માટે અક્ષરજ્ઞાન યોજના પણ કાઢી. બાલવાડીની યોજનાઓ ભાવનગર, કચ્છ, ગુજરાતના સીમાડાઓ વટાવી રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર સુધી વિસ્તરી. એમના જ્ઞાનદીપથી અન્ય દીપકો પ્રગટ્યા. બાળરસને પોષે, કુતુહલને ઉત્તેજે અને કલ્પનાને જાગૃત કરે એવી બાળસાહિત્યક્ષેત્રે સુવાસ પ્રસરાવી.

**જુગતરામ દવે :**

જુગતરામ દવેએ ગાંધીની સાથે રહી દક્ષિણ ગુજરાતના દીન, દરિદ્ર-દલિત, આદિવાસી સમાજનાં ઉત્કર્ષ અને વિકાસ માટેનાં કાર્યોમાં ઘણું મોટું યોગદાન આપ્યું હતું. તેઓ ૧૯૧૯ થી ૧૯૨૩ ગાંધીજીનાં સત્યાગ્રહ આશ્રમમાં રહ્યા અને ગાંધીજીનાં પરમ ભક્ત બન્યા અને રાષ્ટ્રીય શાળામાં બાલશિક્ષક તરીકે રહ્યા. તેમને બાલશિક્ષણનો પારસમણિ મળ્યો. રવીન્દ્રનાથની 'શીશુ' ચોપડીનાં વાંચને નવી દષ્ટિ મળી. ગાંધી અને ગુરૂદેવનો તેમનાં જીવનમાં સમન્વિત પ્રભાવ પડ્યો.

બાલશિક્ષણ ક્ષેત્રે પણ જુગતરામભાઈનું વિશિષ્ટ પ્રદાન છે. ગિજુભાઈની સાથે મળીને બાળકો માટે 'ચાલણગાડી' 'મોટી બહેન' 'ભેરૂ' વગેરે પુસ્તકો તૈયાર કર્યા. 'ગ્રામ' 'બાલ કેળવણીકાર' જુગતરામભાઈએ 'બાલવાડી'ની કલ્પના આપી. બાલવાડી ઉપર પ્રમાણભૂત ગ્રંથો લખ્યા. તારાબહેન મોડકે કહ્યું છે કે : "બાલશિક્ષણને ગ્રામ પ્રદેશોમાં લઈ જવાનું ગિજુભાઈનું સ્વપ્ન જુગતરામભાઈએ સિધ્ધ કર્યું છે. 'મોન્ટેસરી'નાં રમકડાંને સ્થાને એમણે શોધેલા 'કામકડાં' એ નઈતાલીમનાં 'ઉદ્યોગ દ્વારા કેળવણી' ના વિચારનું પ્રાગટરૂપ છે. શિક્ષણક્ષેત્રે પૂર્વબુનિયાદીથી માંડીને ગ્રામવિદ્યાપીઠ સુધીના શુધ્ધ નઈ તાલીમનાં એક પછી એક સોપાનો તેમની પ્રેરણા અને પુરૂષાર્થથી ખોલતા ગયા. જુગતરામ દવેએ ઘણી બાલવાર્તાઓ લખી."[૬]

---

(૬) બૃહદ ગુજરાત પ્રતિભા દર્શન. વિવિધક્ષેત્રની પ્રતિભાઓનો પરિચય કોશ. ૨૦૦૩. સંપાદક- નંદલાલ બી. દેવલુક, શ્રી અરિહંત પ્રકાશન, ભાવનગર.

**યશપાલ સમિતિ :**

બાલશિક્ષણનાં સંદર્ભમાં યશપાલ સમિતિએ 'ભાર વગરનાં ભણતર'ની ભલામણ કરી હતી. આ વિષયમાં વડોદરાની મ.સ. યુનિવર્સિટીની ગૃહવિજ્ઞાન વિદ્યાશાળાનાં પ્રારંભિક બાલવિકાસ અભ્યાસ સામગ્રી કેન્દ્ર (Early Child Development Learning Resources Centre) દ્વારા જૂન ૧૯૯૬થી અમલમાં આવે એ રીતનો અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવ્યો. રાજયમાં શિક્ષણ વિભાગે ૩૦ જાન્યુઆરી ૧૯૯૬નાં દિવસે આની વિગતો માન્ય બાલવાડીઓને મોકલી આપી. આ અભ્યાસક્રમમાં ચાર હેતુઓ સ્પષ્ટ કરાયા છે.

૧. શારીરિક વિકાસ ૨. સામાજિકતાનો વિકાસ

૩. ભાષા વિકાસ ૪. જ્ઞાનલક્ષી વિકાસ.

આ ચાર મૂળ હેતુઓ સાથે સંલગ્ન વિવિધ ઉદ્દેશો તથા ઉદ્દેશદીઠ વિવિધ ક્ષમતાઓનો નિર્દેશ કરાયો છે. પણ આ ક્ષેત્રે પ્રગતિ ધીમી છે.

**બાલવાડીઓનો વિકાસ :**

આઝાદી પૂર્વે પહાડી અને જંગલ વિસ્તારમાં રહેતા આદિવાસી લોકોનાં કલ્યાણ માટે અને વિકાસ માટે શિક્ષણને માધ્યમ બનાવ્યું. ઊંડાણમાં રહેતા આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ નહિવત હતું. ગુજરાતમાં પછાતવર્ગોનાં શૈક્ષણિક ઉત્કર્ષ માટે સ્વૈચ્છિક સંસ્થાઓ અગ્રેસર રહી છે. તેને સરકાર તરફથી જરૂરી નાણાંકીય મદદ મળે છે. સ્વતંત્રતા બાદ રાજય સરકારે આદિવાસીઓનો સામાજિક, શૈક્ષણિક અને આર્થિક વિકાસ વેગીલો બને તે હેતુસર અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી.

આદિજાતિનાં લોકોની આર્થિક સ્થિતિ નબળી હોવાને કારણે તેમનાં બાળકોને શિક્ષણથી વંચિત ન રાખતા પૂર્વ-પ્રાથમિક શિક્ષણ આપવા પ્રોત્સાહિત થાય તે હેતુસર સરકારશ્રી દ્વારા સ્વૈચ્છિક સંસ્થાઓને અનુદાનના ધોરણે બાલવાડીઓ ચલાવવાની જવાબદારી આપી છે.

રાજયમાં આદિજાતિની શૈક્ષણિક પછાતતાને અનુલક્ષી ભૂતકાળમાં આદિવાસી શિક્ષણ વૃધ્ધિ માટે ઘણાં સંનિષ્ઠ પ્રયત્નો થયા હતાં અને વધુ સુદ્રઢ કરવા ૧૯૫૯થી આદિવાસી શિક્ષણ માટે પાયાની ગણી શકાય તેવી બાલવાડી યોજના અમલમાં આવી. રાજયમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત એવાં અનુસૂચિત જનજાતિનાં બાળકો માટે (પૂર્વ-પ્રાથમિક શિક્ષણનો લાભ મળવી શકે તે માટે) બાલવાડીઓનો જે ક્રમિક રીતે વિકાસ થયો છે તે નીચેનાં કોઠા પરથી જોઈ શકાશે.

**કોઠા નં ૨.૧**

**બાલવાડીઓની વર્ષવાર સ્થિતિ**

| ક્રમ | જિલ્લો | અમદાવાદ એસ.ટી. | કચ્છ એસ.ટી. | ખેડા એસ.ટી. | ગાંધી-નગર એસ.ટી. | જામ-નગર એસ.ટી. | જૂનાગઢ એસ.ટી. | રાજકોટ એસ.ટી. | સુરેન્દ્ર-નગર એસ.ટી. | દાહોદ એસ.ટી. | ગોધરા એસ.ટી. | બનાસકાંઠા | | ભરૂચ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | | એસ.ટી. | ટી.એ. એસ.પી. | એસ.ટી. | ટી.એ. એસ.પી. |
| ૧. | ૧૯૬૧ થી ૧૯૭૦ | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૨. | ૧૯૬૧ થી ૧૯૭૦ | ૧ | - | - | - | - | - | - | - | ૩ | - | - | - | - | - |
| ૩. | ૧૯૭૧ થી ૧૯૮૦ | ૨ | - | - | - | - | - | - | - | ૧૭ | ૨ | - | ૧ | ૧ | ૪ |
| ૪. | ૧૯૮૧ થી ૧૯૯૦ | ૨ | ૨ | - | - | ૫ | ૪ | ૮ | ૧ | ૪૯ | ૭ | ૧૨ | ૪ | ૧ | ૯ |
| ૫. | ૧૯૯૧ થી ૨૦૦૦ | ૪ | ૩ | ૪ | ૧ | ૨ | - | - | - | ૮૦ | ૧૪ | ૧ | ૧૩ | ૧ | ૪ |
| ૬. | ૨૦૦૧ પછી | ૧ | - | - | - | - | - | ૧ | - | ૫ | ૨ | - | ૨ | - | - |
| ૭. | વર્ષ દર્શાવેલ નથી | - | ૨ | - | - | - | ૧ | - | - | ૩ | - | ૧ | - | - | - |
| | કુલ | ૧૦ | ૭ | ૪ | ૧ | ૭ | ૫ | ૯ | ૧ | ૧૫૭ | ૨૫ | ૧૪ | ૨૦ | ૩ | ૧૭ |
| | ટકા | ૧.૪૫ | ૧.૦૧ | ૦.૫૮ | ૦.૧૪ | ૧.૦૧ | ૦.૭૨ | ૧.૩૦ | ૦.૧૪ | ૨૨.૮૧ | ૩.૬૩ | ૨.૦૩ | ૨.૯૦ | ૦.૪૩ | ૨.૪૭ |

## કોઠા નં ૨.૧ (ચાલુ)
## બાલવાડીઓની વર્ષવાર સ્થિતિ

| ક્રમ | જિલ્લો | નર્મદા (ટી.એ. એસ.પી. | વડોદરા | | વલસાડ | | સાબરકાંઠા | | સુરત | | ડાંગ (ટી.એ. એસ.પી. | નવસારી (ટી.એ. એસ.પી. | પોરબંદર એસ.ટી. | ભાવનગર એસ.ટી. | કુલ | ટકા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | એસ. ટી. | ટી.એ. એસ.પી. | એસ. ટી. | ટી.એ. એસ.પી. | એસ. ટી. | ટી.એ. એસ.પી. | એસ. ટી. | ટી.એ. એસ.પી. | | | | | | |
| ૧. | ૧૯૬૧ થી ૧૯૭૦ | - | - | - | - | - | ૧ | - | - | - | - | - | - | - | ૧ | ૦.૧૪ |
| ૨. | ૧૯૬૧ થી ૧૯૭૦ | ૫ | ૧ | - | - | - | - | ૪* | ૮ | ૭* | - | ૨* | - | - | ૩૧ | ૪.૫૨ |
| ૩. | ૧૯૭૧ થી ૧૯૮૦ | ૬ | ૫ | ૩ | ૬ | ૧૭ | - | ૧૯ | ૬ | ૨૮ | ૧ | ૨ | - | - | ૧૨૦ | ૧૭.૪૪ |
| ૪. | ૧૯૮૧ થી ૧૯૯૦ | ૧૨ | ૧ | ૩ | ૫ | ૮ | - | ૨૦ | ૧ | ૪૨ | ૨૬ | ૧૦ | ૫ | ૧ | ૨૩૮ | ૩૪.૬૦ |
| ૫. | ૧૯૯૧ થી ૨૦૦૦ | ૨૦ | ૫ | ૧૦ | ૩ | ૯ | ૩ | ૪૧ | - | ૫ | ૭ | ૧૩ | - | - | ૨૪૩ | ૩૫.૩૧ |
| ૬. | ૨૦૦૧ પછી | ૨ | ૩ | - | - | ૨ | - | ૨ | - | ૨ | ૨ | ૨ | - | - | ૨૬ | ૩.૭૮ |
| ૭. | વર્ષ દર્શાવેલ નથી | ૨ | - | ૨ | - | ૬ | - | - | - | - | ૧૧ | ૧ | - | - | ૨૯ | ૪.૨૧ |
| | કુલ | ૪૭ | ૧૫ | ૧૮ | ૧૪ | ૪૨ | ૪ | ૮૬ | ૧૫ | ૮૪ | ૪૭ | ૩૦ | ૫ | ૧ | ૬૮૮ | ૧૦૦ |
| | ટકા | ૬.૮૩ | ૨.૧૮ | ૨.૬૧ | ૨.૦૩ | ૬.૧૦ | ૦.૫૮ | ૧૨.૫૦ | ૨.૧૮ | ૧૨.૨૦ | ૬.૦૩ | ૪.૩૬ | ૦.૭૨ | ૦.૧૪ | ૧૦૦ | |

• આદિજાતિ વિસ્તાર પેટાયોજના (ટ્રાયબલ એરિયા સબપ્લાન)ની શરૂઆત ૧૯૭૫-૭૬માં થઈ હતી.

ઉપરોકત કોઠામાં બતાવ્યા મુજબ આદિજાતિ બાળકો માટેની બાલવાડીઓ કયા દશકમાં શરૂ થઈ અને દશકને અંતે બાલવાડીની સંખ્યામાં કેટલો વધારો થયો છે તે બતાવવા માટે દસ-દસ વર્ષના સમયગાળામાં એસ.ટી. તેમજ ટી.એ.એસ.પી.ની જે તે વર્ષની બાલવાડીઓની સંખ્યા બતાવી છે.

અનુસૂચિત જનજાતિનાં બાળકો માટેની બાલવાડીઓ ૧૯૫૯થી શરૂ થઈ હતી. દસ-દસ વર્ષના સમયગાળા દરમિયાન જોતાં ૧૯૯૧ થી ૨૦૦૦માં સૌથી વધુ ૨૪૩ (૩૫.૩૧ ટકા) બાલવાડીઓ ખુલેલ હતી. ૧૯૮૧ થી ૧૯૯૦માં ૨૩૮ (૩૪.૬૦ ટકા) બાલવાડીઓ, ૧૯૭૧ થી ૧૯૮૦માં ૧૨૦ (૧૭.૪૪ ટકા) બાલવાડીઓ ખુલેલ જોવા મળી હતી. વર્ષ ૨૦૦૧ પછી અનુસૂચિત જનજાતિનાં બાળકો માટેની ૨૬ (૩.૭૮ ટકા) બાલવાડીઓને મંજૂરી મળી હતી. જયારે ૨૯ (૪.૨૧ ટકા) બાલવાડીની યાદી મુજબ મંજૂરી મળ્યાનો સમયગાળો દર્શાવેલ મળ્યો ન હતો. આમ કુલ ૬૮૮ બાલવાડીઓ રાજયના જુદા જુદા જિલ્લાઓમાં આવેલી જોવા મળે છે.

રાજયમાં દ્વારા પૂર્વ-પ્રાથમિક શિક્ષણ મફત, ફરજિયાત અને સાર્વત્રિક હોવા છતાં તમામ વિસ્તારના આદિવાસીઓ સુધી શિક્ષણની પૂરતી વ્યવસ્થા પહોંચાડી શકાય તેમ ન હોઈ ત્યારે રાજય સરકારે આ જવાબદારી સ્વૈચ્છિક સંસ્થાઓને આપી. આ કામગીરી માટે આપણે ત્યાં સ્વૈચ્છિક સંસ્થાઓનો ફાળો નોંધપાત્ર છે.

રાજય સરકારે આદિવાસી પ્રજાનાં ઉત્કર્ષ માટે વિવિધ પ્રકારની ઉત્કર્ષ યોજનાઓ અમલમાં મૂકી છે. તેઓનાં સામાજિક શૈક્ષણિક અને આર્થિક વિકાસની અનેકવિધ યોજનાઓ દ્વારા તેઓનો સર્વાંગી વિકાસ થાય તે માટે તમામ સ્તરે પરિણામલક્ષી સક્રિય પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. આદિવાસીનાં વિકાસનાં પ્રયત્નોમાં શિક્ષણક્ષેત્રે તેમનાં બાળકો ઉચ્ચ શિક્ષણ મેળવી શકે તે માટે કલ્યાણકારી પગલાંઓ લેવામાં આવ્યાં છે. તેમ જ શિક્ષણનાં પ્રસાર અંગે રાજયભરમાં બાલવાડીથી માંડીને છાત્રાલયોની સગવડો ઊભી કરવામાં આવી છે.

અનુસૂચિત જનજાતિનાં બાળકોને નાનપણથી જ શિક્ષણ પ્રત્યે રસ કેળવાય, સારાં સંસ્કારોનું સિંચન થાય તે માટે ૩ થી ૬ વર્ષની ઉંમરના બાળકો માટે સ્વૈચ્છિક સંસ્થા દ્વારા ચાલતી બાલવાડીના યોજના અમલમાં છે. રાજયમાં હાલ ૨૦૦૧-૦૨ જાન્યુઆરી અનુ.જનજાતિની બાલવાડીના માહિતી દર્શાવતા પત્રક મુજબ અનુસૂચિત જનજાતિની કુલ ૬૮૮ બાલવાડીઓ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવે છે જેમાં અંદાજે ૧૭,૨૦૦ આદિવાસી બાળકો આ યોજનાનો લાભ મેળવી રહ્યા છે. છેલ્લા પાંચ વર્ષમાં ૭૪,૫૦૦ આદિવાસી બાળકોએ આ લાભ મેળવેલ છે.

**ક્ષેત્રકાર્ય અને બાલવાડી (નમૂના) પસંદગી :**

'રાજયમાં ચાલતી આદિજાતિ બાળકો માટેની બાલવાડી' યોજના આદિવાસી વસ્તી ધરાવતા વિસ્તારનાં સાબરકાંઠા, બનાસકાંઠા, પંચમહાલ/દાહોદ, વડોદરા, અમદાવાદ, જૂનાગઢ, જામનગર,

કચ્છ, ખેડા, ભરૂચ/નર્મદા, સુરત, ડાંગ, વલસાડ, નવસારી, રાજકોટ, ગાંધીનગર, મહેસાણા, સુરેન્દ્રનગર, અમરેલી, પાટણ, ભાવનગર વગેરે જિલ્લાઓમાં અમલમાં છે. આ જિલ્લાઓ પૈકી જે જિલ્લાઓમાં અનુસૂચિત જનજાતિની વસ્તીનું પ્રમાણ વધુ છે તેવા રાજયના પૂર્વપટ્ટીનાં જિલ્લાઓમાં વધુ સંખ્યામાં આદિજાતિનાં બાળકો માટેની બાલવાડીઓ શરૂ કરાઈ હતી. જેમાં પંચમહાલ/દાહોદ, સુરત, સાબરકાંઠા, વલસાડ, ડાંગ, ભરૂચ/નર્મદા તેમજ બનાસકાંઠામાં બાલવાડીની સંખ્યા વધુ જોવા મળી હતી.

ગુજરાતમાં આદિવાસીઓ રાજયની પૂર્વ સરહદ પર આવેલ ડુંગરાળ વિસ્તારમાં પથરાયેલા છે. આ સમગ્ર વિસ્તારને આદિવાસી પટ્ટી તરીકે ઓળખવામાં આવે છે. ગુજરાતના પૂર્વપટ્ટીના આદિવાસી પ્રદેશને ત્રણ વિભાગમાં વહેંચી દેવામાં આવે છે. (૧) ઉત્તર (૨) મધ્ય અને (૩) દક્ષિણ એમ ત્રણ વિભાગ પૈકી ઉત્તર વિભાગમાં બનાસકાંઠા અને સાબરકાંઠા, મધ્ય વિભાગમાં પંચમહાલ/દાહોદ અને વડોદરા તેમજ દક્ષિણમાં ભરૂચ, નર્મદા, સુરત, નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લાનો સમાવેશ થાય છે. આમ ભૌગોલિક દૃષ્ટિએ ગુજરાતની મોટાભાગની વસ્તી ઉત્તરમાં બનાસકાંઠાથી શરૂ કરી દક્ષિણમાં ડાંગ જિલ્લા સુધી પથરાયેલી છે. આ ઉપરાંત જૂનાગઢ, સુરેન્દ્રનગર અને અમદાવાદ જિલ્લામાં નાના સમૂહોમાં રહે છે.

કોઠા નં.૨.૨

**જિલ્લાવાર બાલવાડીની માહિતી**

| અ.નં. | જિલ્લાનું નામ | બાલવાડીની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | એસ.ટી. | ટી.એ.એસ.પી. | કુલ |
| ૧. | અમદાવાદ | ૧૦ | - | ૧૦ |
| ૨. | કચ્છ | ૭ | - | ૭ |
| ૩. | ખેડા | ૫ | - | ૪ |
| | ગાંધીનગર | ૧ | - | ૧ |
| | જામનગર | ૭ | - | ૭ |
| | જૂનાગઢ | ૫ | - | ૫ |
| | રાજકોટ | ૯ | - | ૯ |
| | સુરેન્દ્રનગર | ૧ | - | ૧ |
| | પંચમહાલ | ૨૫ | ૧૫૭ | ૧૮૨ |
| | બનાસકાંઠા | ૧૪ | ૨૦ | ૩૪ |
| | ભરૂચ | ૩ | ૧૭ | ૨૦ |
| | નર્મદા | - | ૪૭ | ૪૭ |
| | વડોદરા | ૧૫ | ૧૮ | ૩૩ |
| | વલસાડ | ૧૪ | ૪૨ | ૫૬ |

| અ.નં. | જિલ્લાનું નામ | બાલવાડીની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | એસ.ટી. | ટી.એ.એસ.પી. | કુલ |
| ૧૫. | સાબરકાંઠા | ૪ | ૮૬ | ૯૦ |
| ૧૬. | સુરત | ૧૫ | ૮૪ | ૯૯ |
| ૧૭. | ડાંગ | - | ૪૭ | ૪૭ |
| ૧૮. | નવસારી | - | ૩૦ | ૩૦ |
| ૧૯. | પોરબંદર | ૫ | - | ૫ |
| ૨૦. | ભાવનગર | ૧ | - | ૧ |
| | કુલ | ૧૪૦ | ૫૪૮ | ૬૮૮ |

**પ્રાપ્તિસ્થાન** : કમિશનર, આદિજાતિ વિકાસ,ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

ઉપરોક્ત કોઠા પરથી જણાય છે કે રાજ્યમાં (સાંખ્યિક રીતે) સૌથી વધુ બાલવાડીઓ પંચમહાલ **જિલ્લામાં** ૧૮૨, સુરત-૯૯, સાબરકાંઠા ૯૦, વલસાડ ૫૬, ડાંગ ૪૭, નર્મદા ૪૭, બનાસકાંઠા ૩૪ **વડોદરા**-૩૦, નવસારી ૩૦, ભરૂચ ૨૦, અમદાવાદ ૧૦, રાજકોટ ૯, કચ્છ અને જામનગર ૭-૭, **જૂનાગઢ** અને પોરબંદર ૫-૫-૫, ખેડા ૪, ગાંધીનગર, સુરેન્દ્રનગર અને ભાવનગરમાં ૧-૧-૧ બાલવાડીઓ **જોવા મળે** છે.

જે જિલ્લાઓમાં અનુસૂચિત જનજાતિની વસ્તીનું પ્રમાણ વધુ છે તેવા રાજ્યના પૂર્વપટ્ટાનાં **જિલ્લાઓ**માં આદિજાતિ બાળકો માટેની બાલવાડીઓ શરૂ કરાઈ હતી. જેમાં પંચમહાલ, બનાસકાંઠા, **ભરૂચ, નર્મદા**, વડોદરા, વલસાડ, સાબરકાંઠા, સુરત, ડાંગ અને નવસારી જિલ્લામાં ટી.એ.એસ.પી.ની **બાલવાડીઓ** વધુ જોવા મળે છે. જયાં આદિવાસીની વસ્તી ઓછી હતી ત્યાં પણ તેમનાં બાળકો **પૂર્વપ્રાથમિક** શિક્ષણ મેળવી શકે તે માટે બાલવાડીઓ શરૂ કરાઈ હતી.

**રાજ્ય**નાં જુદા જુદા જિલ્લાઓમાં કમિશનર આદિજાતિ વિકાસ ગુજરાત રાજ્ય, ગાંધીનગરના **જિલ્લાવાર** સંખ્યા મુજબ આદિવાસી બાળકો માટેની કુલ ૬૮૮ બાલવાડીઓ છે. જેમાં આદિવાસી **પ્રાયોજના** (ટ્રાયબલ સબ પ્લાન) હેઠળનાં વિસ્તારોમાં ૫૪૮ બાલવાડી અને અનુસૂચિત જનજાતિના **(એસ.ટી.)ની ૧૪૦** બાલવાડીઓ છે.

**ગુજરાત** રાજ્યનાં આદિવાસી વસ્તી ધરાવતા ઉત્તર વિભાગ, મધ્ય વિભાગ, દક્ષિણ વિભાગ **તેમજ છૂટાછવાયા** રહેતા નાના સમુદાયોનાં સમગ્ર વિસ્તારને ધ્યાનમાં રાખીને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા **ગ્રાન્ટ ઈન-એઈડ**નાં ધોરણે આદિજાતિ બાળકો માટે ચાલતી બાલવાડીઓની અભ્યાસ માટે પસંદગી **કરવામાં આવી** હતી. આ વિસ્તારો પૈકી અનુક્રમે સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, ખેડા, પંચમહાલ **દાહોદ અને સુરત જિલ્લાનો સમાવેશ** કરવામાં આવ્યાં હતો.

અભ્યાસમાં આવરેલ ૭ જિલ્લાઓમાંથી ૧૮ તાલુકાઓનાં ૪૫ ગામોમાંથી નમૂનાની બાલવાડીઓને પસંદ કરી હતી. જે નીચેના કોઠામાં વિગતવાર બતાવી છે.

### કોઠા નં.૨.૩

### અભ્યાસમાં આવરેલ બાલવાડીઓની સંખ્યા

| ક્રમ | જિલ્લો | તાલુકો | બાલવાડીનું સ્થળ |
|---|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૧. ખેડબ્રહ્મા | ૧ નાકા (સમાજ ફળિયુ) |
| | | | ૨ બહેડીયા (ઉપલોફળો) |
| | | ૨. વિજયનગર | ૩. ચિત્રોડી |
| | | | ૪. ભગોરાપાડા (ચિઠોડા) |
| | | ૩. ભિલોડા | ૫. શામળાજી |
| | | | ૬. ધોલવાણી-છાપરા |
| | | | ૭. અણસોલ |
| | | | ૮. રીંટોડા |
| | | | ૯. ઓડ |
| | | | ૧૦. ખીલોડા |
| | | | ૧૧. કુંડોલ |
| | | ૪. મેઘરજ | ૧૨. પંચાલ |
| ૨. | અમદાવાદ | ૫. અમદાવાદ | ૧૩. બાપુનગર |
| ૩. | ખેડા | ૬. મહેમદાવાદ | ૧૪. મહીજ |
| ૪. | ગાંધીનગર | ૭. ગાંધીનગર | ૧૫. સેક્ટર-૨૦, ગાંધીનગર |
| ૫. | દાહોદ | ૮. દાહોદ | ૧૬. ચાકલીયારોડ, ડુંગરી(અમૃત સોસા.) |
| | | | ૧૭. જવાર ફળીયુ |
| | | | ૧૮. ગોદીરોડ |
| | | | ૧૯. ગલાલીયાવાડ- દેલસર |
| | | | ૨૦. વડવી ફળીયુ- ખરેડી |
| | | | ૨૧. ગલાલીયાવાડ- સારસા તવાઈ |
| | | ૯. ઝાલોદ | ૨૨. કાળી મહુડી |
| | | | ૨૩. મીરાખેડી |
| | | | ૨૪. વસતી-પટેલ ફળિયુ |
| | | | ૨૫. ડગેરીયા-ડાંગ ફળિયુ |
| | | ૧૦. લીમખેડા | ૨૬. લીમખેડા |
| | | | ૨૭. મોટાહાથી ધરા |
| | | | ૨૮. રણધીકપુર-નદી ફળિયું |
| ૬. | નર્મદા | ૧૧. રાજપીપળા | ૨૯. ટેકરા ફળિયું |
| | | | ૩૦. ખાડા ફળિયા |
| | | | ૩૧. ભચરવાડા |

| | | | |
|---|---|---|---|
| | | | ૩૨. ઢોલાર |
| | | | ૩૩. વડીયા |
| | | | ૩૪. ભાણદ્રા |
| | | ૧૨. દેડીયાપાડા | ૩૫. દાભવણ |
| | | | ૩૬. દેવગામ |
| | | ૧૩. સાગબારા | ૩૭. દેવમોગરા |
| | | | ૩૮. મોટીમોગરી |
| ૭. | સુરત | ૧૪. ચોર્યાસી | ૩૯. અડાજણ |
| | | ૧૫. સોનગઢ | ૪૦. સિલેટવેલ |
| | | | ૪૧. રાણીઅંબા |
| | | ૧૬. વ્યારા | ૪૨. ઘાંટા |
| | | | ૪૩. ઢોડિયા-વાડ |
| | | ૧૭. માંડવી | ૪૪. સાદડી |
| | | ૧૮. બારડોલી | ૪૫. મઢી |

રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં અનુસૂચિત જનજાતિનાં બાળકો માટે બાલવાડીઓ ચાલતી હતી. પરંતુ સમયમર્યાદાને કારણે આ તમામ બાલવાડીઓ અભ્યાસ માટે આવરી લેવાનું શક્ય ન હોવાથી ઉપરોક્ત કોઠામાં જણાવ્યા અનુસાર રાજ્યનાં ઉત્તર, મધ્ય અને દક્ષિણનાં એમ ત્રણ વિભાગો પૈકી ૭ પ્રતિનિધિત્વ જળવાય રહે એ રીતે ૭ જિલ્લામાંના ૧૮ તાલુકાના કુલ ૪૫ ગામોની બાલવાડીઓને (અભ્યાસ માટે) પસંદ કરવામાં આવી હતી. આ બાલવાડીઓમાં આશરે ૧૧૧૭ જેટલા આદિવાસી બાળકો લાભ લઈ રહ્યા હતાં.

## પ્રકરણ-૩

# સર્વેક્ષિત બાલવાડીઓનું ચિત્ર

વ્યક્તિનાં વિકાસ માટે શિક્ષણને આવશ્યક અંગ માનવામાં આવે છે. કોઈપણ સમાજ માટે શિક્ષણ એ પરિવર્તનનું એક અગત્યનું સાધન ગણાય છે. શિક્ષણ દ્વારા લોકોમાં જાગૃતિ લાવી શકાય. વ્યક્તિની બૃધ્ધિ, તર્કશક્તિ અને સર્જન શક્તિ ખીલવવામાં શિક્ષણનો ફાળો મહત્વનો છે. દેશનાં વિકાસ માટે શિક્ષણની જરૂરિયાત પર ભાર મુકવામાં આવ્યો છે.

સન ૨૦૦૧ની વસતી ગણતરી મુજબ ગુજરાત રાજયની કુલ વસતિ ૫,૦૭,૦૦,૦૦૦ (૫ કરોડ ૭ લાખ) છે. જેમાં ૭૪,૮૧,૧૬૦ (૭૪.૮૧ લાખ) આદિવાસી લોકોનો સમાવેશ થાય છે. આમ ગુજરાત રાજયમાં લગભગ ૧૫ ટકા આદિવાસી લોકો વસે છે. રાજયમાં ૨૫ જિલ્લાઓમાંથી ૧૧ જિલ્લાઓમાં આદિવાસી વસતિનો સઘન વસવાટ છે. આજના વિજ્ઞાનનાં યુગમાં આદિવાસી લોકોનો સામાજિક વિકાસ જે રીતે અને જેટલાં પ્રમાણમાં કરવો જોઈએ એટલાં પ્રમાણમાં થયો નથી. આદિવાસી લોકો સામાજિક, આર્થિક અને શૈક્ષણિક રીતે અન્ય સમાજોથી ઘણા પછાત છે. જે માટે મુખ્યત્વે શૈક્ષણિક પછાતપણુ જવાબદાર છે. જયાં સુધી આદિવાસી લોકોમાં શિક્ષણનું પ્રમાણ વધશે નહીં ત્યાં સુધી સામાજિક, આર્થિક અને શૈક્ષણિક વિકાસ શક્ય નથી.

છેલ્લા પાંચ-છ દાયકા ભારતમાં રાષ્ટ્ર અને રાજય કક્ષાએ આદિવાસી વિકાસના સંદર્ભમાં અનેકવિધ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આ પ્રયત્નોમાં શિક્ષણક્ષેત્રે આદિવાસી બાળકો ઉચ્ચ શિક્ષણ મેળવી શકે તે માટે કલ્યાણકારી પગલાંઓ લેવામાં આવ્યા છે. તેમ જ અગાઉ જોયુ તેમ શિક્ષણનાં પ્રસાર અંગે રાજયભરમાં બાલવાડીથી માંડીને ઉચ્ચ શિક્ષણ અને રહેવા માટે છાત્રાલયોની સવગડો ઊભી કરવામાં આવી છે.

શિક્ષણ પ્રત્યેક માણસની જરૂરિયાતોમાંની એક છે. રાજય સરકાર આદિવાસી પ્રજામાં શિક્ષણનું પ્રમાણ વધે અને તેમનાં બાળકો ઉચ્ચ શિક્ષણ મેળવી શકે, બાળકોમાં નાનપણથી સાહજિક વૃત્તિઓનું કેળવણી પરિવર્તન તેમજ વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં રહેલા ગુણોની ખીલવણી તેનો સર્વાંગી વિકાસ સાધી શકાય તે માટે પૂર્વ પ્રાથમિક શિક્ષણની જરૂરી યોગ્ય વ્યવસ્થા ઊભી કરવી તે આવશ્યક છે.

### પૂર્વ પ્રાથમિક શિક્ષણનો વિકાસ :

૧૯૪૭માં ભારત દેશ સ્વતંત્ર થયા પછી (આઝાદી મળ્યા પછી) મફત, ફરજિયાત અને સાવર્ત્રિક પ્રાથમિક શિક્ષણની વાત ખૂબ જ મહત્વની બની. તે આપણા સમાજે સ્વીકારેલી બાબત છે.

ગુજરાત રાજયમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણનાં કેટલાંક કેળવણીકારો તેમજ શિક્ષણશાસ્ત્રીઓ જેમાં મેડમ મોન્ટેસરી, મહાત્મા ગાંધીજી, ઝાકિરહુસેન, ગિજુભાઈ બધેકા, જુગતરામ દવે અને કોઠારીપંચે પૂર્વ પ્રાથમિક શિક્ષણનાં મહત્વનાં ધ્યેયોને સાકાર કરવાનો પ્રયાસ બાલવાડી અધ્યાપન મંદિરોએ કરવાનો છે.

પૂર્વ પ્રાથમિક શિક્ષણનો પાયો બાલશિક્ષણનાં પ્રણેતા શ્રી ગિજુભાઈ બધેકાએ અને અન્ય તેમનાં સાથી મિત્રોએ ઉત્તમ પ્રકારે નાખ્યો છે. તેઓએ જે બીજ વાવ્યુ તે વટવૃક્ષરૂપે ફાલ્યુ છે. શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં નાના બાળકો માટે જે સામૂહિક શૈક્ષણિક પ્રવૃત્તિનું આયોજન બાલવાડી કે બાલમંદિર દ્વારા શક્ય છે. બાળકનાં જીવનનું ઘડતર બાલવાડી કે બાલમંદિરો જેવા માધ્યમોથી થઈ શકે છે.

અનુસૂચિત જનજાતિનાં બાળકોને નાનપણથી જ શિક્ષણ તરફ રસ જાગે અને શિસ્તનું સિંચન થાય તે માટે સ્વૈચ્છિક સંસ્થાઓ મારફત ગ્રાન્ટ ઈન એઈડના ધોરણે બાલવાડીની સગવડો ઊભી કરવામાં આવી છે.

આદિવાસી વસ્તીનાં પ્રમાણની દ્રષ્ટિએ ગુજરાત ભારતમાં પાંચમા ક્રમે આવે છે. તેઓ મોટેભાગે જંગલો કે પહાડી વિસ્તારોમાં વસતા હોઈ આર્થિક સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત રહી જવા પામ્યા છે. એમનાં વિસ્તાર સુધી શૈક્ષણિક સુવિધાઓ પૂરતા પ્રમાણમાં વિસ્તરી નથી પરિણામે તે લોકોનું માનસ શિક્ષણથી વિમુખ રહેવા પામ્યું છે.

રાજય દ્વારા પ્રાથમિક શિક્ષણ મફત, ફરજિયાત અને સાર્વત્રિક હોવા છતાં તમામ આદિવાસીઓ સુધી શિક્ષણની વ્યવસ્થા પહોંચાડી શકાય તેમ ન હોઈ રાજય સરકારે આ જવાબદારી ઉપાડવા સ્વૈચ્છિક સંસ્થાઓની મદદ લીધી.

અનુસૂચિત જનજાતિનાં બાળકોને નાનપણથી જ શિક્ષણ મળી રહે તે માટે સ્વૈચ્છિક સંસ્થાઓ મારફત ગ્રાન્ટ-ઈન-એઈડ દ્વારા બાલવાડીઓની સગવડો ઊભી કરવામાં આવી છે.

અત્યારે હાલમાં આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગરજિલ્લાવાર બાલવાડીની (માર્ચ-૨૦૦૨ સુધીની) યાદી મુજબ અનુસૂચિત જનજાતિની ૬૬૪ બાલવાડીઓ રાજ્યનાં જુદા જુદા જિલ્લાઓમાં આવેલી જોવા મળે છે. જે પૈકી એસ.ટી.ની ૧૪૩ અને ટી.એ.એસ.પી.ની ૫૨૧ બાલવાડીઓ જોવા મળી હતી.

ગુજરાતમાં આદિવાસી બાળકોના પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટે સારી એવી સંખ્યામાં બાલવાડીઓ છે જેમાં રાજયનાં તમામ જિલ્લાઓમાં સુરત જિલ્લો સૌથી મોખરે છે. ગુજરાત રાજયમાં પૂર્વ-પ્રાથમિક શિક્ષણની અસરકારકતા વધારવા માટે ગુજરાતનાં આદિવાસી વિસ્તારોમાં ચાલતી બાલવાડીઓની રૂબરૂ મુલાકાત લઈ, હાલની પરિસ્થિતિ તપાસી બાલવાડીમાં આવતા બાળકોનાં વિકાસ માટે સ્વૈચ્છિક સંસ્થાઓનું યોગદાન કેટલું અને કેવું છે? તે જોવાનો પ્રયત્ન કર્યો છે.

ગુજરાતના પૂર્વપટ્ટીના સમગ્ર વિસ્તારોમાં સરકારી અનુદાન મેળવતી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા અનુસૂચિત જનજાતિનાં બાળકો માટેની હાલમાં ૬૬૪ જેટલી બાલવાડીઓ ચાલે છે. રાજયમાં સમગ્ર વિસ્તારનું પ્રતિનિધિત્વ રહે તેને ધ્યાનમાં રાખી ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતનાં જિલ્લાઓનાં આદિવાસી વિસ્તારોમાંથી ૪૫ બાલવાડીઓને અભ્યાસમાં આવરી લીધી હતી.

## કોઠા નં.૩.૧

## અભ્યાસમાં આવરી લીધેલ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતી બાલવાડીઓ

| ક્રમ | વિસ્તાર | બાલવાડીની સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ઉત્તર ગુજરાત | ૧૨ | ૨૬.૬૬ |
| ૨. | મધ્ય ગુજરાત | ૨૬ | ૫૭.૫૮ |
| ૩. | દક્ષિણ ગુજરાત | ૭ | ૧૫.૫૬ |
| | કુલ | ૪૫ | ૧૦૦.૦૦ |

વિશ્લેષણ કરતાં જણાય છે કે ગુજરાત રાજયનાં પૂર્વપટ્ટીનાં ત્રણ વિભાગો પૈકી ૨૬ (૫૭.૫૮ ટકા) બાલવાડી મધ્ય ગુજરાતનાં આદિવાસી વિસ્તારનાં ગામોમાંથી, ૧૨ (૨૬.૬૬ ટકા) ઉત્તર ગુજરાતમાંથી અને ૭(૧૫.૫૬ ટકા), દક્ષિણ ગુજરાતમાંથી પસંદ કરવામાં આવી હતી.

ગુજરાત રાજયનાં આદિજાતિ વિસ્તારોમાં અગાઉ દર્શાવ્યા મુજબ (૨૦૦૧-૦૨ માર્ચનાં અંત) બાલવાડી યોજનાની યાદી મુજબ કુલ ૬૬૪ બાલવાડીઓ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલે છે. જેમાં અંદાજે ૧૭,૨૦૦ જેટલા અનુસૂચિત જનજાતિનાં બાળકો પૂર્વ પ્રાથમિક શિક્ષણનો લાભ મેળવી રહ્યા છે. આ સમગ્ર વિસ્તારને ધ્યાનમાં રાખી અભ્યાસ માટે ગુજરાત રાજયના પૂર્વપટ્ટીના આદિવાસી પ્રદેશો પૈકી ઉત્તર વિભાગમાંથી સાબરકાંઠા, મધ્ય વિભાગમાંથી દાહોદ અને નાંદોદ તેમજ દક્ષિણ વિભાગનાં સુરત જિલ્લાનાં ગામોની બાલવાડીઓને આવરી લેવામાં આવી હતી. આ જિલ્લાઓ સિવાયના અન્ય જિલ્લાઓમાં આદિવાસી વસ્તીનું પ્રમાણ વધતા-ઓછા પ્રમાણમાં છે તેવા ગાંધીનગર, અમદાવાદ અને ખેડા જિલ્લાનાં વિસ્તારની બાલવાડીઓનો પણ અભ્યાસમાં સમાવેશ કરેલ છે. એ રીતે રાજયનાં સમગ્ર આદિવાસી વિસ્તારને ધ્યાનમાં રાખી કુલ ૪૫ બાલવાડીઓને અભ્યાસ માટે પસંદ કરવામાં આવી હતી. અહી માહિતીના આધારે વિગતોનું પૃથ્થકરણ અને તારણો રજૂ કરવામાં આવ્યા છે. જિલ્લાવાર બાલવાડીઓની વિસ્તૃત વિગત અગાઉનાં પ્રકરણમાં રજૂ કરી હતી.

રાજયમાં આદિવાસીની મુખ્ય વસ્તી ધરાવતા જિલ્લાઓમાં અને બિનઆદિવાસી જિલ્લાઓમાં આદિવાસી માટેનાં સરકારી અને સરકારી અનુદાન મેળવતી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા બાલવાડીઓ ચલાવવામાં આવે છે. જેની વિગત નીચે મુજબ છે.

કોઠો ૩.૨

અભ્યાસમાં આવરેલ બાલવાડીઓ

| ક્રમ | જિલ્લો | તાલુકાની સંખ્યા બાવલડી | અભ્યાસ હેઠળની ગ્રાન્ટ-ઈન-એઈડ | ટકા |
|---|---|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૪ | ૧૨ | ૨૬.૬૭ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | ૨.૨૨ |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | ૨.૨૨ |
| ૪. | ખેડા | ૧ | ૧ | ૨.૨૨ |
| ૫. | દાહોદ | ૩ | ૧૩ | ૨૮.૮૯ |
| ૬. | નાંદોદ | ૩ | ૧૦ | ૨૨.૨૨ |
| ૭. | સુરત | ૫ | ૭ | ૧૫.૫૬ |
| | કુલ | ૧૮ | ૪૫ | ૧00.00 |

ઉપરોક્ત કોઠાથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે આદિવાસી વસતિ ધરાવતા જિલ્લાઓમાં આદિવાસી બાળકો માટે ચાલતી બાલવાડીઓની સંખ્યા વિશેષ જોવા મળી હતી. તેની સામે ઓછી આદિવાસી વસતિ ધરાવતા વિસ્તારમાં બાલવાડીમાંની સંખ્યા પ્રમાણમાં ઓછી અથવા નહિવત જોવા મળી હતી. કોઠા ઉપરથી એ જોવા મળે છે કે અભ્યાસમાં આવરેલ બાલવાડીઓ સરકારી અનુદાનનાં ધોરણે ચાલતી હતી.

**સંચાલક મંડળની પ્રવૃત્તિ અંગે :**

બાલવાડીને માન્યતા આપતા પહેલા સમાજ કલ્યાણ વિભાગ (મહિલા અને બાળકલ્યાણ વિભાગ) સંચાલક મંડળ શિક્ષણનાં ઉત્કર્ષનાં ક્ષેત્રે કેવું કામ કરે છે તેમજ કઈ કઈ પ્રવૃત્તિઓ કરે છે. બાલવાડીનાં સંચાલક મંડળો કે જેમને આદિવાસનાં સામાજિક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક વિકાસમાં રસ છે. આ સંચાલક મંડળો બાલવાડી સિવાય આશ્રમ શાળા, ઉત્તર બુનિયાદી, છાત્રાલય, માધ્યમિક શાળા, પુસ્તકાલય તેમજ મહિલા ગૃહઉદ્યોગ અને લોકકલ્યાણ પ્રવૃત્તિઓ માટેનાં કેન્દ્રો પણ ચલાવે છે.

આ ઉપરથી ખ્યાલ આવે છે કે આદિવાસી વિસ્તારની શિક્ષણ સંસ્થાના સંચાલકો સમાજની જરૂર પ્રમાણે ઉચ્ચકક્ષાના અભ્યાસની સવલત પૂરી પાડવાનો પ્રયત્ન કરે છે.

## કોઠા નં ૩.૩
### બાલવાડીનું સંચાલક મંડળ અન્ય કઈ પ્રવૃત્તિ કરે છે તેની માહિતી

| ક્રમ | જિલ્લો | તાલુકાની સંખ્યા | ગામ/ બાલવાડીની સંખ્યા | બાલવાડી | આશ્રમ શાળા | ઉત્તર બુનિયાદી | છાત્રાલય | માધ્યમિક શાળા | પુસ્તકાલય | મહિલા ગૃહઉદ્યોગ અને લોકકલ્યાણ પ્રવૃત્તિઓ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૪ | ૧૨ | ૨૭ | ૧ | - | - | - | - | - | ૨૮ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | ૧ | - | - | - | - | - | - | ૧ |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | ૧૨ | - | - | - | - | ૧ | ૫ | ૧૮ |
| ૪. | ખેડા | ૧ | ૧ | ૨ | - | - | - | - | - | - | ૨ |
| ૫. | દાહોદ | ૩ | ૧૩ | ૪૩ | ૪ | - | ૮ | ૨ | - | - | ૫૭ |
| ૬. | નર્મદા | ૩ | ૧૦ | ૩૨ | ૧૨ | - | ૩ | - | - | - | ૪૭ |
| ૭. | સુરત | ૫ | ૭ | ૮ | ૬ | ૪ | ૩ | - | - | ૨ યુવક મંડળ | ૨૩ |
| | કુલ | ૧૮ | ૪૫ | ૧૨૧ | ૨૩ | ૪ | ૧૮ | ૨ | ૧ | ૭ | ૧૭૬ |
| | ટકા | | | ૬૮.૭૬ | ૧૩.૦૭ | ૨.૨૭ | ૧૦.૨૨ | ૧.૧૩ | ૦.૫૭ | ૩.૯૮ | ૧૦૦.૦૦ |

ઉપરોક્ત કોઠાનું વિશ્લેષણ કરતાં જણાય છે કે અભ્યાસમાં આવરેલ બાલવાડીઓ સાથે સ્વૈચ્છિક ...ઓ જે પ્રવૃત્તિઓ કરે છે તેમાં ૧૨૧ બાલવાડી, ૨૩ આશ્રમશાળા, ૧૮ છાત્રાલય, ૭ મહિલા ...દ્યોગ અને લોકકલ્યાણ પ્રવૃત્તિ, ૪ ઉત્તર બુનિયાદી શાળા, ૨ માધ્યમિક શાળા તેમજ ૧ પુસ્તકાલય , ચલાવતી સ્વૈચ્છિક સંસ્થાઓનો સમાવેશ થતો હતો.

કોઠા પરથી સ્પષ્ટ ખ્યાલ આવતો હતો કે અભ્યાસ હેઠળની બાલવાડીઓ ચલાવતી સંસ્થાઓ દ્વારા બાલવાડી, આશ્રમશાળા તેમજ છાત્રાલયોની સંખ્યા વધુ જોવા મળી હતી. જ્યારે ઉત્તર બુનિયાદી શાળા; મહિલા મંડળ અને લોકકલ્યાણ પ્રવૃત્તિ તેમજ પુસ્તકાલય ચલાવનારની સંખ્યા ઓછી હતી. એકંદરે બાલવાડી ઉપરાંત આશ્રમશાળા અને છાત્રાલયોનું પ્રમાણ સારું જોવા મળ્યું હતું. નમૂનાની બાલવાડીઓ ઉપરાંત અન્ય શૈક્ષણિક સંસ્થાઓની વિગતોનો ઊંડાણપૂર્વક ખ્યાલ ઉપરોક્ત કોઠા પરથી મેળવ્યો હતો.

ઉપર જણાવ્યા મુજબ શૈક્ષણિક સંસ્થાઓની વિગતો જોયા પછી અભ્યાસમાં આવરેલ બાલવાડીઓમાં પૂર્વપ્રાથમિક શિક્ષણ મેળવવતા બાળકોની સંખ્યા અંગેની માહિતી નીચેમુજબ જોવા મળી હતી.

કોઠા નં.૩.૪

બાલવાડીમાં બાળકોની સંખ્યા

| ક્રમ | જિલ્લો | તાલુકાની સંખ્યા | ગામ/ બાલવાડીની સંખ્યા | કુમાર | કન્યા | કુલ | ટકા |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૪ | ૧૨ | ૧૨૨ | ૧૧૬ | ૨૩૮ | ૨૧.૩૦ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | ૯ | ૧૩ | ૨૨ | ૧.૯૬ |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | ૧૪ | ૧૬ | ૩૦ | ૨.૬૮ |
| ૪. | ખેડા | ૧ | ૧ | ૧૩ | ૧૫ | ૨૮ | ૨.૫૦ |
| ૫. | દાહોદ | ૩ | ૧૩ | ૧૭૩ | ૧૮૨ | ૩૫૫ | ૩૧.૭૮ |
| ૬. | નર્મદા | ૩ | ૧૦ | ૧૨૧ | ૧૨૬ | ૨૪૭ | ૨૨.૧૧ |
| ૭. | સુરત | ૫ | ૭ | ૮૩ | ૧૧૪ | ૧૯૭ | ૧૭.૬૩ |
| | કુલ | ૧૮ | ૪૫ | ૫૩૫ | ૫૮૨ | ૧૧૧૭ | |
| | ટકા | - | - | ૪૭.૯૦ | ૫૨.૧૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

અભ્યાસમાં આવરેલ બાલવાડીઓમાં કુલ ૧,૧૧૭ જેટલા બાળકો પૂર્વ-પ્રાથમિક શિક્ષણનો લાભ મેળવી રહ્યા હતા.જેમાં ૫૮૨ (૫૨.૧૦ ટકા) કન્યાઓ અને ૫૩૫ (૪૭.૯૦ ટકા) કુમારોની સંખ્યા જોવા મળી હતી.

કોઠા પરથી સ્પષ્ટ જાણવા મળ્યું હતું કે અભ્યાસમાં આવરેલ બાલવાડીઓમાં કુમારો કરતાં કન્યાઓનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું. આમ છતાં એવું લાગ્યું કે દરેક બાળકોનાં વાલીઓમાં શિક્ષણની ભૂખ ઊઘડી હતી. તેઓકોઈ પણ રીતે બાળકોને પૂર્વ-પ્રાથમિક શિક્ષણ અપાવવા ઉત્સુક હતાં. તેઓ એમ માનતાં હતાં કે બાળકોને નાનપણથી જ શિક્ષણ મળે અને બાળકનો શારીરિક અને માનસિક વિકાસ થાય તે માટે બાલવાડી જ આવશ્યક અને અનિવાર્ય એવું માધ્યમ છે.

બાલવાડીમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા બાળકોને સંસ્થા દ્વારા પ્રવેશ મળતો હતો. ઘણાં વાલીઓ પોતાના બાળકોને બાલવાડીમાં પૂરતી પાયાની સુવિધાનો અભાવને કારણે પોતાના બાળકોને બાલવાડીમાં મોકલતા ન હતાં. જેને કારણે તેઓ શિક્ષણથી વંચિત રહેતા હતાં.

ઉપર જણાવ્યા મુજબ બાલવાડીમાં શિક્ષણ મેળવતા બાળકોની સંખ્યા જોયા પછી બાલવાડીનાં સમયની માહિતી નીચે દર્શાવેલ કોઠા પરથી મેળવી હતી.

**કોઠા નં.૩.૫**

**બાલવાડીનો સમય**

| ક્રમ | જિલ્લો | તાલુકાની સંખ્યા | ગામ/ બાલવાડીની સંખ્યા | સોમ થી શુક્ર ૧૨ થી ૪ શનિવારે ૮ થી ૧૧ | સોમ થી શુક્ર ૧૧ થી ૨ શનિવારે ૮ થી ૧૧ | દરરોજ ૮ થી ૧૧ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૪ | ૧૨ | ૧૨ | | - | ૧૨ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | ૧ | - | - | ૧ |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | ૧ | - | - | ૧ |
| ૪. | ખેડા | ૧ | ૧ | ૧ | - | - | ૧ |
| ૫. | દાહોદ | ૩ | ૧૩ | ૧૩ | - | - | ૧૩ |
| ૬. | નર્મદા | ૩ | ૧૦ | ૯ | - | ૧ | ૧૦ |
| ૭. | સુરત | ૫ | ૭ | ૪ | ૩ | - | ૭ |
| | કુલ | ૧૮ | ૪૫ | ૪૧ | ૩ | ૧ | ૪૫ |
| | ટકા | | | ૯૧.૧૧ | ૬.૬૭ | ૨.૨૨ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી બાલવાડીના સમય અંગે જોતા અભ્યાસમાં પસંદ કરેલ કુલ બાલવાડીઓમાંની ૪૧ (૯૧.૧૧ ટકા) બાલાવડીઓનો સમય સોમવાર થી શુક્રવાર સુધી ૧૨.૦૦ થી ૪.૦૦ (બપોર)નો અને શનિવારે ૮.૦૦ થી ૧૧.૦૦ (સવારનો) હતો. ૩ (૬.૬૭ ટકા) બાલવાડીઓ સમોવાર થી શુક્રવાર સુધી ૧૧.૦૦ થી ૨.૦૦ અને શનિવારે ૮.૦૦ થી ૧૧.૦૦ સવારનો સમય હતો. જયારે માત્ર ૧ (૨.૨૨ ટકા) જ બાલવાડીનો સમય દરરોજ સવારે ૮.૦૦ થી ૧૧.૦૦નો જોવા મળ્યો હતો.

[illegible]માન્યતઃ સંસ્થાએ નિયમો, સિધ્ધાંતો, આદર્શો તેમજ શૈક્ષણિક પ્રક્રિયાઓમાં તેમજ પધ્ધતિઓમાં [illegible]નુસાર તફાવત રહેવાનો. ઘર, કુટુંબ તથા સ્વજનોની વચ્ચેથી બાળક જે કાંઈ શીખે છે તેને [illegible]વાની ટેવ બાલવાડીનાં વાતાવરણમાંથી મળી રહેવાને કારણે વાલીઓ પણ આવી બાલવાડીઓના [illegible]ને આદરભાવથી જોતા હતાં. આ હેતુસર બાલવાડીની શરૂઆતમાં બાળકોની સંખ્યાનું ચિત્ર [illegible] મુજબ છે.

કોઠા નં.૩.૬
બાલવાડીની શરૂઆતમાં બાળકોની સંખ્યા

| ક્રમ | જિલ્લો | તાલુકાની સંખ્યા | ગામ/ બાલવાડીની સંખ્યા | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૪ | ૧૨ | ૧૪૭ | ૧૩૩ | ૨૮૦ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | ૧૪ | ૧૨ | ૨૬ |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | ૧૨ | ૧૬ | ૨૮ |
| ૪. | ખેડા | ૧ | ૧ | ૧૫ | ૧૭ | ૩૨ |
| ૫. | દાહોદ | ૩ | ૧૩ | ૨૩૯ | ૨૧૭ | ૪૫૬ |
| ૬. | નર્મદા | ૩ | ૧૦ | ૧૩૪ | ૧૩૨ | ૨૬૬ |
| ૭. | સુરત | ૫ | ૭ | ૧૦૨ | ૧૨૩ | ૨૨૫ |
| | કુલ | ૧૮ | ૪૫ | ૬૬૩ | ૬૫૦ | ૧૩૧૩ |
| | ટકા | | | ૫૦.૪૯ | ૪૯.૫૧ | ૧૦૦.૦૦ |

ઉપરોક્ત કોઠા નં. ૩.૬માં દર્શાવ્યા મુજબ જયારે બાલવાડીની શરૂઆત થઈ તે સમયમાં વર્તમાન સમય કરતાં પૂર્વ પ્રાથમિક મેળવનાર બાળકોની સંખ્યા વિશેષ જોવા મળી હતી. કુલ ૧૩૧૩ બાળકોમાંથી કુમારોની સંખ્યા ૬૬૩ (૫૦.૪૯ ટકા) અને કન્યાઓની સંખ્યા ૬૫૦ (૪૯.૫૧ ટકા) હતી. આ તમામ બાળકોનું પ્રવેશ ધોરણ સંસ્થાનાં સંચાલક દ્વારા બાલવાડી યોજના હેઠળ મળેલ મંજુરી પ્રમાણે કરવામાં આવ્યું હતું.

કોઠા નં. ૩.૬/૧

**બાલવાડી શરૂ કરી ત્યારે બાળકોની સંખ્યા વધુ હોવાના કારણો**

| ક્રમ | જિલ્લો | તાલુકાની સંખ્યા | ગામ/ બાલવાડીની સંખ્યા | બાળકોનાં વાલીઓને સંચાલિકા પર વિશ્વાસ | શૈક્ષણિક પ્રવૃત્તિઓ પર વધુ ધ્યાન અપાતું | જાતિના પુરાવા માટે | બાળકોની યોગ્ય કાળજી લેતા | બાળક સમૂહમાં રહે તેનું ધ્યાન આપતા | ફળિયાનાં અન્ય બાળકો સાથે પણ રમવા દેતા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૪ | ૧૨ | ૫ | ૮ | ૭ | ૮ | ૭ | ૮ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૪. | ખેડા | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૫. | દાહોદ | ૩ | ૧૩ | ૧૧ | ૯ | ૧૦ | ૭ | ૯ | ૮ |
| ૬. | નર્મદા | ૩ | ૧૦ | ૫ | ૧૦ | ૫ | ૮ | ૫ | ૫ |
| ૭. | સુરત | ૫ | ૭ | ૬ | ૫ | ૩ | ૬ | ૫ | ૪ |
| | કુલ | ૧૮ | ૪૫ | ૩૦ | ૩૫ | ૨૮ | ૩૨ | ૨૯ | ૨૮ |

નોંધ : એક કરતાં વધુ જવાબો પ્રાપ્ય.

ઉપરોક્ત કોઠાની હકીકતોથી એ જોઈ શકાય છે કે બાલવાડીની વર્તમાન પરિસ્થિતિ કરતાં બાલવાડીની શરૂઆતમાં બાળકોની સંખ્યા વધુ જોવા મળી હતી. તેની ઊંડાણથી તપાસ કરી ત્યારે બાળકોનાં વાલીઓનાં જણાવ્યા અનુસાર બાલવાડીની શરૂઆતમાં સંચાલિકા બહેનો બાળકોની કાળજી વધુ લેતા હતા. તેમજ બાળકોને અક્ષરજ્ઞાન, શબ્દજ્ઞાન, ફળ-ફૂલોનાં નામોની ઓળખ, અનાજ-કઠોળની ઓળખ તેમજ વાર-માસનાં નામો વગેરે પ્રકારનું શિક્ષણ રમત-ગમતની પ્રવૃત્તિઓ સાથે કાળજીપૂર્વક અપાતું હતું. બાલવાડીમાં આવનાર બાળકોમાં સમૂહભાવના કેળવાય તેનું પણ ધ્યાન રાખવામાં આવતું આમ બાલવાડીમાં ચાલતી તમામ પ્રવૃત્તિઓ સાહજિકતાથી ઘણી જ સરસ રીતે કરાવવામાં આવતી હતી.

કોઠા નં.૩.૭

હાલમાં બાલવાડીમાં માન્ય સંખ્યા કરતાં વધુ અરજીઓ (આવે તો તે) માટેની કાર્યવાહી

| ક્રમ | જિલ્લો | તાલુકાની સંખ્યા | ગામ/ બાલવાડીની સંખ્યા | હા | ના | કુલ | સંચાલકની તેમજ જિલ્લા અધિકારીશ્રીની મંજુરીથી રજીસ્ટરમાં એન્ટ્રી |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૪ | ૧૨ | ૩ | ૯ | ૧૨ | ૩ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | ૧ | - | - | ૧ |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | - | ૧ | ૧ | - |
| ૪. | ખેડા | ૧ | ૧ | - | ૧ | ૧ | - |
| ૫. | દાહોદ | ૩ | ૧૩ | ૯ | ૪ | ૧૩ | ૯ |
| ૬. | નર્મદા | ૩ | ૧૦ | - | ૧૦ | ૧૦ | - |
| ૭. | સુરત | ૫ | ૭ | ૪ | ૩ | ૭ | ૪ |
| | કુલ | ૧૮ | ૪૫ | ૧૭ | ૨૮ | ૪૫ | ૧૭ |
| | ટકા | | | ૩૧.૭૮ | ૬૨.૨૨ | ૧૦૦ | ૩૧.૭૮ |

બાલવાડીની માન્ય સંખ્યા કરતા બાળકોનાં પ્રવેશ માટે વધુ અરજી આવે તે માટેની કાર્યવાહી અંગે ઉપરોક્ત કોઠામાં જણાવ્યા અનુસાર અભ્યાસ હેઠળની કુલ બાલવાડીઓમાંથી ૨૮ (૬૨.૨૨ ટકા) બાલવાડી એવી જોવા મળી હતી કે માન્ય સંખ્યા કરતાં વધુ અરજી સ્વીકારતા ન હતા. જયારે ૧૭ (૩૭.૭૮ ટકા) બાલવાડીઓ માન્ય સંખ્યા કરતાં વધુ અરજીઓ સ્વીકારવા અનુમતિ દર્શાવતા હતા.

ઉપરોક્ત બાબતને ધ્યાનમાં રાખી અહીં એ સ્પષ્ટતા કરવી જરૂરી છે. બાલવાડીમાં આવતા બાળકોના પ્રવેશ ધોરણનાં નિયમોનુસાર બાલવાડીની માન્ય સંખ્યા ૨૦ છે. જેમાં ૮૦ ટકા બાળકો જે તે જાતિનાં (બાલવાડીના) બાળકો અને ૨૦ ટકા બાળકો અન્ય જાતિનાં બાળકોને દાખલ કરવાનાં હોય છે.

મુકરર કરેલ ૨૦ ટકા વધુ પરંતુ વધુમાં વધુ ૪૦ બાળકો સુધી દાખલ કરી શકાય. જો ૪૦ કરતાં વધુ બાળકોને દાખલ કરવાનાં હોય તો, જે તે જિલ્લા અધિકારીશ્રીની મંજુરી મેળવવાની હોય છે.

અભ્યાસ હેઠળની ૧૭ બાલવાડીઓમાં માન્ય સંખ્યા કરતાં વધુ અરજીઓ આવવા પાછળનાં કારણોમાં બાલવાડીની સંચાલિકાનાં જણાવ્યા અનુસાર એક મહોલ્લામાં રહેતા સરખી ઉંમરના બાળકો સાથે રમતા હોઈ, જે તે વિસ્તારની બાલવાડીઓમાં સાથે જવાનો આગ્રહ રાખતા હોય છે. બાલવાડીમાં માન્ય સંખ્યા કરતાં વધુ સંખ્યાની અરજી માટે (બાલવાડી ચલાવતા) સ્વૈચ્છિક સંસ્થાના સંચાલકશ્રી તેમજ જિલ્લા અધિકારીશ્રીની મંજૂરીથી પ્રવેશ આપવામાં આવતો હતો.

## (૨) બાલવાડીઓની ભૌતિક સ્થિતિ :

બાલવાડીમાં સૌથી મહત્વની બાબત તેનાં વાતાવરણની છે. આદિવાસી સમાજનાં બાળકોની શૈક્ષણિક કારકિર્દીનો પાયો ઘડવા બાલવાડીમાં પૂરતી સગવડ અનિવાર્ય છે. બાળકોનું આરોગ્ય જોખમાય નહિ, તે માટે તમામ પ્રકારની પાયાની સવલતો હોવી અત્યંત આવશ્યક છે. આ બાબતે કાંઈ પણ ખામી ઉભી થાય ત્યારે તરત જ દુરસ્ત કરાવવાની કાળજી લેવી જોઈએ. નવાં સાધનોની જરૂરિયાત ઉભી થાય તો તે પણ સંતોષી લેવા જોઈએ. બાળકનું મન પ્રફુલિત રહે તેવા વાતાવરણ માટે કાળજી રાખવી અત્યંત આવશ્યક છે. બાળકોને પૂર્વ પ્રાથમિક શિક્ષણ આપવા માટે યોગ્ય અને ઉત્તમ સ્થળ બાલવાડી જ છે. તે માટે બાલવાડીનાં મકાનની પરિસ્થિતિ તે માટેનું ઉત્તમ વાતાવરણની સગવડ પૂરી પાડે તે હેતુસર આદર્શ બાલવાડી મળી રહે તે ધ્યાનમાં રાખી બાલવાડીની ભૌતિક સગવડતા અંગેની ચર્ચા અહીં કરીશું.

**બાલવાડીનાં મકાન :**

અભ્યાસમાં આવરેલ બાલવાડીઓની મુલાકાત લેતાં ખ્યાલ આવે છે કે બાલવાડીઓ ચલાવવા માટે મકાનની અપૂરતી સવલત છે. તેમાં પણ જે બાલવાડીના મકાનો ભાડાનાં હતાં. તેમાં અગવડતાનું પ્રમાણ વધારે જોવા મળ્યું હતું. જેને બાલવાડી તરીકે ઓળખાવી શકાય નહીં. બાલવાડી ચલાવનાર સંસ્થાઓ બાલવાડી કયા હેતુથી ચલાવે છે તે અંગે પ્રશ્ન ઉદ્ભવે છે. મોટાભાગની બાલવાડીમાં અપૂરતી સવલત હોય છે અને આ અંગે સંસ્થાવાળા ધ્યાન આપતા નથી. અભ્યાસમાં આવરેલ બાલવાડીઓનાં મકાનની વિગત નીચે મુજબ છે.

## કોઠા નં ૩.૮
## બાલવાડીનાં મકાનની માલિકી

| ક્રમ | જિલ્લો | તાલુકાની સંખ્યા | ગામ/ બાલવાડીની સંખ્યા | સરકારી | ટ્રસ્ટની માલિકીનું (સંસ્થાનું) | ભાડાનું | ભાડાની રકમ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | કુલ | રૂ.૧૦૦/-થી રૂ.૧૫૦/- | રૂ.૨૦૦/-થી વધુ | કુલ |
| ૧. | સાબરકાંઠા | ૪ | ૧૨ | - | ૧ | ૧૧ | ૧૨ | ૮ | ૩ | ૧૧ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | ૧ | - | - | ૧ | - | - | - |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | - | - | ૧ | ૧ | ૧ (તેડાગરનું) | - | ૧ |
| ૪. | ખેડા | ૧ | ૧ | - | - | ૧ | ૧ | ૧ | - | ૧ |
| ૫. | દાહોદ | ૩ | ૧૩ | - | ૨ | ૧૧ | ૧૧ | ૮ | ૩ | ૧૧ |
| ૬. | નર્મદા | ૩ | ૧૦ | - | - | ૭ | ૭ | ૬ | ૧ | ૭ |
| ૭. | સુરત | ૫ | ૭ | - | - | ૭ | ૭ | ૬ | ૧ | ૭ |
| | કુલ | ૧૮ | ૪૫ | ૧ | ૩ | ૪૧ | ૪૫ | ૩૨ | ૯ | ૪૧ |
| | ટકા | | | ૨.૨૨ | ૬.૬૭ | ૯૧.૧૧ | ૧૦૦ | ૭૮.૦૪ | ૨૧.૯૬ | ૧૦૦.૦૦ |

**ઉપરોક્ત** કોઠાનું વિશ્લેષણ કરતાં જણાય છે કે અભ્યાસમાં આવરેલ કુલ બાલવાડીઓ પૈકી **...ની ૪૧** (૯૧.૧૧ ટકા) બાલવાડીઓનાં મકાન ભાડા ઉપર લીધેલા હતાં, જયારે ૩(૬.૬૭ **...લવાડીઓમાં** મકાન ટ્રસ્ટની માલિકીનાં હતા. તથા ફક્ત ૧ (૨.૨૨ ટકા) બાલવાડી મકાન **...રી માલીકીનું** જોવા મળ્યું હતું.

**અભ્યાસ** હેઠળનાં જે બાલવાડીઓનાં મકાન ભાડા ઉપર લીધેલા હતા. તેમાંના ૩૨ (૭૮.૦૪ **...મકાનનાં** માસિક ભાડા પેટેની રકમ રૂા.૧૫૦.૦૦ અને ૯ (૨૧.૯૬ ટકા) બાલવાડીના મકાનનું **માસિક** ભાડું રૂા.૨૦૦ કે તેથી વધુ ચૂકવવામાં આવતું હતું.

**કોઠા** ઉપરથી સ્પષ્ટ ખ્યાલઆવે છે કે બાલવાડી માટે મકાન રૂા.૧૦૦/- થી રૂા.૩૦૦/- સુધીમાં **ભાડે રાખવામાં** આવતું હતું.

**ઈંટ-ચૂના**ના મકાનનું ભાડુ વધારે હોય છે. જયારે કાચા મકાન હોય તો તેનું ભાડું ઓછું હોય છે. ... **બાલવાડી**માં સંચાલક મંડળનાં હોદ્દેદારો અથવા સભ્યનું મકાન ભાડા તરીકે રાખવામાં આવે છે. **જેમાંથી તેઓની** ગૌણ આવકમાં વધારો થાય છે. તાલુકા કક્ષાએ અથવા ગામડામાં પાકું મકાન ઊંચા **ભાડાથી રાખવા** કોઈ તૈયાર થતું નથી. આથી મકાન બાલવાડીને ભાડે આપી દે છે. જયારે નાના **ગામડામાં** ભાડાનું મકાન મેળવવાની ખૂબ જ મુશ્કેલી પડે છે. તેથી ગમે તેવું અને ગમે તેનું મકાન ભાડા **પેટે રાખી લેવામાં** આવે છે. આવા મકાનનું ભાડું ઓછું હોય છે.

## કોઠા નં ૩.૯
## બાલવાડીના મકાનમાં રૂમોની સંખ્યા અને પ્રકાર

| ક્રમ | જિલ્લો | તાલુકાની સંખ્યા | ગામ/ બાલવાડીની સંખ્યા | એક | બે | એક રૂમ અને આગળ ખુલ્લી ઓશરી | કુલ | કાચા | પાકા | બાલવાડીની કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૪ | ૧૨ | ૮ | - | ૪ | ૧૨ | ૩ | ૯ | ૧૨ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | - | ૧ | - | ૧ | - | ૧ | ૧ |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | - | ૧ | - | ૧ | - | ૧ | ૧ |
| ૪. | ખેડા | ૧ | ૧ | - | ૧ | - | ૧ | - | ૧ | ૧ |
| ૫. | દાહોદ | ૩ | ૧૩ | ૭ | ૬ | - | ૧૩ | ૩ | ૧૦ | ૧૩ |
| ૬. | નર્મદા | ૩ | ૧૦ | ૮ | ૨ | - | ૧૦ | - | ૧૦ | ૧૦ |
| ૭. | સુરત | ૫ | ૭ | ૩ | ૪ | - | ૭ | - | ૭ | ૭ |
| | કુલ | ૧૮ | ૪૫ | ૨૬ | ૧૫ | ૪ | ૪૫ | ૬ | ૩૯ | ૪૫ |
| | ટકા | | | ૫૭.૭૮ | ૩૩.૩૩ | ૮.૮૯ | ૧૦૦.૦૦ | ૧૩.૩૩ | ૮૬.૬૭ | ૧૦૦.૦૦ |

નોંધઃ રૂમનો ઉપયોગ - એક રૂમ - બાળકોને બેસવા, બે રૂમ - બાળકોને બેસવા તથા સામાન મુકવા

૪૫ બાલવાડીઓનાં મકાન પૈકી ૨૬ (૫૭.૭૮ ટકા) બાલવાડીઓનાં મકાનો એક રૂમની સગવડ ધરાવતા હતાં. બે રૂમની સગવડવાળા મકાનો ૧૫ (૩૩.૩૩ ટકા), જ્યારે ૪ (૮.૮૯ ટકા) બાલવાડીઓ એકરૂમ અને (મકાનની) આગળ થોડી ખુલ્લી જગ્યા હોય તેવા જોવા મળ્યા હતા.

અભ્યાસમાં પસંદ કરેલ કુલ ૪૫ બાલવાડીઓ પૈકી ૩૯ (૮૬.૬૭ ટકા) બાલવાડીઓનાં મકાન પાકા હતા. જ્યારે કાચા મકાનોવાળી ૬ (૧૩.૩૩ ટકા) બાલવાડીઓ જોવા મળી હતી.

કોઠા પરથી ખ્યાલ આવે છે કે મોટાભાગની બાલવાડીઓનાં મકાનો એક રૂમનાં હતાં. જેમાં બાળકોને બેસાડવામાં આવતા હતાં.

ઉપર દર્શાવ્યા મુજબ બાલવાડીનાં મકાનમાં રૂમોની સગવડ અંગે જોયા બાદ બાલવાડીઓનાં મકાનો ઉપરનું છાજ અંગેનો ખ્યાલ કોઠા નં.૩.૧૦ પરથી મેળવીએ.

**કોઠા નં.૩.૧૦**

**બાલવાડીનાં મકાનો ઉપર છાજ**

| ક્રમ | જિલ્લો | તાલુકાની સંખ્યા | ગામ/ બાલવાડીની સંખ્યા | પતરાં | નળિયા | | આર. સી.સી. (પાકું) | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | દેશી | વિલા-યતી | | |
| ૧. | સાબરકાંઠા | ૪ | ૧૨ | - | - | ૫ | ૭ | ૧૨ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | - | - | - | ૧ | ૧ |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | - | - | - | ૧ | ૧ |
| ૪. | ખેડા | ૧ | ૧ | - | - | ૧ | - | ૧ |
| ૫. | દાહોદ | ૩ | ૧૩ | - | ૨ | ૧૦ | ૧ | ૧૩ |
| ૬. | નર્મદા | ૩ | ૧૦ | ૧ | ૧ | ૪ | ૪ | ૧૦ |
| ૭. | સુરત | ૫ | ૭ | - | ૧ | ૩ | ૩ | ૭ |
| | કુલ | ૧૮ | ૪૫ | ૧ | ૪ | ૨૩ | ૧૭ | ૪૫ |
| | ટકા | | | ૨.૨૨ | ૮.૮૯ | ૫૧.૧૧ | ૩૭.૭૮ | ૧૦૦ |

કુલ ૪૫ બાલવાડીઓ પૈકી ૨૩ (૫૧.૧૧ ટકા) બાલાવડીઓનાં મકાનો ઉપર વિલાયતી નળિયા જોવા મળ્યા હતા. પાકા ધાબાવાળા (આર.સી.સી.) મકાનોવાળી ૧૭ (૩૭.૭૮ ટકા), દેશી નળિયા હોય તેવા મકાનો ધરાવતી ૪ (૮.૮૯ ટકા) બાલવાડીઓ જોવા મળી હતી. જ્યારે ૧ (૨.૨૨ ટકા) બાલવાડી પતરાનાં છાપરાવાળી જોવા મળી હતી.

કોઠા પરથી સ્પષ્ટ ખ્યાલ આવે છે કે અભ્યાસ હેઠળની મોટાભાગની બાલવાડીઓમાં વિલાયતી નળિયા જોવા મળ્યા હતા. જે હવામાનની દ્રષ્ટિએ બાળકોને સાનુકૂળ રહે છે.

કોઠા નં.૩.૧૧
બાલવાડીમાં વર્ગખંડમાં બારી-બારણાની સુવિધા

| ક્રમ | જિલ્લો | તાલુકાની સંખ્યા | ગામ/ બાલવાડીની સંખ્યા | હા | હવા ઉજાસ આવે છે | | ના | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | હા | ના | | |
| ૧. | સાબરકાંઠા | ૪ | ૧૨ | ૧૦ | ૮ | ૨ | ૨ (ખુલ્લી જગ્યામાં બેસાડે છે) | ૧૨ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | ૧ | ૧ | - | - | ૧ |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | ૧ | ૧ | - | - | ૧ |
| ૪. | ખેડા | ૧ | ૧ | ૧ | ૧ | - | - | ૧ |
| ૫. | દાહોદ | ૩ | ૧૩ | ૧૦ | ૮ | ૨ | ૩ | ૧૩ |
| ૬. | નર્મદા | ૩ | ૧૦ | ૧૦ | ૭ | ૩ | - | ૧૦ |
| ૭. | સુરત | ૫ | ૭ | - | ૪ | ૨ | ૧ (બહાર ઓસરીમાં) | ૭ |
| | કુલ | ૧૮ | ૪૫ | ૩૯ | ૩૦ | ૯ | ૬ | ૪૫ |
| | ટકા | | | ૮૬.૬૭ | ૭૬.૯૩ | ૨૩.૦૭ | ૧.૩૩ | ૧૦૦ |

ઉપરોક્ત દર્શાવેલ કોઠાનું વિશ્લેષણ કરતાં કુલ બાલવાડીઓમાંથી ૩૯ (૮૬.૭૭ ટકા) બાલાવડીમાં બારીબારણાની સુવિધા જોવા મળી હતી. જેમાં ૩૦ (૭૬.૯૩ ટકા) બાલવાડીમાં હવાઉજાસ આવતાં હતાં. જયારે ૯(૨૩.૦૭ ટકા) બાલવાડીનાં વર્ગખંડના બારી-બારણામાંથી હવા-ઉજાસ આવતાં ન હતાં. ૬ (૧.૩૩ ટકા) બાલવાડીમાં વર્ગખંડમાં બારીની સુવિધા નહતી. આમાંની ૩ બાલાવાડીઓમાં બાળકોને બહાર ઓસરીમાં (ખુલ્લી જગ્યામાં) બેસાડતાં હતા.

### ) બાલાવડીમાં આરોગ્યપ્રદ પાયાની સવલત :

#### પીવાના પાણીની સવલત :

આગળ આપણે બાલવાડીના મકાન તેની (મકાનની) માલિકી વર્ગખંડો વિષેની વિગત જોઈ. ડીમાં આવતા બાળકોનાં વિકાસ માટે મહત્વની ગણી શકાય તેવી પાયાની સુવિધાઓમાં પીવાના વ્યવસ્થા જોતાં અભ્યાસ હેઠળની બાલવાડીઓમાં પીવાનાં પાણી અંગે જુદા જુદા પાંચ પ્રકારની જોવા મળી હતી. જેની વિગતવાર માહિતી નીચે મુજબ જોવા મળી હતી.

## કોઠા નં.૩.૧૨
## પીવાના પાણીની વ્યવસ્થા

| જિલ્લો | તાલુકાની સંખ્યા | ગામ/ બાલવાડીની સંખ્યા | માટલા | સીમેન્ટની ટાંકી | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|
| સાબરકાંઠા | ૪ | ૧૨ | ૧૧ | ૧ | - | ૧૨ |
| ગાંધીનગર | ૧ | ૧ | ૧ | - | - | ૧ |
| અમદાવાદ | ૧ | ૧ | ૧ | - | - | ૧ |
| ખેડા | ૧ | ૧ | ૧ | - | - | ૧ |
| દાહોદ | ૩ | ૧૩ | ૧૦ | - | ૨ (હેન્ડપંપ) ૧ (ઘર નજીક છે તેથી પાણી પીવા ઘેર જાય) | ૧૩ |
| નર્મદા | ૩ | ૧૦ | ૯ | - | ૧ (પાણીનાં નળ) | ૧૦ |
| સુરત | ૫ | ૭ | ૭ | - | - | ૭ |
| **કુલ** | **૧૮** | **૪૫** | **૪૦** | **૧** | **૪** | **૪૫** |
| **ટકા** | | | **૮૮.૮૯** | **૨.૨૨** | **૮.૮૯** | **૧૦૦** |

**ઉપરોક્ત** કોઠા પરથી જણાય છે કે કુલ ૪૫ બાલવાડીઓ પૈકી ૪૦ (૮૮.૮૯ ટકા) બાલાવડીઓમાં **પીવાનું પાણી** માટલામાં ભરવામાં આવતું હતું. ૪ (૮.૮૯ ટકા) બાલાવડીઓમાં પીવાનું પાણી હેન્ડપંપ **તેમજ નળેથી** બાળકોને સીધું જ પાણી પીવડાવવામાં આવતું હતું. જ્યારે ૧(૨.૨૨ ટકા) બાલવાડીમા **પીવાના પાણી માટે** સીમેન્ટની ટાંકીનો ઉપયોગ કરવામાં આવતો હતો.

**ઉપર** જણાવેલ બાલવાડીઓની પીવાના પાણીની વ્યવસ્થા જોતાં અભ્યાસ હેઠળની મોટાભાગની **બાલવાડીઓમાં** પીવાનું પાણી માટલામાં કે વાસણમાં ભરવામાં આવતું હતું. પરંતુ કેટલીક બાલવાડીઓમાં **પાણી પીવા માટે** ગ્લાસ ન હોય તેવી સ્થિતિ જોવા મળી હતી.

**કોઠા નં.૩.૧૩**
**પીવાના પાણીની શુધ્ધીકરણની વ્યવસ્થા**

| ક્રમ | જિલ્લો | તાલુકાની સંખ્યા | ગામ/ બાલવાડીની સંખ્યા | ગળણા-દ્વારા | એકવાગાર્ડ | જંતુનાશક | શુધ્ધી-કરણની વ્યવસ્થા | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૪ | ૧૨ | ૧૨ | - | - | - | ૧૨ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | ૧ | - | - | - | ૧ |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | ૧ | - | - | - | ૧ |
| ૪. | ખેડા | ૧ | ૧ | ૧ | - | - | - | ૧ |
| ૫. | દાહોદ | ૩ | ૧૩ | ૧૨ | - | - | ૧ | ૧૩ |
| ૬. | નર્મદા | ૩ | ૧૦ | ૯ | - | - | ૧ | ૧૦ |
| ૭. | સુરત | ૫ | ૭ | ૭ | - | - | - | ૭ |
| | કુલ | ૧૮ | ૪૫ | ૪૩ | - | - | ૨ | ૪૫ |
| | ટકા | | | ૯૫.૫૬ | - | - | ૪.૪૪ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠાનું વિશ્લેષણ કરતાં જણાય છે કે અભ્યાસ હેઠળની બાલવાડીમાં પીવાના પાણીને શુધ્ધ કરવા પરંપરાગત ગળણાનો ઉપયોગ ૪૩ (૯૫.૫૬ ટકા) બાલવાડીઓમાં થતો હતો. જ્યારે ૨ (૪.૪૪ ટકા) બાલવાડીઓમાં પીવાના પાણીની શુધ્ધિકરણની કોઈ વ્યવસ્થા જોવા મળી ન હતી.

અભ્યાસમાં આવરેલ મોટાભાગની બાલવાડીઓમાં પાણી ગળણાં વડે ગાળીને માટલા ભરતાં હતાં. તેની પાછળ શુધ્ધ ગાળેલું પાણી પીવાથી બાળકોનું આરોગ્ય સચવાઈ રહે અને તેમને ચેપી રોગ ન થાય તે હેતુ જણાતો હતો.

ઉપરોક્ત કોઠામાં નમૂનાની બાલવાડીઓમાં પીવાનાં પાણીનાં શુધ્ધિકરણની વ્યવસ્થા જોયા બાદ બાલવાડીમાં વીજળીની સુવિધા અંગેની માહિતી નીચે મુજબ જોવા મળી હતી.

**કોઠા નં.૩.૧૪**
**બાલવાડીમાં વીજળીની સુવિધા**

| ક્રમ | જિલ્લો | તાલુકાની સંખ્યા | ગામ/ બાલવાડીની સંખ્યા | હા | ના | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૪ | ૧૨ | ૧૨ | - | ૧૨ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | ૧ | - | ૧ |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | ૧ | - | ૧ |
| ૪. | ખેડા | ૧ | ૧ | ૧ | - | ૧ |
| ૫. | દાહોદ | ૩ | ૧૩ | ૭ | ૬ | ૧૩ |
| ૬. | નર્મદા | ૩ | ૧૦ | ૮ | ૨ | ૧૦ |
| ૭. | સુરત | ૫ | ૭ | ૬ | ૧ | ૭ |
| | કુલ | ૧૮ | ૪૫ | ૩૬ | ૯ | ૪૫ |
| | ટકા | | | ૮૦.૦૦ | ૨૦.૦૦ | ૧૦૦.૦૦ |

ઉપરના કોઠા પરથી જણાય છે કે અભ્યાસમાં આવરેલ કુલ બાલવાડીઓમાંથી ૩૬ (૮૦.૦૦ ટકા) બાલવાડીમાં વીજળીની વ્યવસ્થા જોવા મળી હતી, જયારે.૯(૨૦.૦૦ ટકા) બાલવાડીમાં આવી કોઈ વ્યવસ્થા જોવા મળી નહતી.

વીજળીની તંગીને કારણે બાલવાડીઓમાં વીજળી છે પણ પૂરતો સમય (લાઈટ) રહેતી નથી. તેથી બાલવાડીનાં શૈક્ષણિક કાર્યમાં મુશ્કેલી પડતી હતી. બાળકોનાં શરીર અને મનની પ્રફુલ્લિતતા માટે પૂરતા પ્રમાણમાં પ્રકાશ અને હવાની જરૂર હોય છે.

**કોઠા નં.૩.૧૫**
**બાલવાડીમાં મુતરડીની સુવિધા**

| ક્રમ | જિલ્લો | તાલુકાની સંખ્યા | ગામ/ બાલવાડીની સંખ્યા | હા | ના | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૪ | ૧૨ | ૩ | ૯ | ૧૨ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | ૧ | - | ૧ |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | ૧ | - | ૧ |
| ૪. | ખેડા | ૧ | ૧ | ૧ | - | ૧ |
| ૫. | દાહોદ | ૩ | ૧૩ | ૧ | ૧૨ | ૧૩ |
| ૬. | નર્મદા | ૩ | ૧૦ | ૩ | ૭ | ૧૦ |
| ૭. | સુરત | ૫ | ૭ | ૪ | ૩ | ૭ |
| | કુલ | ૧૮ | ૪૫ | ૧૪ | ૩૧ | ૪૫ |
| | ટકા | | | ૩૧.૧૧ | ૬૮.૮૯ | ૧૦૦.૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જણવા મળ્યું હતું કે કુલ બાલવાડીઓમાં ૩૧ (૬૮.૮૯ ટકા) બાલવાડીમાં પાયાની સુવિધામાં મુતરડીની કોઈ વ્યવસ્થા જોવા મળી નહતી. ૧૪ (૩૧.૧૧ ટકા) બાલવાડીઓમાં બાળકો માટે મુતરડીની વ્યવસ્થા જોવા મળી હતી.

આમ, આદિવાસી વિસ્તારમાં ચાલતી અભ્યાસ હેઠળની મોટાભાગની બાલવાડીઓમાં મુતરડીના વ્યવસ્થા ન હતી. જે બાળકોના સ્વાસ્થ્ય માટે અવરોધક છે. જેથી બાળકોને પેશાબ કરવા જવા માટે જલ્દીથી તૈયાર થઈ શકે તેવા પ્રમાણસર બાથરૂમ અથવા તેમાં કંઈ ખામી હોય તો તાત્કાલિક મરામત કરાવવાની વ્યવસ્થા ઉભી કરવી (બાળકોનાં આરોગ્ય સંદર્ભ) જરૂરી છે.

ઉપર મુજબ બાલવાડીઓમાં મુતરડીની સુવિધા બાબતે જોયા બાદ હવે પછી બાલ પાયખાનાની વિગત નીચે મુજબ જોવા મળી હતી.

**કોઠા નં ૩.૧૬**
**બાલવાડીમાં પાયખાના (જાજરૂ)ની સુવિધા**

| ક્રમ | જિલ્લો | તાલુકાની સંખ્યા | ગામ/ બાલવાડીની સંખ્યા | સુવિધા છે | | | પાણીની વ્યવસ્થા | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | હા | ના | કુલ | હા | ના | કુલ |
| ૧. | સાબરકાંઠા | ૪ | ૧૨ | - | ૧૨ | ૧૨ | - | ૧૨ | ૧૨ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | ૧ | - | ૧ | ૧ | - | ૧ |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | ૧ | - | ૧ | ૧ | - | ૧ |
| ૪. | ખેડા | ૧ | ૧ | ૧ | - | ૧ | - | ૧ | ૧ |
| ૫. | દાહોદ | ૩ | ૧૩ | - | ૧૩ | ૧૩ | - | ૧૩ | ૧૩ |
| ૬. | નર્મદા | ૩ | ૧૦ | ૧ | ૯ | ૧૦ | ૧ | ૯ | ૧૦ |
| ૭. | સુરત | ૫ | ૭ | ૩ | ૪ | ૭ | ૧ | ૬ | ૭ |
| | કુલ | ૧૮ | ૪૫ | ૭ | ૩૮ | ૪૫ | ૪ | ૪૧ | ૪૫ |
| | ટકા | | | ૧૫.૫૬ | ૮૪.૪૪ | ૧૦૦.૦૦ | ૮.૮૯ | ૯૧.૧૨ | ૧૦૦.૦૦ |

પાણીની વ્યવસ્થા - ૪
સરકારી -(તળાવ) - ૨

ઉપરોકત કોઠાનું વિશ્લેષણ કરતાં જણાય છે કે કુલ બાલવાડીઓમાં ૩૮ (૮૪.૪૪ ટકા) બાલવાડીમાં બાળકો માટે જાજરૂની સુવિધા ન હતી. માત્ર ૭ (૧૫.૫૬ ટકા) બાલવાડીઓમાં જાજરૂની સુવિધા જોવા મળી હતી. પરંતુ તેમાંથી પણ ફક્ત ૪ (૮.૮૯ ટકા) બાલવાડીમાં બાલ પાયખાનામાં પાણીની વ્યવસ્થા, જોવા મળી હતી. બાકીના પાયખાનાઓમાં પાણીની વ્યવસ્થાઓ ન હતી. પાયખાનાંની સફાઈ તેડાગર બહેનો દ્વારા થતી હતી.

અભ્યાસ માટે પસંદ કરેલ આદિવાસી વિસ્તારની બાલવાડીઓમાં ઉપરોક્ત દર્શાવ્યા મુજબ ફકત ૭ (૧૫.૫૬ ટકા) બાલવાડીઓમાં જાજરૂની વ્યવસ્થા જોવા મળી હતી.. બાકીની મહત્તમ બાલવાડીઓમાં તે વ્યવસ્થા ન હતી. જેથી કુદરતી હાજત વખતે બાળકો હાજત રોકી રાખવાથી રોગો થાય છે અને તેમનું આરોગ્ય બગડે છે. બાળકો આરોગ્યપ્રદ રહે તે માટે પૂરતાં પ્રમાણમાં જાજરૂ તેમજ બાથરૂમ હોવા જોઈએ. આ પ્રકારની વ્યવસ્થાનાં અભાવને કારણે બાળકો અસ્વસ્થ રહેતા જોવા મળ્યા હતા.

**કોઠા નં.૩.૧૭**
**બાળકોની બેઠક વ્યવસ્થાની સુવિધા**

| ક્રમ | જિલ્લો | તાલુકાની સંખ્યા | ગામ/ બાલવાડીની સંખ્યા | આસન પટ્ટા | બેન્ચીસ (ઢાળિયા) | નથી | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૪ | ૧૨ | ૮ | - | ૪ | ૧૨ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | - | ૧ | - | ૧ |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | ૧ | - | - | ૧ |
| ૪. | ખેડા | ૧ | ૧ | ૧ | - | - | ૧ |
| ૫. | દાહોદ | ૩ | ૧૩ | ૯ | - | ૪ | ૧૩ |
| ૬. | નર્મદા | ૩ | ૧૦ | ૫ | - | ૫ | ૫ |
| ૭. | સુરત | ૫ | ૭ | ૩ મોટા<br>૨ નાના | - | ૨ | ૭ |
| | કુલ | ૧૮ | ૪૫ | ૨૯ | ૧ | ૧૫ | ૪૫ |
| | ટકા | | | ૬૪.૪૫ | ૨.૨૨ | ૩૩.૩૩ | ૧૦૦ |

**નોંધ :**

(૧) આસનપટ્ટા છે પણ પૂરતા નથી. (દાહોદ)
(૨) કેટલીક બાલવાડીઓમાં ફાટેલા આસનપટ્ટા છે.
(૩) લીંપણમાં આસનપટ્ટા વગર બેસાડે છે.

ઉપરોક્ત કોઠાનું વિશ્લેષણ કરતાં જણાય છે કે અભ્યાસમાં આવરેલ કુલ બાલવાડીઓમાંથી ૨૯(૬૪.૪૫ ટકા) બાલવાડીમાં બાળકો માટે બેસવા આસનપટ્ટાની વ્યવસ્થા જોવા મળી હતી. ૧૫

(૩૩.૩૩ ટકા) બાલવાડીઓમાં એકપણ આસનપટ્ટાની સુવિધા જોવા મળી નહતી. જ્યારે માત્ર ૧ (૨.૨૨ ટકા) બાલવાડીમાં બાળકો માટે ઢાળિયાની વ્યવસ્થા જોવા મળી હતી. પરંતુ તે બાળકોને અનુકૂળ ન હતી.

**બાલવાડીમાં આરોગ્ય તપાસ :**

આદિજાતિ વિસ્તારની બાલવાડીમાં આવતા બાળકોનાં આરોગ્ય માટે બાલવાડી ચલાવનાર સંસ્થાના સંચાલક તેમજ બાલવાડી સંચાલકોની બેવડી જવાબદારી છે. તેમનું આરોગ્ય જળવાઈ રહે અને બાળકો સ્વસ્થ રહે તે માટે સંપૂર્ણ કાળજી રાખવી જરૂરી છે. બાલવાડીની અંદર કે આસપાસ ગંદકી, જીવજંતુઓનો ઉપદ્રવ, દૂષિત હવા કે પાણી વગેરેને કારણે બાળકો રોગનાં ભોગ બને છે. તો તે માટે સતત ધ્યાન રાખી બાળકોની આરોગ્ય તપાસ નિયમિતપણે થવી જોઈએ. અભ્યાસમાં આવરેલ બાલવાડીમાં બાળકોની આરોગ્ય તપાસ નિયમિત પણે થાય છે કે કેમ ? તેની માહિતી નીચે દર્શાવેલ કોઠા પરથી સ્પષ્ટ થશે.

## કોઠા નં ૭.૧૮
## બાળકોની આરોગ્ય તપાસ

| ક્રમ | જિલ્લો | તાલુકાની સંખ્યા | ગામ/ બાલવાડીની સંખ્યા | હા | ના | કુલ | મહિનામાં | | વર્ષમાં | | | (ફીમેલ-હેલ્થ વર્કર) દ્વારા આરોગ્ય તપાસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | બે વાર | ત્રણ વાર | બે થી ત્રણ વખત | ત્રણથી ચાર વખત | ચારથી વધુ | |
| ૧. | સાબરકાંઠા | ૪ | ૧૨ | ૧૦ | ૨ | ૧૨ | ૨ | - | - | ૩ | ૫ | ૧૦ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | ૧ | - | ૧ | ૧ | - | - | - | - | ૧ |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | ૧ | - | ૧ | ૧ | - | - | - | - | ૧ |
| ૪. | ખેડા | ૧ | ૧ | - | ૧ | ૧ | - | - | - | - | - | ૧ |
| ૫. | દાહોદ | ૩ | ૧૩ | ૧૨ | ૧ | ૧૩ | ૮ | - | - | - | - | ૧૨ |
| ૬. | નર્મદા | ૩ | ૧૦ | ૯ | ૧ | ૧૦ | ૧ | - | ૪ | ૪ | - | ૯ |
| ૭. | સુરત | ૫ | ૭ | ૭ | - | ૭ | ૪ | ૩ | ૪ | - | - | ૭ |
| | કુલ | ૧૮ | ૪૫ | ૪૧ | ૪ | ૪૫ | ૧૮ | ૩ | ૮ | ૭ | ૫ | ૪૧ |
| | ટકા | | | ૯૧.૧૧ | ૮.૮૯ | ૧૦૦ | ૪૩.૯૦ | ૭.૩૧ | ૧૯.૫૧ | ૧૭.૦૭ | ૧૨.૧૯ | ૧૦૦ |

નોંધ :

(૧) સુરત જિલ્લાની અભ્યાસ હેઠળની એક બાલવાડીમાં જ આરોગ્ય કેમ્પ ગોઠવાય છે. ત્યાં બાળકોને આરોગ્ય તપાસ માટે લઈ જતાં હતાં.

(૨) સુરત જિલ્લાની એક બાલવાડીના ટ્રસ્ટી પોતે જ ડોક્ટર હોવાથી બાલવાડીનાં બાળકોની આરોગ્ય તપાસ નિયમિત પણે થાય છે.

ઉપરોક્ત કોઠાનું પૃથ્થકરણ કરતાં જણાય છે કે અભ્યાસ હેઠળની કુલ ૪૫ બાલવાડીઓ પૈકી ૪૧ (૯૧.૧૧ ટકા) બાલવાડીઓમાં બાળકોની આરોગ્ય તપાસ નિયમિત થતી હતી. જેમાં ૧૮ (૪૩.૯૯ ટકા) બાલવાડીઓમાં મહિને બે વખત અને ૩ (.... ટકા) બાલવાડીઓમાં મહિને ત્રણ વખત આરોગ્ય તપાસ થતી હતી.

૮ (૧૯.૫૧ ટકા) બાલવાડીઓમાં વર્ષમાં બે થી ત્રણ વખત આરોગ્ય તપાસ થતી હતી. ૭(૧૭.૦૭ ટકા) બાલવાડીઓમાં વર્ષમાં ત્રણ થી ચાર વખત અને ૫ (૧૨.૧૯ ટકા) બાલવાડીઓમાં પાંચ કે તેથી વધુ વખત બાળકોના આરોગ્યની તપાસ કરવામાં આવતી હતી.

**પ્રાથમિક આરોગ્ય (ફસ્ટ-એઈડ બોર્ડ)ની સુવિધાઓ :**

બાલવાડીમાં શિક્ષણ મેળવતા બાળકોનાં સર્વાંગી વિકાસ માટે આરોગ્યની કાળજી લેવી એ મહત્વનું છે. ખાસ કરીને બાળકોને શરદી, ઉધરસ, બેચેની તેમજ ચામડીનાં રોગોનું પ્રમાણ વધુ જોવા મળે છે. તો તે માટે નિષ્ણાત ડૉકટરો પાસે આરોગ્ય તપાસ કરાવવી તેમજ આકસ્મિક માંદગી કે અન્ય કોઈ તકલીફ જેવી કે ઘવા વાગવાથી લોહી વહી જતું હોય તેવે સમયે પ્રાથમિક સારવાર માટે ફસ્ટ-એઈડ બોક્ષની વ્યવસ્થા બાલવાડીમાં હોવી જોઈએ.

## કોઠા નં ૩.૧૯
## પ્રાથમિક આરોગ્ય (ફસ્ટએડ બોક્ષ)ની સુવિધાઓ

| ક્રમ | જિલ્લો | તાલુકાની સંખ્યા | ગામ/ બાલવાડીની સંખ્યા | હા | ના | કુલ | રૂ | ટીંચર આયોડીન | મેટાસીન/ સોફરા માઈસીન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૪ | ૧૨ | ૨ | ૧૦ | ૧૨ | - | ૧ | - |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | ૧ | - | ૧ | ૧ | - | ૧ |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | ૧ | - | ૧ | - | - | - |
| ૪. | ખેડા | ૧ | ૧ | - | ૧ | ૧ | ૧ | - | - |
| ૫. | દાહોદ | ૩ | ૧૩ | ૨ | ૧૧ | ૧૩ | ૧ | - | - |
| ૬. | નર્મદા | ૩ | ૧૦ | - | ૧૦ | ૧૦ | - | - | - |
| ૭. | સુરત | ૫ | ૭ | ૧ | ૬ | ૭ | - | ૧ | ૧ |
| | કુલ | ૧૮ | ૪૫ | ૭ | ૩૮ | ૪૫ | ૩ | ૨ | ૨ |
| | ટકા | | | ૧૫.૫૬ | ૮૪.૪૪ | ૧૦૦ | | | |

ઉપરોક્ત કોઠામાં દર્શાવ્યા મુજબ અભ્યાસમાં આવરેલ કુલ બાલવાડીઓ પૈકી ૩૮ (૮૪.૪૪ ટકા) બાલવાડીઓ પાસે ફસ્ટ-એઈડ બોક્ષની સુવિધાઓ ઉપલબ્ધ ન હતી. ફક્ત ૭ (૧૫.૫૬ ટકા) બાલવાડીઓમાં બાળકો માટે પ્રાથમિક આરોગ્યની સારવાર માટે ટીંચર આયોડીન, રૂ, પાટા, તાવ શરદી તેમજ ઉધરસની, દવા ઉપરાંત મેટાસીન, સોફરા માઈસીંન વગેરેની સગવડ જોવા મળી હતી.

**બાળકોનાં આરોગ્ય વિષયક આનુસાંગિક સેવા :**

બાલવાડીમાં આવતા બાળકોના શારીરિક અને માનસિક વિકાસનાં ઉદેશને અનુલક્ષીને તેનાં આરોગ્યની કાળજી રાખવી જરૂરી છે. બાલવાડીમાં આવનાર બાળક નાની ઉંમરનું હોય છે. આ બાળકને ઘેરથી પ્રેમ અને હૂંફ આપનાર તેનાં મા-બાપ અને ભાઈ-બહેન હોય છે. બાલવાડીમાં સંચાલિકાએ તેનાં મા-બાપ અને ભાઈ-બહેન થઈ તેનું કાળજીપૂર્વક જતન કરવાનું છે. બાલવાડીમાં કોઈ પણ બાળક માંદુ પડે અથવા આકસ્મિક સારવાર માટે આનુસાંગિક સેવાની વ્યવસ્થા અનિવાર્ય થઈ પડે છે.

**કોઠા નં.૩.૨૦**
**આરોગ્ય વિષયક આનુષાંગિક સેવા**

| ક્રમ | જિલ્લો | તાલુકાની સંખ્યા | ગામ/બાલ-વાડીની | આનુષાગિક સેવાની સગવડ | | | દવાખાને લઈ જઈએ | વાલીને બોલા-વીએ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | હા | ના | કુલ | | |
| ૧. | સાબરકાંઠા | ૪ | ૧૨ | ૧૦ | ૨ | ૧૨ | ૩ | ૭ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | - | ૧ | ૧ | - | - |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | - | ૧ | ૧ | - | - |
| ૪. | ખેડા | ૧ | ૧ | ૧ | - | ૧ | - | ૧ |
| ૫. | દાહોદ | ૩ | ૧૩ | ૧૧ | ૨ | ૧૩ | ૫ | ૬ |
| ૬. | નર્મદા | ૩ | ૧૦ | ૧૦ | - | ૧૦ | ૪ | ૬ |
| ૭. | સુરત | ૫ | ૭ | ૬ | ૧ | ૭ | ૩ | ૩ |
| | કુલ | ૧૮ | ૪૫ | ૩૮ | ૭ | ૪૫ | ૧૫ | ૨૩ |
| | ટકા | | | ૮૪.૪૪ | ૧૫.૫૬ | ૧૦૦ | ૩૯.૪૭ | ૬૦.૫૩ |

અભ્યાસમાં પસંદ કરેલ કુલ બાલવાડીઓ પૈકી ૩૮(૮૪.૪૪ ટકા) બાલવાડીઓનાં બાળકો માટે આરોગ્ય સંબંધિત સેવાઓ કરવામાં આવતી હતી જેમાં ૨૩ (૬૦.૫૩ ટકા) બાલવાડીની સંચાલિકા બાળકની માંદગી વખતે તેમનાં વાલીને બોલાવી લઈ જવા જણાવતા હતાં. ૧૫ (૩૯.૪૭ ટકા) સંચાલિકા બહેનો જાતે બાળકોને દવાખાને લઈ જતા હતા. જયારે ૭ (૧૫.૫૬ ટકા) બાલવાડીઓમાં આ પ્રકારની આનુષાંગિક સેવાની સગવડ જોવા મળી ન હતી.

બાલવાડીમાં આવતા બાળકોની ઉંમર, માનસિક જરૂરિયાત તેમજ કુદરતી ક્ષમતાઓને ધ્યાનમાં રાખીને શાન્તિમય શયન (ઊંઘ) મળી રહે તેવી સગવડ હોવી જરૂરી છે. બાળકોને પૂરતી ઊંઘ મળશે તો બે ઘડી આરામ કરી તાજા થઈ જશે. બે-ચાર કલાકની સતત શૈક્ષણિક પ્રવૃત્તિઓ દરમ્યાન વચ્ચે ટૂંકી ઊંઘ ન મળે તો તેઓનાં આરોગ્ય માટે હાનિકારક છે. અભ્યાસ હેઠળની બાલવાડીમાં આ સુવિધા અંગેની માહિતી નીચે મુજબ જોવા મળી હતી.

**કોઠા નં ૩.૨૧**
**બાળકોને ઊંઘ આવે તે માટે શું વ્યવસ્થા**

| ક્રમ | જિલ્લો | તાલુકાની સંખ્યા | ગામ/ બાલવાડીની સંખ્યા | વ્યવસ્થા છે ? | | શેતરંજી પાથરીને ખૂણામાં સુવાડે | કોઈની અવર-જવર ઓછી રહે ત્યાં | વધુ સમય સુવે તો તેની માતાને … જગાડે | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | હા | ના | | | | |
| ૧. | સાબરકાંઠા | ૪ | ૧૨ | ૧૨ | - | ૫ | ૫ | ૨ | ૧૨ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | ૧ | - | ૧ | - | - | ૧ |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | ૧ | - | ૧ | - | - | ૧ |
| ૪. | ખેડા | ૧ | ૧ | ૧ | - | ૧ | - | - | ૧ |
| ૫. | દાહોદ | ૩ | ૧૩ | ૧૩ | - | ૪ | ૨ | ૭ | ૧૩ |
| ૬. | નર્મદા | ૩ | ૧૦ | ૧૦ | - | ૫ | ૨ | ૩ | ૧૦ |
| ૭. | સુરત | ૫ | ૭ | ૭ | - | ૪ | ૨ | ૧ | ૭ |
| | કુલ | ૧૮ | ૪૫ | ૪૫ | - | ૨૧ | ૧૧ | ૧૩ | ૪૫ |
| | ટકા | | | | | ૪૬.૬૭ | ૨૪.૪૪ | ૨૮.૮૯ | ૧૦૦.૦૦ |

### (૪) બાલવાડીમાં બાળકોને અપાતો નાસ્તો :

બાલવાડીમાં આવનાર બાળક મુક્ત રીતે અને મસ્તીથી રહે એવું સ્વસ્થ વાતાવરણ સતત જળવાઈ રહે તે માટે સંચાલિકા બહેનો કાળજી સતત રાખતી હોય છે. બાળકનો શારીરિક અને માનસિક વિકાસ સારા પ્રમાણમાં થાય તેમજ બાળક તંદુરસ્ત, સશક્ત અને સ્ફુર્તિમય રહે, તેને પૂરતા પોષ્ક તત્વો મળી રહે અને (તેની) શક્તિ જળવાઈ રહે તેવો પૌષ્ટિક અને સાત્વિક (રાંધેલો) નાસ્તો બાલવાડીમાં આપવામાં આવે છે કે કેમ ? બાલવાડીમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણ મેળવતા બાળકોને આપવામાં આવતા નાસ્તાની વિગત નીચે કોઠા નં. ૩.૨૨માં આપવામાં આવી છે.

**કોઠા નં.૩.૨૨**

**બાલવાડીમાં બાળકોને અપાતો નાસ્તો**

| ક્રમ | વિગત | આપવામાં આવતો નાસ્તો | બાલવાડીની સંખ્યા |
|---|---|---|---|
| ૧. | કોરો નાસ્તો | સેવમમરા | ૪૦ |
| | | સીંગ | ૩૫ |
| | | ચણા | ૩૨ |
| | | બિસ્કીટ | ૩૧ |
| | | મીક્ષ ચવાણું | ૩૪ |
| | | પૌઆ (વઘારેલા) | ૨ |
| | | વટાણા (શેકેલા) | ૧ |
| ૨. | ફળો | સફરજન | ૨ |
| | | કેળા | ૯ |
| | | ચીકુ | ૫ |
| | | જામફળ | ૨ |
| ૩. | રાંધેલો નાસ્તો | સુખડી | ૨ |
| | | બટાકા પૌઆ | ૮ |
| | | મસાલાવાળી પુરી | ૧ |
| | | બુંદી | ૧ |
| | | ખમણ | ૧ |
| | | લાપસી | ૨ |
| | | ખીચડી | ૨ |
| | | બાફેલા મગ (કઠોળ) | ૨ |
| ૪. | અન્ય | શેકેલી મગફળી (આંરા) | ૧ |

અભ્યાસ હેઠળની બાલવાડીઓમાં બાળકોને કોરો નાસ્તો, ફળો અને ક્યારેક રાંધેલો નાસ્તો આપવામાં આવતો હતો. બાળકોને અપાતા કોરા નાસ્તાના સંદર્ભે ૪૦ બાલવાડીનાં બાળકોને સેવ-મમરા, ૩૫ બાલવાડીમાં સીંગ, ૩૪ મીક્ષ ચવાણું, ૩૨ ચણા, ૩૧માં બિસ્કીટ ૨ વઘારેલા સાદા પૌંઆં તેમજ શેકેલા વટાણા આપતી માત્ર ૧ જ બાલવાડી જોવામાં આવી હતી.

અભ્યાસમાંની કેટલીક બાલવાડીઓમાં બાળકોને ફળો પણ આપવામાં આવતા હતા. જેમાં ૯ બાલવાડીઓમાં કેળા, ૫ બાલવાડીઓમાં ચીકુ અને સફરજન અને જામફળ આપતી બે (૨) બાલવાડીઓ જોવા મળી હતી.

ઉપરોક્ત દર્શાવેલ નાસ્તાનાં સંદર્ભે ન્યૂનતમ બાલવાડીઓમાં બાળકોને રાંધીને નાસ્તો આપવામાં આવતો હતો. જેમાં (બાલવાડીમાં બટાકા પૌંઆ, સુખડી, લાપસી, ખીચડી તેમજ કઠોળમાં બાફેલા મગ આપતી ૨ બાલવાડીઓ જોવા મળી હતી. બુંદી, ખમણ અને મસાલાવાળી પુરીનો નાસ્તો આપતી (૧) એક બાલવાડી જોવા મળી હતી. માત્ર એક બાલવાડીમાં બાળકોને શેકેલી મગફળી (ઓરા)નો નાસ્તો પણ ક્યારેક આપવામાં આવતો હતો.

અભ્યાસ હેઠળની બાલવાડીઓમાં નક્કી કરેલ વાર કે દિવસ મુજબ તેમજ ઋતુ પ્રમાણે નાસ્તો આપવાના પ્રશ્ને મોટાભાગની બાલવાડીઓ અનુત્તર રહી હતી.

**બાલવાડીમાં અપાતા નાસ્તાનું સંચાલન :**

બાલવાડીમાં આવતા બાળકોનો માનસિક તેમજ શારીરિક વિકાસ સરસ રીતે થાય તે માટે તેમને સમતોલ આહાર મળવો જોઈએ. શરીરને સશક્ત અને સ્ફૂર્તિમય રાખવા પૌષ્ટિક અને તત્વો પૂરતા પ્રમાણમાં મળે તેવો નાસ્તો આપવાનું સંચાલન અનિવાર્ય છે. બાલવાડીમાં અપાતા નાસ્તાની વિગતો જોયા બાદ તેનું સંચાલન કોના દ્વારા થાય છે તેની વિગત નીચે મુજબ જોઈશું.

**કોઠા નં.૩.૨૨/૧**

**બાલવાડીમાં અપાતા નાસ્તાની સંચાલન વ્યવસ્થા**

| ક્રમ | જિલ્લો | તાલુકાની સંખ્યા | ગામ/ બાલવાડીની સંખ્યા | તેડાગર | સંચાલક | અન્ય (તેડાગર અને સંચાલક બંને) | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૪ | ૧૨ | ૧૦ | ૨ | - | ૧૨ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | - | ૧ | - | ૧ |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | - | - | ૧ | ૧ |
| ૪. | ખેડા | ૧ | ૧ | ૧ | - | - | ૧ |
| ૫. | દાહોદ | ૩ | ૧૩ | ૧૧ | - | ૨ | ૧૩ |
| ૬. | નાંદોદ | ૩ | ૧૦ | ૭ | - | ૩ | ૧૦ |
| ૭. | સુરત | ૫ | ૭ | ૫ | - | ૨ | ૭ |
| | કુલ | ૧૮ | ૪૫ | ૩૪ | ૩ | ૮ | ૪૫ |
| | ટકા | | | ૭૫.૫૫ | ૬.૬૭ | ૧૭.૭૮ | ૧૦૦ |

બાલવાડીમાં અપાતા નાસ્તાના સંચાલનની વિગત ઉપરોક્ત કોઠામાં જણાવ્યા અનુસાર અભ્યાસ હેઠળની બાલાવડીઓ પૈકી જોતાં ૩૪ (૭૫.૫૫ ટકા) બાલવાડીઓમાં બાળકોને આપવામાં આવતા નાસ્તાનું સંચાલન તેડાગર બહેન સંભાળતા હતા. ૮(૧૭.૭૮ ટકા) બાલવાડીમાં આ સંચાલન બાલવાડીની સંચાલિકા અને તેડાગર બહેન બંને મળીને સંભાળતા હતાં. જ્યારે માત્ર ૩ (૬.૬૭ ટકા) બાલવાડીમાં બાળકોને અપાતા નાસ્તાનું સંચાલન બાલવાડીની સંચાલિકાબહેન સંભાળતી હતી.

ઉપરોક્ત કોઠા પરથી સ્પષ્ટતા થાય છે કે બાળકોને આપવામાં આવતો નાસ્તો બાળકને તંદુરસ્ત અને સ્ફૂર્તિમય રાખે છે. બાળકોને ઋતુ પ્રમાણે તાજા ફળો આપવાની પણ વ્યવસ્થા ગોઠવવી જોઈએ. નાસ્તો આપવાની વ્યવસ્થાનું આયોજન વ્યવસ્થિત રીતે થાય તે આવશ્યક જ નહીં પણ જરૂરી છે.

**(૫) બાલવાડીમાં ચાલતી સહાભ્યાસિક પ્રવૃત્તિઓ :**

અમારા બાળકતો ભારતરૂપી બગીચાની ફુલવાડી છે. એ ફુલવાડીનું યોગ્ય રીતે પાલન પોષણ થવું જોઈએ.

- જવાહરલાલ નહેરૂ

બાલવાડીમાં ચાલતી પ્રવૃત્તિઓનો હેતુ બાલકેન્દ્રી શિક્ષણનું મહત્વ સાબિત કરવાનો છે. બાલવાડી એ બાળકના જીવન ઘડતર માટે પાયારૂપ સંસ્થા છે. એટલે કે (બાલવાડીમાં અપાતુ) બાલશિક્ષણ બાલ

કેન્દ્રી હોવું જોઈએ. આદિવાસી લોકો આર્થિક નબળી પરિસ્થિતિને કારણે પોતાનાં બાળકોને નિશાળે મોકલવાના બદલે પોતાની સાથે કામે લઈ જાય છે અને પરિણામે તેમનો માનસિક વિકાસ અટકી જાય છે. આદિવાસી બાળકો વિશે વિચારતાં પહેલાં તેમનાં સમાજ જોડે સહવાસ કેળવવાની પ્રથમ જરૂર છે. આ સહવાસ કેળવીને તેમના બાળકોમાં જે સર્જન શક્તિ પડેલી છે તેને પ્રોત્સાહિત કરી તેને નૈસર્ગિક સ્વરૂપે રજૂ કરવા સ્થાનિક માધ્યમો દ્વારા (તેમનાં બાળકો) જે કલાકૃતિનું સર્જન કરે તેને પ્રોત્સાહન આપવું.

ડૉ. મોન્ટેસોરીનું માનવું છે કે ઈન્દ્રિઓનાં વિકાસ પછી જ બુધ્ધિનો યથાર્થ વિકાસ થાય છે. ઈન્દ્રિય કેળવણીનાં યોગ્ય સમયમાં (૩ થી ૭ વર્ષ) ઈન્દ્રિયોની કેળવણીની અવગણના કરવામાં આવે તો બાળકનું બુધ્ધિબળ પાંગળુ જ રહેવાનું. (મોન્ટેસરી પધ્ધતિ પૃ.૧૪૩ બધેકા ગિજુભાઈ-૧૯૮૩)

ડૉ. મોન્ટેસોરીનો કેળવણી વિષયક ઉદ્દેશ બાળકના શારીરિક, માનસિક અને આધ્યામિક સ્વયંસ્ફુરિત વિકાસ કરવાનો છે. તેઓ તેને વેદિયો બનાવવા નથી માગતી તેનામાં જ્ઞાનનો ભાર ભરી રાખનાર વેઠિયો બનાવવાનો નથી. તે માટે બાલવાડીની સંચાલિકાએ (કેળવણીકાર બની) ખરી કલા દ્વારા નાના બાળકનું વ્યક્તિત્વ ખીલવવાનું છે. બાલવાડીમાં ભૌતિક તેમજ પાયારૂપ સુવિધાઓ સારો નાસ્તો તેમજ આરોગ્યપ્રદ વાતાવરણ અને અન્ય કેટલીક સવલતો હોય છતાં જો બાળકને દિવસમાં થોડા સમય માટે પણ રમવાનું ન મળે તો તેનું મન પ્રફુલ્લિત ન બને અને શારીરિક હલનચલનનો અભાવ રહે તો ખોરાકનું પાચન પણ ન થાય તેમજ બાળક અસ્વસ્થ બને અને તેનો વિકાસ અટકે. બાળક સંપૂર્ણ સ્વાસ્થ્યપૂર્ણ બને તે માટે બાલવાડીમાં સહાભ્યાસ પ્રવૃત્તિઓની સાથે રમતગમતની પ્રવૃત્તિઓ કરાવવી જોઈએ.

અભ્યાસમાં આવરેલ બાલવાડીઓમાં બાળકોનાં સર્વાંગી વિકાસ માટે ચાલતી સહઅભ્યાસની પ્રવૃત્તિઓની વિગતવાર માહિતી નીચે મુજબ આપવામાં આવી છે.

**કોઠા નં.૩.૨૩**

**બાલવાડીમાં ચાલતી સહાભ્યાસિક પ્રવૃત્તિઓ**

| ક્રમ | વિગત | બાલવાડીમાં કરાવવામાં આવતી પ્રવૃત્તિઓ | બાલવાડીની સંખ્યા |
|---|---|---|---|
| ૧. | સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ (ધાર્મિક) | પ્રાર્થના | ૪૫ |
| | | ભજન | ૩૦ |
| | | બાલગીત | ૪૨ |
| | | બાલનાટિકા | ૨ |
| | | બાલકળા | ૨ |
| | | વેશભૂષા | ૨ |

| ક્રમ | વિગત | બાલવાડીમાં કરાવવામાં આવતી પ્રવૃત્તિઓ | બાલવાડીની સંખ્યા |
|---|---|---|---|
| ૨. | આનંદ પ્રવૃત્તિઓ | બાલવાર્તા | ૪૦ |
| | | બાલ પ્રદર્શન | - |
| | | બાલ રમતો | ૪૫ |
| | | ગીતસ્પર્ધા | ૨ |
| ૩. | શારીરિક વિકાસની પ્રવૃત્તિઓ | હળવી કસરતો (બાળકની રૂચિ પ્રમાણે) | ૩૦ |
| | | સ્વચ્છતા રાખવી | ૨૮ |
| ૪. | રમત-ગમતની પ્રવૃત્તિઓ | ધમાલ ગોટો | ૪૨ |
| | | ગાડી દોડાવવાની રમત | ૩૫ |
| | | બળદગાડી | ૧૨ |
| | | બે ઘોડાની બગીની રમત | ૩૫ |
| | | બાલ રેંકડીની રકમત | ૧૮ |
| | | રેલ ગાડીની રમત | ૨૮ |
| ૫. | શૈક્ષણિક પ્રવૃત્તિઓ<br>- બૌધ્ધિક વિકાસ<br>- ભાષા વિકાસ | અક્ષરજ્ઞાન (સચિત્ર મૂળાક્ષણરોનાં ચાર્ટમાંથી | ૨૩ |
| | | શબ્દજ્ઞાન (શબ્દ ચાર્ટમાંથી) | ૩૦ |
| | | અંકજ્ઞાન (લખોટા ઘોડીમાંથી-અંક ચાર્ટમાંથી) | ૧૨ |
| | | પશુ-પક્ષીની ઓળખ (પશુ-પક્ષીના ચાર્ટમાંથી) | ૨૨ |
| | | અઠવાડિક વારનાં નામ | ૨૦ |
| | | ફળ-ફુલોનાં નામ | ૧૫ |
| | | અનાજ-કઠોળનાં નામ | ૧૦ |
| | | કક્કો-બારાખડી લખાવવા | ૧૦ |
| | | નકશાપેટી દ્વારા દેશની ઓળખ | ૨ |
| ૬. | સહઅભ્યાસ પ્રવૃત્તિઓ | સમૂહજીવન | ૪૦ |
| | | પ્રવાસ | ૮ |
| | | વન ભોજન | ૧૪ |
| | | નાસ્તો કરવા સમૂહમાં બેસાડવા | ૪૫ |
| ૭. | રચનાત્મક તેમજ કલાત્મક પ્રવૃત્તિઓ. | માટીનાં નમૂના બનાવવા | ૯ |
| | | ચિત્રકામ | ૬ |
| | | રંગપૂરવો | ૪ |
| | | કાગળ કટીંગ કરી (હોળી, પક્ષી, ફળ,ફૂલ, પશુ-પંખી વગેરે નમૂના તૈયાર કરવા) | ૩ |
| | | રંગોળી પૂરાવવી | ૧ |

ઉપરોક્ત કોઠાનું વિશ્લેષણ કરતાં જણાશે કે અભ્યાસમાં પસંદ કરવામાં આવેલ બાલવાડીઓમાં પૂર્વપ્રાથમિક શિક્ષણ લેતાં બાળકોને સહાભ્યાસિક પ્રવૃત્તિઓ તેમજ અભ્યાસના ભાગરૂપે કરાવવામાં આવતી રમત-ગમત પ્રવૃત્તિઓના સંદર્ભે

૧. સાંસ્કૃતિક (ધાર્મિક) પ્રવૃત્તિઓ

૨. આનંદ પ્રવૃત્તિઓ

૩. શારીરિક વિકાસની પ્રવૃત્તિઓ

૪. રમત-ગમતની પ્રવૃત્તિઓ

૫. શૈક્ષણિક પ્રવૃત્તિઓ (બૌધ્ધિક વિકાસ અને ભાષા વિકાસ પ્રવૃત્તિઓ

૬. સહઅભ્યાસ પ્રવૃત્તિઓ (સમૂહજીવન)

૭. રચનાત્મક તેમજ કલાત્મક પ્રવૃત્તિઓ

ઉપરોક્ત વિવિધ પ્રવૃત્તિઓ બાળકોના સર્વાંગી વિકાસના મુખ્ય ઉદ્દેશને ધ્યાનમાં રાખી કરાવવામા આવે છે.

ઉપરોક્ત દર્શાવેલ વિવિધ પ્રવૃત્તિઓમાં અભ્યાસ હેઠળની બાલવાડીઓમાં સાંસ્કૃતિક (ધાર્મિક) પ્રવૃત્તિમાં પ્રાર્થના તમામ બાલવાડીઓમાં કરાવતા હતા. બાળગીત ગવડાવતી ૪૨ બાલવાડીઓ જોવા મળી હતી. જયારે ભજન ૩૦ બાલવાડીઓમાં, બાલનાટિકા અને બાલકળા તેમજ વેશભૂષા માત્ર ૨ જ બાલવાડીઓમાં થતી હોય તેવું જોવા મળ્યું હતું.

આનંદ પ્રવૃત્તિઓમાં કુલ બાલવાડીઓ પૈકી બાળ રમતો રમાડતી ૪૫ બાલવાડીઓ જોવા મળી હતી. જયારે બાલવાર્તા કરાવતી ૪૦ અને ગીતા સ્પર્ધાનું આયોજન કરતી માત્ર ૨ (બે) જ બાલવાડી જોવા મળી હતી.

શારીરિક વિકાસની પ્રવૃત્તિમાં (બાળકોની રૂચિ પ્રમાણે) હળવી કસરતો ૩૦ બાલવાડીઓમાં કરાવતા હતા અને ૨૮ બાલવાડીઓમાં બાળકોની સ્વચ્છતા પાછળ ધ્યાન આપવામાં આવતું હતું.

રમત-ગમતની પ્રવૃત્તિઓમાં ધમાલગોટાની રમત ૪૨ બાલવાડીઓમાં કરાવવામાં આવતી હતી. જયારે ગાડી દોડાવવાની રમત તેમજ બે-ઘોડાની બગીની રમત ૩૫ બાલવાડીઓમાં રમાડવામાં આવતી હતી. રેલગાડીની રમત ૨૮ બળદ-ગાડીની રમત રમાડતી ૧૨ બાલવાડીઓ જોવા મળી હતી.

શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં (બૌધ્ધિક તેમજ ભાષા વિકાસ માટે) શબ્દજ્ઞાન (શબ્દ ચાર્ટમાંથી) ૩૦ બાલવાડીઓમાં અપાતું હતું. જયારે કક્કો-બારાખડી બોલાવવા અને લખાવવાની પ્રવૃત્તિ કરાવતી ૨૬ બાલવાડી, મૂળાક્ષરો ઓળખાવતી ૨૩, પશુપંખીની ઓળખ કરાવતી ૨૨, વારના નામ બોલાવતી ૨૦, ફળ-ફૂલોના નામ ઓળખાવતી ૧૫, અંકજ્ઞાન આપતી ૧૨, અનાજ-કઠોળ ઓળખાવતી

૧૦ બાલવાડીઓ જોવા મળી હતી, જયારે માત્ર ૨ (બે) જ બાલવાડીઓ નકશાપેટી દ્વારા દેશની ઓળખ કરાવતી હતી.

સહઅભ્યાસ પ્રવૃત્તિના ભાગરૂપે બાલવાડીમાં બાળકોને સમૂહમાં બેસાડીને નાસ્તો આપતી ૪૫ (એટલે કે અભ્યાસ હેઠળની તમામ) બાલવાડીઓમાં જોવા મળ્યું હતું. જયારે ૪૦ બાલવાડીઓમાં સમૂહજીવનની પ્રવૃત્તિઓ કરાવવામાં આવતી હતી. તેમજ ૧૪ બાલવાડીઓમાં વન-ભોજન અને ૮ બાલવાડીઓમાં ક્યારેક જ પ્રવાસ કાર્યક્રમ યોજવામાં આવતો હતો.

રચનાત્મક અને કલાત્મક પ્રવૃત્તિઓમાં ચિત્રકામ કરાવતી ૬ બાલવાડીઓ, માટીનાં નમૂના તેમજ ફળ-ફૂલ, પશુ-પક્ષી કુદરતી સૌંદર્ય જેવા ચિત્રોમાં બાળકો પાસે રંગ પૂરવાનું શિખવતી ૪ બાલવાડીઓ જોવા મળી હતી. કાગળ કટીંગ કરી હોળી, ફળ-ફૂલ, પશુ-પંખી જેવા અનય ચિત્રોના નમૂના બાળકો પાસે તૈયાર કરાવતી ૩ બાલવાડીઓ જોવા મળી હતી. માત્ર ૧ જ બાલવાડીમાં બાળકો પાસે રંગોળી પૂરાવવાની પ્રવૃત્તિ કરાવવામાં આવતી હતી.

વર્તમાન સમયમાં આદિવાસી વિસ્તારોમાં ચાલતી બાલવાડીઓમાં બાલસંચાલિકાએ દર્શાવેલ દરેક પ્રવૃત્તિઓ નિયમીતપણે કરાવવામાં આવતી હોય તેવું જોવામાં ન આવ્યું. આમ બાલશિક્ષણમાં સહાભ્યાસિક પ્રવૃત્તિઓનું રહસ્ય ધીમે ધીમે ઝાંખુ પડતુ હોય તેમ લાગે છે.

**બાલક્રિડાંગણની વ્યવસ્થા :**

બાલવાડીમાં ચાલતી સહાભ્યાસિક પ્રવૃત્તિઓ વિષે માહિતી મેળવી. હવે પછી બાલવાડીનાં આગળનાં ભાગમાં બાળકોને રમવા માટે બાલક્રિડાંગણની વ્યવસ્થા છે કે કેમ ? તેની વિગત દર્શાવેલ છે. બાલવાડીમાં રમત ગમતનું સ્થાન ખૂબ જ મહત્વનું હોય છે. બાળક એટલે જ 'રમત' અને તેથી જ બાળકોને બીજી બધી પ્રવૃત્તિઓ કરતાં રમત માટેનો સમય વિશેપ ફાળવવો જોઈએ. રમતથી બાળકનાં અવયવોને કસરત મળતા તેનું શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય સુધરે છે તેનામાં સમૂહભાવના અને ખેલદિલી જેવા ગુણો વિકસે છે.

અભ્યાસમાં આવરેલ બાલવાડીનાં બાળકો મુક્તપણે, સ્વતંત્ર રીતે રમી શકે તે માટે બાલક્રિડાંગણ સુવિધા અંગેની માહિતી નીચે દર્શાવેલ કોઠા પરથી મેળવીશું.

**કોઠા નં.૩.૨૪**

**બાલવાડીમાં બાળકો માટે બાલક્રિડાંગણની સુવિધા**

| ક્રમ | જિલ્લો | તાલુકાની સંખ્યા | ગામ/ બાલવાડીની સંખ્યા | હા | ના | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૪ | ૧૨ | ૮ | ૪ | ૧૨ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | ૧ | - | ૧ |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | ૧ | - | ૧ |
| ૪. | ખેડા | ૧ | ૧ | ૧ | | ૧ |
| ૫. | દાહોદ | ૩ | ૧૩ | ૧ | ૧૨ | ૧૩ |
| ૬. | નર્મદા | ૩ | ૧૦ | ૩ | ૭ | ૧૦ |
| ૭. | સુરત | ૫ | ૭ | ૨ + ૧ | ૪ | ૭ |
| | કુલ | ૧૮ | ૪૫ | ૧૮ | ૨૭ | ૪૫ |
| | ટકા | | | ૪૦.૦૦ | ૬૦.૦૦ | ૧૦૦.૦૦ |

**નોંધ :**

(૧) સુરતમાં એક જિલ્લાની બાલવાડી પ્રા.શાળાની બાજુમાં છે તેમાં બાળકો માટે રમવાનાં મેદાનની સુવિધા છે.

(૨) રમવા માટેનું મેદાન નથી પરંતુ માત્ર થોડી ખુલ્લી જગા જોવા મળી હતી.

અભ્યાસમાં પસંદ કરેલ બાલવાડીઓમાંથી ૧૮ (૪૦.૦૦ ટકા) બાલવાડીમાં બાળકો માટે બાલક્રિડાંગણ (રમત ગમતનું મેદાન)ની સુવિધા જોવા મળી હતી. જયારે ૨૭ (૬૦.૦૦ ટકા) બાલવાડીમાં આવી કોઈ સુવિધા નહતી. પરંતુ માત્ર બાલવાડીની આગળ થોડી ખુલ્લી જગ્યા જોવા મળી હતી. પરંતુ આ ખુલ્લી જગ્યામાં બાળકો આસાનીથી રમી શકતાં નહતાં.

કોઠા પરથી સ્પષ્ટ ખ્યાલ આવે છે કે મોટાભાગની બાલવાડીઓમાં બાલક્રિડાંગણની વ્યવસ્થા ન હતી. જેથી બાળકો મુક્તપણે રમી શકતા ન હતાં અને કોઈપણ પ્રકારની રમતનો આનંદ લૂંટી શકતા ન હતા. બાલક્રિડાંગણની સુવિધાનાં અભાવને કારણે બાળકોને રમત-ગમત દ્વારા કરાવવામાં આવતી પ્રવૃત્તિઓ દ્વારા તેમનો શારીરિક અને માનસિક વિકાસ કરવાનો હેતુ અર્થહીન જણાયો હતો.

બાળકોના શારીરિક તેમજ માનસિક વિકાસ માટે ખેલવા, કૂદવા અને દોડવા માટે તેમજ બાલોચિત કામો કરવા માટે બાલવાડીમાં ખુલ્લા મેદાનની જરૂર હોઈ તે વ્યવસ્થા તાકીદે ઉભી કરવી જોઈએ.

**(૬) બાલવાડી સંચાલનમા (અગ્રસ્થાને) સીધો અથવા આડકતરો માતા-પિતાનો ફાળો :**

પૂર્વ-બુનિયાદી બાલવાડીમાં આવતા બાળકની ઉંમર સામાન્ય રીતે ૬ વર્ષની હોય છે. આ બાળકો પોતાના માતા-પિતાથી અળગા પડીને બે ચાર કલાક બાલવાડીમાં આવે ત્યારે બાલવાડીની કેટલીક તેડાગર બહેનો બાળકોને તેડવા આવે તો પણ માતાઓ વખતોવખત બાલવાડીમાં પોતાના બાળકને તેડવા મૂકવા તેમજ જોવા અથવા મળવા આવતી હતી.

કોઠા નં ૩.૨૫

બાળકોનાં માતા-પિતા મળવા આવે છે ?

| ક્રમ | જિલ્લો | તાલુકાની સંખ્યા | ગામ/ બાલવાડીની સંખ્યા | હા | ના | કુલ | બીજા બાળકો હેરાન કરે છે | બાળકોને કોરો, અપૂરતો નાસ્તો મળે છે. | સામાજિક કારણસર રજા લેવા | બાળક બાલવાડીમાં આવવા તૈયાર નથી થતું | બાલવાડીમાં ચાલતી પ્રવૃત્તિઓ જોવા | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૪ | ૧૨ | ૧૦ | ૨ | ૧૨ | ૧ | ૪ | ૨ | ૨ | ૧ | ૧૦ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | ૧ | - | ૧ | - | - | - | - | ૧ | ૧ |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | ૧ | - | ૧ | - | - | - | - | ૧ | ૧ |
| ૪. | ખેડા | ૧ | ૧ | ૧ | - | ૧ | - | - | - | ૧ | - | ૧ |
| ૫. | દાહોદ | ૩ | ૧૩ | ૧૦ | ૩ | ૧૩ | ૨ | ૬ | ૧ | ૧ | - | ૧૦ |
| ૬. | નર્મદા | ૩ | ૧૦ | ૬ | ૪ | ૧૦ | ૧ | ૨ | ૨ | ૧ | - | ૬ |
| ૭. | સુરત | ૫ | ૭ | ૪ | ૩ | ૭ | ૧ | ૧ | ૧ | ૧ | - | ૪ |
| | કુલ | ૧૮ | ૪૫ | ૩૩ | ૧૨ | ૪૫ | ૫ | ૧૩ | ૬ | ૬ | ૩ | ૩૩ |
| | ટકા | | | ૭૩.૩૩ | ૨૬.૬૧ | ૧૦૦ | ૧૫.૧૬ | ૩૯.૩૯ | ૧૮.૧૮ | ૧૮.૧૮ | ૯.૦૯ | ૧૦૦ |

ઉપર્યુક્ત કોઠાનું વિશ્લેષણ કરતાં જણાય છે કે અભ્યાસ હેઠળની કુલ બાલવાડીઓમાં ૩૩ (૭૩.૩૩ ટકા) બાલવાડીઓમાં પૂર્વ-પ્રાથમિક શિક્ષણ લેતા બાળકોનાં માતા-પિતા મળવા આવતા હતાં. જયારે ૧૨ (૨૬.૬૧ ટકા) બાલવાડીઓમાં બાળકોનાં માતા-પિતા મળવા આવતા ન હતા.

પ્રસ્તુત કોઠામાં દર્શાવ્યા મુજબ બાલવાડી બાળકોનાં માતા-પિતા જયારે મળવા આવતા ત્યારે ફરિયાદ રૂપે ૧૩(૩૯.૩૯ ટકા) માતા-પિતા બાળકોને પૂરતો અને પૌષ્ટિક આહાર આપતા નહિ હોવાની ફરિયાદ કરતાં હતાં, જયારે ૧૨ (૩૬.૩૬ ટકા) બાલવાડીઓમાં અનુક્રમે બાળકનાં માતા-પિતા સામાજિક કારણોસર રજા લેવા તેમજ બાળક બાલવાડીમાં જવા માટે તૈયાર થતું નથી તેવી ફરિયાદ કરતા હતા. ૫ (૧૫.૧૬ ટકા) બાલવાડીઓમાં બાળકોનાં માતા-પિતા તેમના બાળકોને બીજા બાળકો હેરાન કરે છે. તેવી ફરિયાદ કરતા હોવાનું જણાવતા હતા. જયારે ફક્ત ૩ (૯.૦૯ ટકા) બાલવાડીમાં આવતા બાળકોનાં માતા-પિતા બાલવાડીમાં ચલાવાતી શૈક્ષણિક, રમત-ગમતની તેમજ અન્ય પ્રવૃત્તિઓ જોવા આવતા હતા.

ગામ બાલવાડીમાં ચાલતી શિક્ષણ પ્રવૃત્તિઓ દ્વારા બાળકનાં માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય પર થતી અસરોનું સભાનતા પૂર્વક ધ્યાન આપે છે.

બાલવાડીઓમાં આવતા બાળકોનાં વાલીઓએ પોતાનાં બાળકોના શૈક્ષણિક વિકાસમાં ફાળો આપવો જોઈએ. વાલીઓએ બાળસંચાલિકાઓને તેમજ તેમની પ્રવૃત્તિઓને આદરભાવથી જોવાનો પ્રયાસ કરવો જોઈએ.

કોઠા નં.૩.૨૫/૧

વાલી સંમેલનમાં બાળકોનાં વાલીઓનો પ્રતિભાવ

| ક્રમ | જિલ્લો | તાલુકાની સંખ્યા | ગામ/ બાલવાડીની સંખ્યા | વાલી સંમેલન ગોઠવાય છે | | | બાળકોનાં પાયાના શિક્ષણ માટે સારું છે. તેને માટે સક્રિય થવું જોઈએ. |
|---|---|---|---|---|---|---|---|
| | | | | હા | ના | કુલ | |
| ૧. | સાબરકાંઠા | ૪ | ૧૨ | - | ૧૨ | ૧૨ | - |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | ૧ | - | ૧ | ૧ |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | - | ૧ | ૧ | - |
| ૪. | ખેડા | ૧ | ૧ | - | ૧ | ૧ | - |
| ૫. | દાહોદ | ૩ | ૧૩ | ૧ | ૧૨ | ૧૩ | ૧ |
| ૬. | નર્મદા | ૩ | ૧૦ | - | ૧૦ | ૧૦ | - |
| ૭. | સુરત | ૫ | ૭ | - | ૧ | ૧ | - |
| | કુલ | ૧૮ | ૪૫ | ૨ | ૪૩ | ૪૫ | ૨ |
| | ટકા | | | ૪.૪૪ | ૯૫.૫૬ | ૧૦૦ | |

અભ્યાસ હેઠળનાં જિલ્લાવારની કુલ બાલવાડીઓ પૈકી ફક્ત ગાંધીનગર અનેદાહોદ જિલ્લાની બાલવાડીઓમાં વાલી સંમેલન ભરાય છે. જેમાં બાળકોનાં વાલીઓનાં જણાવ્યા મુજબ આદિવાસી સમાજનાં બાળકો ઉપર બાલવાડીમાં અપાતા પૂર્વ-પ્રાથમિક શિક્ષણ એ બાળકનાં જીવનમાં પાયાનાં શિક્ષણ તરીકે ઘણુ જ મહત્વનુ છે. તેનું કારણ એ કે બાળકને ઘરનાં વાતાવરણમાંથી બહાર (૨૫ થી ૩૦ની સંખ્યામાં) જુદા જુદા સમૂહો વચ્ચે પોતાની જાતને ગોઠવવાનું કામ ઘણું અઘરું હોય છે. આ બાબતને ધ્યાનમાં રાખી આદિવાસી વિસ્તારોની બાલવાડીઓ વધુ ને વધુ સક્રિય બનાવવી જોઈએ.

**બાળકોનાં વાલીઓનો (બાલવાડીની સંચાલિકા માટે) પ્રતિભાવ :**

અભ્યાસમાં આવરેલ બાલવાડીઓનાં બાળકોનાં વાલીઓના પ્રતિભાવ અંગેની માહિતી નીચે દર્શાવેલ કોઠા પરથી મેળવીશું.

## કોઠા નં ૩.૨૬
## બાળકોનાં વાલીઓનો પ્રતિભાવ

| ક્રમ | જિલ્લો | ગામ/ બાલવાડીની સંખ્યા | સંચાલિકા અંગે | | | | | | બાલવાડીની વ્યવસ્થા અંગે | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બાળકોની પૂરતી કાળજી નથી લેવાતી | તેડાગર બહેન લેવા મુકવા આવતા નથી. | પ્રવાસમાં લઈ જઈ સમુહ ભોજન કરાવવું | બાળક તોફાની અને જીદ્દી બની ગયો છે. | પૂરતો આરામ લેવા દેતા નથી | બાળક અન્ય બાળકો સાથે ભળે છે કે કેમ ? | પૌષ્ટિક અને પુરતા નાસ્તાનો અભાવ | આરોગ્યપ્રદ વાતાવરણનો અભાવ | આદિવાસી ભાષામાં શિક્ષણ આપવું જોઈએ. | બાલવાડીમાં શૈક્ષણિક સાધનોનો અભાવ | રમત-ગમતનાં સાધનો તેમજ બાલક્રિડાંગણ નથી. |
| ૧. | સાબરકાંઠા | ૧૨ | ૮ | ૨ | ૪ | ૪ | ૧ | ૬ | ૧૨ | ૧૦ | ૨ | ૯ | ૧૦ |
| ૨. | ગાંધીનગર | ૦૧ | ૧ | - | - | - | - | ૧ | - | - | - | - | ૧ |
| ૩. | અમદાવાદ | ૦૧ | ૧ | - | - | - | - | - | ૧ | - | - | - | ૧ |
| ૪. | ખેડા | ૦૧ | ૧ | - | - | ૧ | - | - | ૧ | - | - | ૧ | ૧ |
| ૫. | દાહોદ | ૧૩ | ૯ | ૨ | ૧ | ૩ | ૧ | ૩ | ૧૨ | ૮ | - | ૧૦ | ૯ |
| ૬. | નર્મદા | ૧૦ | ૭ | ૩ | ૧ | ૨ | - | ૩ | ૯ | ૬ | ૩ | ૫ | ૭ |
| ૭. | સુરત | ૦૭ | ૪ | ૧ | ૧ | ૨ | - | ૨ | ૫ | ૩ | - | ૪ | ૫ |
| | કુલ | ૪૫ | ૩૧ | ૮ | ૭ | ૧૨ | ૨ | ૧૫ | ૪૦ | ૨૭ | ૫ | ૨૯ | ૩૪ |

અભ્યાસ હેઠળની બાલવાડીઓમાં સંચાલિકાઓ માટે બાળકોનાં વાલીઓનાં પ્રતિભાવો જોતાં ૩૧ બાલવાડીઓનાં બાળકો પ્રત્યે પૂરતી કાળજી રાખતા નથી, બેકાળજીની બાબતોમાં ૧૫ અમારા બાળકો અન્ય બાળકો સાથે ભળતા નથી, ૧૨ બાળકો તોફાની અને જીદ કરે છે, ૮ તેડાગર બહેનો બાળકોને લેવા-મૂકવા આવતી નથી, ૭ પ્રવાસે લઈ જવા, તેમજ સમૂહભોજન પણ કરાવતા નથી. જયારે ૨ બાલવાડીઓનાં બાળકોને પૂરતો આરામ લેવા દેતા નથી. જેવા પ્રતિભાવો બાળકનાં વાલીઓ તરફથી જોવા મળ્યા હતા.

અભ્યાસ હેઠળની કેટલીક બાલવાડીઓની વ્યવસ્થા અંગેના બાળકોનાં વાલીઓનાં પ્રતિભાવમાં મોટાભાગની ૪૦ બાલવાડીઓમાં પૌષ્ટિક અને પૂરતા પ્રમાણમાં નાસ્તો આપવામાં આવતો નથી તેમ જણાવ્યું હતું. જયારે ૩૪ બાળકોને રમવા માટે રમવાનાં સાધનો તેમજ મેદાન (બાલક્રિડાંગણ)ની વ્યવસ્થા નથી, ૨૯ બાલવાડીમાં શૈક્ષણિક સાધનોનો અભાવ, ૨૭ આરોગ્યપ્રદ વાતાવરણનો અભાવ તેમજ ૫ બાલવાડીઓમાં બાળકો ગુજરાતી સમજી શકતા નહિ હોવાને કારણ આદિવાસી ભાષામાં શિક્ષણ આપવામાં આવે તો અપાયેલું પૂર્વ-પ્રાથમિક શિક્ષણની સાર્થકતા જણાય તેમ જણાવતા હતા.

વ્યક્તિનાં વ્યક્તિત્વ વિકાસ માટે શિક્ષણને અતિ આવશ્યક અંગ માનવામાં આવે છે. આદિવાસી બાળકો માટેની અનેક સમસ્યાઓમાંની એક મહત્વનીસમસ્યા તેમનું શિક્ષણ છે. જેની પાછળ કયા પરિબળો ભાગ ભજવે છે. સરકાર તરફથીપણ આદિવાસી કેળવણીને ટેકો આપતા સક્રિય પ્રયાસોની શરૂઆત થઈ જેમાં અગાઉ દર્શાવ્યા મુજબ આદિજાતિનાં બાળકો માટેની બાલવાડી યોજના પણ અમલમાં મૂકવામાં આવી.

**આદિવાસી વિસ્તારમાં ચાલતી બાલવાડીઓની આદિવાસી સમાજ ઉપર અસર :**

મનુષ્ય બુધ્ધિપૂર્વકનાં પ્રયત્નથી જ કેળવાય છે. જેમાં આસપાસની કુદરત, હવા-પાણી, ધર્મ, વિવિધ મનોવૃત્તિઓ વગેરેમાંથી મનુષ્યને અમુક કેળવણી પ્રાપ્ત થતી હોય છે. આ બાબતે જોતાં બાલવાડીમાં આવતા આદિવાસી બાળકો જે સમાજમાંથી આવે છે તે સમાજને આ પરિબળોનો અનુભવ થાય છે. આથી બાલવાડીનો ઉદ્દેશ કેવળ બાળકોને સારા નાગરિકો બનાવવાની સાથે સાથે શિક્ષણ મેળવી તૈયાર થઈ સમાજમાં જાય ત્યારે તેની અસર સમાજમાં પડે તે જરૂરી છે.

બાલવાડી દ્વારા બાળકોમાં સંસ્કારનું ઘડતર થાય છે. વાલીઓ પોતાનાં બાળકોને બાલવાડીમાં મળતી કેળવણી વધુ સારી રીતે કેમ મળે ? તેનો વિચાર કરતાં થયા છે. આથી જ વાલીઓ પોતાનાં બાળકોને બાલવાડીમાં મૂકવા પ્રોત્સાહિત થયા છે.

આદિજાતિ વિસ્તારમાં ચાલતી બાલવાડીઓની આદિવાસી સમાજ ઉપર શું અસર પડે છે તેની માહિતી નીચે મુજબ છે.

### કોઠા નં ૩.૨૭
### આદિવાસી સમાજ ઉપર બાલવાડીની અસર

| ક્રમ | જિલ્લો | તાલુકાની સંખ્યા | ગામ/ બાલવાડીની સંખ્યા | સારી અસર | | | | માઠી અસર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | સારુ શિક્ષણ અને સંસ્કાર મળે | બાલવાડીમાં આવતા અન્ય બાળકો સાથે ભળે | શૈક્ષણિક સાધનો દ્વારા તેઓને શિક્ષણ તરફ રૂચિ થાય | રમતો દ્વારા તેમને આનંદ મળે છે. | ફક્ત શારીરિક હાજરી હોય પણ માનસિક વિકાસ થતો નથી. | બાલવાડી કરતાં આંગણવાડી વધુ સારી | બાળકોને પૂરતો નાસ્તો અપાતો નથી. |
| ૧. | સાબંરકાંઠા | ૪ | ૧૨ | ૪ | ૬ | ૫ | ૮ | ૮ | ૧૦ | ૧૧ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | - | ૧ |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | - | ૧ |
| ૪. | ખેડા | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | - | ૧ |
| ૫. | દાહોદ | ૩ | ૧૩ | ૫ | ૪ | ૬ | ૬ | ૬ | ૪ | ૧૨ |
| ૬. | નર્મદા | ૩ | ૧૦ | ૭ | ૬ | ૬ | ૭ | ૯ | ૩ | ૯ |
| ૭. | સુરત | ૫ | ૭ | ૬ | ૫ | ૭ | ૫ | ૬ | ૨ | ૬ |
| | કુલ | ૧૮ | ૪૫ | ૨૫ | ૩૪ | ૨૭ | ૨૯ | ૩૨ | ૧૯ | ૩૧ |

નોંધ: જવાબ એક કરતાં વધુ

ઉપર્યુક્ત કોઠાનું વિશ્લેષણ કરતાં જણાય છે કે આદિવાસી વિસ્તારમાં ચાલતી અભ્યાસમાં આવરેલ બાલવાડીઓની આદિવાસી સમાજ પર પડતી વિવિધ અસરોનાં સંદર્ભે જોતાં સારી અને માઠી અસરો જોવા મળી હતી. સારી અસર હેઠળનાં અભિપ્રાયોાં ૩૪નાં અભિપ્રાયો મુજબ બાલવાડીમાં આવતા બાળકો અન્ય બાળકો સાથે જમે, ૨૯ના અભિપ્રાય મુજબ રમતો દ્વારા બાળકોને આનંદ મળે અને તેમનો શારીરિક અને માનસિક વિકાસ થાય. ૨૭નાં જણાવ્યા પ્રમાણે બાલવાડીમાં અપાતા શૈક્ષણિક સાધનો દ્વારા અપાતા શિક્ષણથી બાળકોને શિક્ષણ તરફ રૂચિ જાગે અને ૨૫ના અભિપ્રાય મુજબ બાળકોને સારા સંસ્કાર મળતા હોવાનું જણાવતા હતા. ખાસ કરીને બે-ત્રણ બાબતો આંખે ઉડીને દેખાય છે તેને અહીં મૂકી છે જેમાં,

(૧) **શિક્ષણની તક :** શરૂઆતમાં ઘણું કરીને બાળક પાંચ-છ વર્ષ સુધીની ઉંમરમાં ઘરમાં કુટુંબીજનોની વચ્ચે માતાની છત્રછાયામાં જ રહેતું અને ગૃહપ્રવૃત્તિઓ દ્વારા બધુ શીખી લેતું. ધીમે ધીમે ઘરની વડીલ વ્યક્તિઓની ગેરહાજરીમાં પણ હૂંફ ભરેલું સલામત વાતાવરણ મળી રહે તે માટે આદિવાસી સમાજનાં બાળકોના વિકાસ અને હિતની તરફેણમાં રાજ્ય સરકારે પૂર્વ-પ્રાથમિક શિક્ષણની જરૂરી યોગ્ય વ્યવસ્થા માટે 'બાલવાડી' ઊભી કરી. જેના દ્વારા અનુસૂચિત જનજાતિનાં બાળકોને નાનપણથી જ શિક્ષણ તરફ રસ જાગે અને નાનપણથી જ સારા સંસ્કારોનું સિંચન થાય.

(૨) **શિક્ષણમાં નિયમિતતા અને સમયપાલન :** બાલવાડીમાં ચાર થી પાંચ કલાકનું શૈક્ષણિક વાતાવરણ જળવાઈ રહે છે. બાળકો વેકેશન તેમજ કોઈપણ આકસ્મિક કારણ સિવાય નિયમિત આવતા રહે છે. બાલવાડીને કારણે બાળકોમાં સમયપાલન આવ્યું છે. બાલવાડીમાં ચાલતી દરેક પ્રવૃત્તિઓ અમુક નિશ્ચિત સમયે જ થાય છે. આથી બાળકો પણ તે સમયના કાર્યક્રમમાં ભાગ લે છે.

(૩) **રહેણીકરણી :** પોતાનાં બાળકો ડાહ્યા થાય તેમજ વિવેકપૂર્ણ વર્તન કરે એમ સર્વે મા-બાપ ઈચ્છે છે. બાલવાડીમાં પૂર્વ-પ્રાથમિક શિક્ષણ લીધા પછી બાળકોનાં સાંસ્કૃતિક ઘડતરમાં પરિવર્તન આવે છે. (બાલવાડીમાં) બાળક બાળશિક્ષિકા તેમજ અન્ય બાળકો સાથે સંપર્કમાં આવતા કંઈ ને કંઈ મેળવે છે. ઘરમાં પણ મોટાઓનું સાંભળીને બાળક ભાષા બોલતા તેમજ અભિવ્યક્ત કરતાં શીખે છે. એનાં ફળ સ્વરૂપે તેનામાં શૈક્ષણિક, ધાર્મિક, સામાજિક તેમજ કુટુંબની વ્યક્તિઓ સાથેનાં વ્યવહારમાં પરિવર્તન આવે છે.

આમ આદિવાસી સમાજ પર બાલવાડીની અસર જોવા મળે છે. કદાચ તેમાં ક્યાંય ત્રુટી લાગે તો તેમાં સંલગ્નિત કાર્યકરોએ સક્રિય રીતે સુધારવા પ્રયત્ન કરવો જરૂરી છે.

કોઠા પરથી સ્પષ્ટ ખ્યાલ આવે છે કે બાલવાડીની આદિવાસી સમાજ પર સારી અસરની સાથે સાથે કેટલીક માઠી અસરો પણ (તેઓનાં અભિપ્રાય મુજબ) જાણવા મળી હતી. જેમાં આદિવાસી બાળકોને ગુજરાતી બોલી આવડતી નથી. તેને કારણે શારીરિક હાજરી હોય પણ માનસિક રીતે અસ્વસ્થ (અપસેટ)

રહે છે. જેથી તેનો માનસિક વિકાસ અટકે છે. તેવા અભિપ્રાય આપનાર ૩૨ બાલવાડીઓનાં વાલીઓ હતાં, ૩૧નાં અભિપ્રાય મુજબ બાળકોને પૂરતો નાસ્તો આપતા નથી. તેમજ બાલવાડીઓ કરતાં આંગણવાડી /વધુ સારી. તેમાં બાળકોનું ધ્યાન પૂરતું અપાય છે તેવા અભિપ્રાય આપતા ૧૯ વાલીઓ જોવા મળ્યા હતા.

### કોઠા નં.૩.૨૮

### બાલવાડીમાં પ્રવાસનું આયોજન

| ક્રમ | જિલ્લો | તાલુકાની સંખ્યા | ગામ/ બાલવાડીની સંખ્યા | પ્રવાસે લઈ જાઓ છો? | | | સ્થળ | | | | કેટલા દિવસનો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | હા | ના | કુલ | નદી કિનારે | મંદિર | તળાવ | બગીચો | |
| ૧. | સાબરકાંઠા | ૪ | ૧૨ | ૩ | ૯ | ૧૨ | ૨ | ૧ | - | - | ૧ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | ૧ | - | - | ૧ | - | - | - | ૧ |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | ૧ | - | ૧ | - | - | - | ૧ | ૧ |
| ૪. | ખેડા | ૧ | ૧ | ૧ | - | ૧ | - | ૧ | - | - | ૧ |
| ૫. | દાહોદ | ૩ | ૧૩ | ૨ | ૧૧ | ૧૩ | - | - | ૨ | - | ૧ |
| ૬. | નર્મદા રાજપીપળા | ૩ | ૧૦ | ૩ | ૭ | ૧૦ | ૧ | ૨ | - | - | ૧ |
| ૭. | સુરત | ૫ | ૭ | ૨ | ૫ | ૭ | ૧ | - | ૧ | ૧ | |
| | કુલ | ૧૮ | ૪૫ | ૧૩ | ૩૨ | ૩ | ૫ | ૩ | ૨ | - | |
| | ટકા | | | ૨૮.૮૯ | ૭૧.૧૧ | ૧૦૦ | ૨૩.૦૭ | ૩૮.૪૭ | ૨૩.૦૭ | ૧૫.૩૯ | |

નોંધ : (૧) એક દિવસનો પ્રવાસ (૨) બાલવાડીમાં હાજર રહેતા તમામ બાળકો (૩ કે ૪ મહિનામાં એક વખત) (૩) પ્રવાસ ખર્ચ રૂા.૩૦૦/- (ફક્ત અમદાવાદ) માટે રીક્ષા ભાડુ + નાસ્તો.

ઉપરોક્ત કોઠામાં દર્શાવ્યા મુજબ અભ્યાસ હેઠળની કુલ બાલવાડીઓમાંથી ૧૩ (૨૮.૨૯ ટકા) બાલવાડીઓનાં બાળકોને પ્રવાસે લઈ જવાનું આયોજન કરવામાં આવતું હતું અથવા પ્રવાસે લઈ જવામાં આવતા હતા, જ્યારે ૩૨ (૭૧.૧૧ ટકા) બાલવાડીમાં પ્રવાસનું કોઈ આયોજન કરવામાં આવતું નહતું.

પ્રવાસનાં આયોજન હેઠળની બાલવાડીઓ પૈકી જોઈએ તો ૬ (૪૬.૧૪ ટકા) અનુક્રમે ગામમાં બાલવાડીની નજીક નદી કિનારે ક્યારેક તળાવે, ૫ (૩૮.૪૭ ટકા) મંદિરે તેમજ ૨ (૧૫.૩૯ ટકા) બગીચા જેવા સ્થળોએ રમણિય વાતાવરણમાં બાળકોને માત્ર એક દિવસના પ્રવાસે લઈ જતા હતા.

કોઠા નં. ૩.૨૯

ભોજન માટે મળતા પૈસાની વિગત

| ક્રમ | જિલ્લો | તાલુકાની સંખ્યા | ગામ/ બાલવાડીની સંખ્યા | નાસ્તાના પૈસા પૂરા મળે છે | | |
|---|---|---|---|---|---|---|
| | | | | હા | દ્વિધાત્મક પરિસ્થિતિમાં (અસ્પષ્ટ) | કુલ |
| ૧. | સાબરકાંઠા | ૪ | ૧૨ | ૭ | ૫ | ૧૨ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | - | ૧ | - |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | ૧ | - | ૧ |
| ૪. | ખેડા | ૧ | ૧ | ૧ | - | ૧ |
| ૫. | દાહોદ | ૩ | ૧૩ | ૧૧ | ૨ | ૧૩ |
| ૬. | નર્મદા | ૩ | ૧૦ | ૬ | ૪ | ૧૦ |
| ૭. | સુરત | ૫ | ૭ | ૪ | ૩ | ૭ |
| | કુલ | ૧૮ | ૪૫ | ૩૦ | ૧૫ | ૪૫ |
| | ટકા | | | ૬૬.૬૭ | ૩૩.૩૩ | ૧૦૦.૦૦ |

નોંધ :

(૧) ભોજન માટે અપાતા પૈસા બાળકોની સંખ્યા મુજબ જોતાં ઓછા પડે છે. (૨) બાકીનો ખર્ચ સંસ્થા અથવા સંચાલિકા ભોગવે. (૩) અન્ય તરફથી મળતા અનુદાનની રકમ ભોજન માટે વાપરવામાં આવે છે.

ઉપરોક્ત કોઠામાં જણાવ્યા અનુસાર અભ્યાસમાં આવરેલ કુલ બાલવાડીમાંથી ૩૦ (૬૬.૬૭ ટકા) બાલવાડીઓને નાસ્તા માટે પૈસા પૂરા મળતા હતા. (૯૦ ટકા ઉપર નાસ્તાની ગ્રાન્ટ ફાળવવામાં આવતી હતી.) જ્યારે ૧૫ (૩૩.૩૩ ટકા) બાલવાડીઓને આ પ્રકારની ગ્રાન્ટ મેળવવાના પ્રશ્ન અંગે દ્વિધાત્મક પરિસ્થિતિમાં અનુત્તર રહ્યા હતા.

બાલવાડીમાં અપાતા નાસ્તાની ગ્રાન્ટ પેટે જોતાં એક બાલવાડીને માસિક રૂ. ૩૫૦-૦૦ લેખે (સાડા દસ માસના) અભ્યાસ હેઠળની કુલ બાલવાડીઓનાં બાળકોમાં એક બાળકદીઠ ૦.૪૭ ન.પૈસા ચૂકવવામાં આવતી હતી. નાસ્તા ખર્ચ, બળતણ, દળામણ તેમજ વીજળીનો ખર્ચ પણ આ રકમમાંથી જ કરવામાં આવતો હતો. આવા મોંઘવારીનાં સમયમાં આ આટલી ઓછી રકમમાં બાળકોને પૂરતો અને પૌષ્ટિક નાસ્તો આપવાની વ્યવસ્થા સચવાતી ન હતી.

**બાલવાડીમાં થતું નિરીક્ષણ :**

અભ્યાસ હેઠળની બાલવાડીઓનું નિરંતર નિરીક્ષણ થવું જોઈએ કારણકે બાલવાડીઓમાં પૂર્વ /પ્રાથમિક શિક્ષણ મેળવતા બાળકોનાં મા-બાપ તેમજ બાલવાડીની કામગીરી સાથે જોડાયેલ તમામ' અધિકારીશ્રીઓ બાળકોનાં માનસિક તથા શારીરિક પ્રશ્નો અંગે ચિંતીત અથવા વ્યથિત હોય છે. જેથી તેઓ આ બાબતે અવાર-નવાર નિરીક્ષણ માટે બાલવાડીની મુલાકાતે આવતા હોય છે.

અભ્યાસ હેઠળની તમામ બાલવાડીઓમાં અવાર-નવાર નિરીક્ષણ થતું હતું. જેમાં ૨૩ બાલવાડીઓમાં મદદનીશ સમાજકલ્યાણ અધિકારી, ૧૭ બાલવાડીઓમાં સંસ્થાના સંચાલકશ્રી, ૧૬ બાલવાડીઓમાં જિલ્લા તકેદારી અધિકારી શ્રી, ૫ બાલવાડીઓમાં ખાતાકીય વડા અથવા કર્મચારી, ૨ બાલવાડીમાં સંગઠન મંત્રી, ૧ બાલવાડીમાં બાલવાડી ચલાવતા યુવક મંડળના પ્રમુખ તેમજ માજી ધારાસભ્ય નિયમાનુસારનું આદિવાસી વિસ્તારમાં અભ્યાસ હેઠળની બાલવાડીઓનું નિરીક્ષણ કરવા માટે આવતા હતા. તેવું જાણવા મળ્યું હતું.

### કોઠા નં ૩.૩૦
### બાલવાડીનાં નિરીક્ષણ અંગેની વિગત

| ક્રમ | જિલ્લો | તાલુકાની સંખ્યા | ગામ/ બાલવાડીની સંખ્યા | નિરીક્ષણ થાય છે. | | | નિરીક્ષણ કરનાર | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | હા | ના | કુલ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી | તકેદારી અધિકારી | ખાતાકીય વડા / કર્મચારી | સંચાલક | સંગઠન મંત્રી | જીલ્લા પ.વ.ક. | યુવક મંડળના પ્રમુખ | માજી ધારાસભ્ય |
| ૧. | સાબરકાંઠા | ૪ | ૧૨ | ૧૨ | - | ૧૨ | - | ૩ | ૬ | ૨ | ૧ | - | - | - |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | ૧ | - | ૧ | - | - | - | ૧ | - | - | - | - |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | ૧ | - | ૧ | ૧ | ૧ | - | ૧ | ૧ | - | - | - |
| ૪. | ખેડા | ૧ | ૧ | ૧ | - | ૧ | - | - | ૧ | ૧ | - | - | - | - |
| ૫. | દાહોદ | ૩ | ૧૩ | ૧૩ | - | ૧૩ | ૯ | ૬ | - | ૬ | - | - | - | - |
| ૬. | નર્મદા | ૩ | ૧૦ | ૧૦ | - | ૧૦ | ૮ | ૪ | ૩ | ૭ | - | - | - | - |
| ૭. | સુરત | ૫ | ૭ | ૭ | - | ૭ | ૫ | ૨ | - | - | - | - | ૧ | ૧ |
| | કુલ | ૧૮ | ૪૫ | ૪૫ | - | ૪૫ | ૨૩ | ૧૬ | ૫ | ૧૭ | ૨ | - | ૧ | ૧ |

કોઠા નં ૩.૩૦/૧ (ચાલુ)
વર્ષ દરમિયાન થતું નિરીક્ષણ

| ક્રમ | જિલ્લો | તાલુકાની સંખ્યા | ગામ/ બાલવાડીની સંખ્યા | મ.સમાજકલ્યાણ અધિકારી | | | તકેદારી અધિકારી | | | ખાતાકીય વડા તથા કર્મચારી | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | એક વાર | બે વાર | ત્રણ થી વધુ | એક વાર | બે વાર | ત્રણ થી વધુ | એક વાર | બે વાર | ત્રણ થી વધુ |
| ૧. | સાબરકાંઠા | ૪ | ૧૨ | - | - | - | - | - | - | - | ૩ | ૩ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | ૧ | - | - | ૧ | - | - | - | - | - |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | - | - | - | - | - | - | - | - | - |
| ૪. | ખેડા | ૧ | ૧ | - | - | - | - | - | - | - | - | - |
| ૫. | દાહોદ | ૩ | ૧૩ | - | - | - | - | ૪ | - | - | - | - |
| ૬. | નર્મદા | ૩ | ૧૦ | - | - | - | - | - | ૪ | - | ૩ | - |
| ૭. | સુરત | ૫ | ૭ | - | ૩ | - | - | ૨ | - | - | - | - |
| | કુલ | ૧૮ | ૪૫ | ૧ | ૩ | - | ૧ | ૬ | ૪ | - | ૬ | ૩ |

## કોઠા નં ૩.૩૦/૧ (ચાલુ)
## વર્ષ દરમિયાન થતું નિરીક્ષણ

| ક્રમ | જિલ્લો | સંચાલક | | | સંગઠન મંત્રી | | | જિલ્લા પ.વ.ક. | | | યુવક મંડળ પ્રમુખ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | એક વાર | બે વાર | ત્રણ થી વધુ | એક વાર | બે વાર | ત્રણ થી વધુ | એક વાર | બે વાર | ત્રણ થી વધુ | એક વાર | બે વાર | ત્રણ થી વધુ |
| ૧. | સાબરકાંઠા | - | - | - | - | ૧ | - | - | - | ૨ | - | - | - |
| ૨. | ગાંધીનગર | - | - | ૧ | - | - | - | - | - | - | - | - | - |
| ૩. | અમદાવાદ | - | - | ૧ P.M. | - | ૧ | - | - | - | - | - | - | - |
| ૪. | ખેડા | - | - | ૧ P.M. | - | - | - | - | - | - | - | - | - |
| ૫. | દાહોદ | - | - | ૬ | - | - | - | - | - | ૯ | - | - | - |
| ૬. | નર્મદા | - | - | ૬ | - | - | - | - | - | - | - | - | - |
| ૭. | સુરત | - | ૨ | - P.M. | - | - | - | - | - | ૧ | ૨ માજી ધારાસભ્ય | - | |
| | કુલ | - | - | ૧૭ | - | ૨ | - | - | - | ૧૧ | ૧ | ૨ | - |

ઉપરોક્ત વિગતો અનુસાર બાલવાડીની તપાસ કરનાર મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી ત્રણ બાલવાડીઓમાં વર્ષમાં બેવાર અને એક બાલવાડીમાં વર્ષમાં એકવાર નિરીક્ષણ માટે આવતાં હતા. જયારે તકેદારી અધિકારી છ બાલવાડીમાં વર્ષમાં બે વાર, ચાર બાલવાડીમાં ત્રણથી વધુ વાર અને એક બાલવાડીમાં , એકવાર નિરીક્ષણ માટે જતાં હતાં. તે જ પ્રમાણે ખાતાકીય વડાશ્રી છ બાલવાડીઓમાં વર્ષજાં બેવાર અને ૩ બાલવાડીઓમાં ત્રણ થી વધુ વખત નિરીક્ષણ માટે આવતાં હતા. સંસ્થાના સંચાલક શ્રી ૧૭ બાલવાડીમાં વર્ષમાં ત્રણથી વધુ વખત નિરીક્ષણ માટે જતાં હતાં. સંગઠનમંત્રી વર્ષમાં બે વાર નિરીક્ષણ માટે આવતાં હતાં. તેમજ જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી ૧૧ બાલવાડીમાં ત્રણથી વધુ વખત નિરીક્ષણ માટે જતાં હતા. જયારે બાલવાડી ચલાવનાર યુવકમંડળના પ્રમુખ વર્ષના એકથી બે વખત બાલવાડીની મુલાકાતે આવતાં હોવાનું જાણવા મળ્યું હતું.

**(૭) બાલવાડી ચલાવતી સ્વૈચ્છિક સંસ્થાને મળતી ગ્રાન્ટ :**

રાજયમાં સરકારશ્રીનાં અનુદાનની સહાય હેઠળ બાલવાડીઓ ચલાવવામાં આવે છે. મોટાભાગની બાલવાડીઓ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલે છે. આ સંસ્થાઓને મળતી ગ્રાન્ટ નિયમીત મળે છે કે કેમ ? તેની ગણતરી શામાં કરવામાં આવે છે? તે જોવા પ્રયત્ન કરીશું.

ગુજરાત રાજયમાં સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચલાવાતી આદિજાતિનાં બાળકો માટેની બાલવાડીની માન્યતા અને સહાયક ગ્રાન્ટ આપવાને લગતા નિયમોમાં વખતોવખત સુધારા-વધારા થતા રહ્યા છે. સરકાર તરફથી મળતી સંસ્થાઓને ગ્રાન્ટ નિયમીત રીતે ચૂકવવામાં આવે છે અને ગ્રાન્ટનો ઉપયોગ ક્યારે અને કેવી રીતે કરવામાં આવે છે ? તેની વિગતવાર માહિતી નીચે પ્રમાણે છે.

કોઠા નં.૩.૩૧

બાલવાડી ચલાવતી સંસ્થાને મળતી ગ્રાન્ટ

| ક્રમ | જિલ્લા | તાલુકાની સંખ્યા | ગામ/ બાલવાડીની સંખ્યા | ગ્રાન્ટ નિયમીત મળે છે? (દર ત્રણ માસે) | | |
|---|---|---|---|---|---|---|
| | | | | હા | ના | કુલ |
| ૧. | સાબરકાંઠા | ૪ | ૧૨ | ૧૨ | - | ૧૨ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | ૧ | - | ૧ |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | ૧ | - | ૧ |
| ૪. | ખેડા | ૧ | ૧ | ૧ | - | ૧ |
| ૫. | દાહોદ | ૩ | ૧૩ | ૧૩ | - | ૧૩ |
| ૬. | નાંદોદ | ૩ | ૧૦ | ૧૦ | - | ૧૦ |
| ૭. | સુરત | ૫ | ૭ | ૭ | - | ૭ |
| | કુલ | ૧૮ | ૪૫ | ૪૫ | - | ૪૫ |

નોધ: ગ્રાન્ટની ગણતરી

(૧) સંચાલિકાનો પગાર

(૨) તેડાગરનો પગાર

(૩) બાળકોનો નાસ્તો

(૪) મકાન ભાડુ

(૫) શૈક્ષણિક સાધનોનો ખર્ચ

(૬) પરચુરણ ખર્ચ

ઉપરોક્ત કોઠામાં દર્શાવ્યા મુજબ અભ્યાસ હેઠળની દરેક બાલવાડી ચલાવતી સંસ્થાને બાલવાડી માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટ નિયમ અનુસાર દર ત્રણ માસે ચૂકવવામાં આવે છે. આ ગ્રાન્ટનો ઉપયોગ સંચાલિકા અને તેડાગર બહેનોનો પગાર, બાળકોને અપાતો નાસ્તો, મકાનભાડુ, શૈક્ષણિક સાધનોનાં ખર્ચ તેમજ પરચુરણ ખર્ચ વગેરે પાછળ કરવામાં આવતો હતો. આ માટેનાં નિયમો સંસ્થાના સંચાલકોએ તેમજ બાલવાડીના સભ્યોએ પાળવાનાં હોય છે.

કોઠા નં.૩.૩૨

બાલવાડી ચલાવનાર સંસ્થાને અનુદાનનીરકમ સમયસર મળે છે ?

| ક્રમ | જિલ્લો | તાલુકાની સંખ્યા | ગામ/ બાલવાડીની સંખ્યા | હા | સમયસર મેળવવામાં મુશ્કેલી | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૪ | ૧૨ | ૫ | ૭ | ૧૨ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | ૧ | - | ૧ |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | - | ૧ | ૧ |
| ૪. | ખેડા | ૧ | ૧ | ૧ | - | ૧ |
| ૫. | દાહોદ | ૩ | ૧૩ | ૫ | ૮● | ૧૩ |
| ૬. | નાંદોદ | ૩ | ૧૦ | - | ૧૦ | ૧૦ |
| ૭. | સુરત | ૫ | ૭ | ૪ | ૩ | ૭ |
| | કુલ | ૧૮ | ૪૫ | ૧૬ | ૨૯ | ૪૫ |
| | ટકા | | | ૩૫.૫૬ | ૬૪.૪૪ | ૧૦૦.૦૦ |

● નોંધ : દાહોદ જિલ્લાની ૮માંથી ૨ બાલવાડીને પહેલા મળતી હતી હવે નથી મળતી.

બાલવાડી ચલાવનાર સ્વૈચ્છિક સંસ્થાને અનુદાનની રકમ સમયસર મળે છે કે નહિ તે અંગે જોતાં અભ્યાસ હેઠળની બાલવાડીમાંથી ૨૯(૬૪.૪૪ ટકા) બાલવાડી ચલાવનાર સ્વૈચ્છિક સંસ્થાઓને અનુદાનની રકમ અથવા (બાલવાડી ચલાવવા માટે અપાતી) સહાયક ગ્રાન્ટની રકમ સમયસર મેળવવામાં મુશ્કેલી પડતી હતી. જ્યારે ૧૬ (૩૫.૫૬ ટકા) બાલવાડીઓને આ રકમ સમયસર મળતી હોવાનું જાણવા મળ્યું હતું.

## કોઠા નં ૩.૩૩
## અનુદાન મેળવવામાં પડતી મુશ્કેલી

| ક્રમ | જિલ્લો | તાલુકાની સંખ્યા | ગામ/બાલવાડીની સંખ્યા | તકલીફ પડે છે ? | | | 'હા' તો કેવી | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | હા | ના | કુલ | અવાર નવાર ધક્કા ખાવા પડે | આવવા-જવાનું ભાડુ થાય | ઉપરાંત સમય પણ બગડે |
| ૧. | સાબરકાંઠા | ૪ | ૧૨ | ૭ | ૫ | ૧૨ | ૪ | ૩ | ૭ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | - | ૧ | ૧ | - | - | - |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | ૧ | - | ૧ | - | ૧ | ૧ |
| ૪. | ખેડા | ૧ | ૧ | - | ૧ | ૧ | - | - | - |
| ૫. | દાહોદ | ૩ | ૧૩ | ૮ | ૫ | ૧૩ | ૫ | ૩ | ૮ |
| ૬. | નર્મદા | ૩ | ૧૦ | ૧૦ | - | ૧૦ | ૭ | ૩ | ૧૦ |
| ૭. | સુરત | ૫ | ૭ | ૩ | ૪ | ૭ | ૨ | ૧ | ૩ |
| | કુલ | ૧૮ | ૪૫ | ૨૯ | ૧૬ | ૪૫ | ૧૮ | ૧૧ | ૨૯ |
| | ટકા | | | ૬૪.૪૪ | ૩૫.૫૬ | ૧૦૦ | ૬૨.૦૬ | ૩૭.૯૪ | ૧૦૦ક |

અનુદાન માટે મળવાપાત્ર રકમ સમયસર મેળવવામાં પડતી મુશ્કેલી અંગે જોતાં ૨૯ બાલવાડીઓમાંથી ૧૮ (૬૨.૦૬ ટકા) બાલવાડીઓને આ ગ્રાન્ટ મેળવવા અવાર-નવાર ધક્કા ખાવા પ્રડતાં હતાં. જ્યારે ૧૧ (૩૭.૯૪ ટકા) બાલવાડીઓને બાલવાડી ચલાવનાર સંચાલકને આવવા-જવાનું ભાડુ ખર્ચવું પડતું અને સમય પણ બગડતો હોવાનું જણાવતાં હતાં.

**અનુદાનની મળવાપાત્ર રકમ કરતાં ખર્ચ વધે તો (તે રકમ) મેળવવાનાં સોર્સ :**

બાલવાડીમાં અનેક પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે. જેનાં સમજપૂર્વક એકબીજાનાં સહકારથી ઉકેલ કરવાનો હોય છે. બાલવાડીનાં સંચાલનમાં સીધો અથવા આડકતરો ફાળો કર્મચારીઓનો હોય છે. બાલવાડીનું વ્યવસ્થિત સંચાલન બાળકોનાં વિકાસ માટે જરૂરી બને છે. જેવી કે શૈક્ષણિક સાધનો, રમવાના સાધનો, બાળકોને અપાતો નાસ્તો, સ્ટેશનરી તેમજ અન્ય ખર્ચ વગેરેમાં બાલવાડીને મળતી અનુદાનની રકમ કરતાં જો ખર્ચ વધી જાય તો તે બીજાઓની મદદથી પણ સંસ્થાનું સંચાલન થાય તે આવશ્યક છે. બીજુ કે આર્થિક કારણોસર બાળકોને પૂરતી શૈક્ષણિક સગવડો ઓછી મળે એટલે તેમનાં શૈક્ષણિક વિકાસનાં પ્રશ્નો ઉભો થાય. પગારદાર સેવકોને પણ સમયસર પૂરું વેતન ન મળે. વગેરે અનેક આર્થિક બાબતોને લગતા પ્રશ્નોને લીધે બાલવાડીનું સંચાલન ખોરંભે પડે. તો આવા સમયે આર્થિક મુશ્કેલી નિવારવા સંસ્થાએ મળવાપાત્ર અનુદાનની રકમ કરતાં વધુ ખર્ચ કરવો પડતો હોઈ તે રકમ સંસ્થાનાં ફંમાંથી બાલવાડી માટેમળેલ દાનમાંથી અથવા સંચાલક પોતે ભોગવતા હોય છે.

કોઠા નં ૩.૩૪

**સૌથી વધુ ખર્ચ**

| ક્રમ | જિલ્લો | તાલુકાની સંખ્યા | ગામ/ બાલવાડીની સંખ્યા | સ્ટેશનરી | બાળકોના નાસ્તા | રમવાના સાધનો | શૈક્ષણીક સાધનો | કુલ | અન્ય ખર્ચ વધુ નથી કરતા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૪ | ૧૨ | ૩ | ૫ | - | - | ૮ | ૨ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | - | ૧ | ૧ | ૧ | ૩ | - |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | - | ૧ | ૧ | ૧ | ૩ | - |
| ૪. | ખેડા | ૧ | ૧ | - | ૧ | - | ૧ | ૨ | - |
| ૫. | દાહોદ | ૩ | ૧૩ | ૨ | ૮ | - | - | ૧૦ | ૨ |
| ૬. | નર્મદા | ૩ | ૧૦ | - | ૬ | - | - | ૬ | ૨ |
| ૭. | સુરત | ૫ | ૭ | - | ૫ | - | - | ૫ | ૨ |
| | કુલ | ૧૮ | ૪૫ | ૫ | ૨૭ | ૨ | ૩ | ૩૭ | ૮ |
| | ટકા | | | ૧૩.૫૨ | ૭૨.૯૮ | ૫.૪૦ | ૮.૧૦ | ૧૦૦.૦૦ | |

નોંધઃ જવાબ એક કરતાં વધુ

ઉપરોક્ત કોઠાનું વિશ્લેષણ કરતાં જણાય છે કે અભ્યાસમાં પસંદ કરેલ બાલવાડીઓમાં ૨૭ (૭૨.૯૮ ટકા) બાલવાડીઓમાં બાળકોના નાસ્તા પેટે સૌથી વધુ ખર્ચ થતો હોય તેમ જાણવા મળ્યું હતું. જ્યારે ૫(૧૩.૫૨ ટકા) બાલવાડીઓમાં સ્ટેશનરી માટે, ૩ (૮.૧૦ ટકા) બાલવાડીઓ શૈક્ષણિક સાધનો , માટે અને ૨ (૫.૪૦ ટકા) બાલવાડીઓ રમવાનાં સાધનો માટે ખર્ચ કરતી હોવાનું જણાયું હતું.

**કોઠા નં.૩.૩૫**

**અનુદાનની રકમ કરતાં ખર્ચ વધે તો રકમ મેળવવાનાં સોર્સ**

| ક્રમ | જિલ્લો | તાલુકાની સંખ્યા | ગામ/ બાલવાડીની સંખ્યા | દાનમાંથી | સંસ્થાને ફંડમાંથી | સંચાલક પોતે ભોગવે |
|---|---|---|---|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૪ | ૧૨ | - | ૧૨ | - |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૪. | ખેડા | ૧ | ૧ | - | ૧ | - |
| ૫. | દાહોદ | ૩ | ૧૩ | - | ૫ | ૮ |
| ૬. | નર્મદા | ૩ | ૧૦ | ૩ | ૬ | ૧ |
| ૭. | સુરત | ૫ | ૭ | - | ૫ | ૩ |
| | કુલ | ૧૮ | ૪૫ | ૫ | ૩૧ | ૧૪ |

**નોંધ:**

(૧) એક કરતાં વધુ જવાબ

(૨) સુરત જિલ્લાની બાલવાડીઓમાં જૈન સંવત્સરી વખતે બાળકોને સ્લેટ,પેન, પેન્સીલ વગેરે વહેંચવામાં આવે છે.

બાલવાડી ચલાવનાર સંસ્થાને નિયમ અનુસાર મળતી અનુદાનની રકમ કરતાં ખર્ચ વધે તો રકમ મેળવવાના અન્ય સોર્સ અંગે ઉપરોક્ત કોઠા નં.૩.૩૫ પરથી સ્પષ્ટ જોઈ શકાશ કે ૩૧ બાલવાડી, અનુદાનની રકમ કરતાં ખર્ચ વધે તો સંસ્થાના ફંડમાંથી એ રકમ ખર્ચ કરતાં હતા. જયારે ૧૪ બાલવાડીઓમાં વધારાનો ખર્ચ સંચાલક પોતે ભોગવતાં હતા. તેમજ ૫ બાલવાડીઓમાં આ વધારાનું ખર્ચ બાલવાડી માટે મળેલ દાનમાંથી કરતા હતા. આ દાન, ખાસ કરીને જૈન સંવત્સરી વખતે આપવામાં આવતું હતું. તેમ જાણવા મળ્યું હતું. બાલવાડી માટે કોઈપણ પ્રકારની વિદેશી સહાય મળતી નહતી.

**(૮) વહીવટી બાબતો :**

**કર્મચારીઓની મિટીંગ :**

બાલવાડીની મુશ્કેલી, ભૌતિક સગવડો, વહીવટી બાબતો તેમજ સંચાલન સરળ બને તે માટે વ્યવસ્થિત નિયમો તેમજ અન્ય કેટલાંક આકસ્મિક પ્રશ્નોનાં નિરાકરણ માટે સંચાલન સમિતિ એટલે કે કર્મચારીઓની મિટીંગ જરૂરી બને છે. તેમજ બાલવાડી સંચાલન વ્યવસ્થામાં આર્થિક મુશ્કેલી નિવારવા માટે જરૂરી અને તાકીદે લેવાતા આ પગલાં અંગેની વિગત જોઈશું.

## કોઠા નં ૩.૩૬
## કર્મચારીઓની મિટીંગ

| ક્રમ | જિલ્લો | તાલુકાની સંખ્યા | ગામ/બાલવાડીની સંખ્યા | બે મહિને | | | છ મહિને | | | વાર્ષિક | | | (આકસ્મિક) કોઇ પ્રશ્ન ઉભો થાય ત્યારે | | | ગ્રામ પંચાયતની મિટીંગ થાય ત્યારે |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | એક વાર | બે વાર | ત્રણ વાર | એક વાર | બે વાર | ત્રણ વાર | એક વાર | બે વાર | ત્રણ વાર | એક વાર | બે વાર | ત્રણ વાર | |
| ૧. | સાબરકાંઠા | ૪ | ૧૨ | - | - | ૨ | ૩ | - | - | ૨ | - | - | - | ૧ | - | ૧ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૪. | ખેડા | ૧ | ૧ | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૫. | દાહોદ | ૩ | ૧૩ | ૮ | ૪ | - | - | - | - | - | - | - | ૨ | - | - | - |
| ૬. | નર્મદા | ૩ | ૧૦ | - | - | - | - | - | - | ૪ | - | - | ૬ | - | - | - |
| ૭. | સુરત | ૫ | ૭ | - | - | - | ૧ | - | - | - | ૨ | - | ૪ | - | - | - |
| | કુલ | ૧૮ | ૪૫ | ૧૧ | ૪ | ૨ | ૪ | - | - | ૬ | ૨ | - | ૧૨ | ૧ | - | ૧ |

નોંધ : દાહોદ જિલ્લામાં વર્ષે એક વખત અધિવેશન રાખવામાં આવે છે.

ઉપરોક્ત કોઠામાં જણાવ્યા અનુસાર અભ્યાસ હેઠળની કુલ બાલવાડીઓ પૈકી ૧૧ બાલવાડીઓનાં કર્મચારીઓની મિટીંગ બે મહિને એકવાર , બે વાર મિટીંગ થતી હોય તેવી ૪ અને ત્રણ વાર મિટીંગ થતી હોય તેવી ૨ બાલવાડીઓ જોવા મળી હતી. તે જ પ્રમાણે છ મહિને ફક્ત એકવાર મિટીંગ બોલાવાતી હોય , તેવી ૪ બાલવાડીઓ જોવા મળી હતી. જયારે વર્ષમાં એક વાર મિટીંગ થતી હોય તેવી ૬ બાલવાડીઓ, બે વાર મિટીંગ થતી હોય તેવી ૨ બાલવાડીઓ જોવા મળી હતી.

ઉપરોક્ત માહિતીની ઊંડાણથી તપાસ કરી ત્યારે એવું પણ જોવામાં આવ્યું કે બાલવાડીમાં આકસ્મિક કોઈ પ્રશ્ન ઉભો થાય ત્યારે તરત જ કર્મચારીઓની મિટીંગ કરતી ૧૨ બાલવાડીઓ જોવા મળી હતી અને બે વાર મિટીંગ કરતી ૧ બાલવાડી જોવા મળી હતી. જયારે ગ્રામ પંચાયતની મિટીંગ વખતે (બાલવાડીઓનાં કર્મચારીઓની પણ) મિટીંગ કરતી ૧ બાલવાડી જોવા મળી હતી.

બાલવાડીનાં કર્મચારીઓનો અસંતોષ નિવારવા થતાં પ્રયત્નો અભ્યાસ હેઠળની બાલવાડીઓ પૈકી ૩૧ (૬૮.૮૯ ટકા) બાલવાડીઓનાં કર્મચારીઓને અસંતોષ હોય તેવું જાણવા મળ્યું હતું. જયારે ૧૪ (૩૧.૧૧ ટકા) બાલવાડીઓનાં કર્મચારીઓને અસંતોષ ન હતો.

કોઠા ઉપરથી સ્પષ્ટ ખ્યાલ આવે છે કે કર્મચારીઓનો અસંતોષ નિવારવા ૨૫ બાલવાડીઓમાં સમજૂતી દ્વારા તેમનાં પ્રશ્નો હલ કરવામાં આવતા હતાં. જયારે ૬ બાલવાડીઓનાં કર્મચારીઓનાં પ્રશ્નોમાં તેમની કોઈ ફરિયાદ ધ્યાનમાં લેવામાં આવતી ન હતી તેવું જાણવા મળ્યું હતું.

અસંતોષ અંગેનાં કારણો જોતાં (૧) પગાર અનિયમિત (૨) બાલવાડીમાં પૂરતી સગવડ મળતી ન હતી.

## કોઠા નં ૩.૩૭
## કર્મચારીઓનો અસંતોષ નિવારવા થતાં પ્રયત્નો

| ક્રમ | જિલ્લો | તાલુકાની સંખ્યા | ગામ/ બાલવાડીની સંખ્યા | તકલીફ પડે છે ? | | | ફરિયાદ ધ્યાનમાં નથી લેતા | સમજૂતી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | હા | ના | કુલ | | | |
| ૧. | સાબરકાંઠા | ૪ | ૧૨ | ૯ | ૩ | ૧૨ | ૨ | ૭ | ૯ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | - | ૧ | ૧ | - | - | - |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | ૧ | - | ૧ | - | ૧ | ૧ |
| ૪. | ખેડા | ૧ | ૧ | ૧ | - | ૧ | - | ૧ | ૧ |
| ૫. | દાહોદ | ૩ | ૧૩ | ૮ | ૫ | ૧૩ | ૨ | ૬ | ૮ |
| ૬. | નર્મદા | ૩ | ૧૦ | ૮ | ૨ | ૧૦ | ૧ | ૭ | ૮ |
| ૭. | સુરત | ૫ | ૭ | ૪ | ૩ | ૭ | ૧ | ૩ | ૪ |
| | કુલ | ૧૮ | ૪૫ | ૩૧ | ૧૪ | ૪૫ | ૬ | ૨૫ | ૩૧ |
| | ટકા | | | ૬૮.૮૯ | ૩૧.૧૧ | ૧૦૦ | ૧૯.૩૫ | ૮૦.૬૫ | ૧૦૦ |

નોંધ :

અસંતોષનાં કારણો

(૧) પગાર અનિયમિત મળવાને કારણે

(૨) બાલવાડીમાં પૂરતી સગવડ નથી.

### કોઠા નં ૩.૩૮
### સંચાલનમાં આર્થિક મુશ્કેલી નિવારવા માટે થતી વ્યવસ્થા

| ક્રમ | જિલ્લો | તાલુકાની સંખ્યા | ગામ/ બાલવાડીની સંખ્યા | મુશ્કેલી પડે છે ? | | | તકેદારીશ્રીને જણાવીએ | સંસ્થા પોતે ભોગવે | સરકારને અવાર-નવાર કહીએ છીએ | હાલમાં નિવારવા અશક્ય છે. | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | હા | ના | કુલ | | | | | |
| ૧. | સાબરકાંઠા | ૪ | ૧૨ | ૧૨ | - | ૧૨ | - | ૧૦ | ૨ | - | ૧૨ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | ૧ | - | ૧ | - | ૧ | - | - | ૧ |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | ૧ | - | ૧ | - | ૧ | - | - | ૧ |
| ૪. | ખેડા | ૧ | ૧ | ૧ | - | ૧ | - | ૧ | - | - | ૧ |
| ૫. | દાહોદ | ૩ | ૧૩ | ૧૩ | - | ૧૩ | ૨ | ૫ | ૨ | ૪ | ૧૩ |
| ૬. | નર્મદા | ૩ | ૧૦ | ૧૦ | - | ૧૦ | ૧ | ૪ | ૩ | ૨ | ૧૦ |
| ૭. | સુરત | ૫ | ૭ | ૭ | - | ૭ | - | ૫ | ૧ | ૧ | ૭ |
| | કુલ | ૧૮ | ૪૫ | ૪૫ | - | ૪૫ | ૩ | ૨૭ | ૬ | ૯ | ૪૫ |
| | ટકા | | | | | | ૬.૬૭ | ૬૦.૦૦ | ૧૩.૩૩ | ૨૦.૦૦ | ૧૦૦ |

બાલવાડીનાં સંચાલનમાં પડતી આર્થિક મુશ્કેલી નિવારવા લેવાતા પગલાં અંગે ઉપરોક્ત કોઠામાં દર્શાવ્યા મુજબ અભ્યાસ હેઠળની તમામ બાલવાડીઓનાં સંચાલનમાં આર્થિક મુશ્કેલી નડતી હોવાનું જાણવા મળ્યું હતું. આ મુશ્કેલી નિવારવા ૨૭(૬૦.૦૦ ટકા) બાલવાડીઓ એવી જોવા મળી હતી કે જેનો આર્થિક ખર્ચ સંસ્થા ભોગવતી હતી, જયારે ૯(૨૦.૦૦ ટકા) બાલડીઓમાં આ પ્રકારની મુશ્કેલી હાલમાં નિવારવી અશક્ય છે. ૬ (૧૩.૩૩ ટકા) બાલવાડીઓનાં પશ્નો સરકારને અવાર-નવાર રજૂ કરતા હોવાનું જણાવતા હતા. જયારે ૩ (૬.૬૭ ટકા) બાલવાડીઓની આર્થિક મુશ્કેલી જે તે જિલ્લા તકેદારીશ્રીને જણાવતા હોવાનું જાણવા મળ્યું હતું.

અહીં એક વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે કે (૧) કેટલીક બાલવાડીઓનાં કર્મચારીઓને આ બાબતે અસંતોષ છે, પરંતુ સંસ્થાના સંચાલકશ્રીનાં જણાવ્યા અનુસાર સંસ્થાની આર્થિક મુશ્કેલી સમજી શકતા નથી. (૨) દાહોદ જિલ્લાની કેટલીક બાલવાડીઓમાં આવતા નિર્દોષ બાળકોનાં નિસાસા ન લાગે એટલે કે બાળકોની લાગણીને કારણે સંચાલક પોતે ખર્ચ ભોગવતા હતાં. સંસ્થાનું વ્યવસ્થિત સંચાલન થાય તે માટે અધિકારીઓનો સહયોગ પણ મળી રહેતો હોવાનું જણાવતા હતા.

**કોઠા નં.૩.૩૯**

**સંસ્થાના સંચાલનમાં અધિકારીઓનો સહયોગ**

| ક્રમ | જિલ્લો | તાલુકાની સંખ્યા | ગામ/ બાલવાડીની સંખ્યા | સહયોગ મળે છે ? | | |
|---|---|---|---|---|---|---|
| | | | | હા | નિરુત્તર | કુલ |
| ૧. | સાબરકાંઠા | ૪ | ૧૨ | ૯ | ૩ | ૧૨ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | ૧ | - | ૧ |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | ૧ | - | ૧ |
| ૪. | ખેડા | ૧ | ૧ | ૧ | - | ૧ |
| ૫. | દાહોદ | ૩ | ૧૩ | ૪ | ૯ | ૧૩ |
| ૬. | નાંદોદ | ૩ | ૧૦ | ૬ | ૪ | ૧૦ |
| ૭. | સુરત | ૫ | ૭ | ૬ | ૧ | ૭ |
| | **કુલ** | **૧૮** | **૪૫** | **૨૮** | **૧૭** | **૪૫** |
| | **ટકા** | . | | **૬૨.૨૨** | **૩૭.૭૮** | **૧૦૦.૦૦** |

બાલવાડી ચલાવનાર સંસ્થાના સંચાલનમાં અધિકારીઓનાં સહયોગ વિષે ઉપરોક્ત કોઠા પરથી જણાય છે કે કુલ બાલવાડીઓ પૈકી ૨૮(૬૨.૨૨ ટકા) બાલવાડીઓ ચલાવનાર સંસ્થાના સંચાલનમાં અધિકારીઓનો સહયોગ મળતો હતો. જયારે ૧૭ (૩૭.૭૮ ટકા) સંસ્થાને અધિકારીઓનો સહયોગ મળવાની બાબતે નિરુત્તર રહ્યા હતા.

ઉપરોક્ત કોઠા પરથી સ્પષ્ટ પણે કહી શકાય કે બાળકોનાં યોગ્ય શૈક્ષણિક વિકાસમાં સંસ્થાનું સંચાલન વ્યવસ્થિત થવું જરૂરી છે. તે માટે અધિકારીઓ તરફથી પૂરતો સહયોગ મળે તે આવશ્યક છે. તેમજ સંસ્થામાં સેવા આપતા અન્ય કર્મચારીઓ સાથે તેઓ આત્મીયતા કેળવે તો (સંસ્થાનું) સંચાલન ખૂબ જ સરળ બને છે.

**બાળકોનાં વાલીઓનો સહકાર :**

બાળકનાં પૂર્વ પ્રાથમિક શિક્ષણની પૂરી પ્રક્રિયામાં વાલીઓએ સહકાર આપવો જરૂરી બને છે. વાલીઓએ બાલવાડીઓનાં સંચાલકો સાથે આદરભાવ રાખવો. બાલવાડીઓમાં બાળકોનાં વાલીઓનાં સહકાર અંગે નીચે મુજબ માહિતી મળી હતી.

**કોઠા નં.૩.૪૦**

**બાળકોનાં વાલીઓના સહકાર મળે છે**

| ક્રમ | જિલ્લો | તાલુકાની સંખ્યા | ગામ/ બાલાવડી સંખ્યા | હા | અનુત્તર | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૪ | ૧ | ૧૨ | - | ૧૨ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | ૧ | - | ૧ |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | ૧ | - | ૧ |
| ૪. | ખેડા | ૧ | ૧ | ૧ | - | ૧ |
| ૫. | દાહોદ | ૩ | ૧૩ | ૮ | ૫ | ૧૩ |
| ૬. | નર્મદા | ૩ | ૧૦ | ૯ | ૧ | ૧૦ |
| ૭. | સુરત | ૫ | ૭ | ૫ | ૨ | ૭ |
| | કુલ | ૧૮ | ૪૫ | ૩૭ | ૮ | ૪૫ |
| | ટકા | | | ૮૨.૨૨ | ૧૭.૭૮ | ૧૦૦.૦૦ |

બાલવાડીમાં આવનાર બાળકોનાં વાલીઓનાં સહકાર વિષે ઉપરોક્ત કોઠામાં જણાવ્યા મુજબ અભ્યાસમાં પસંદ કરેલ કુલ ૪૫ બાલવાડીઓ પૈકી ૩૭ (૮૨.૨૨ ટકા) બાલવાડીમાં વાલીઓનો સહકાર મળતો હતો. જ્યારે ૮ (૧૭.૭૮ ટકા) બાલવાડીમાં બાળકોનો સહકાર મળવા બાબતે અનુત્તર રહ્યા હતા. બાળકનાં વિકાસ માટેની કોઈ જરૂરી સૂચના બાલવાડી તરફથી હોય તો તેમાં વાલી સક્રિય બને અને રસ લે તે જરૂરી છે. ઉપરાંત વાલીદિન, સાંસ્કૃતિક કાર્યક્રમો કે પ્રસંગોપાત ઉપસ્થિત પ્રવૃત્તિઓમાં સહકાર આપવો જોઈએ.

## કોઠા નં ૩.૪૧
## બાલવાડીની સંચાલન વ્યવસ્થા માટેનાં અભિપ્રાયો

| ક્રમ | જિલ્લો | ગામ/બાલવાડીની સંખ્યા | બાળકો માટે આરોગ્યપ્રદ મકાન | બાળકદીઠ નાસ્તાની રકમ વધારવી | નવા ચાર્ટો વસાવા | રમકડા માટે ખર્ચની રકમ | પગાર ધોરણ વધારવું | સંચાલિકા અને તેડાગર માટે સ્થાનિક નિવાસ વ્યવસ્થા | પેન્સન આપવું જોઈએ. | પગારની ચુકવણી નિયમીત કરવી | બાલવાડી માટે ગ્રાન્ટ વધારવી | શાળાના વેકેશન પ્રમાણે બાલવાડીનું વેકેશન હોવુ જોઈએ | રમવા માટે બાલક્રિડા-ંગણની વ્યવસ્થા | રમતનાં સાધનો વસાવવા | બાળકોને ગણવેશનાં પૈસા ફાળવવા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ |
| ૨. | ગાંધીનગર | ૦૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૩. | અમદાવાદ | ૦૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૪. | ખેડા | ૦૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૫. | દાહોદ | ૧૩ | ૧૩ | ૧૩ | ૧૩ | ૧૩ | ૧૩ | ૧૩ | ૧૩ | ૧૩ | ૧૩ | ૧૩ | ૧૩ | ૧૩ | ૧૩ |
| ૬. | નર્મદા | ૧૦ | ૧૦ | ૧૦ | ૧૦ | ૧૦ | ૧૦ | ૧૦ | ૧૦ | ૧૦ | ૧૦ | ૧૦ | ૧૦ | ૧૦ | ૧૦ |
| ૭. | સુરત | ૦૭ | ૭ | ૭ | ૭ | ૭ | ૭ | ૭ | ૭ | ૭ | ૭ | ૭ | ૭ | ૭ | ૭ |
| | કુલ | ૪૫ | ૪૫ | ૪૫ | ૪૫ | ૪૫ | ૪૫ | ૪૫ | ૪૫ | ૪૫ | ૪૫ | ૪૫ | ૪૫ | ૪૫ | ૪૫ |

ઉપરોક્ત કોઠા પરથી પ્રાપ્ત થયેલી માહિતીનાં આધારે બાલવાડીની સંચાલન વ્યવસ્થા માટે જરૂરી બાબતોનાં અભ્યાસ હેઠળની તમામ બાલવાડીની સંચાલિકા બહેનોએ જણાવ્યા મુજબ,

(૧) બાળકો માટે આરોગ્યપ્રદ મકાન
(૨) બાળકો માટે અપાતા નાસ્તાની રકમ વધારવી.
(૩) બાળકોનાં શૈક્ષણિક વિકાસની પ્રવૃત્તિઓ માટે નવા ચાર્ટ વસાવવા.
(૪) બાળકોને રમકડા માટે ખર્ચની રકમ પૂરતી મળવી જોઈએ.
(૫) કર્મચારીઓનું પગારધોરણ વધારવું.
(૬) સંચાલિકા અને તેડાગર માટે સ્થાનિક નિવાસ વ્યવસ્થા.
(૭) સંચાલિકા અને તેડાગર માટે પેન્સન યોજના હોવી જોઈએ.
(૮) સંચાલિકા અને તેડાગર માટે પગાર નિયમીત અને પૂરતો મળે તેવી વ્યવસ્થા.
(૯) બાલવાડીનાં ખર્ચ માટે ગ્રાન્ટની રકમ વધારવી.
(૧૦) શાળાનાં વેકેશન પ્રમાણે બાલવાડીનું વેકેશન હોવું જોઈએ.
(૧૧) બાલક્રિડાગણની વ્યવસ્થા.
(૧૨) રમતનાં સાધનો વસાવવા.
(૧૩) બાળકો માટે ગણવેશનાં પૈસા ફાળવવા.

બાલવાડીની સંચાલન વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ઉપરોક્ત અભિપ્રાયો જાણવા મળ્યા હતા.

સર્વેક્ષિત બાલવાડીઓનું વાસ્તવિક ચિત્ર જોયા બાદ બાલવાડીનાં વ્યવસ્થિત સંચાલન માટેનાં કેટલાંક નિયમો સરકારશ્રી તરફથી બહાર પાડવામાં આવ્યા છે. જે સ્વૈચ્છિક સંસ્થાઓને અનુસૂચિત જનજાતિનાં બાળકો માટેની માન્યતા અને સહાયક ગ્રાન્ટ આપવાને લગતા હોય છે. જેમાં વખતોવખત સુધારા થતા હોય છે.

## (૯) બાલવાડી સંચાલન અને નિયમો :

બાલાવડી એ બાળકો માટે પૂર્વ-પ્રાથમિક શિક્ષણ માટેની એક વિશિષ્ટ સંસ્થા છે. રાજયમાં આદિજાતિ વસતિ ધરાવતા જિલ્લાઓમાં સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ગ્રાન્ટ-ઈન-એઈડનાં ધોરણે આદિજાતિ બાળકો માટે બાલવાડીઓ શરૂ કરવામાં આવી છે. આ બાલવાડીમાં બાળકોને ૩ થી ૪ કલાક રહેવાનું હોય છે. બાલવાડીમાં અપાતા (બાલકેન્દ્રી) શૈક્ષણિક વાતાવરણ દ્વારા બાળકોનું જીવનઘડતર થતું હોય છે.

ગુજરાત રાજયમાં સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતી અનુસૂચિત જનજાતિનાં બાળકો માટેની માન્યતા અને સહાયક અનુદાન આપવા માટેનાં નિયમો બાલવાડીની સંચાલન વ્યવસ્થા માટે આવશ્યક હોય છે. આ નિયમો અનિવાર્ય હોવા છતાં તેનાં અમલીકરણમાં ખાસ ધ્યાન રાખવું જરૂરી હોય છે.

રાજયમાં સરકારશ્રી તરફથી અમુક બાલવાડીઓ ચાલે છે. જયારે મોટાભાગની બાલાવડીઓ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલે છે. આ બાલવાડીઓ ક્યારે અને કેવી રીતે ચલાવવી તેનાં માટે નિયમો જરૂરી છે. આ નિયમો સમાજ કલ્યાણ વિભાગના બાલવાડી યોજના સંલગ્નિત કર્મચારીઓ, સ્વૈચ્છિક સંસ્થાનાં સંચાલકોએ બાલસંચાલિકાઓએ, તેડાગર બહેનો વગેરેએ પાળવાના હોય છે.

બાલવાડી યોજનાનાં મૂલ્યાંકન અભ્યાસ વખતે ક્ષેત્રકાર્ય દરમ્યાન આદિજાતિ ગ્રામીણ વિસ્તારોની ઘણી બધી બાલવાડીઓ જોઈ નિયમોને નજરમાં રાખતા એવું લાગ્યું કે ઘણા બધા નિયમો પળાતા નથી. અમુક બાલવાડીમાં નિયમો ન પળાતા હોય, તેવા સંજોગોમાં જેમકે બાળકો પ્રત્યેની લાગણી તેમજ સ્વાધ્યાય પરિવારનાં હોવાને કારણે બાલવાડીનું કામ ઘણું સરસ રીતે થતું હોય તેવા પણદાખલા જોવા મળ્યા.

બાલવાડી ચલાવનાર સ્વૈચ્છિક સંસ્થાઓ માટેનાં નિયમો મહિલા અને બાળ કલ્યાણ વિભાગ એટલે કે સમાજ કલ્યાણ વિભાગ (આ.વિ.) તરફથી બહાર પાડવામાં આવ્યા છે. જેને ગુજરાત રાજયમાં સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતી અનુસૂચિત જનજાતિનાં બાળકો માટેની બાલવાડીને માન્યતા અને સહાયક ગ્રાન્ટ આપવાને લગતા નિયમો તરીકે ઓળખાય છે. બાલવાડી ચલાવવા માટે સંસ્થાએ પાળવાના નિયમો ૯ જાન્યુઆરી ૧૯૫૯થી અમલમાં મૂકવામાં આવ્યા છે. તેમાં વખતોવખત સુધારા વધારા થતા રહ્યા છે.

આ નિયમોની ચર્ચા આપણે બે વિભાગમાં કરીશું.

(૧) બાલવાડી મંજુર કરતાં સમાજ કલ્યાણ ખાતા (આ.વિ.)એ ચકાસવાની બાબતો.

(૨) બાલવાડી ચાલુ થયા પછી સંચાલકો બાલશિક્ષિકાઓ અને તેડાગર બહેનોએ નિયમો પાળવા અંગેની બાબતો.

**બાલવાડીની માન્યતા માટે :**

(૧) જે સ્વૈચ્છિક સંસ્થા બાલવાડી ચલાવવા માંગતી હોય તે સંસ્થા રજીસ્ટ્રેશન ઓફ સોસાયટીઝ એક્ટ ૨૧-૧૯૬૯ હેઠળ રજીસ્ટર્ડ થયેલ હોવી જોઈએ અથવા ગુજરાત પંચાયત અધિનિયમ હેઠળની કોઈપણ સ્તરની પંચાયત હોવી જોઈએ.

(૨) જરૂરી આધાર-પુરાવા - સંસ્થાના નોંધણી પ્રમાણપત્ર સંસ્થાના બંધારણ બેલેન્સ સર્ટિફીકેટ, વ્યવસ્થાપક સમિતિનાં ઠરાવો, (છેલ્લા ઓડિટ કરવામાં આવેલ) હિસાબોનાં પત્રકો, સ્થળ પરનાં મકાનની માહિતી (પ્રવેશ મેળવનાર સંભવિત) બાળકોની યાદી, બાલવાડીનું (આંગણવાડીનાં માંગણીવાળા સ્થળે ચાલતી નથી તે અંગેનું) બાળ વિકાસ યોજના અધિકારીશ્રીનું પ્રમાણપત્ર વગેરે આધાર પૂરાવાઓ રજૂ કરવાનાં હોય છે.

**બાલવાડીને માન્યતા આપતા પહેલાં ધ્યાનમાં રાખવાની બાબતો :**

બાલવાડી ચલાવતા સંસ્થાના સંચાલકશ્રીએ (બાલવાડીનાં) સ્થળ અને આજુબાજુના આરોગ્યપ્રદ ,/વાતાવરણની પૂરી ચકાસણી કરી હતી.

બાલવાડીમાં બાળકોનાં પ્રવેશ માટે માન્ય સંખ્યા ૨૦ની છે. વધુમાં વધુ ૪૦ બાળકો સુધી જ દાખલ કરવાનાં હોઈ તેથી વધુ બાળકોનાં પ્રવેશ માટે સમાજ કલ્યાણ અધિકારીશ્રીની મંજૂરી મેળવવાની હોય છે. આમ માન્ય સંખ્યામાં વધારો થાય. પરંતુ મકાનમાં વધારો થતો હોય તેમ બન્યું નથી. મકાનની પૂરતી સુવિધા ન હોવાથી બાળકો મુશ્કેલીમાં બેસતા હોય તેવું જોવા મળ્યું છે. તેમજ બાળકોને રમવા માટે રમત-ગમતનાં મેદાનની સુવિધા જોવા મળી ન હતી.

બાલવાડીનાં મકાન ઉપરાંત મકાનમાં પ્રાથમિક આવશ્યકતાની બાબતો જેવી કે જાજરૂ-બાથરૂમની સગવડ ઘણી બાલવાડીઓમાં જોવા મળી ન હતી અને હોય તો પણ તે શોભા પૂરતા જોવા મળતાં હતાં. બાળકો તેનો ઉપયોગ કરતાં ન હતાં.

બાલવાડીનાં મકાનની આગળ બાલક્રિડાંગણ હોવું જોઈએ. પરંતુ જ્યાં મકાનની પણ પૂરતી સુવિધા ન હોય ત્યાં તેની અપેક્ષા કઈ રીતે રાખી શકાય ?

બાલવાડીની સંચાલિકા અને તેડાગર બહેનની નિમણૂંક જિલ્લા પછાત વર્ગ અધિકારીશ્રી, સ્વૈચ્છિક સંસ્થાનાં મંત્રી અને સ્થાનિક પ્રાથમિ/માધ્યમિક શાળાનાં આચાર્ય આ ત્રણ સભ્યોની પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવે છે. જેમાં સંચાલિકા મોન્ટેસરી અથવા પ્રી પી.ટી.સી. પાસ અને તે ન હોય તો એસ.એસ.સી. પાસ અથવા તો શિક્ષણની સંસ્થામાં ૧ વર્ષનો અનુભવ તેમજ બાલશિક્ષિકા તરીકેનો ૧ વર્ષનો અનુભવ અને વય મર્યાદા ઓછામાં ઓછી ૧૮ વર્ષ વધુમાં વધુ ૩૫ વર્ષ હોય તેઓને નિમણૂંક આપવામાં આવે છે. તેડાગર બહેન ધોરણ-૪ પાસ હોવા જોઈએ.

**બાલવાડીમાં સંચાલિકા બહેનની ફરજો :**

બાળકોની નિયમિતતા અંગે ધ્યાન આપતા બાળકોને અક્ષરજ્ઞાન, આંક, કક્કો, બાળગીતો, બાળવાર્તા વગેરે શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરાવવામાં આવતી.

બાળકોમાં સંસ્કારિતા, રમાડવામાં આવતી વિવિધ રમતો, સ્વચ્છતા, પ્રાથમિક સારવાર તેમજ પોષણક્ષમ નાસ્તો આપવા અંગે બાળકોનાં માસિક પ્રગતિ અહેવાલ તૈયાર કરવામાં આવે છે.

**બાલવાડીમાં તેડાગર બહેનની ફરજો :**

બાળકોને સમયસર, સહીસલામત લાવવા-લઈ જવા, સ્વચ્છતાનું ધ્યાન આપવું, નાસ્તાની નિયમિત પણે સમયસર વહેંચણી કરવાની હોય છે.

**બાલવાડીમાં રખાતા રેકર્ડ :**

બાલવાડી ચલાવતી સ્વૈચ્છિક સંસ્થાઓએ (૧) જનરલ રજીસ્ટર (૨) બાળકોનું હાજરીપત્રક (૩) નાસ્તા રજીસ્ટર (૪) સંચાલિકા/ તેડાગરનું હાજરીપત્રક (૫) ડેડસ્ટોક રજીસ્ટર (૬) રોજમેળ (૭) વાઉચર (૮) શૈક્ષણિક કાર્યનું (અઠવાડિક) ટાઈમટેબલ વગેરે રેકર્ડ રાખતા હોય છે. ઉપરોક્ત રેકર્ડમાંથી બાલવાડીમાં બાળકોનું હાજરીપત્રક સંચાલિકા/તેડાગરનું હાજરીપત્રક, નાસ્તા રજીસ્ટર અને મુલાકાતપોથી વગેરે (બાલવાડીની) સંચાલિકા બહેન પાસે રાખતા હોય તેવું લાગે છે. બાકીનાં રજીસ્ટરો સંસ્થાના સંચાલકો પોતાની પાસે જ રાખે છે.

**બાલવાડીમાં અપાતો નાસ્તો :**

બાલાવડીમાં અપાતા નાસ્તાની વિગત જોતાં બાળકોને વિટમીન યુક્ત આરોગ્યપ્રદ તથા વિવિધતાવાળો નાસ્તો આપવાનો હોય છે. તે બાબતે જોઈએ તો માસિક રૂા.૩૫૦-૦૦ લેખે (સાડાદસ મહિનાનાં) ૯૦ ટકા મુજબ નાસ્તા પેટે ગ્રાન્ટ અપાય છે. જેમાં નાસ્તા સાથે બળતણ, દળામણ, વીજળી વગેરે બાબતોને સાંકળી લીધી છે. અભ્યાસમાં આવરેલ કુલ બાળકોની સંખ્યા ૧૧૧૭ છે. સરેરાશ બાલવાડીમાં આશરે ૨૨ થી ૨૫ બાળકોની સંખ્યા (બાળકોનાં હાજરી પત્રક મુજબ) જણાતી હતી તે મુજબ જોતા એક બાળકદીઠ ૦.૫૦ ન.પૈ. નાસ્તા પેટે ખર્ચાય છે. હાલની મોંઘવારીમાં આટલી કિંમતમાં બાળકને નિયમિતપણે પૂરતો અને પૌષ્ટિક રાધેલો નાસ્તો આપવો અશક્ય છે. બાલવાડી ચલાવનાર સંચાલકો પણ આ બાબતે સ્વખર્ચ કરતા હોય તેવું જણાતું નથી. આનો અર્થ એ કે આદિજાતિ વિસ્તારની બાલવાડીમાં આવતા બાળકોને યોજનાનાં ઉદ્દેશ મુજબ મફત આપવામાં આવતો પૂરતો નાસ્તો કદાચ મળતો હોય તો પણ તેમાં પૌષ્ટિક તત્વો કેટલા હશે અને તે આરોગ્યપ્રદ હશે કે કેમ ? તે કહી શકાય નહીં.

ઉપરોક્ત વિવિધ પ્રકારનાં નિયમોમાં (આદિજાતિ વિસ્તારની) બાલવાડી સંબંધી આ નિયમોનું સંપૂર્ણ પાલન બાલવાડીની સંચાલન વ્યવસ્થામાં થતું હોય તેવું જોવામાં ન આવ્યું. કોઈક વિસ્તારની બાલવાડીઓનો આ નિયમોને નેવે મૂકીને કામ ચાલતું હોય છે. બાલવાડી ચલાવનાર સંસ્થાનાં સંચાલક અને સંબંધીત કર્મચારીઓ પોતાના જિલ્લાના વિસ્તારની બાલવાડીઓની સંચાલન વ્યવસ્થાને સારી રીતે જાણતા હોય છે અને તેમનાથી શક્ય હોય તેવા પ્રશ્નો ઉકેલવા પ્રયાસ કરે છે.

# પ્રકરણ-૪

# બાલવાડીનાં કાર્યકરો

બાલવાડી યોજના મૂલ્યાંકન અભ્યાસાર્થે (અગાઉ દર્શાવ્યા પ્રમાણે) મુખ્ય ઉદ્દેશોને ધ્યાનમાં રાખી આ યોજના હેઠળ આદિજાતિનાં બાળકોમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણ પ્રત્યે રસ જાગે, તેમજ નાનપણથી જ સારાં સંસ્કારોનું સિંચન થાય તે ઉદ્દેશથી ૩ થી ૬ વર્ષનાં બાળકો માટે પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટે આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર દ્વારા બાલવાડી યોજના શરૂ કરવામાં આવી.

આદિવાસી પ્રજાની પોતાની આગવી ઓળખ ભૂંસાઈ ન જાય તથા તેઓનો સામાજિક, શૈક્ષણિક અને આર્થિક વિકાસ વેગીલો બને તે માટે સરકારની અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે.

આદિજાતિ લોકોની આર્થિક સ્થિતિ ઘણી જ નબળી હોવાને કારણે તેમનાં બાળકોને પૂર્વ પ્રાથમિક શિક્ષણથી વંચિત ન રાખતા, શિક્ષણ આપવાનાં હેતુસર આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા સ્વૈચ્છિક સંસ્થાઓને અનુદાનનાં ધોરણે બાલવાડી ચલાવવાની જવાબાદરી સોંપી છે.

બાલવાડીની સંચાલિકાઓએ આદિવાસી બાળકોનાં શૈક્ષણિક વિકાસ માટે બાળકોમાં મૌલિકતા, સર્જનાત્મક શક્તિ તેમજ નિરીક્ષણ શક્તિને ખીલવવાની ભાવનાથી (બાળ શિક્ષણને સજાવવા) પ્રાકૃતિક રીતે પૂર્વ-પ્રાથમિક શિક્ષણ અપાય તે ધ્યાનમાં રાખવું જરૂરી છે.

બાલવાડી યોજનાના અમલીકરણની સાથે સાથે આદિવાસી વિસ્તારનાં બાળકો તેમનાં સ્થાનિક વાતાવરણમાં અનુકૂળતા સાધી શકે અને તેમની મુખ્ય જરૂરિયાતો ધ્યાનમાં રાખી તેઓ પૂર્વ-પ્રાથમિક શિક્ષણનો લાભ મેળવી શકે તે હેતુસર આ યોજનાનાં સહયોગથી આદિજાતિ બાળકોને પાયાનું શિક્ષણ મળવું જરૂરી છે અને તેના દ્વારા તેમનાં શૈક્ષણિક વિકાસની પ્રગતિનાં દ્વાર ખૂલે તેવા પ્રયત્નો થવા જોઈએ.

સામાન્યતઃ બાલવાડી ચલાવનાર સ્વૈચ્છિક સંસ્થાના નિયમો, સિધ્ધાંતો અને આદર્શો પૂર્વ-પ્રાથમિક શિક્ષણની પ્રક્રિયામાં તેમજ વાતાવરણ અનુરૂપ કરવામાં કેટલું સાર્થક નિવડે છે તે માટે (બાલવાડી યોજના અંગે) બાળકો, સંચાલિકાઓ, બાળકોનાં માતા-પિતા, (વડિલો) બાલવાડીઓનાં સંલગ્નિત કર્મચારીઓ તેમજ આદિજાતિ સમાજનાં લોકોનાં પ્રતિભાવો જાણવા આવશ્યક છે.

## (૧) બાલવાડીની સંચાલિકા :

શિક્ષણ આપવું એ એક અતિ ઉમદા અને કલ્યાણકારી કાર્ય છે. બાલશિક્ષણ પધ્ધતિને જગતમાં ડૉ. મારિયા મોન્ટેસોરીનું નામ મળ્યું છે. મેડમ મોન્ટીસોરી બાલમંદિરનાં હિમાયતી અને અતિ પ્રેમાળ પૂજારી હતાં. બાલશિક્ષણની દુનિયામાં મેડમ મોન્ટેસરીએ બાલવાડીની બાલશિક્ષિકાઓનાં શિક્ષણ અનુભવોથી બાળકોમાં નવી નવી શક્તિઓ ખીલવવાનો પ્રયત્ન કરવાનો છે. બાલવાડીમાં અપાતું શિક્ષણ બાળવિકાસ માટે અનિવાર્ય અને ઉપયોગી પાસાં તરીકે લેખવામાં આવે છે. આ સંદર્ભે (અભ્યાસમાં આવરેલ) બાલશિક્ષિકાઓનાં શિક્ષણની અને અનુભવોની વિગતો બતાવી છે.

### કોઠા નં.૪.૧

### સંચાલિકાનું શિક્ષણ

| ક્રમ | જિલ્લો | ગામ/બાલવાડીની સંખ્યા | ન્યુ એસ. એસ.સી. | મોન્ટે-સરી પાસ | ૧૦ પાસ | પ્રિ. પી.ટી. સી. | ૧૨મું પાસ | બી.એ. ગ્રેજયુ-એટ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૧૨ | ૩ | ૧ | - | ૮ | - | - | ૧૨ |
| ૨. | ગાંધીનગર | ૦૧ | - | - | - | - | ૧ | - | ૧ |
| ૩. | અમદાવાદ | ૦૧ | ૧ | - | - | - | - | ૧ | |
| ૪. | ખેડા | ૦૧ | - | ૧ | - | - | - | - | ૧ |
| ૫. | દાહોદ | ૧૩ | ૩ | ૨ | - | ૭ | - | ૧ | ૧૩ |
| ૬. | નર્મદા | ૧૦ | - | - | ૨ | - | ૮ | - | ૧૦ |
| ૭. | સુરત | ૦૭ | - | - | ૧ | - | ૩ | ૨ ૧MA | ૭ |
| | કુલ | ૪૫ | ૭ | ૪ | ૩ | ૧૫ | ૧૨ | ૪ | ૪૫ |
| | ટકા | | ૧૫૫૫ | ૮૮૯ | ૬૬૭ | ૩૩૩૩ | ૨૬૬૭ | ૮૮૯ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જણાય છે કે અભ્યાસમાં આવરેલ બાલવાડી સંચાલિકા બહેનોનું શિક્ષણસ્તર જોતાં કુલ બાલવાડી પૈકી ૧૫ (૩૩.૩૩ ટકા) બાલવાડીની સંચાલિકાઓએ પ્રિ.પી.ટી.સી. સુધીનું શિક્ષણ મેળવ્યું હતું. જયારે ૧૨(૨૬.૬૭ ટકા) સંચાલિકાઓ ૧૨ પાસ, ૭ (૧૫.૫૫ ટકા) ન્યુ.એસ.એસ.સી., ૪ (૮.૮૯ ટકા) ગ્રેજયુએટ (બી.એ.), ૪ (૮.૮૯ ટકા) મોન્ટેસરી પાસ તથા ૧૦ ધોરણ પાસ ૩ (૬.૬૭ ટકા) બાલવાડીની સંચાલિકા બહેનો જોવા મળી હતી.

ઉપરોક્ત કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે આદિજાતિનાં બાળકોને પૂર્વ-પ્રાથમિક શિક્ષણ આપવું એક કલ્યાણકારી કાર્ય છે. બાળકને ઘરનાં વાતાવરણમાંથી સમૂહમાં રહેવા-શિખવાની તેમજ ખેલકૂદ અને રચનાત્મક રમતો દ્વારા શિક્ષણ મેળવવા માટે તેનાં માતા-પિતા બાલવાડીમાં મોકલે છે. તો શિક્ષણનું મૂળભૂત ઉમદા ધ્યેય જળવાઈ રહે તે કાર્ય શિક્ષિત તેમજ અનુભવી સંચાલિકા દ્વારા જ અપેક્ષતિ છે.

કોઠા નં.૪.૨

બાલસંચાલિકા બાલવાડીમાં કેટલા વર્ષથી કામ કરે છે.

| ક્રમ | જિલ્લો | ગામ/ બાલવાડીની સંખ્યા | ૦ થી ૫ | ૬ થી ૧૦ | ૧૧ થી ૧૫ | ૧૬ થી ૨૦ | ૨૧ થી ૨૫ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૧૨ | ૭ | ૫ | - | - | - | ૧૨ |
| ૨. | ગાંધીનગર | ૦૧ | ૧ | - | - | - | - | ૧ |
| ૩. | અમદાવાદ | ૦૧ | - | ૧ | - | - | - | ૧ |
| ૪. | ખેડા | ૦૧ | ૧ | - | - | - | - | ૧ |
| ૫. | દાહોદ | ૧૩ | ૨ | ૫ | ૩ | - | ૩ | ૧૩ |
| ૬. | નર્મદા | ૧૦ | ૫ | ૪ | - | ૧ | - | ૧૦ |
| ૭. | સુરત | ૦૭ | ૪ | ૧ | - | ૧ | ૧ | ૭ |
| | કુલ | ૪૫ | ૨૦ | ૧૬ | ૩ | ૨ | ૪ | ૪૫ |
| | ટકા | | ૪૪.૪૪ | ૩૫.૫૬ | ૬.૬૭ | ૪.૪૪ | ૮.૮૯ | ૧૦૦ |

અભ્યાસમાં પસંદ કરેલ કુલ ૪૫ બાલવાડીઓમાંથી ૦ થી ૫ વર્ષ સુધીમાં કામ કરતી ૨૦ (૪૪.૪૪ ટકા) બાલવાડીઓની સંચાલિકા બહેનો હતી. જ્યારે ૧૬ (૩૫.૫૬ ટકા) બાલવાડીઓમાં ૬ થી ૧૦ વર્ષ, ૪ (૮.૮૯ ટકા) બાલવાડીઓમાં ૨૧ થી ૨૫ વર્ષ, ૩ (૬.૬૭ ટકા) ૧૧ થી ૧૫ વર્ષથી કામ કરતા હોવાનું જાણવા મળ્યું હતું. જ્યારે ૨ (૪.૪૪ ટકા) બાલવાડીમાં સંચાલિકા ૧૬ થી ૨૦ વર્ષ સુધીમાં કામ કરતા હતાં.

ઉપરોક્ત કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે બાલવાડીમાં અપાતા શિક્ષણ દ્વારા બાળકોના પાયાનાં વિકાસમાં સામાજિક, શૈક્ષણિક તેમજ સાંસ્કૃતિક પ્રક્રિયાઓનો દૃષ્ટિકોણ પાર પાડવાનો હેતુ અનુભવી સંચાલિકાઓ દ્વારા જ શક્ય છે.

બાલવાડી એ બાળકો માટેની વિશિષ્ટ શૈક્ષણિક સંસ્થા છે. જેથી તેમને અપાતા શિક્ષણનો ધ્યેય અને આદર્શો જળવાઈ રહે તે જરૂરી નહીં પણ આવશ્યક બને છે. બાળકોનાં (માનસિક) આવેગાત્મક તથા શારીરિક સ્વાસ્થ્યને હાની ન પહોંચે અને બાળવિકાસનું હિત થાય તે માટે અનુભવી બાળસંચાલિકાની જરૂર છે.

## કોઠા નં ૪.૩

## બાલવાડીમાં જોડાયા પહેલા સંચાલિકાએ આપેલ શિક્ષણ (શિક્ષણનો અનુભવ)

| ક્રમ | જિલ્લો | શિક્ષણ આપ્યું હતું | | | જો 'હા' તો ક્યા | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | બાલ મંદિર | | બાલવાડી | | ખાનગી ટયુશન | | કુલ |
| | | હા | ના | કુલ | ૦ થી ૫ વર્ષ | ૬ થી ૧૦ વર્ષ | ૦ થી ૫ વર્ષ | ૬ થી ૧૦ વર્ષ | ૦ થી ૫ વર્ષ | ૬ થી ૧૦ વર્ષ | |
| ૧. | સાબરકાંઠા | ૮ | ૪ | ૧૨ | ૪ | - | ૨ | - | ૨ | - | ૮ |
| ૨. | ગાંધીનગર | ૧ | - | ૧ | ૧ | - | - | - | - | - | ૧ |
| ૩. | અમદાવાદ | - | ૧ | ૧ | - | - | - | - | - | - | - |
| ૪. | ખેડા | ૧ | - | ૧ | ૧ | - | - | - | - | - | ૧ |
| ૫. | દાહોદ | ૮ | ૫ | ૧૩ | ૩ | - | ૨ | - | ૩ | - | ૮ |
| ૬. | નર્મદા | ૪ | ૬ | ૧૦ | ૩ | - | ૧ | - | - | - | ૪ |
| ૭. | સુરત | ૬ | ૧ | ૭ | ૨ | ૧ | ૧ | ૨ | - | - | ૬ |
| | કુલ | ૨૮ | ૧૭ | ૪૫ | ૧૪ | ૧ | ૬ | ૨ | ૫ | - | ૨૮ |
| | ટકા | ૬૨.૨૨ | ૩૭.૭૮ | ૧૦૦.૦૦ | ૫૦.૦૦ | ૩.૫૮ | ૨૫.૪૨ | ૭.૧૪ | ૧૭.૮૬ | - | ૧૦૦.૦૦ |

બાલવાડીમાં જોડાયા પહેલાં સંચાલિકાએ આપેલ શિક્ષણ (શિક્ષણનો અનુભવ) અભ્યાસમાં આવરેલ બાલવાડીઓની સંચાલિકા બહેનોએ બાલવાડીઓમાં જોડાયા પહેલાં શિક્ષણ આપ્યું હોય તે સંદર્ભે કુલ ૪૫ બાલવાડીઓ પૈકી ૨૮ (૬૨.૨૨ ટકા) બાલવાડીની સંચાલિકા બહેનોને બાલવાડીમાં જોડાયા પહેલા શિક્ષણ આપ્યાનો અનુભવ હતો. જ્યારે ૧૭ (૩૭.૭૮ ટકા) બાલવાડીની સંચાલિકાઓને આ પ્રકારનો કોઈ અનુભવ નહતો.

ઉપરોક્ત પ્રાપ્ત થયેલ માહિતીના આધારે જોઈએ તો ૨૮ બાલવાડીઓની સંચાલિકા બહેનો બાલવાડીમાં જોડાતાં પહેલા બાલમંદિર, બાલવાડી તેમજ ખાનગી ટ્યુશનો આપી નાનાં બાળકોને શિક્ષણ આપ્યું હતું. જેમાં બાલમંદિરમાં ૦ થી ૫ વર્ષના બાળકોને પૂર્વ પ્રાથમિક શિક્ષણ આપ્યું હોય તેવી ૧૪ (૫૦.૦૦ ટકા) બાલવાડીની સંચાલિકા બહેનો, ૦ થી ૬ વર્ષના બાળકોને શિક્ષણ આપ્યું હોય તેવી ૧ (૩.૫૮ ટકા) બાલવાડી સંચાલિકાઓ જોવા મળી હતી. તે જ રીતે બાલવાડીમાં ૦ થી ૫ વર્ષના બાળકોને પૂર્વ-પ્રાથમિક શિક્ષણ આપ્યું હોય તેવી ૬ (૨૫.૪૨ ટકા) બાલવાડીની સંચાલિકા અને ૬ થી ૧૦ વર્ષના બાળકોને શિક્ષણ આપ્યું હોય તેવી ૨ (૭.૧૪ ટકા) બાલવાડીની સંચાલિકા બહેનો જોવા મળી હતી. જ્યારે ૦ થી ૫ વર્ષના બાળકોનાં ખાનગી ટ્યુશન કરતી ૫ (૧૭.૮૬ ટકા) બાલવાડીની સંચાલિકા બહેનો જોવા મળી હતી.

બાલવાડીમાં પૂર્વ-પ્રાથમિક શિક્ષણ માટે આવતા આદિવાસી સમાજના બાળકોને અપાતા બાળશિક્ષણ વિષે ઊંડી આત્મસૂઝ બાલશિક્ષિકાઓએ કેળવવી પડશે. શિક્ષણ આપવું એ એક અતિ ઉમદા કાર્ય છે. બાળકોને શિક્ષણ આપવા માટે બાલશિક્ષિકાઓની ઉત્તમ કોશિશ જરૂરી છે. આ સંદર્ભે અભ્યાસમાં પસંદ કરેલ બાલવાડીઓનાં બાળકોને શિક્ષણ આપવા તરફનો અભિગમ જાણવાનો પ્રયત્ન કર્યો હતો.

## કોઠા નં ૪.૪
## બાલશિક્ષકાઓનો બાળકોને શિક્ષણ આપવા તરફનો અભિગમ

| ક્રમ | જિલ્લો | ગામ/ બાલવાડીની સંખ્યા | શિક્ષણ આપવા રસ છે | | બાળકોને પાયાની કેળવણી મળે | બાળકોમાં નિયમિતતા અને સમૂહ ભાવના કેળવાય | રમત-ગમત દ્વારા શૈક્ષણિક પ્રવૃત્તિઓનો આનંદ | બાળકોમાં રચનાત્મક પ્રવૃત્તિ ખીલે | બાળકોનો બૌધિક અને ભાષા વિકાસ થાય | બાળકોનો સર્વાંગી વિકાસ થાય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | હા | ના | | | | | | |
| ૧. | સાબરકાંઠા | ૧૨ | ૧૨ | - | ૧૧ | ૧૦ | ૯ | ૭ | ૫ | ૧૦ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | - | ૧ | ૧ | ૧ | ૧ | - | ૧ |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | - | - | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૪. | ખેડા | ૧ | ૧ | - | ૧ | - | ૧ | - | ૧ | ૧ |
| ૫. | દાહોદ | ૧૩ | ૧૩ | - | ૧૧ | ૯ | ૮ | ૧૦ | ૬ | ૧૦ |
| ૬. | નર્મદા | ૧૦ | ૧૦ | - | ૯ | ૫ | ૧૦ | ૯ | ૪ | ૭ |
| ૭. | સુરત | ૭ | ૭ | - | ૬ | ૭ | ૪ | ૫ | ૩ | ૩ |
| | કુલ | ૪૫ | ૪૫ | - | ૩૯ | ૩૩ | ૩૪ | ૩૩ | ૨૦ | ૪૩ |
| | ટકા | - | - | - | ૧૬.૬૬ | ૭૩.૭૩ | ૭૫.૫૫ | ૭૩.૩૩ | ૪૪.૪૪ | ૯૫.૫૫ |

ઉપરોકત કોઠા પરથી જણાય છે કે અભ્યાસમાં આવરેલ બાલવાડીઓ પૈકી તમામ બાલવાડીઓની બાલશિક્ષિકાઓને બાળકોને શિક્ષણ આપવાનું ગમતું હોવાનું જાણવા મળ્યું હતું. જેમાં ૪૩ બાળકોનો સર્વાંગી વિકાસ થાય, ૩૯ બાળકોને પાયાની કેળવણી મળે, ૩૪ રમતગમત દ્વારા શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં આનંદ મળે, બાળકોમાં સમૂહભાવના તેમજ નિયમિતતા કેળવાય તેમાં ૩૩ બાલવાડીઓની શિક્ષિકાઓ જોવા મળી હતી. જયારે ૨૦ બાલવાડીમાં શિક્ષિકાઓનાં મત મુજબ બાળકોનો બૌધ્ધિક અને ભાષા વિકાસ તરફનો અભિગમ જણાતો હતો. અહીં શિક્ષિકા બહેનોએ એક કરતાં વધુ બાબતોમાં પણ રસ/ અભિગમ બતાવ્યો છે.

## કોઠા નં ૪.૫
## પૂર્વ-પ્રાથમિક શિક્ષણ અંગે અભિપ્રાય

| ક્રમ | જિલ્લો | ગામ/ બાલવાડીની સંખ્યા | બાળકોમાં સ્વયં પ્રવૃત્તિ ઉન્નત થાય | બૌધ્ધિક વિકાસ થાય | સાચા અવલોકનકાર બની શકે | સમૂહ ભાવના કેળવાય | સભ્યતાના ગુણ કેળવાય | દૈનિકપ્રવૃત્તિમાં પ્રવીણતા આવે | રચનાત્મક પ્રવૃત્તિનો વિકાસ થાય | બાળકનું સ્વાસ્થ્ય જળવાય | નિયમિત દાક્તરી તપાસ થાય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૧૨ | ૧૦ | ૧૦ | ૫ | ૫ | ૭ | ૨ | ૨ | ૨ | ૨ |
| ૨. | ગાંધીનગર | ૦૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૩. | અમદાવાદ | ૦૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૪. | ખેડા | ૦૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૫. | દાહોદ | ૧૩ | ૯ | ૮ | ૯ | ૬ | ૫ | ૫ | ૪ | ૪ | ૨ |
| ૬. | નર્મદા | ૧૦ | ૭ | ૬ | ૬ | ૩ | ૨ | ૬ | ૪ | ૨ | ૧ |
| ૭. | સુરત | ૦૭ | ૫ | ૫ | ૪ | ૪ | ૩ | ૩ | ૨ | ૧ | ૩ |
| | કુલ | ૪૫ | ૩૪ | ૩૨ | ૨૭ | ૨૧ | ૨૦ | ૧૯ | ૧૫ | ૧૨ | ૧૧ |

નોંધ : એક કરતાં વધુ જવાબો

ઉપરોક્ત કોઠામાં દર્શાવ્યા અનુસાર અભ્યાસમાં આવરેલ આદિવાસી વિસ્તારની બાલવાડીઓમાં બાળકોને આપવામાં આવતાં પૂર્વ-પ્રાથમિક શિક્ષણ અંગેના અભિપ્રાયમાં ૩૪ બાલવાડીની સંચાલિકા બહેનોનાં અભિપ્રાય મુજબ બાળકોમાં સ્વયં પ્રવૃત્તિઓ અથવા સ્વયં સ્ફુરણાશક્તિ ઉન્નત થાય. ૩૨નાં અભિપ્રાય મુજબ તેમનામાં બૌધ્ધિક વિકાસ સુંદર રીતે થઈ શકે, ૨૭નાં અભિપ્રાય મુજબ સાચા અવલોકનકાર બની શકે, ૨૨નાં અભિપ્રાય મુજબ સંસ્કારી શિક્ષણ મળે, ૨૧નાં અભિપ્રાય મુજબ બાળકમાં સમૂહ ભાવના ખીલે, ૨૦નાં અભિપ્રાય મુજબ બાળકમાં સભ્યતા આવે, ૧૯નાં અભિપ્રાય મુજબ કુદરતી દૈનિક પ્રવૃત્તઓમાં પ્રવિણતા આવે તેમજ નિયમિતતા કેળવાય, ૧૫ના અભિપ્રાય મુજબ બાળક રમત ગમત દ્વારા શિક્ષણ મેળવી કલાત્મક તેમજ રચનાત્મક પ્રવૃત્તિઓમાં વિકાસ સાધી શકે, ૧૨ના અભિપ્રાય મુજબ (મફત આરોગ્યપ્રદ નાસ્તો મળે) બાળકનું સ્વાસ્થ્ય જળવાય. ૧૧નાં અભિપ્રાય મુજબ બાળકોની નિયમિત દાકતરી તપાસ થાય. બાળકોને આનંદીત વાતાવરણ મળી રહે તેવો અભિપ્રાય આપવામાં કેટલીક સંચાલિકા બહેનો અનુત્તર રહી હતી.

### કોઠા નં.૪.૬

### સંસ્થા દ્વારા બાળકોને પૂરી પાડવામાં આવતી વ્યવસ્થા

| ક્રમ | જિલ્લો | ગામ/ બાલવાડીની સંખ્યા | નાસ્તો | ગણવેશ કપડા | શૈક્ષણિક સાધનો | આરોગ્ય સુવિધાઓ | રમત-ગમતનાં સાધનો | આરોગ્ય-પ્રદ વાતાવરણ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૧૨ | ૯ | - | ૮ | ૨ | ૨ | ૩ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | - | ૧ | ૧ | ૧ | ૧ |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | - | ૧ | ૧ | ૧ | ૧ |
| ૪. | ખેડા | ૧ | ૧ | - | ૧ | ૧ | ૧ | ૧ |
| ૫. | દાહોદ | ૧૩ | ૭ | - | ૩ | ૨ | ૩ | ૨ |
| ૬. | નર્મદા | ૧૦ | ૮ | - | ૭ | ૪ | ૩ | ૩ |
| ૭. | સુરત | ૭ | ૫ | ૧ | ૫ | ૩ | ૨ | ૨ |
| | કુલ | ૪૫ | ૩૨ | ૧ | ૨૬ | ૧૪ | ૧૩ | ૧૩ |

નોંધ: એક કરતાં વધુ જવાબો

બાળકોને પૂરી પાડવામાં આવતી વ્યવસ્થા અંગે અભ્યાસ હેઠળની બાલવાડીઓમાં ૩૨ બાલવાડીઓમાં નાસ્તાની વ્યવસ્થા પૂરી પાડવામાં આવતી હતી. જયારે ૨૬ બાલવાડીઓમાં શૈક્ષણિક સાધનો, ૧૪ બાલવાડીઓમાં આરોગ્ય સુવિધાઓ, ૧૩ બાલવાડીઓમાં રમત-ગમતના સાધનો તેમજ આરોગ્યપ્રદ વાતાવરણની વ્યવસ્થા જોવા મળી હતી. જયારે ૧ બાલવાડીમાં (બાળકો માટે) કપડાંની વ્યવસ્થા પૂરી પાડવામાં આવતી હોય તેમ જોવા મળ્યું હતું.

## કોઠા નં ૪.૭
## બાળકો પાસે કરાવવામાં આવતી દૈનિક પ્રવૃત્તિઓ

| ક્રમ | જિલ્લો | ગામ/બાલવાડીની સંખ્યા | પ્રાર્થના | બાલગીત | બાલવાર્તા | નાસ્તો આપતા | કક્કા બોલાવતા | આંક બોલાવતા | અઠવાડિક વારના નામ બોલાવતા | પશુ-પંખીની ઓળખ કરાવે | રમતો રમાડે |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૧૨ | ૧૨ | ૧૦ | ૭ | ૧૨ | ૬ | ૩ | ૪ | ૫ | ૧૦ |
| ૨. | ગાંધીનગર | ૦૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૩. | અમદાવાદ | ૦૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૪. | ખેડા | ૦૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૫. | દાહોદ | ૧૩ | ૧૩ | ૧૨ | ૯ | ૧૩ | ૬ | ૩ | ૬ | ૪ | ૧૨ |
| ૬. | નર્મદા | ૧૦ | ૧૦ | ૯ | ૯ | ૧૦ | ૫ | ૧ | ૪ | ૬ | ૯ |
| ૭. | સુરત | ૦૭ | ૭ | ૬ | ૬ | ૭ | ૬ | ૨ | ૩ | ૪ | ૬ |
| | કુલ | ૪૫ | ૪૫ | ૪૦ | ૩૪ | ૪૫ | ૨૬ | ૧૨ | ૨૦ | ૨૨ | ૪૦ |

નોંધ : એક કરતાં વધુ જવાબો

અભ્યાસ હેઠળની બધી જ બાલવાડીઓમાં પ્રાર્થના કરાવતા તેમજ નાસ્તો આપવામાં આવતો હતો. જ્યારે બાલગીતો ગવડાવતી અને રમતો રમાડતી ૪૦ બાલવાડીઓ જોવા મળી હતી. બાળવાર્તા ૩૪, કક્કો-બારાખડી બોલાવતી ૨૬, પશુ-પક્ષીનાં નામ ઓળખાવતી ૨૨, અઠવાડિક વારનાં નામ બોલાવતી ૨૦ બાલવાડીઓ જોવા મળી હતી. જ્યારે ૧૨ બાલવાડીઓમાં બાળકોને આંક બોલાવવામાં આવતા હતા.

ઉપરોક્ત કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે બાળક જ્યારે નવું નવું બાલવાડીમાં આવે છે ત્યારે તેને થોડો વખત બધું અજાણ્યું લાગે છે. આવે વખતે બાલગીત, બાલવાર્તા જેવી આનંદ પ્રવૃત્તિઓ તેમનું મન બહેલાવી દે છે. આ સાથે તેઓને સમૂહ પ્રાર્થના, નાસ્તો (ફરતી વાનગીઓ) બાલપાઠ, અક્ષરો, શબ્દો, આંક તેમજ આકારો ઓળખવાની વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ કાળજીપૂર્વક કરાવવામાં આવે તો બાલવાડીમાં આવતા બાળકો આનંદ માણતા થાય.

## કોઠા નં ૪.૮
## સંચાલિકા તરીકે બાળકનાં વિકાસ માટે ધ્યાનમાં રખાતી બાબતો

| ક્રમ | જિલ્લો | ગામ/ બાલવાડીની સંખ્યા | બાળક સાથે સહાનુભૂતિ ભર્યો વ્યવહાર | બાળકનું સ્વાસ્થ્ય | બાળકની રૂચિ જાણવા | કૌશલ્યતા | બાળકની નિયમિતતા | બાળકમાં સમૂહ ભાવના | બાળક ડરતુ નથી | જીજ્ઞાસા-વૃત્તિ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૧૨ | ૬ | ૭ | ૮ | ૩ | ૪ | ૫ | ૪ | ૪ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | ૧ | ૧ | - | ૧ | - | ૧ | ૧ |
| ૪. | ખેડા | ૧ | - | - | ૧ | - | - | ૧ | - | - |
| ૫. | દાહોદ | ૧૩ | ૮ | ૪ | ૯ | ૬ | ૩ | ૨ | ૫ | ૪ |
| ૬. | નર્મદા | ૧૦ | ૫ | ૨ | ૪ | ૧ | ૪ | ૩ | ૪ | ૫ |
| ૭. | સુરત | ૭ | ૩ | ૪ | ૨ | - | ૨ | ૫ | ૨ | ૩ |
| | કુલ | ૪૫ | ૨૪ | ૧૯ | ૨૬ | ૧૧ | ૧૫ | ૧૭ | ૧૭ | ૧૮ |

નોધ : એક કરતાં વધુ જવાબો

બાળકોનાં વિકાસ માટે સંચાલિકાએ ધ્યાનમાં રાખવા જેવી બાબતો અંગે અભ્યાસમાં આવરેલ બાલવાડીઓમાં બાળકોનાં વિકાસ માટે ૨૬ સંચાલિકાઓ જણાવે છે કે બાળકોની રૂચિ જાણવી, ૨૪ જણાવે છે કે બાળક સાથેનો સહાનુભૂતિ ભર્યો વ્યવહાર, ૧૯ બાળકોનું સ્વાસ્થ્ય, અને ૧૮ બાળકની જીજ્ઞાસાવૃત્તિ જેવી બાબતો ધ્યાનમાં રાખવાનું જણાવતા હતાં. જયારે બાળકની (જૂથ પ્રવૃત્તિ) સમૂહભાવના તેમજ બાળકને કોઈ પણ બાબતનો ડર નથી જેવી બાબતોને ધ્યાનમાં રાખતી ૧૭, તેમજ ૧૫ બાળકની નિયમિતતા, ૧૧ બાળકની કૌશલ્યતા વગેરે બાબતો તેના વિકાસ માટે જરૂરી છે તેમ જણાવતા હતા.

બાલવાડીમાં બાલવિકાસની શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે વસાવેલા સાધનો અંગે જોતાં અભ્યાસમાં આવરેલ બાલવાડીઓમાં બાલવિકાસની પ્રવૃત્તિઓ માટે વસાવેલા સાધનોમાં શબ્દચાર્ટ ૩૦ બાલવાડીઓમાં હતાં. ૨૩ બાલવાડીઓમાં મૂળાક્ષર (સચિત્ર ચાર્ટ), ૨૨ બાલવાડીઓમાં પશુ-પંખીના ચાર્ટ, ૧૫ બાલવાડીઓમાં રમવા માટે રમકડા, ૧૨ બાલવાડીઓમાં લખોટા-ઘોડી તેમજ અંકચાર્ટ, ૬ બાલવાડીઓમાં કલર પેન્સીલ (ચિત્રોમાં રંગ પૂરવા), ૪ બાલવાડીઓમાં રંગપેટી, ૩ બાલવાડીઓમાં સાપસીડી, ૨ બાલવાડીઓમાં નકશાપેટી અને લાકડાની ઘોડી (રમવા માટે) જોવા મળી હતી. જયારે દટ્ટાપેટી તેમજ નાની સાયકલ જેવા સાધનો વસાવેલા હોય તેવી માત્ર એક (૧) જ બાલવાડી હતી.

## કોઠા નં ૪.૯
## બાલવિકાસની પ્રવૃત્તિઓ માટે વસાવેલા સાધનો

| ક્રમ | જિલ્લો | ગામ/ બાલવાડી ની સંખ્યા | સચિત્ર મૂળાક્ષર ચાર્ટ | શબ્દ ચાર્ટ | લખોટા ઘોડી | પશુ-પક્ષી ચાર્ટ | રમવાના લાકડાનાં રમકડા | પીરામીડ મીનાર | નકશા પેટી | ચિત્રકામ માટે કલર પેન્સીલ | અંક ચાર્ટ | નાની સાયકલ (તૂટેલા) | દફ્તાપેટી | લાકડાની ઘોડી (રમવા માટે) | રંગપેટી | સાપ સીડી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૧૨ | ૭ | ૮ | ૩ | ૪ | ૩ | - | - | ૩ | - | - | - | - | - | - |
| ૨. | ગાંધીનગર | ૦૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૩. | અમદાવાદ | ૦૧ | - | ૧ | ૧ | ૧ | ૧ | - | ૧ | ૧ | ૧ | - | - | - | - | ૧ |
| ૪. | ખેડા | ૦૧ | - | - | ૧ | ૧ | ૧ | - | - | - | ૧ | - | - | - | - | - |
| ૫. | દાહોદ | ૧૩ | ૫ | ૬ | ૨ | ૫ | ૩ | - | - | - | ૨ | - | - | - | - | - |
| ૬. | નર્મદા | ૧૦ | ૬ | ૮ | ૧ | ૬ | ૨ | - | - | ૨ | ૨ | - | - | ૧ | ૨ | ૧ |
| ૭. | સુરત | ૦૭ | ૪ | ૬ | ૩ | ૪ | ૪ | - | - | ૨ | ૨ | - | - | - | ૧ | - |
| | કુલ | ૪૫ | ૨૩ | ૩૦ | ૧૨ | ૨૨ | ૧૫ | ૧ | ૨ | ૬ | ૧૨ | ૧ | ૧ | ૨ | ૪ | ૩ |

નોંધ : એક કરતાં વધુ જવાબો

કોઠા નં ૪.૧૦

બાલવાડીમાં (દાખલ થયેલ) બાળકો અધવચ્ચે છોડી જતાં રહેવા પાછળનાં કારણો

| ક્રમ | જિલ્લો | તાલુકાની સંખ્યા | ગામ/ બાલવાડીની સંખ્યા | હા | ના | કુલના | જો 'હા' તો કારણો | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | બાળકનાં પિતાની બદલી થવાથી | વાતાવરણ અનુકુળ ન આવતા | અન્ય બાળકો સાથે સમાયોજનનો અભાવ | બાલવાડી દુર હોવાથી | માંદગીને કારણે | કુલ |
| ૧. | સાબરકાંઠા | ૪ | ૧૨ | ૨ | ૧૦ | ૧૨ | - | ૧ | ૧ | - | - | ૨ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | ૧ | - | ૧ | ૧ | - | - | - | - | ૧ |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | - | ૧ | ૧ | - | - | - | - | - | - |
| ૪. | ખેડા | ૧ | ૧ | - | ૧ | ૧ | - | - | - | - | - | - |
| ૫. | દાહોદ | ૩ | ૧૩ | ૫ | ૮ | ૧૩ | - | ૨ | ૧ | ૧ | ૧ | ૫ |
| ૬. | નર્મદા | ૩ | ૧૦ | - | ૧૦ | ૧૦ | - | - | - | - | - | - |
| ૭. | સુરત | ૫ | ૭ | - | ૭ | ૭ | - | - | - | - | - | - |
| | કુલ | ૧૮ | ૪૫ | ૮ | ૩૭ | ૪૫ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ | ૮ |
| | ટકા | | | ૧૭.૭૮ | ૮૨.૨૨ | ૧૦૦ | ૧૨.૦૫ | ૩૭.૦૫ | ૨૫.૦૦ | ૧૨.૦૫ | ૧૨.૦૫ | ૧૦૦ |

પૂર્વ-પ્રાથમિક શિક્ષણ મેળવતા બાળકો બાલવાડીમાંથી અધવચ્ચે છોડી જતાં રહેવા અંગે અભ્યાસંમાં આવરેલ બાલવાડીઓમાંથી કુલ ૪૫ બાલવાડીઓ પૈકી ૩૭ (૮૨.૨૨ ટકા) બાલવાડીઓનાં બાળકો બાલવાડીમાં મળતા પૂર્વ-પ્રાથમિક શિક્ષણને અધવચ્ચે છોડીને જતા ન હતા. જયારે ૮ (૧૭.૭૮ ટકા) બાલવાડીઓનાં બાળકો આ પ્રકારનું શિક્ષણ લેવાનું અધવચ્ચેથી છોડી જતાં રહ્યા હતા.

મોટાભાગની બાલવાડીમાં પૂર્વ-પ્રાથમિક શિક્ષણ મેળવતા બાળકો અધવચ્ચે છોડી જતા ન હતાં. બહુ ઓછી બાલવાડીઓમાં બાળકો શિક્ષણ છોડી જવા પાછળનાં કારણોમાં ૩(૩૭.૦૫ ટકા) બાલવાડીનાં બાળકોને (બાલવાડીનું) વાતાવરણ અનુકૂળ આવતુ ન હતું. ૨ (૨૫.૦૦ ટકા) બાલવાડીનાં બાળકો બાલવાડીમાંના અન્ય બાળકો સાથે સમાયોજન સાધી શકતા ન હતા. જયારે ૩ (૩૭.૦૫ ટકા) બાલવાડીઓ પૈકી ૧ બાલવાડીનાં બાળકનાં વાલીની બદલી થવાથી, ૧ બાલવાડીનાં બાળકને બાલવાડીનું અંતર વધુ (દુર) હોવાથી તેમજ ૧ બાલવાડીમાં બાળકે માંદગીના કારણોસર અધવચ્ચેથી બાલવાડી છોડી જવાનું જાણવા મળ્યું હતું.

**કોઠા નં.૪.૧૧**

**બાળકોનાં પ્રશ્નો અંગે ચિંતા**

| ક્રમ | જિલ્લો | ગામ/ બાલવાડીની સંખ્યા | ચિંતા રહે છે ? | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | હા | ના | અનુત્તર | કુલ | ટકા |
| ૧. | સાબરકાંઠા | ૧૨ | ૯ | - | ૩ | ૧૨ | ૨૬.૬૭ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | - | - | ૧ | ૨.૨૨ |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | - | - | ૧ | ૨.૨૨ |
| ૪. | ખેડા | ૧ | ૧ | - | - | ૧ | ૨.૨૨ |
| ૫. | દાહોદ | ૧૩ | ૭ | - | ૬ | ૧૩ | ૨૮.૮૯ |
| ૬. | નર્મદા | ૧૦ | | - | ૬ | ૧૦ | ૨૨.૨૨ |
| ૭. | સુરત | ૭ | ૩ | - | ૪ | ૭ | ૧૫.૫૬ |
| | કુલ | ૪૫ | ૨૬ | - | ૧૯ | ૪૫ | - |
| | ટકા | | ૫૭.૭૮ | - | ૪૨.૨૨ | - | ૧૦૦.૦૦ |

અભ્યાસ હેઠળની કુલ બાલવાડીઓમાં ૨૬(૫૭.૭૮ ટકા) બાલવાડીઓની સંચાલિકા બહેનોને બાળકોનાં શારીરિક તેમજ માનસિક સ્વાસ્થ્યનાં હિત માટે જે વાતાવરણ પૂરું પાડવું જોઈએ તે ન પૂરું પાડતા બાળકોનાં વિકાસનાં પ્રશ્નો અંગે ચિંતા વ્યક્ત કરતાં હતાં. જયારે ૧૯ (૪૨.૨૨ ટકા) બાલવાડીમાં આ પ્રશ્ન અંગે અનુત્તર રહ્યા હતાં.

ઉપરોક્ત કોઠાની સ્પષ્ટતા કરતાં બાળકોનાં પ્રશ્નો અંગેની ચિંતાનાં કારણોમાં કેટલીક બાલવાડીમાં આરોગ્યપ્રદ વાતાવરણનો અભાવ, પીવાનાં પાણીની અપૂરતી વ્યવસ્થા, અનિશ્ચિત વિજળી, શૈક્ષણિક તેમજ રમત-ગમતનાં સાધનોનો અભાવ, બાલક્રિડાંગણની સુવિધાનો અભાવ તેમજ પૂરતો અને પૌષ્ટિક, નાસ્તો આપી નહી શકવાને કારણે બાળકોને ઉત્તમ શિક્ષણ પૂરું પડતું ન હોવાની ચિંતા રહેવાનું જણાવતા હતા.

ઉપરોક્ત પ્રશ્નોને ધ્યાનમાં રાખી બાળકનો વિકાસ રૂંધાય નહી અને પૂરતી વ્યવસ્થા જળવાય તે માટે સાવધાન રહેવું જરૂરી છે.

આદિજાતિ વિસ્તારમાં માતા-પિતા તેમનાં બાળકોને યોગ્ય પૂર્વ-પ્રાથમિક શિક્ષણ મળે અને તેમનો શૈક્ષણિક વિકાસ થાય તે હેતુસર બાલવાડીમાં મોકલે છે. તે બાબતને ધ્યાનમાં રાખી બાળકનાં સ્વાસ્થ્યને અનુરૂપ શાંત વાતાવરણ, રમતગમતનાં સાધનો, હવા-ઉજાસની તેમજ પાયાની સુવિધાઓ ઉપલબ્ધ હોવી જરૂરી છે. જેને કારણે બાલસંચાલિકાને બાળકોનાં પાયાનાં પ્રશ્નો બાબતે કોઈ મુશ્કેલી ન રહે.

કોઠા નં.૪.૧૨

બાળકોનાં પ્રશ્નો નિવારવાનાં પ્રયત્નો

| ક્રમ | બાળકોનાં પ્રશ્નો | નિવારવાનાં પ્રયત્નો | કુલ |
|---|---|---|---|
| ૧. | બાળકની રૂચિ | કારણ જાણી ઉકેલ લાવવો | ૨૬ |
| ૨. | પૌષ્ટિક નાસ્તો | ,, ,, | ૧૯ |
| ૩. | છૂટથી રમવા અંગે | બાલક્રિડાગણની વ્યવસ્થા | ૧૭ |
| ૪. | અંગત તકલીફો | કારણ જાણી દૂર કરવા | ૧૯ |
| ૫. | બાળકોની લાગણી | સહાનુભૂતિ ભર્યુંવર્તન | ૨૪ |
| ૬. | બાળકોની અસ્વચ્છતા | સ્વચ્છ રાખવાનાં | ૧૯ |
| ૭. | બાળકોનું આરોગ્ય | આરોગ્ય વ્યવસ્થા માટેનાં | ૨૪ |
| ૮. | બાળકોની સમૂહ ભાવના | જૂથ પ્રવૃત્તિ દ્વારા | ૧૭ |

બાલવાડીનાં પ્રશ્નો અંગેની ચિંતા અને તેને નિવારવાનાં પ્રયત્નો અંગે અભ્યાસ હેઠળની કુલ ૪૫ બાલવાડીઓ પૈકી ૨૬ (૫૭.૭૮ ટકા) બાલવાડીઓમાં બાળકોનાં પ્રશ્નોની ચિંતા રહે છે તેમ જાણવા મળ્યું હતું. જ્યારે ૧૯ (૪૨.૨૨ ટકા) બાલવાડીઓમાંના સંચાલિકા બહેનો આ પ્રશ્ને અનુત્તર રહ્યા હતા.

કોઠા પરથી ખ્યાલ આવે છે કે બાલવાડીઓમાંના બાળકોનાં પ્રશ્નોને નિવારવાના સંદર્ભે બાળકની રૂચિનાં પ્રશ્ન અંગે ૨૬, બાળકોની આરોગ્ય અને લાગણીનાં પ્રશ્ને ૨૪, જ્યારે બાળકોને મળતા પૌષ્ટિક નાસ્તા તેમજ (બાળકોની) અસ્વચ્છતા અંગે ૧૯, બાળકોને છૂટથી રમવા તેમજ સમૂહ ભાવના કેળવાય તે માટેનાં પ્રશ્નો નિવારવાના પ્રયત્નો કરતાં ૧૭ બાલવાડીઓનાં સંચાલકો જોવા મળ્યા હતાં.

ઉપરોક્ત દર્શાવેલ બાળકોનાં પ્રશ્નોનાં નિવારણ અંગે સ્પષ્ટ કહી શકાય કે બાળકોમાં રહેલી વિવિધ શક્તિઓને પોષવા, આનંદિત વાતાવરણ ઉભુ કરવું જરૂરી છે, તેને પ્રેમ અને હૂંફની જરૂર છે. બાળકોના સુસ્વાસ્થ્ય માટે પૌષ્ટિક નાસ્તો અને સૌજન્યભર્યુ મૂક્ત વાતાવરણ જળવાઈ રહેવું જોઈએ.

(૨) **આરોગ્યપ્રદ નાસ્તાની વ્યવસ્થા :**

બાલવાડીમાં બાલઆરોગ્ય માટે સૌથી પ્રથમ અને અગત્યની બાબત એ છે કે બાળકોને સાત્વિક નાસ્તો મળે છે ? બાલવાડીમાં રોજે રોજ ફરતા નાસ્તાની વ્યવસ્થા થાય છે ? તેમજ બાળકોનાં આરોગ્ય માટે પ્રમાણસર નાસ્તો અપાય છે કે કેમ ?

**કોઠા નં.૪.૧૩**

**બાલવાડીમાં નાસ્તો બનાવાય છે ?**

| ક્રમ | જિલ્લો | ગામ/ બાલવાડીની સંખ્યા | નાસ્તો બનાવાય છે | | | |
|---|---|---|---|---|---|---|
| | | | હા | ના | ક્યારેક | કુલ |
| ૧. | સાબરકાંઠા | ૧૨ | - | ૧૨ | - | ૧૨ |
| ૨. | ગાંધીનગર | ૦૧ | ૧ | - | - | ૧ |
| ૩. | અમદાવાદ | ૦૧ | - | - | ૧ | ૧ |
| ૪. | ખેડા | ૦૧ | - | - | ૧ | ૧ |
| ૫. | દાહોદ | ૧૩ | - | ૧૩ | - | ૧૩ |
| ૬. | નર્મદા | ૧૦ | - | ૮ | ૨ | ૧૦ |
| ૭. | સુરત | ૦૭ | ૧ | ૫ | ૧ | ૭ |
| | કુલ | ૪૫ | ૨• | ૩૯ | ૪ | ૪૫ |
| | ટકા | | ૪.૪૪ | ૮૬.૬૭ | ૮.૮૯ | ૧૦૦.૦૦ |

નોંધ : • બે બાલવાડીમાં આરોગ્યપ્રદ નાસ્તા બનાવે છે. પરંતુ નિયમિત નહીં.

• સામાજિક પ્રસંગોમાં (નાના બાળકોને જમાડવાની ધાર્મિક ભાવના)

(૧) બાળકની નામકરણવિધિ

(૨) બાળકને સ્કુલે દાખલ કર્યુ હોય

(૩) કોઈ મરણ પ્રસંગે

(૪) જૈન સંવત્સરી વખતે

બાલવાડીમાં બાળકો (વિવિધ) માટે પૌષ્ટિક નાસ્તો બનાવાય છે તેની વિગત માટે ઉપરોક્ત કોઠાનું વિશ્લેષણ કરતાં જણાય છે કે અભ્યાસ હેઠળની બાલવાડીઓમાં બાળકો માટે પૌષ્ટિક નાસ્તો બનાવવા (અંગે) કુલ ૪૫ બાલવાડીઓ પૈકી ૨ (૪.૪૪ ટકા) બાલવાડીમાં પૌષ્ટિક નાસ્તો બનાવવામાં આવે છે. જ્યારે ૩૯ (૮૬.૮૭ ટકા) બાલવાડીઓમાં નાસ્તો બનાવતા નથી. માત્ર ૪ (૮.૮૯ ટકા) એવી બાલવાડીઓ જોવા મળી હતી કે તેમાં ક્યારેક આવો નાસ્તો બનાવવામાં આવતો હતો.

## કોઠા નં ૪.૧૪
## બાલવાડીમાં અપાતા નાસ્તાનું સંચાલન

| ક્રમ | જિલ્લો | ગામ/ બાલવાડીની સંખ્યા | નાસ્તો આપવાની વ્યવસ્થા સચવાય છે | | | નાસ્તો પૂરતો નથી હોતો | બાળકોને અપાતો નાસ્તો કોરો હોય છે | 'ના' તો તેના કારણો | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | હા | ના | ના | | | નાસ્તા માટે રકમ ઓછી પડે છે. | નાસ્તો ખલાસ થતાં છોકરાને આવવાની ના કહી દે છે. |
| ૧. | સાબરકાંઠા | ૧૨ | ૧ | ૧૧ | ૧૨ | ૧૧ | ૧૧ | ૫ | ૩ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | - | ૧ | - | - | ૧ | ૧ |
| ૩. | અમદાવાદ | ૧ | - | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૪. | ખેડા | ૧ | - | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૫. | દાહોદ | ૧૩ | - | ૧૩ | ૧૩ | ૧૩ | ૧૩ | ૮ | ૫ |
| ૬. | નર્મદા | ૧૦ | ૨ | ૮ | ૧૦ | ૮ | ૮ | ૪ | ૬ |
| ૭. | સુરત | ૭ | ૧ | ૬ | ૭ | ૬ | ૬ | ૫ | ૩ |
| | કુલ | ૪૫ | ૫ | ૪૦ | ૪૫ | ૪૦ | ૪૦ | ૨૬ | ૨૦ |
| | ટકા | | ૧૧.૧૧ | ૮૮.૮૯ | ૧૦૦.૦૦ | | | | |

નોંધ : એક કરતાં વધુ જવાબો

બાલવાડીમાં અપાતા નાસ્તાના સંચાલન અંગે કોઠામાં જણાવ્યા અનુસાર અભ્યાસમાં આવરેલી બાલવાડીઓમાં કુલ ૪૫ બાલવાડીઓ પૈકી મોટાભાગની ૪૦ (૮૮.૮૯ ટકા) બાલવાડીઓમાં બાળકોને અપાતા નાસ્તાના સંચાલનની વ્યવસ્થા બરાબર જોવા મળી ન હતી. માત્ર ૫ (૧૧.૧૧ ટકા) બાલવાડીઓમાં આ વ્યવસ્થા જળવાઈ રહી હતી.

જેનાં કારણોમાં એમાંની કેટલીક બાલવાડીઓની સંચાલિકા બહેનો સ્વાધ્યાય પરિવારમાં જોડાયેલી હોવાને કારણે બાળકો પ્રત્યેની ધાર્મિક ભાવનાને લીધે સ્વખર્ચે પણ બાળકોને નિયમિત પણે સારો અને પૌષ્ટિક નાસ્તો આપતી હતી.

બાલવાડીમાં અપાતા નાસ્તાના સંચાલનની અવ્યવસ્થાનાં કારણોમાં કુલ બાલવાડીઓ પૈકી ૪૦ બાલવાડીઓમાં અનુક્રમે બાળકોને આપવામાં આવતો નાસ્તો અપૂરતો તેમજ કોરો (મમરા-સેવ, ચવાણુ, બિસ્કીટ વગેરે) નાસ્તો આપવામાં આવે છે. ૨૬ બાલવાડીઓમાં નાસ્તા માટેની રકમ ઓછી પડે છે તેમ જાણવા મળ્યું હતું. જયારે નાસ્તો ખલાસ થતાં બાળકોને આવવાની ના કહી દે છે અને હવે પછી જયારે નાસ્તો આવશે ત્યારે કહેવડાવવામાં આવશે તેવી જાણ કરતી ૨૦ બાલવાડીઓ જોવા મળી હતી.

**કોઠા નં.૪.૧૫**

**બાલવાડીમાં પૌષ્ટિક નાસ્તો નહિ બનાવવાનાં કારણો**

| ક્રમ | કારણો | બાલવાડીની સંખ્યા |
|---|---|---|
| ૧. | નાસ્તો બનાવવા મળતી રકમ પ્રમાણમાં પૂરતી નથી | ૪૩ |
| ૨. | પૂરતા સાધનોનો (વાસણનો) અભાવ | ૩૯ |
| ૩. | નાસ્તા માટેની ફાળવવામાં આવતી રકમમાં (નાસ્તો બનાવવા) બળતણ મોંઘુ પડે | ૩૯ |
| ૪. | પૂરતા પ્રમાણમાં પૈસા અને વાસણોના અભાવે ઈચ્છા હોવા છતાં બનાવી શકતા નથી | ૩૯ |
| ૫. | અનુત્તર | ૪ |

બાલવાડીમાં પૌષ્ટિક નાસ્તો નહિ બનાવવાનાં કારણોમાં ૪૩ બાલવાડીઓમાં નાસ્તો બનાવવા મળતી રકમ પ્રમાણમાં પૂરતી નથી, જયારે (નાસ્તો બનાવવા માટે) પૂરતા વાસણોનો અભાવ અને તે માટે ફાળવવામાં આવતી રકમમાં બળતણ મોંઘું પડે તથા પૈસા અને વાસણોનાં અભાવે ઈચ્છા હોવા છતાં બનાવી શકતા નથી જેવા કારણો ૩૯ બાલવાડીઓમાં જાણવા મળ્યા હતા. ૪ બાલવાડીઓ આ પ્રશ્ને અનુત્તર રહી હતી.

(૩) બાળઆરોગ્ય વિષયક :

બાળ શિક્ષિકાઓને બાળકોની આરોગ્યની સંભાળ માટે આરોગ્ય વિશેનું સામાન્ય જ્ઞાન હોવું જરૂરી છે. આદિવાસી ગ્રામીણ વિસ્તારમાં (આદિવાસી સમાજનાં) રીતરિવાજ અને રૂઢિનાં અમુક બંધનને કારણે બાળકોનાં આરોગ્ય પરત્વે પૂરતું ધ્યાન અપાતું નથી હોતું. ઉપરાંત ગામડામાં બાળકોનાં માતા-પિતા આરોગ્યનાં સામાન્ય સિધ્ધાંતોથી પણ અજાણ હોય છે. સાથે સાથે દિવસ દરમ્યાનની (આર્થિક ઉપાર્જનની) પ્રવૃત્તિઓમાં એટલાં બધા ગૂંથાએલા હોય છે કે બાળક તરફ પૂરતું ધ્યાન આપવાની ફુરસદ જ હોતી નથી. આ સંજોગોમાં બાળકોની સંભાળ લેવી એ બાલશિક્ષિકાનું કર્તવ્ય છે. શિક્ષિકાએ બાળકોને શિક્ષણ આપવાની સાથે બાળકોના આરોગ્યની પણ કાળજી રાખવી જોઈએ.

**કોઠા નં.૪.૧૬**

**બાળકોની આરોગ્ય તપાસ**

| ક્રમ | જિલ્લો | ગામ/ બાલવાડીની સંખ્યા | આરોગ્ય તપાસ કરાવો છો ? | | | તપાસ કોણ કરે છે ? | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | હા | અનુત્તર | કુલ | ફીમેલ હેલ્થ વર્કર | આરોગ્ય કાર્યકર | કુલ |
| ૧. | સાબરકાંઠા | ૧૨ | ૧૦ | ૨ | ૧૨ | ૭ | ૩ | ૧૦ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | - | ૧ | ૧ | - | ૧ |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | - | ૧ | - | ૧ | ૧ |
| ૪. | ખેડા | ૧ | ૧ | - | ૧ | - | ૧ | ૧ |
| ૫. | દાહોદ | ૧૩ | ૧૦ | ૩ | ૧૩ | ૭ | ૩ | ૧૦ |
| ૬. | નર્મદા | ૧૦ | ૮ | ૨ | ૧૦ | ૬ | ૨ | ૮ |
| ૭. | સુરત | ૦૭ | ૬ | ૧ | ૭ | ૩ | ૩ | ૬ |
| | કુલ | ૪૫ | ૩૭ | ૮ | ૪૫ | ૨૪ | ૧૩ | ૩૭ |
| | ટકા | | ૮૨.૨૨ | ૧૭.૭૮ | ૧૦૦ | ૬૪.૮૭ | ૩૫.૧૩ | ૧૦૦ |

બાળકોની આરોગ્ય તપાસ અંગે અભ્યાસ માટે પસંદ કરેલ કુલ બાલવાડીઓ પૈકી ૩૭ (૮૨.૨૨ ટકા) બાલવાડીઓમાં બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવતી હતી, જ્યારે ૮ (૧૭.૭૮ ટકા) આ પ્રશ્ને અનુત્તર રહ્યા હતાં.

ઉપરોક્ત આરોગ્ય તપાસ અંગે જોતાં કુલ ૩૭ (૮૨.૨૨ ટકા) બાલવાડીઓ પૈકી ૨૪(૬૪.૮૭ ટકા) બાલવાડીઓમાં ફીમેલ હેલ્થ વર્કર ( F.H.W.) તેમજ ૧૩ (૩૫.૧૩ ટકા) બાલવાડીઓમાં બાળકોની આરોગ્ય તપાસ આરોગ્ય કાર્યકર કરતા હોવાનું જાણવા મળ્યું હતું.

**કોઠા નં.૪.૧૭**

**બાળકોની આરોગ્ય વિષયક તકલીફો**

| ક્રમ | જિલ્લો | ગામ/ બાલવાડીની સંખ્યા | ઓછુ વજન | શરદી | ઉધરસ | તાવ | બેચેની | બોલતા મોડું શીખવું |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૧૨ | ૭ | ૫ | ૬ | ૩ | ૩ | ૨ |
| ૨. | ગાંધીનગર | ૧ | - | ૧ | ૧ | - | - | અ |
| ૩. | અમદાવાદ | ૧ | - | ૧ | ૧ | - | ૧ | - |
| ૪. | ખેડા | ૧ | ૧ | ૧ | - | ૧ | - | - |
| ૫. | દાહોદ | ૧૩ | ૫ | ૨ | - | ૩ | ૪ | ૧ |
| ૬. | નર્મદા | ૧૦ | ૬ | ૨ | ૧ | ૨ | ૭ | - |
| ૭. | સુરત | ૦૭ | ૫ | ૧ | - | ૧ | ૫ | - |
| | કુલ | ૪૫ | ૨૪ | ૧૩ | .૯ | ૧૦ | ૨૦ | ૩ |

નોંધ : એક કરતાં વધુ જવાબો પ્રાપ્ય

ઉપરોક્ત કોઠામાં દર્શાવ્યા મુજબ અભ્યાસમાં આવરેલ બાલવાડીઓનાં બાળકોની આરોગ્ય વિષયક તકલીફોમાં જે જાણવા મળ્યું તેમાં ૨૪ બાલવાડીઓમાં બાળકોનું (સામાન્ય જરૂરી હોય તેનાં પ્રમાણમાં) ઓછુ વજન જોવા મળ્યું હતું. ૨૦ને બેચેની, ૧૩ બાલવાડીઓમાં બાળકોને શરદી, ૧૦ તાવ તેમજ ૯ બાળકોને ઉધરસ આવતી જોવા મળી હતી. ૩ બાલવાડીઓમાં કેટલાક બાળકો બોલતા મોડું શીખ્યા હતા.

**કોઠા નં.૪.૧૮**

**રોગ પ્રતિકારક રસીની જાણકારી (આરોગ્ય વિષયક)**

| ક્રમ | જિલ્લો | ગામ/ બાલવાડીની સંખ્યા | રોગ પ્રતિકારક રસી અંગેની જાણકારી | | |
|---|---|---|---|---|---|
| | | | હા | અનુત્તર | કુલ |
| ૧. | સાબરકાંઠા | ૧૨ | ૯ | ૩ | ૧૨ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | - | ૧ |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | - | ૧ |
| ૪. | ખેડા | ૧ | ૧ | - | ૧ |
| ૫. | દાહોદ | ૧૩ | ૧૦ | ૩ | ૧૩ |
| ૬. | નર્મદા | ૧૦ | ૮ | ૨ | ૧૦ |
| ૭. | સુરત | ૭ | ૩૭ | ૮ | ૪૫ |
| | કુલ | ૪૫ | ૩૭ | ૮ | ૪૫ |
| | ટકા | | ૮૨.૨૨ | ૧૭.૭૮ | ૧૦૦.૦૦ |

બાળકોને અપાતી રોગપ્રતિકારક રસી આપવાની જાણકારી અંગે જણાય છે કે અભ્યાસમાં આવરેલ કુલ ૪૫ બાલવાડીઓ પૈકી ૩૭ (૮૨.૨૨ ટકા) બાલવાડીઓમાં સંચાલિકા બહેનો રોગપ્રતિકારક રસીની જાણકારી ધરાવતી હતી, જયારે ૮(૧૭.૭૮ ટકા) બાલવાડીઓની સંચાલિકા બહેનો આ બાબતે અનુત્તર રહ્યા હતાં.

કોઠા નં.૪.૧૯ પરથી જણાય છે કે અભ્યાસમાં આવરેલ બાળકોની આરોગ્ય વિષયક તકલીફો નિવારવા માટે થતા પ્રયત્નોમાં ૩૪ બાલવાડીઓ આરોગ્ય સુવિધાઓ ઉભી કરવાનું જણાવતા હતા. જયારે બાળકો પરત્વે પૂરતું ધ્યાન અને બાળકો પ્રફુલ્લિત રહે તે માટે ૩૦, બાળકોમાં નબળા આરોગ્ય માટે વાલીઓનું ધ્યાન દોરવા ૨૬, સ્વચ્છ વાતાવરણ રાખવાનું ૨૨ બાલવાડીઓની સંચાલિકા બહેનો જણાવતી હતી. ૧૩ બાલવાડીઓમાં બાળકોને સ્વચ્છ રૂમાલ (શરદી, ખાંસી, તેમજ ગરમીમાં પસીનો લૂછવા) વાલીઓએ આપવાનું જણાવતા હતા.

કોઠા નં.૪.૧૯ પરથી કહી શકાય કે બાળકોના આરોગ્ય વિષયક બાબતોમાં મોટા ભાગે શરદી, તાવ, બેચેની તેમજ ચામડીનાં રોગોનું પ્રમાણ વધુ જોવા મળે છે. તે માટે બાળકોની અવાર-નવાર આરોગ્ય તપાસ થવી જોઈએ. તેમજ યોગ્ય સારવારની સૂચના આપવી જોઈએ. તેમની સાથેનાં વ્યવહારમાં મૂક્ત વાતાવરણ જળવાઈ રહે તે જરૂરી છે.

બાલવાડી ચલાવવા માટે મળતી ગ્રાન્ટના ઉપયોગની જાણકારી અંગે પૃથ્થકરણ કરતા જણાય છે કે કુલ અભ્યાસ હેઠળની બાલવાડીઓમાં મળતી ગ્રાન્ટના ઉપયોગમાં સંચાલિકાનો પગાર, તેડાગરનો પગાર તેમજ બાળકનાં નાસ્તા પાછળ ખર્ચ ૪૫ (એટલે કે તમામ) બાલવાડીમાં થાય છે. જયારે મકાન ભાડા પાછળ ૨૫, રમત-ગમતનાં સાધનો પાછળ ૧૬, શૈક્ષણિક સાધનો પાછળ ૧૫, પરચુરણ ખર્ચ પાછળ ૮, દાકતરી તપાસ પાછળ ૩ અને કપડાં પાછળ ગ્રાન્ટનો ઉપયોગ થતો હોય તેવી જાણકારી ધરાવતી માત્ર ૨ (બાલવાડીઓની સંચાલિકા) જોવા મળી હતી.

## કોઠા નં ૪.૧૯
## બાળકોની આરોગ્ય વિષયક તકલીફો નિવારવા થતા પ્રયત્નો

| ક્રમ | જિલ્લો | ગામ/ બાલવાડીની સંખ્યા | વાતાવરણ સ્વચ્છ રાખવું | બાળકો પ્રત્યે પૂરતુ ધ્યાન આપવું | આરોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ કરવી | નબળા આરદદ્દગ માક્ષ. બાળકોના વાલીઓનું ધ્યાન દોરવું | બાળકને સ્વચ્છ રૂમાલ આપવા | બાળકોને પ્રફુલ્લિત રાખવા |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૧૨ | ૬ | ૫ | ૪ | ૭ | ૫ | ૮ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૪. | ખેડા | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૫. | દાહોદ | ૧૩ | ૬ | ૧૦ | ૧૧ | ૭ | ૨ | ૭ |
| ૬. | નર્મદા | ૧૦ | ૪ | ૭ | ૮ | ૫ | ૨ | ૬ |
| ૭. | સુરત | ૭ | ૩ | ૫ | ૭ | ૪ | ૧ | ૫ |
| | કુલ | ૪૫ | ૨૨ | ૩૦ | ૩૪ | ૨૬ | ૧૩ | ૩૦ |

નોંધ : એક કરતાંવધુ જવાબો પ્રાપ્ય

## કોઠા નં ૪.૨૦
## બાલવાડીને મળતી ગ્રાન્ટના ઉપયોગ અંગે જાણકારી

| ક્રમ | જિલ્લો | ગામ/બાલવાડી-ની સંખ્યા | સંચાલિકાનો પગાર | તેડાગર બહેનોને પગાર | બાળકોનો નાસ્તો | કપડા | શૈક્ષણિક સાધનો | દાક્તરી સારવાર | સ્ટેશનરી | મકાન ભાડુ | રમત-ગમતનાં સાધનો | પરચુરણ ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૧૨ | ૧૨ | ૧૨ | ૧૨ | - | ૪ | ૩ | ૩ | ૮ | ૫ | ૭ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૪. | ખેડા | ૧ | ૧ | ૧ | ૧ | - | - | - | ૧ | ૧ | ૧ | - |
| ૫. | દાહોદ | ૧૩ | ૧૩ | ૧૩ | ૧૩ | - | ૫ | - | ૨ | ૫ | ૩ | |
| ૬. | નર્મદા | ૧૦ | ૧૦ | ૧૦ | ૧૦ | - | ૨ | - | ૨ | ૪ | ૩ | - |
| ૭. | સુરત | ૭ | ૭ | ૭ | ૭ | ૧ | ૨ | - | ૧ | ૫ | ૨ | - |
| | કુલ | ૪૫ | ૪૫ | ૪૫ | ૪૫ | ૨ | ૧૫ | ૩ | ૧૧ | ૨૫ | ૧૬ | ૮ |

નોંધ : ૧. એક કરતાં વધુ જવાબો

૨. સુરતની એક બાલવાડીમાં જૈનસંવત્સરીમાં બાળકોને સ્લેટ-પેન વહેંચે છે.

કોઠા નં ૪.૨૧
સંચાલિકા બહેનોને બાલવાડીમાં પડતી મુશ્કેલીઓ

| ક્રમ | જિલ્લો | ગામ/બાલવાડી-ની સંખ્યા | આરોગ્યપ્રદ સુવિધાનો અભાવ | શૈક્ષણિક સાધનોનો અભાવ | બાલક્રિડાગણ ની સુવિધાનો અભાવ | પગાર અનિયમિત મળે છે. | આદિવાસી બાળકોને ગુજરાતી ભાષામાં સમજ ઓછી પડે છે. | બાળકોની સંખ્યા પૂરતી નથી હોતી | બાલવાડીની આજુબાજુનું વાતાવરણ અનુકૂળ નથી | બાળકોને પૂરતો નાસ્તો નહિ મળવાને કારણે વાલીઓ શંકા કરે છે. | બાલવાડી જાહેર રસ્તા ઉપર હોવાથી વાહનવ્યવહારને કારણે ખલેલ પડતી | બાલવાડીનાં સંચાલક અમારી તકલીફોને ધ્યાનમાં લેતા નથી. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૧૨ | ૫ | ૧૦ | ૧૨ | ૧૨ | - | ૨ | ૪ | ૩ | ૨ | ૯ |
| ૨. | ગાંધીનગર | ૧ | - | - | ૧ | - | - | - | - | - | - | - |
| ૩. | અમદાવાદ | ૧ | - | ૧ | ૧ | - | - | - | - | - | - | - |
| ૪. | ખેડા | ૧ | ૧ | ૧ | ૧ | - | - | - | - | - | - | - |
| ૫. | દાહોદ | ૧૩ | ૮ | ૧૨ | ૧૦ | ૧૦ | - | ૫ | ૨ | ૩ | - | ૫ |
| ૬. | નર્મદા | ૧૦ | ૭ | ૮ | ૮ | ૯ | ૩ | ૪ | ૨ | ૨ | ૨ | ૪ |
| ૭. | સુરત | ૭ | ૫ | ૫ | ૫ | ૬ | ૨ | ૫ | ૨ | - | ૨ | ૩ |
| | કુલ | ૪૫ | ૨૬ | ૩૭ | ૩૮ | ૩૭ | ૫ | ૧૬ | ૧૦ | ૮ | ૬ | ૨૧ |

સંચાલિકાને પડતી મુશ્કેલીઓ અભ્યાસ હેઠળની મોટાભાગની ૩૮ બાલવાડીઓમાં બાળકોને રમવા માટે રમત-ગમતનાં (બાલક્રિડાંગણ) મેદાનની સુવિધા જોવા મળી ન હતી. જયારે શૈક્ષણિક સાધનોનો અભાવ તેમજ પગાર પૂરતો મળતો ન હતો અને અનિયમિત મળતા હોવાની બાબતે ૩૭, બાલવાડીઓની સંચાલિકાઓને મુશ્કેલી છે. જયારે આરોગ્યપ્રદ સુવિધાઓનો અભાવ ૨૬, બાલવાડી ચલાવનાર સંચાલક અમારી તકલીફો ધ્યાનમાં જ નથી.લેતા ૨૧, બાળકોની હાજરી અપૂરતી હોવાની ૧૬, બાળકોને પૌષ્ટિક અને પૂરતો નાસ્તો ન મળવાને કારણે તેમનાં વાલીઓ નાસ્તાની રકમ અમે લઈ લેતા હોઈશું તેવી શંકા કરનાર ૮ તેમજ આદિવાસી બાળકોને ગુજરાતી ભાષા સમજી શકતા ન હોય તેવી ૫ બાલવાડીઓની સંચાલિકા બહેનોએ જણાવ્યું હતું.

**કોઠા નં.૪.૨૨**

**સંચાલિકાને (બાલવાડીમાં) મળતી સુવિધા અને સહકાર**

| ક્રમ | જિલ્લો | ગામ/ બાલવાડીની સંખ્યા | બાલવાડીની આજુબાજુનાં લોકોનો સહકાર | અન્ય કર્મચારીઓનો સહકાર | રહેઠાણ નજીક હોવાથી સમયસર આવવા-જવાની સુવિધા |
|---|---|---|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૧૨ | ૯ | ૩ | ૨ |
| ૨. | ગાંધીનગર | ૧ | ૧ | ૧ | ૧ |
| ૩. | અમદાવાદ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૪. | ખેડા | ૧ | ૧ | ૧ | ૧ |
| ૫. | દાહોદ | ૧૩ | ૧૦ | ૫ | ૩ |
| ૬. | નર્મદા | ૧ | ૭ | ૪ | ૨ |
| ૭. | સુરત | ૭ | ૫ | ૨ | ૧ |
| | કુલ | ૪૫ | ૩૪ | ૧૭ | ૧૧ |

**નોંધ :** એક કરતાં વધુ જવાબો પ્રાપ્ય

સંચાલિકાને મળતી સુવિધા અને સહકાર અંગે બાલવાડીમાં સંચાલિકા બહેનોને મળતી સુવિધા સંદર્ભે અભ્યાસ માટે પસંદ કરેલ કુલ બાલવાડીઓમાંથી ૩૪ બાલવાડીની સંચાલિકાઓને (બાલવાડીની) આજુબાજુના ઘરોના લોકોનો સહકાર મળી રહેતો હતો. ૧૭ અન્ય કર્મચારીઓનો સહકાર તેમજ ૮ બાલવાડીના સંચાલિકાઓનું રહેઠાણ નજીક હોવાથી સમયસર આવવા-જવાની સુલભતા તેમજ બેઠક વ્યવસ્થા માટે ખુરશી-ટેબલ, લાઈટ-પંખા વગેરે સુવિધાઓ ઉપલબ્ધ હતી.

બાલવાડી એ પૂર્વ-પ્રાથમિક શિક્ષણ મેળવવાની વિશિષ્ટ શૈક્ષણિક સંસ્થા છે. જેનાં સંચાલનનો

મુખ્ય આધાર સંસ્થાનાં સંચાલક બાદ બાલ સંચાલિકા પર રહેલો છે. બાલવાડીમાં આવતા તમામ બાળકોનાં સર્વાંગી વિકાસની જવાબદારી તેમની પર રહેલી છે. તેથી (બાળકોનાં વિકાસ અર્થે પણ) બાલસંચાલિકાઓને ઉપયોગી તમામ સવલતો પૂરી પડે એ જરૂરી છે. સંચાલિકા બીજા કર્મચારીઓનાં સહકારથી અને સદ્‌ભાવભર્યા વ્યવહારથી બાળકોનાં વિકાસાર્થે સક્રિય કામગીરી બજાવે છે.

કોઠા નં.૪.૨૩

**સંચાલનમાં ઉદ્‌ભવતી સમસ્યાઓનો ઉકેલ**

| ક્રમ | સમસ્યાઓનો ઉકેલ | ગામ/બાલવાડીની સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | સ્વયં રસ લઈને | ૫ | ૧૧.૧૧ |
| ૨. | કર્મચારીઓનો સહયોગ | ૨૦ | ૪૪.૪૪ |
| ૩. | ટ્રસ્ટનો સહયોગ | ૧૭ | ૩૭.૭૯ |
| ૪. | અન્ય (સમજવા તૈયાર નથી) | ૩ | ૬.૬૬ |
| | કુલ | ૪૫ | ૧૦૦.૦૦ |

ઉપર્યુક્ત કોઠાનું વિશ્લેષણ કરતાં જણાય છે કે ૪૫ બાલવાડીઓનાં સંચાલનમાં ઉદ્‌ભવતી સમસ્યાઓનાં ઉકેલ લાવવામાં સૌથી વધુ ૨૦ (૪૪.૪૪ ટકા) સંચાલકો કર્મચારીઓનાં સહયોગ દ્વારા ઉકેલ લાવે છે. ૧૭(૩૭.૭૯ ટકા) ટ્રસ્ટનો સહયોગ, તેમજ ૫ (૧૧.૧૧ ટકા) સ્વયં રસ લઈને બાલવાડીઓનાં સંચાલનમાં ઉદ્‌ભવતી સમસ્યાઓનો ઉકેલ લાવવા પ્રયત્ન કરે છે. જયારે ૩ (૬.૬૬ ટકા) બાલવાડીઓનાં કર્મચારીઓ સંચાલનમાં ઉભી થતી સમસ્યાઓનાં ઉકેલ સાથે સમાધાન કરવા તૈયાર નથી.

ઉપરોકત કોઠા પરથી સ્પષ્ટ કહી શકાય કે બાલવાડી એ બાળકોનાં પાયાના વિકાસ માટેની વિશિષ્ટ શૈક્ષણિક સંસ્થા છે. એનાં સંચાલનની છેવટની અને મોટાભાગની જવાબદારી સંચાલકની હોય છે. બાળકોનાં સર્વાંગી વિકાસ માટે બાલવાડીનાં સંચાલનમાં કર્મચારીઓનો સહયોગ, ટ્રસ્ટનો સહયોગ અગ્રસ્થાને હોઈ તેમાં ઉદ્‌ભવતી સમસ્યાઓનો ઉકેલ સક્રિય સહકાર વગર અશક્ય છે.

## પ્રકરણ-૫

## અભ્યાસ આધારિત પ્રશ્નો, તારણો અને સૂઝાવો

'રાજયમાં ચાલતી બાલવાડી યોજના હેઠળ આદિજાતિનાં બાળકોને મળેલ શૈક્ષણિક સુવિધા' મૂલ્યાંકન અભ્યાસમાં આગળના પ્રકરણોમાં બાલવાડીની યથાસ્થિતિ વિગતે બતાવી છે. આ યોજના હેઠળ આદિવાસી વિસ્તારનાં બાળકો બાલવાડીમાં પૂર્વ-પ્રાથમિક શિક્ષણ મેળવી રહ્યા છે. આદિવાસી વિસ્તારનાં મોટાભાગના આદિવાસી કુટુંબોમાં ગરીબી એટલાં નીચા સ્તર સુધી જોવા મળે છે કે ક્યારેક બે ટંકનું ભોજન પણ પ્રાપ્ત કરી શકતાં નથી. આદિજાતિ વિસ્તારનાં બાળકોના સંવર્ધન પોષણ, દેખરેખ, સંભાળ તેમજ પૂર્વ-પ્રાથમિક શિક્ષણ માટે તાલીમ આપવાનાં હેતુથી આદિવાસી સમાજો માટે અલગ કાર્યક્રમોની જોગવાઈ કરી તેમનાં બાળકોને પોષણ યુક્ત આહાર અને શિક્ષણ પ્રાપ્ત કરી શકવાના હેતુથી વિવિધ વિકાસ યોજનાઓ જેમ બાલવાડી યોજનાનો પ્રયોગ હાથ ધર્યો છે.

આદિવાસી વિસ્તારો અને સમૂદાયો આર્થિક રીતે પછાત હોઈ તેમનું જીવન ધોરણ નીચું છે અને આથી જ તેમનાં બાળકો શિક્ષણથી વંચિત રહી જાય છે તે બહુ સ્પષ્ટ છે.

આઝાદી પછીનાં ગ્રામવિકાસ કાર્યક્રમોમાં કેટલાંક વિકાસ કાર્યક્રમો કરવામાં આવ્યા. જેમાં આદિજાતિ વિસ્તારમાં આદિજાતિનાં બાળકો માટે ચાલતી બાલવાડી યોજના ઘણી સુંદર હોવા છતાં પણ કહી શકાય કે જોઈતું પરિણામ લાવી શકાયું નથી.

અગાઉ જણાવ્યા મુજબ આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા આદિવાસી સમાજમાં સર્વાંગી વિકાસ માટેનાં અનેકવિધ પ્રયત્નોમાં અનુસૂચિત જનજાતિઓનો સર્વાધિક વિકાસ વેગીલો બને તેવા સક્રિય પ્રયત્નો હાથ પર છે. આદિવાસી સમાજનાં લોકો આર્થિક મુશ્કેલી અનુભવતા હોઈ તેમના બાળકો શિક્ષણથી વંચિત રહી ન જાય અને શૈક્ષણિક ઉત્કર્ષનાં હેતુસર તેઓ જો બાલવાડી યોજના'નો લાભ લઈ તેમનાં બાળકોને પૂર્વ-પ્રાથમિક શિક્ષણ લેતા કરે તો આદિવાસી સમાજ માટે આ યોજના ઘણી ઉપકારક બની રહેશે.

રાજયમાં ચાલતી બાલવાડી યોજના હેઠળ આદિજાતિનાં બાળકોને મળેલ શૈક્ષણિક સુવિધા માટે આદિવાસી વસતિ ધરાવતા જિલ્લાઓમાં સાબરકાંઠા, બનાસકાંઠા, પંચમહાલ, દાહોદ, વડોદરા, અમદાવાદ, જૂનાગઢ, જામનગર, ખેડા, ભરૂચ, નર્મદા, સુરત, ડાંગ, વલસાડ, નવસારી, રાજકોટ, ગાંધીનગર, મહેસાણા, સુરેન્દ્રનગર, અમરેલી, પાટણ, ભાવનગર વિગેરે જિલ્લાઓમાં અમલમાં મૂકવામાં આવી હતી.

ગુજરાત રાજયનાં સમગ્ર વિસ્તારને ધ્યાનમાં રાખી ઉત્તર વિભાગમાંથી સાબરકાંઠા, મધ્ય વિભાગમાંથી પંચમહાલ, દાહોદ, નર્મદા, રાજપીપળા અને દક્ષિણ વિભાગમાંથી સુરત તેમજ તેની

સરખામણીમાં જ્યાં આદિવાસી વસતિ ઓછી હતી તેવા જિલ્લાઓમાંથી ગાંધીનગર, અમદાવાદ તેમજ ખેડા જિલ્લાના આદિવાસી વિસ્તારની બાલવાડીઓને અભ્યાસ માટે પસંદ કરવામાં આવી હતી.

**બાલવાડી વ્યવસ્થાનાં પ્રશ્નો :**

આદિવાસી વિસ્તારમાં શિક્ષણનું પ્રમાણ ઓછુ હોવાને કારણે રાજય તરફથી આદિવાસી વિસ્તારોમાં તેમનાં બાળકો માટે પાયાનું શિક્ષણ મળે તે હેતુસર બાલવાડીઓ શરૂ કરવામાં આવી. મોટાભાગની બાલવાડીઓ ચલાવવાની જવાબદારી સ્વૈચ્છિક સંસ્થાઓએ ઉપાડી છે. આમાં સરકારશ્રી તરફથી નિયમાનુસાર અનુદાન મળે છે.

બાલવાડીઓની સંચાલિકાઓની નિમણૂંક વખતે માત્ર અભ્યાસ કે શૈક્ષણિક લાયકાતની સાથે સાથે બાળકો માટે કેળવણી પરત્વેની તેમની નિષ્ઠા અને અભિરૂચિ ધ્યાનમાં લેવાય તે અપેક્ષિત છે. જેથી બાળકની આંતરસ્ફુરણા તથા મૌલિક રચનાત્મક અંતઃશક્તિનો હ્રાસ ન થાય.

શિક્ષણમાં (લાદેલુ અનુશાસન) વધતું જતું દબાણ, આત્મીયતાનો અભાવ, અપ્રમાણિકતા તેમજ બેધ્યાનપણુ વગેરે બાબતો બાળકોનાં કુદરતી આવેગાત્મક (માનસિક) સ્વાસ્થ્ય પર ઘણી જ માઠી અસરો કરે છે. તો તેનાં નિરાકરણ માટે તેમજ પૂર્વ-પ્રાથમિક શિક્ષણ પરત્વેની જાગરૂકતા માટે ઉપસ્થિત થતાં પ્રશ્નો હલ કરવાં એવા પગલાં લેવા જોઈએ કે જે બાળકો માટે ઉપયોગી સિધ્ધ થઈ શકે.

અભ્યાસ માટેનાં ક્ષેત્રકાર્ય દરમ્યાન અવલોકન તેમ જ સંચાલકો, અધિકારીશ્રીઓ, બાલવાડીના અન્ય કર્મચારીઓ અને બાળકોનાં વાલીઓ સાથેની ચર્ચા દ્વારા રાજયમાં ચાલતી બાલવાડીઓ અભ્યાસ આધારિત પ્રશ્નો દર્શાવ્યા છે.

(૧) **બાલવાડીનું વાતાવરણ :**

બાલવાડીમાંથી કેટલીક વખત બાળક જતાં રહેવાનાં કિસ્સા બને છે. નાનું બાળક માતા-પિતા અને કુટુંબનું પ્રેમાળ વાતાવરણ છોડી નવાં, અપરિચિત વાતાવરણમાં આવતાં બેચેન અને નિરસ બને છે અને તેને જતાં રહેવાનું મન સતત થાય છે. તો તે માટે સંચાલિકા બહેન તરફથી બાળકોને આત્મીયતા (હુંફ) મળે તે જરૂરી છે.

(૨) **ભૌતિક સગવડના પ્રશ્નો :**

કેટલીક બાલવાડીઓમાં જરૂરી સગવડોનો અભાવ, જેમાં બાલવાડીનાં મકાનોમાં અપૂરતી વ્યવસ્થા, પીવાનાં પાણીની સગવડ, (બાલવાડીનાં મકાનોમાં) હવા-ઉજાસ, બાલક્રિડાંગણ (રમત-ગમતનું મેદાન), મુતરડી, બાલપાયખાના વગેરેની સુવિધાઓની પૂરતી વ્યવસ્થા ન હતી. તો તે વ્યવસ્થા ઊભી કરવી જરૂરી છે.

(૩) **પૌષ્ટિક આહારનો પ્રશ્ન :**

બાલવાડીમાં બાળકોને આપવામાં આવતા નાસ્તા પેટે નિભાવખર્ચની રકમ માસિક રૂ. ૩૫૦/- મળતી હતી. જેમાં તમામ બાળકોનો નાસ્તો બનાવવો અશકય હોઈ, બાળકોને તૈયાર (કોરો) નાસ્તો આપવામાં આવતો તે પણ પૂરો એક માસ ચાલતો ન હતો. આવી પરિસ્થિતિમાં કેટલીક બાલવાડીઓમાં સંચાલિકા બહેન સ્વખર્ચે (બાળકોની લાગણીને કારણે) નાસ્તો મંગાવી બાળકોને નાસ્તો આપતી હતી.

(૪) **સફાઈનો પ્રશ્ન :**

બાલવાડીના અંદરના વર્ગખંડો તેમજ બહારની ખુલ્લી જગામાં સફાઈનું ધોરણ ઠીક-ઠીક સચવાયેલું જોવા મળ્યું હતું.

(૫) **બોલીનો પ્રશ્ન :**

અભ્યાસ હેઠળની કેટલીક ઊંડાણના વિસ્તારની બાલવાડીઓમાં આદિવાસી બાળકોને ગુજરાતી બોલીમાં સમજ ન પડતા માનસિક રીતે તનાવયુક્ત (ઉદાસ) પરિસ્થિતિમાં જોવા મળ્યા હતા.

(૬) **વાલીઓનો પ્રશ્ન :**

(૧) તેડાગર બહેન જયારે ગેરહાજર રહે ત્યારે તે દિવસે બાળકોને લેવા-મુકવા જવાની મુશ્કેલી ઊભી થાય છે.

(૨) બાલવાડીની આજુબાજુનાં ઘરો કે વિસ્તારમાં પાળેલાં કુતરા તેમજ ગાય-ભેંસ કે અન્ય પશુઓને કારણે બાળકો બાલવાડીમાં આવતા કે બેસતા ડરે છે. તો તે માટે યોગ્ય વ્યવસ્થા કરવી જરૂરી છે.

(૭) **બાળકોને રમવાનો પ્રશ્ન :**

(૧) અભ્યાસ હેઠળની મોટાભાગની બાલવાડીઓમાં બાલક્રિડાંગણની (રમત-ગમતના મેદાન) વ્યવસ્થા ન હતી.

(૨) અભ્યાસમાં આવરેલ કેટલીક બાલવાડીઓમાં બાળકોને રમવા અપાતા રમકડાં તૂટી ગયેલા હતાં. નવાં રમકડા લાવવા સંચાલકશ્રીનું ધ્યાન દોરવા છતાં સમયસર ખરીદી આપતા નહતાં. તો તેની સમયસર વ્યવસ્થા થવી જોઈએ.

(૩) અભ્યાસ હેઠળની કેટલીક બાલવાંડીઓમાં નવાં રમકડાં હોવા છતાં રમવા આપતા ન હતાં. તે માટે કહેતા કે બાળકોની રમકડા ઘેર લઈ જવાની જીદને કારણે અમે રમકડા આપતા નથી. તો આવી પરિસ્થિતિમાં બાળક સાથે સમજપૂર્વક વ્યવહાર કરવો જરૂરી છે.

**અભ્યાસ આધારિત મહત્વનાં તારણો :**

(૧) ગુજરાત રાજયમાં આદિવાસી બાળકો માટે કુલ ૬૮૮ બાલવાડીઓ હતી જેમાં આદિવાસી પ્રાયોજના (ટ્રાયબલ સબ પ્લાન) છહેઠળના વિસ્તારોમાં ૫૪૮ અને અનુસુચિત જનજાતિની (એસ.ટી.) ૧૪૦ બાલવાડીઓ હતી.

(૨) અનુસૂચિત જનજાતિની આ બાલવાડીઓ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવતી હતી.

(૩) બાલવાડી ચલાવવા માટે સ્વૈચ્છિક સંસ્થાઓને સરકાર તરફથી અનુદાન આપવામાં આવે છે.

(૪) રાજયનાં ઉત્તર મધ્ય અને દક્ષિણ વિભાગ પૈકી કુલ ૪૫ ગામોમાંથી બાલવાડીઓને અભ્યાસ માટે પસંદ કરવામાં આવી હતી.

(૫) અભ્યાસમાં આવરેલ કુલ ૪૫ બાલવાડીઓમાંથી સૌથી વધુ ૨૬ (૫૭.૫૮ ટકા) બાલવાડી મધ્ય ગુજરાતમાંથી, ૧૨ (૨૬.૬૬ ટકા) ઉત્તર ગુજરાતમાંથી તેમજ ૭ (૧૫.૫૬ ટકા) દક્ષિણ ગુજરાતમાંની આદિવાસી વિસ્તારની બાલવાડીઓ પસંદ કરવામાં આવી હતી.

(૬) સ્વૈચ્છિક સંસ્થાઓ મહદ્અંશે (મોટાભાગની) ૧૨૧ (૬૮.૭૬ ટકા) બાલવાડી અને ૨ (૧.૧૩ ટકા) માધ્યમિક શાળાઓ ચલાવતી જોવા મળી હતી.

(૭) અભ્યાસ હેઠળની બાલવાડીઓમાં (કુલ) ૧૧૧૭ બાળકો પૈકી ૫૮૨ (૫૨.૧૦ ટકા) કન્યાઓ અને ૫૩૫ (૪૭.૯૦ ટકા) કુમારો જોવા મળ્યા હતા. જે તમામ બાળકો ૩ થી ૬ વર્ષની વયજૂથ ધરાવે છે.

(૮) બાલવાડીઓનો સમય સોમવાર થી શુક્રવાર સુધી બપોરે ૧૨-૦૦ થી ૪-૦૦ નો હતો અને શનિવારે સવારે ૮-૦૦ થી ૧૧-૦૦નો જોવા મળ્યો હતો.

(૯) બાલવાડીમાં માન્ય સંખ્યા કરતાં આવતી વધારાની અરજી માટે સંચાલકની તેમજ જિલ્લા અધિકારીશ્રીની મંજૂરી દ્વારા બાળકોની હાજરી ધ્યાનમાં લઈ પ્રવેશ આપવામાં આવતો.

(૧૦) ૪૧ (૯૧.૧૧ ટકા) બાલવાડીઓ ભાડાના મકાનમાં ચાલતી હતી. માત્ર ૧ (૨.૨૨ ટકા) બાલવાડીનું મકાન સરકારી હતું.

(૧૧) અભ્યાસમાં આવરેલ બાલવાડીઓનાં મકાનમાં વિવિધ સુવિધાઓનાં સંદર્ભે કુલ ૪૫ બાલવાડીઓ પૈકી ૩૯ બાલવાડીઓમાં બારી-બારણાની (હવા-ઉજાસની સગવડવાળા) સુવિધા જોવા મળી હતી અને ૧૪ બાલવાડીમાં મુતરડીની સુવિધા, ૭ બાલવાડીઓમાં જાજરૂની સુવિધા જોવા મળી હતી. આ ઉપરાંત ૧૮ બાલવાડીઓમાં આગળના ભાગમાં માત્ર થોડી ખુલ્લી જગા બાળકોને રમવા માટે હતી.

(૧૨) અભ્યાસ હેઠળની બાલવાડીઓમાં બાળકોને પીવા માટેનું પાણી ૪૦ (૮૮.૮૯ ટકા) બાલવાડીમાં માટલામાં ભરતા હતા. અગાઉ પાણી માટલાં કે સીમેન્ટની ટાંકી/કોઠીમાં ભરતા હતા. પાણી ગળણા વડે ગાળતા હોવાનું ૪૩ (૯૫.૯૬ ટકા) બાલવાડીઓમાં જોવા મળ્યું હતું.

(૧૩) ૮૦.૦૦ ટકા બાલવાડીઓમાં વીજળીની સુવિધા જોવા મળી હતી.

(૧૪) બાલવાડીઓમાં આરોગ્યપ્રદ વાતાવરણની વ્યવસ્થા જળવાતી ન હતી.

(૧૫) અભ્યાસમાં આવરેલ બાલવાડીઓની સંચાલિકા બહેનો બાળકોના વિકાસ માટે બાળકની રૂચિ તેમજ જીજ્ઞાસા વૃત્તિને ધ્યાનમાં રાખવાનું જણાવતા હતા.

(૧૬) અભ્યાસ હેઠળની બાલવાડીઓમાં બાળકોને પ્રાર્થના, બાળવાર્તા, બાળગીતો, ચાર્ટ દ્વારા શબ્દજ્ઞાન, અક્ષરજ્ઞાન, ફળ-ફૂલોની ઓળખ વગેરે પ્રવૃત્તિઓ કરાવવામાં આવતી હતી.

(૧૭) અભ્યાસ હેઠળની બાલવાડીઓમાં ચાલતી સહાભ્યાસિક પ્રવૃત્તિઓમાં સાંસ્કૃતિક, શૈક્ષણિક (બૌધ્ધિક અને ભાષા વિકાસ), શારીરિક વિકાસની પ્રવૃત્તિઓ, રચનાત્મક અને કલાત્મક પ્રવૃત્તિઓ તેમજ સમૂહજીવનને લગતી પ્રવૃત્તિઓ કરાવવામાં આવતી હતી.

(૧૮) ૧૮ (૪૦.૦૦ ટકા) બાલવાડીઓમાં બાલક્રિડાંગણ માટે કહી શકાય તેવી માત્ર આગળના ભાગમાં થોડીક ખુલ્લી જગ્યા હતી, પરંતુ આ મર્યાદિત જગ્યામાં બાળકો સારી રીતે રમી શકતા ન હતા.

(૧૯) અભ્યાસ હેઠળની ઊંડાણના વિસ્તારની કેટલીક બાલવાડીઓમાં આદિવાસી બાળકોને ગુજરાતી બોલી આવડતી ન હતી.

(૨૦) બાલવાડીમાં દાખલ થયેલા બાળકો અધવચ્ચે છોડી જતાં રહેવાનાં કારણોમાં વાતાવરણ અનુકૂળ ન આવતું હોવાનું, બાલવાડી તેમના રહેઠાણ વિસ્તારથી દૂર હોવાને કારણે તેમજ માંદગીને કારણે બાળકો અધવચ્ચેથી છોડી જતાં રહેતાં હતાં.

(૨૧) બાલવાડીના સંચાલનમાં અગ્રસ્થાને કહી શકાય તેવા બાળકોના માતા-પિતા મોટેભાગે બાળકોને અપાતા અપૂરતા નાસ્તાની ફરિયાદ કરતા હતા. કેટલાક માતા-પિતા પોતાના બાળકને બીજા બાળકો હેરાન કરવાની ફરિયાદ કરતાં હતાં.

(૨૨) કેટલીક બાલવાડીઓમાં કોરો નાસ્તો જ આપતા હોય તેમ જણાયું હતું અને તે પણ અધવચ્ચે જ્યારે નાસ્તો પૂરો થઈ જાય ત્યારે "બાળકોને હવે નાસ્તો પૂરો થઈ ગયો એટલે કાલથી આવતા નહી. ફરી જ્યારે નાસ્તો આવશે ત્યારે બોલાવીશું" તેમ કહેવામાં આવતું.

(૨૩) આંગણવાડીમાં રાંધેલો નાસ્તો આપતા હોઈ બાળકોનાં વાલીઓ બાળકોને આંગણવાડીમાં મોકલતા જોવા મળે છે.

(૨૪) કેટલીક બાલવાડીઓ છાત્રાલય કે આશ્રમશાળામાં ચાલતી હોય તો બાળકો માટેનું રસોડું ચાલતું હોય તો રસોડું પૂરુ થયા બાદ જે દેવતા વધ્યો હોય તો ક્યારેક બાલવાડીના બાળકો માટે રાંધીને નાસ્તો બનાવતા.

(૨૫) અભ્યાસ હેઠળની કેટલીક બાલવાડીઓમાં સંસ્થાના ફંડમાંથી બાળકોનાં નાસ્તા માટે રકમ ફાળવવામાં આવે છે.

(૨૬) અભ્યાસ હેઠળની ન્યૂનતમ બાલવાડીનાં બાળકોને એક જ દિવસનાં પ્રવાસે (સ્થાનિક સ્થળે) લઈ જઈ વનભોજન કરાવવામાં આવતું હતું.

(૨૭) આદિવાસી વિસ્તારમાં ચાલતી બાલવાડીઓની આદિવાસી સમાજ પર પડતી વિવિધ અસરોનાં સંદર્ભે જોતાં સારી અને માઠી બંને પ્રકારની અસરો જોવા મળી હતી. બાલવાડીમાં બાળકોને સારું શિક્ષણ અને સંસ્કાર મળે, રમત-ગમત દ્વારા આનંદ મળે, બાળકોમાં સમૂહ ભાવના કેળવાય વગેરે બાબતોથી તેઓ સંતુષ્ટ હતા. જયારે બાલવાડીમાં પૂર્વ-પ્રાથમિક શિક્ષણની અપૂરતી સુવિધાઓને કારણે તેઓ અસંતુષ્ટ હતા.

(૨૮) બાલવાડી ચલાવતી સંસ્થાને મળતી ગ્રાન્ટ હાલના સંજોગોમાં બાલવાડી ચલાવવા માટે અનિયમિત અને અપૂરતી હતી.

(૨૯) અભ્યાસ હેઠળની કેટલીક બાલવાડીઓમાં વાલીઓની ફરિયાદ એ હતી કે પોતાના બાળકોને લેવા મૂકવા માટે તેડાગર બહેનો આવતી ન હતી.

(૩૦) અભ્યાસ હેઠળની કુલ બાલવાડીઓની સંચાલિકા બહેનો તેઓને મળતો પગાર ઓછો અને અનિયમિત મળવાની ફરિયાદ કરતા હતા.

(૩૧) બાલવાડી ચલાવવા માટે સરકાર તરફથી અનુદાનની રકમ મેળવવા ૨૮ (૬૪.૪૪ ટકા) બાલવાડીના સંચાલકોને મુશ્કેલી પડતી હતી.

(૩૨) બાલવાડીઓમાં કર્મચારીઓની મિટીંગ કોઈપણ આકસ્મિક પ્રશ્ન ઉદ્ભવે ત્યારે કરવામાં આવતી હતી.

(૩૩) અભ્યાસમાં આવરેલ બાલવાડીઓમાં ૩૭ (૮૨.૨૨ ટકા) બાલવાડીઓને બાળકોનાં વાલીઓનો સહકાર મળે છે, જયારે ૭ (૧૭.૭૮ ટકા) બાલવાડીઓને બાળકોનાં વાલીઓનો સહકાર મળતો નથી.

(૩૪) અભ્યાસ હેઠળની આદિવાસી વિસ્તારની બાલવાડીનાં નિરીક્ષણ માટે મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, જિલ્લા તકેદારી અધિકારી તેમજ સંસ્થાના સંચાલક આવતા હતા.

(૩૫) બાલવાડીમાં ભોજન માટે અપાતી ૯૦.૦૦ ટકા લેખે રકમ બાળકની સંખ્યાના પ્રમાણમાં ઓછી પડતી હતી, સરેરાશ દૈનિક રૂા. ૦.૪૭ પૈસા બાળકદીઠ થાય.

(૩૬) બાલવાડીના સંચાલનમાં આર્થિક મુશ્કેલી નિવારવા મોટાભાગે સંસ્થા પોતે ખર્ચ ભોગવતી.

(૩૭) બાલવાડીઓના કર્મચારીઓનો અસંતોષ નિવારવા માટે ૨૫ (૮૦.૬૫ ટકા) બાલવાડીઓમાં સમજુતીનું વલણ અપનાવવામાં આવતું હતું.

(૩૮) અભ્યાસમાં આવરેલ બાલવાડીઓમાં ઉદ્‌ભવતી સમસ્યાઓ હલ કરવા સંચાલિકા બહેનો બાલવાડી ચલાવનાર સંસ્થાના સંચાલકનો સરકારી કર્મચારીઓનો તેમજ પદાધિકારીઓનો સહયોગ મેળવતા હતા.

**બાલવાડીમાં પૂર્વ-પ્રાથમિક શિક્ષણ : જાગરૂકતાની આવશ્યકતા :**

બાલશિક્ષિકાએ પ્રેમથી બાળકમાં પોતાપણાનો ખ્યાલ વધુ ને વધુ ઉન્નત બનાવવાનો છે. કારણ આ વાતાવરણમાં બાળક એક પ્રકારનો આનંદ અનુભવે છે અને શિક્ષિકાની સાથે આત્મીયતા બંધાતા ધીમે ધીમે પોતાનું વર્તુળ વધારતું જાય છે. પ્રેમ દ્વારા મૈત્રીનું વાતાવરણ સર્જાતુ જાય છે. એક ને બદલે અન્ય બાળકો સાથે ભળે છે અને તેનો સ્વકેન્દ્રી સ્વભાવ આપોઆપ લુપ્ત થતો જાય છે.

- બાલવાડીમાં ચાલતી પ્રવૃત્તિઓનો હેતુ બાલકેન્દ્રી શિક્ષણનું મહત્વ સ્થાપિત કરવાનો છે. બાળશિક્ષણ બાલકેન્દ્રી હોવું જોઈએ.
- વર્તમાન સમયમાં (હાલમાં) ચાલતી આદિજાતિ વિસ્તારોની બાલવાડીમાં ચાલતી પ્રવૃત્તિમાં બાલ શિક્ષણનું રહસ્ય ધીમે ધીમે ઝાંખુ પડતુ હોય તેવી પરિસ્થિતિ જોવા મળે છે.
- બાળકને પૂરતી ઊંઘ ન મળે, અભિવ્યક્તિની પૂરી તક ન મળે, સ્વતંત્રતા અને જીજ્ઞાસા પર કાબૂ તથા રોક-ટોક, પડીકામાં અપૌષ્ટિક નાસ્તો (ખોરાક) અસલામતી, અજાણ્યા વાતાવરણમાં મોટા સમૂહ વચ્ચે બેસવાનું. આ બધી અકળામણથી મૂકત થવા રાહ ચીંધનાર ક્વોલિફાઈડ 'બાળ-માનવશાસ્ત્રી દ્વારા સંચાલિકા બહેનોને તાલીમ સેવા ઉપલબ્ધ થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ.
- બાળકમાં રહેલા વ્યક્તિત્વનાં મહત્વને આપણે સાચા અર્થમાં પિછાણી લઈ તેનો આદર કરી તેનાં વિકાસમાં મદદરૂપ બની બાળકનું વ્યક્તિત્વ વિકસે, તે ભવિષ્ય માટે પોતાના સમાજને ઉપકારક થઈ પડે તે રીતે ઘડતર કરીએ.
- આદિવાસી વિસ્તારનાં લોકોને કમિશ્નર શ્રી આરોગ્ય અને તબીબી સેવાઓ મારફત ચલાવવામાં આવતી આઈ.સી.ડી.એસ. (સંકલિત બાળવિકાસ કાર્યક્રમ યોજના) હેઠળ ચાલતી આંગણવાડી અને સમાજ કલ્યાણ વિભાગ દ્વારા ચાલતી બાલવાડી યોજના વિષયક કોઈ સ્પષ્ટ ખ્યાલ નથી. તો

આ સંદર્ભે આદિજાતિ વિસ્તારોમાં ચાલતી આંગણવાડી કે જેમાં નબળા વર્ગના ૬ વર્ષની નીચેની વયનાં નાના બાળકો અને માતાઓની તંદુરસ્તી જાળવવાનો ઉદ્દેશ છે અને બાલવાડીમાં (અભ્યાસમાં દર્શાવ્યા મુજબ) આદિજાતિ સમાજનાં બાળકોને પૂર્વ-પ્રાથમિક શિક્ષણ તેમની સંભાળ અને સ્વાસ્થ્ય, સાથે મળી રહે તે માટે જરૂરી એવી તમામ સવલતો પૂરી પાડવાનો ઉદેશ છે.

- આદિવાસી વિસ્તારમાં બાલવાડી વ્યવસ્થા અંગે પૂછતા તેઓ બાલવાડી માટે કેવું વિચારે છે તે પણ જાણવા જેવું છે જેમકે તેઓને બાલવાડી કે આંગણવાડી અંગે સ્પષ્ટતા નથી, પરંતુ કહે છે કે કોરો નાસ્તો આપે તે બાલવાડી અને રાંધેલો નાસ્તો આપે તે આંગણવાડી. તો આ બાબતે સંબંધિત કર્મચારીઓએ સ્પષ્ટ ખ્યાલ આપવો જોઈએ.

- બાલાવડીમાં પૂર્વ-પ્રાથમિક શિક્ષણ લેવા આવતા બાળકો ઘરથી છૂટા પડી તેને સમૂહમાં રહેવા-શીખવાની તક મળતી, ગીત, સંગીત, નૃત્ય, વાર્તાઓ, ખેલકૂદ, રચનાત્મક રમતો વગેરે દ્વારા બાળક જયાં સુધી શકય હોય ત્યાં સુધી જાતે જ આ કાર્યમાં ઓત-પ્રોત થઈ પોતાની કુદરતી ક્ષમતાઓ અને આંતરસ્ફુરણાને ખિલવવાની કોશિશ કરે છે.

- વિશ્વનાં અનેક દેશોમાં બાળકો માટે શિક્ષણ મેળવવાનાં પ્રથમ સોપાનરૂપે પૂર્વ-પ્રાથમિક શિક્ષણ માટે બાલવાડીઓ અસ્તિત્વમાં છે. જે બાળવિકાસનું એક અનિવાર્ય અને ઉપયોગી પાસું લેખવામાં આવે છે. આ બાબત સૂક્ષ્મ રીતે સમજવી જરૂરી છે.

- બાળકોનાં શારીરિક, માનસિક, બૌધ્ધિક વગેરે વિકાસનાં તબક્કાઓ કુદરતે ચોક્કસ પ્રકારે સંતુલિત કરેલા છે. અલબત્ત અપવાદરૂપે વ્યક્તિગત તફાવતોને બાદ કરતાં વિકસતા તબક્કાઓ લગભગ નિયમિત સમયની સાથે જ આવે છે.

- બાલવાડીમાં આવતા રા થી ૬ વર્ષના નાના બાળકો ચાર-પાંચ કલાક ઘર બહાર વિતાવે છે. આવા સમયે તેના (માનસિક) આવેગાત્મક, શારીરિક સ્વાસ્થ્ય પર થતી અસરો પર સભાનતા પૂર્વક ધ્યાન આપવું.

- ઘરનાં વાતાવરણમાંથી બહાર ૨૫ થી ૩૦ની સંખ્યામાં બાળકો જુદા જુદા સમૂહમાં રાખવામાં આવે છે. એક સાથે આટલા મોટા સમૂહ વચ્ચે પરાણે પોતાને ગોઠવવાનું બાળક માટે ઘણું અઘરું છે. રોજ નિત-નવા તુક્કાઓ અજમાવવા જેમનાં પર સતત દબાણ થતું હોય, સંચાલિકાઓ અનિયમિત અને અસલામતી નોકરીનાં ભય તળે બાળકોને સાચવવાનાં, સંભાળવાના, શિખવવાનું વગેરેની અસર બાળકનાં વ્યક્તિત્વનાં વિકાસ પર પડે છે.

- શિક્ષણ એ એક એવી પ્રક્રિયા છે. જેમાં સમયની સાથો-સાથ સામાજિક, સામૂદાયિક, આર્થિક, રાજકીય, સંસ્કૃતિ, ધાર્મિક વગેરે પરિવર્તનશીલ પ્રક્રિયાઓને ધ્યાનમાં રાખી વ્યવહારિક ફેરફારો,

સુધારાઓ કરવાની સમયાંતરે જરૂર પડે છે. દૃષ્ટિકોણ અને વૈચારિક પ્રક્રિયાના પરિવર્તનોને આપણે સ્વીકાર્યા છે.

- પ્રાથમિક અને પૂર્વ-પ્રાથમિક સ્તરે શિક્ષણમાં પરિવર્તનો સ્વીકારવાનો અવાજ ચારે તરફથી ઊભો થયો છે.
- બાલવાડીના પ્રતિકુળ વાતાવરણથી બાળક પર માનસિક, શારીરિક તથા મનોશારીરિક વિપરીત અસરો થાય છે.
- આર્થિક, સામાજિક તથા રહેણી-કરણી પર અલગ-અલગ વાતાવરણમાં રહેતા, ઉછરતા બાળકોને તેમને અનુરૂપ વાતાવરણ પૂરું પાડવું જોઈએ.
- શૈક્ષણિક દૃષ્ટિએ વધુ પછાત એવા વિસ્તારમાં વસતા બાળકોની કુદરતી ક્ષમતાઓ અને આંતર સ્ફુરણાનો ખ્યાલ રાખી તેમનું અહિત ન થાય તે જોવું જોઈએ.
- રુડયાર્ડ કિટલિંગ 'બાળકની ઝંખના ભાર વિનાનું ભણતર' નામનાં પુસ્તકમાં જણાવે છે કે 'મારા જીવનનાં પ્રથમ છ વર્ષ મને આપો અને બાકીના બધા તમે લઈ શકો છો. (આ ઉદ્દેશ જીવનમાં બાળપણનું મહત્વ સમજાવે છે.)

**નિષ્કર્ષ અને સૂઝાવો :**

આદિવાસી વિસ્તારમાં બાલવાડી યોજના, બાળકો માટે વધુ ઉપયોગી બને અને છેવાડાનાં કુટુંબોનાં બાળકો પૂર્વ-પ્રાથમિક શિક્ષણનો લાભ લઈ શકે તે માટે કેટલીક ભલામણો સૂચન સ્વરૂપે અહીં મૂકી છે.

બાલવાડી સંબંધી સૂચનો ચાર વિભાગમાં વહેંચ્યા છે.

(અ) સ્વૈચ્છિક સંસ્થાનાં સંચાલકો (બ) કાર્યકરો માટેના

(ક) સરકાર માટેના (ડ) અન્ય જરૂરી સૂચનો

**(અ) સ્વૈચ્છિક સંસ્થાનાં સંચાલકો તેમજ સંચાલિકા (બહેનો) માટેનાં સૂચનો :**

**શૈક્ષણિક કાર્યક્રમની સુવિધા અંગેનાં સંદર્ભમાં :**

૧. બાલવાડીનાં બાળકોમાં સમૂહભાવના અને સહકારની ભાવના કેળવાય તે માટે બાલવાડીમાં નિયમિત પણે સમૂહ પ્રાર્થના થાય તે ઈચ્છનીય છે.

૨. અભ્યાસ હેઠળની મોટાભાગની બાલવાડીઓમાં શૈક્ષણિક સુવિધાઓનો અભાવ છે. ત

રાજયની તમામ બાલવાડીઓમાં બાળકોનાં શૈક્ષણિક વિકાસ માટે આ સેવાઓ ઉપલબ્ધ કરવી જરૂરી છે.

૩. બાલવાડીમાં બાળકોને આપવામાં આવતો નાસ્તો પૌષ્ટિક તેમજ પૂરતો અપાય તેવી વ્યવસ્થાનું આયોજન તાકીદે કરવું જરૂરી છે.

૪. બાલવાડી તેમજ તેની આજુબાજુનું વાતાવરણ સ્વચ્છ અને આરોગ્યપ્રદ રહે તે માટે જાગૃતતા કેળવવી જરૂરી છે.

૫. આદિવાસી વિસ્તારમાં ચાલતી બાલવાડીઓમાં આવતા આદિવાસી સમાજના બાળકોનાં યોગ્ય વિકાસ માટે આદિવાસી બોલીમાં (તેમની ભાષામાં) શિક્ષણ અપાય તે જરૂરી છે.

૬. બાલવાડીમાં પૂર્વ-પ્રાથમિક શિક્ષણ મેળવતા બાળકો માટે આદર્શ સંચાલિકાઓ અને તેડાગર બહેનો હોય તે અપેક્ષિત છે.

૭. અભ્યાસ હેઠળની બાલવાડીઓમાં પાયાની સુવિધાઓ જાજરૂ-મુતરડીની વ્યવસ્થા પૂરતી ન હોય તો તાકીદે આ વ્યવસ્થા ઊભી કરવી જરૂરી છે.

૮. બાલશિક્ષિકાઓએ બાળકોને લાગણી અને પ્રેમ વિકસાવી શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરાવવી જોઈએ.

૯. બાલ સંચાલિકાઓએ સમૂહજીવનનાં દરેક કાર્યમાં પૂરતું ધ્યાન આપવું જોઈએ. જેથી કોઈ પણ બાળક એકલતા ન અનુભવે.

૧૦. સ્વૈચ્છિક સંસ્થાનાં સંચાલકોએ બાળશિક્ષણના કાર્યક્રમને સફળ બનાવવા બાલવાડીની સંચાલન વ્યવસ્થા સક્રિય કરવા પ્રયત્ન કરવો જરૂરી છે.

૧૧. બાલવાડીની સંચાલિકા અને તેડાગર બહેનોને મળતા પગાર નિયમિત (સમયસર) અને પૂરતો મળતો નથી. તો તે માટે તાકીદે યોગ્ય કાર્યવાહી કરવી જરૂરી છે.

૧૨. બાળકોનાં હિતમાં અસરકારક રીતે કામ કરે તે માટે બાલવાડીનાં કાર્યકરોને પૂરતી સુવિધાઓ આપવી જોઈએ.

૧૩. અભ્યાસ હેઠળની કેટલીક બાલવાડીઓ રોડ ઉપર કે રોડની બિલકુલ નજીક હોવાને કારણે બાળકોને આવવા-જવાની મુશ્કેલી નડે છે. તેમજ વાહનોની અવરજવરને કારણે અડચણરૂપ થાય છે. આમાંની કેટલીક બાલવાડીઓ બહાર ખુલ્લી ઓસરીમાં ચાલતી હોવાને કારણે બાળકોનું ધ્યાન સતત રોડ ઉપર જ રહે છે. આ બાબતને (બાળકોનાં શૈક્ષણિક વિકાસ સંદર્ભે) મહત્વની લેખી યોગ્ય વ્યવસ્થા કરવી જોઈએ.

(૧૪) બાળકોને ઋતુ પ્રમાણે તાજા ફળો આપવાની વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

(૧૫) બાળકોનાં શારીરિક તેમજ માનસિક વિકાસ માટે ખેલવા, કૂદવા અને દોડવા માટે બાલવાડીમાં ખુલ્લા મેદાનની જરૂર હોઈ તે વ્યવસ્થા ઊભી કરવી જોઈએ.

(૧૬) અગાઉ દર્શાવ્યા મુજબ આદિવાસી બાળકોને ઘરના વાતાવરણમાંથી બહાર ૨૫ થી ૩૦ની સંખ્યામાં જુદા જુદા બાળકોનાં સમૂહો વચ્ચે શરૂમાં પોતાની જાતને ગોઠવવાનું કામ ઘણુ અઘરું હોય છે. તેને ધ્યાનમાં રાખી આદિવાસી વિસ્તારોની બાલવાડીનું વાતાવરણ બાળકોને અનુરૂપ બને તે ધ્યાનમાં રાખવું જોઈએ.

**(બ) કાર્યકરો માટેના સૂચનો :**

૧. આદિવાસી વિસ્તારોની બાલવાડીઓમાં અપાતા પૂર્વ-પ્રાથમિક શિક્ષણની કામગીરીને વધુ સક્રિય બનાવવી જોઈએ.

૨. આદિવાસી બાળકોમાં જે સર્જનશક્તિ પડેલી છે. તેને પ્રોત્સાહિત કરવી જોઈએ અને તેને તેનાં નૈસર્ગિક સ્વરૂપે રજૂ કરાવવા પ્રયત્ન કરવો જોઈએ. બાળકોને પોતાના સ્થાનિક માધ્યમો દ્વારા સુંદર કલાકૃતિઓનાં સર્જન માટે પ્રોત્સાહન આપવું જોઈએ.

૩. આદિવાસી બાળકો તેમનાં સ્થાનિક વાતાવરણમાં જે રમતો રમે છે તે રમતોમાં તેમને રસ હોય છે અને તેમાં તે નિપૂણતા ધરાવે છે. તેને ધ્યાનમાં રાખી શિક્ષણ સાથે તેવી રમતોનું આયોજન કરવું અને જરૂર પડે તો તાલીમ પણ આપવી.

૪. આદિવાસી બાળકોનો ઉપયોગ માત્ર આર્થિક ઉપાર્જન માટે ન કરતાં તેમની ઉંમરને ધ્યાનમાં લઈ યથાર્થ રચનાત્મક પ્રવૃત્તિમાં વાળવા પ્રયત્ન કરવો જોઈએ.

૫. બાલવાડીની વ્યવસ્થા બાલમંદિર કે પ્રાથમિક શાળા સાથે કરવી જોઈએ. જેથી પ્રાથમિક શાળામાં આવતા બાળકોની જેમ તેમનામાં પણ નિયમિતતાનાં ગુણો વિકસે.

૬. બાલવાડીમાં આવતા બાળકોને માનસિક હૂંફ રહે તે માટે બાલવાડી નજીકનાં ફળિયામાં હોય તો વધુ સારું. કારણ તે વિસ્તારમાં હરતાં-ફરતાં તેનાં માતા-પિતા, ભાઈ-બહેન, મિત્રો વગેરેને જોઈ એક પ્રકારની માનસિક હૂંફ અનુભવે.

**(ક) સરકાર માટેનાં સૂચનો :**

૧. બાળકલ્યાણનાં હેતુથી શરૂ થયેલ સરકારનાં અનુદાન હેઠળ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતી બાલવાડીઓની વાસ્તવિક તકલીફોને સરકારે સમજવી જોઈએ અને તે અંગે જાગૃત ટ્રસ્ટો/ સંસ્થાઓને પ્રોત્સાહન આપવું જોઈએ.

૨. જે વિસ્તારમાં બાળકોની સંખ્યા વધારે હોય તે વિસ્તારમાં એક જ બાલવાડી હોય તો ત્યાં બાળકોનાં પ્રવેશનાં ઘસારાને ધ્યાનમાં રાખી જરૂરિયાત મુજબ બાલવાડીની સગવડ ઊભી કરવી જોઈએ.

૩. બાલવાડીમાં સંચાલિકા બહેન સંજોગોવસાત (કારણોસર) રજા ઉપર હોય ત્યારે બાલવાડીમાં બાળકોને અપાતા શિક્ષણની કામગીરી અવરોધાય છે. તો તે માટેની તેડાગર બહેનને સૂચના આપી. યોગ્ય વ્યવસ્થા ઉભી થાય તે જરૂરી છે.

૪. મોટાભાગની બાલવાડીઓનો સમય બપોરનો હોવાથી મજૂરી જતાં બાળકોનાં વાલીઓ પોતાનાં બાળકોને બાલવાડીમાં ન મોકલતા તેમની સાથે મજૂરીએ (તેમની નજર સમક્ષ રહે તે માટે) લઈ જાય છે, જેથી બાળકનો શૈક્ષણિક વિકાસ અટકે છે. તો જે તે વિસ્તારની પરિસ્થિતિ ખ્યાલમાં રાખી બાલવાડીનાં સમયમાં ફેરફાર કરવો ઈચ્છવા યોગ્ય છે.

૫. બાલવાડીને મળવાપાત્ર અનુદાનની રકમ જરૂરિયાતનાં સમયે તેમજ પૂરતી રકમ, કોઈપણ મુશ્કેલી વગર અપાય તે અંગે સરકારશ્રીએ જે તે વિભાગનું ધ્યાન દોરવું જોઈએ.

૬. બાલવાડીમાં લાંબા સમયથી કામ કરતી સંચાલિકા બહેનથી બાળકો આત્મીય રીતે જોડાયા હોય છે. પરંતુ તેની અન્ય વિસ્તારની બાલવાડીમાં બદલી થવાથી નવી સંચાલિકા બહેનની નિમણૂંક થતા તે બાલવાડીનાં બાળકો માનસિક રીતે તેને સ્વીકારતા નથી અને અસ્વસ્થ રહેતા હોય છે. તો આવી પરિસ્થિતિમાં બાળકોનો વિકાસ અટકે નહીં તેનું ધ્યાન આપવું જોઈએ.

૭. મોટાભાગની બાલવાડીઓ ભાડાનાં મકાનોમાં ચાલે છે. જેમાંની કેટલીક બાળકો માટે આરોગ્ય વર્ધક અને અનુરૂપ ન હોય, તો બાલવાડી ચલાવવા માટે અનુરૂપ બધી જ સગવડોવાળું મકાન હોવું જરૂરી છે.

૮. આદિવાસી વિસ્તારોમાં બાલવાડી ચલાવવા માટે સરકારી પ્રયત્નો યોગ્ય થયા હોવા છતાં તેનો ઉદ્દેશ્ય પૂરેપૂરો પાર પડતો દેખાતો નથી. તો તે અંગે ગંભીર રીતે વિચારાય તો બાલવાડી યોજનાનો હેતુ બર આવે.

૯. બિન આદિવાસી જિલ્લામાં જયાં છૂટી-છવાઈ આદિવાસીની વસ્તી છે. સરકારે તેવાં વિસ્તારમાં પણ આદિવાસીના બાળકો માટે બાલવાડી શરૂ કરવી.

૧૦. આદિજાતિ વિસ્તારનાં લોકો મોટે ભાગે અશિક્ષિત હોવાને પરિણામે તેમનાં બાળકોને પૂર્વ-પ્રાથમિક શિક્ષણ અપાવવા ઉદાસીનતા સેવે છે તે વિશેની પૂરી સમજ કેળવાય તે માટે કેળવણી કાર્યક્રમ, શિબિર તેમજ ગ્રામ સેવક દ્વારા પ્રચાર કરવો જોઈએ.

૧૧. બાલવાડીની સંચાલિકા અને તેડાગર બહેનોને બાલવાડી માટે ફાળવવામાં આવતી અનુદાનની રકમ મુજબ અપાતો પગાર નિયમિત અને પૂરતો અપાય તે માટે સ્વૈચ્છિક સંસ્થાના સંચાલકોને યોગ્ય કાર્યવાહી કરવા જણાવવું.

(ડ) અન્ય જરૂરી સૂચનો :

૧. આદિવાસી વિસ્તારની બાલવાડીએ આદિવાસી સમાજના બાળકો માટેની જ છે એવી ભાવના ગ્રામજનોમાં દ્રઢ થવી જોઈએ.

૨. કેટલીક બાલવાડીઓમાં બાળકોને બેસવા માટે આસનપટ્ટાની વ્યવસ્થા ન હતી. તો તેની તાકીદે વ્યવસ્થા કરવી જોઈએ.

૩. બાલવાડીમાં બાળકોને રમવા માટે બાલક્રિડાંગણ કે રમત-ગમતના મેદાનની વ્યવસ્થા નથી. તો બાળકોને રમવા માટે બાલક્રિડાગણની વ્યવસ્થા ઉભી કરવી જરૂરી છે.

૪. બાળકોને રમવાનાં રમકડા તૂટેલી હાલતમાં અને પૂરતા ન હોવાથી બાળકો રમી શકતા નથી.

૫. બાળકોનાં સ્વાસ્થ્ય અંગે ઘણી ફરિયાદો (જેવી કે શરદી, અસ્વસ્થ વગેરે) સાંભળવા મળી છે એટલે કે બાળકોનાં સ્વાસ્થ્ય તરફ દુર્લક્ષ્ય સેવાય છે. તે અંગે પ્રાથમિક સારવાર તેમજ સુવિધાઓ ઉપલબ્ધ કરવાની તાકીદે જરૂર છે.

૬. શૈક્ષણિક દ્રષ્ટિએ વધુ પછાત એવા વિસ્તારમાં વસતા બાળકોની કુદરતી ક્ષમતાઓનો ખ્યાલ રાખી તેમનું હિત થાય તે જોવું જોઈએ.

૭. કેટલીક બાલવાડીઓની સંચાલિકા બહેનોનાં રહેણાંક સ્થળ દૂર હોવાને કારણે બાલવાડીમાં સમયસર આવતા નથી. જેથી બાળકોનું વ્યવસ્થિત ધ્યાન રાખવામાં આવતું નથી. તે માટે યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ.

૮. કેટલીક બાલવાડીઓનાં મકાનની પરિસ્થિતિ નબળી જોવા મળી હતી, તો મકાનની પરિસ્થિતિ સુધારવા પ્રયત્ન કરવા જરૂરી છે.

૯. બાળકોને રમવામાં આપવામાં આવતાં રમકડાં કેટલીક બાલવાડીઓમાં તૂટેલાં હોઈ બાળકોને રમવા માટે આપતા ન હતાં. તો નવા રમકડા ખરીદી બાળકોને રમવા આપવાની વ્યવસ્થા કરવી જોઈએ.

૧૦. બાળક પ્રત્યે પ્રેમાળ અને નમ્ર વર્તન કરવું જેથી તેને બાલવાડીમાં આવવાનો ડર રહે નહિ.

૧૧. બાલવાડીમાં આવનાર બાળકની નોંધ કે હાજરી લેતાં બાળક માનસિક રીતે ડરે છે. આવા સંજોગોમાં બાળકને ધ્યાનમાં ન આવે તે રીતે તેની નોંધ (હાજરી) લેવી જોઈએ.

૧૨. બાલવાડીમાં લાંબા સમયથી કામ કરતી સંચાલિકા બહેનની અન્ય સ્થળે બદલી થતાં બીજી બાલવાડીનાં બાળકો માટે સંચાલિકા બહેન નવા હોય છે. જેથી તેમની સાથે આત્મીયતા બંધાતા સમય લાગે સાથે સાથે માનસિક રીતે અસ્વસ્થ રહેતા હોય છે. આ બાબતે બાળકનું હિત જળવાય તેને ધ્યાનમાં રાખી યોગ્ય વ્યવસ્થા કરવી જોઈએ.

૧૩. બાલવાડીની સંચાલિકા બહેનનાં રહેણાંક વિસ્તારની નજીક બાલવાડી હોય તો તેમને આવવા-જવાનું વાહન ખર્ચ ન થાય તેમજ સ્થાનિક બાળકો સાથે આત્મીયતા કેળવાતા બાળકો સંચાલિકા બહેન પર શૈક્ષણિક તેમજ અન્ય બાબતોમાં રસ લેતા થાય છે. આ બાબતે સંચાલિકા બહેનની બદલી ન કરવામાં આવે તે ઈચ્છનીય છે.

૧૪. બાળકોનાં યોગ્ય શૈક્ષણિક વિકાસમાં સંસ્થાનું સંચાલન વ્યવસ્થિત થવું જરૂરી છે. તે માટે સંચાલકો અને અધિકારીશ્રીઓ તરફથી પૂરતો સહયોગ મળે તે આવશ્યક છે.

૧૫. સંસ્થામાં સેવા આપતા અન્ય કર્મચારીઓને સંલગ્નિત સંચાલકો તેમજ અધિકારીશ્રીઓ પૂરતો સહકાર આપે તો બાલવાડીનું સંચાલન ખૂબ જ સરળ બને છે.

૧૬. પૂર્વ-પ્રાથમિક શિક્ષણ મેળવતા બાળકોનાં મા-બાપ બાલવાડીમાં બાળકોનાં આવેગાત્મક તથા શારીરિક સ્વાસ્થ્યને હાની પહોંચે તે અંગે ચિંતિત અથવા વ્યથિત હોય છે તો તે માટે યોગ્ય શૈક્ષણિક કાર્યવાહી ઉભી કરવી.

૧૭. આર્થિક, સામાજિક તથા રહેણીકરણીમાં અલગ-અલગ વાતાવરણમાં રહેતા, ઉછરતા બાળકો માટે અનુરૂપ વાતાવરણ પૂરું પાડવું જોઈએ.

અભ્યાસનાં આધારે કહી શકાય કે અનુસૂચિત જનજાતિનાં બાળકો માટેની બાલવાડીઓ આદિવાસી શિક્ષણમાં પાયારૂપ હોઈ તેમનાં વિકાસ માટે સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ રાજ્ય સરકાર દ્વારા સંનિષ્ઠ અને સર્વગ્રાહી પ્રયત્નો હાથ ધરવામાં આવે તે અનિવાર્ય છે.

# સંદર્ભ સૂચિ


| | | |
|---|---|---|
| ૧. | આદિવાસી ગુજરાત | ગુજરાતમાં અનુદાન મેળવતાં છાત્રાલયો - ૧૯૮૬ , ડૉ. ચંદ્રકાન્ત ઉપાધ્યાય, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૨. | કામાણી જગદીશ | બાળકની ઝંખના : ભાર વિનાનું ભણતર, ૨૦૦૦ પ્રવિણ પ્રકાશન પ્રા.લિ., રાજકોટ |
| ૩. | દવે જુગતરામ | બાલવાડી (પૂર્વ બુનિયાદી બાલશિક્ષણ) (બાળક, બાળઉદ્યોગ અને બીજા કાર્યક્રમો) બાલગોવિંદ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ |
| ૪. | પટેલ કેશવલાલ આ. | છાત્રાલય સંચાલન - ૧૯૮૪ ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૫. | બધેકા ગિજુભાઈ | મોન્ટીસોરી પધ્ધતિ - ૧૯૮૩ રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર |
| ૬. | પંડ્યા દુષ્યન્ત | બાલવિકાસ : મોન્ટીસોરી પધ્ધતિ, ૧૯૯૮ પ્રવિણ પ્રકાશન, રાજકોટ |
| ૭. | સમાજસુરક્ષા વિભાગ, ગુજરાત રાજ્ય | ગુજરાતના આદિવાસી બાળકો (ઉછેર, શિક્ષણ અને વિકાસની સમસ્યાઓ) અંગે કાર્યગોષ્ઠી, ૧૯૮૨ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૮. | સમાજસુરક્ષા ખાતુ, ગુજરાત રાજ્ય | ગુજરાત રાજ્યમાં બાલકલ્યાણ પ્રવૃત્તિ, ૧૯૮૩ મૂક પ્રિન્ટરી, ભાવનગર. |
| ૯. | ત્રિવેદી હરભાઈ | બાળકેળવણીનું સત્વ-તત્વ, ૧૯૮૯ ઘરશાળા કાંચન મહોત્સવ પ્રકાશન સમિતિ, ભાવનગર. |
| ૧૦. | પટેલ મોતીભાઈ મ. | 'ભારતીય શિક્ષણ, પંચોની એક ઝલક', ૧૯૮૮ બી.એસ.શાહ પ્રકાશન, અમદાવાદ. |

| | | |
|---|---|---|
| ૧૧. | બધેકા ગિજુભાઈ | 'ઘરમાં મોન્ટેસોરી' ૧૯૭૯<br>દક્ષિણામૂર્તિ પ્રકાશન, ભાવનગર |
| ૧૨. | મેઘાણી જીવરાજભાઈ પી. | 'ગુજરાતમાં પૂર્વ-પ્રાથમિક શિક્ષણ.<br>સંકલ્પના અને વિકાસ' ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય,<br>અમદાવાદ |
| ૧૩. | દેવલુક નંદલાલ બી.<br>(સંપાદક) | બૃહદ ગુજરાત પ્રતિભા દર્શન<br>વિવિધ ક્ષેત્રની પ્રતિભાઓનો પરિચય કોશ-૨૦૦૩<br>શ્રી અરિહંત પ્રકાશન, ભાવનગર. |